# અદ્‌લે ઈલાહી અને સામાજિક ઇન્સાફ

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.) તથા આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૯ |
| | ઇમામ હુસૈન (અલ.) કી કુરબાની કા મકસદ હમારી ઇસ્લાહ હે | ૧૩ |
| (૧) | અદ્લે ઈલાહી | ૧૮ |
| (૨) | અલ્લાહની સિફતોના વિશે આપણી જાણકારી | ૨૮ |
| (૩) | આપણે અદ્લને ઉસૂલે દીનમાં કેમ ગણીએ છીએ ? | ૩૧ |
| (૪) | પ્રથમ નુકતઃ (સુક્ષ્મ વાત) - અદ્લનો મતલબ શું ? | ૩૬ |
| (૫) | બીજી સુક્ષ્મ વાત (નુકતઃ) | ૪૫ |
| (૬) | ત્રીજી સુક્ષ્મ વાત (નુકતઃ) | ૬૫ |
| (૭) | અદ્લે ઇલાહીના વિષયમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અને તેનું | ૭૬ |

| | | |
|---|---|---|
| | નિવારણ | |
| (૮) | ચોથી સુક્ષ્મ વાત (નુકત:) | ૯૩ |
| (૯) | પાંચમો નુકત: (પાંચમી સૂક્ષ્મવાત) | ૧૨૩ |
| (૧૦) | સામાજિક જીવનમાં તફાવત | ૧૩૦ |
| (૧૧) | છઠ્ઠો નુકત: (છઠ્ઠી સૂક્ષ્મ વાત) | ૧૪૮ |
| (૧૨) | ધ્યાન આપવા જેવી બાબત | ૧૬૬ |
| (૧૩) | બાળકનો ગુનોહ શું છે ? | ૧૮૯ |
| (૧૪) | એક સુંદર ઘટનાનું વર્ણન | ૨૦૧ |
| (૧૫) | સામાજિક ઇન્સાફ અમારો ધ્યેય છે | ૨૧૪ |
| (૧૬) | અદ્લ તમામ સંકલ્પો, ઇરાદાઓ અને યોજનાઓનો તાણો-વાણો છે | ૨૧૮ |
| (૧૭) | સામાજિક ઇન્સાફનો સંબંધ અલ્લાહથી છે | ૨૨૧ |
| (૧૮) | (૧) અદ્લો ઇન્સાફનો કાનૂન ફક્ત અંબિયા (અલયહેમુસ્સલામ)ની | ૨૨૯ |

| | | |
|---|---|---|
| | તાબેદારીમાં જ શક્ય છે | |
| (૧૯) | અદાલતની સ્થાપના કરવી અંબિયા અલયહેમુસ્સલામની જિંદગીનો મકસદ | ૨૩૯ |
| (૨૦) | સામાજિક ઇન્સાફના કેટલાક નમૂના | ૨૫૧ |
| (૨૧) | મરેલાઓની ગણતરી | ૨૬૭ |
| (૨૨) | લોકોને ખરીદવાની ઇમામને સલાહ (ભ્રષ્ટાચાર કરો) | ૨૭૩ |
| (૨૩) | ઇસ્લામમાં સમાનતા | ૨૭૯ |
| (૨૪) | એક રોટલીની ન્યાયપૂર્વક વહેંચણી | ૨૮૭ |
| (૨૫) | જ્યારે મેહમાનને પણ બહાર કાઢી મૂકવામાં આવે છે. | ૩૦૦ |
| (૨૬) | હઝરત અલી (અલ.)ની અદાલતનો એક બીજો પ્રસંગ | ૩૧૦ |
| (૨૭) | હઝરત અલી (અલ.) ઉપર અયોગ્ય ટીકા | ૩૨૫ |

| | | |
|---|---|---|
| (૨૮) | તુમારશાહી ન કરો | ૩૩૧ |
| (૨૯) | ઇસ્લામી હુકૂમતમાં ચલાવનારાઓને પણ સજા થાય છે. | ૩૪૬ |
| (૩૦) | ઇમામ (અલ.)નું ઉમરને ખબરદાર કરવું | ૩૫૯ |
| (૩૧) | ઇન્સાફ બિન મુસ્લિમો સાથે અથવા દુશ્મનો સાથે | ૩૭૨ |
| (૩૨) | ઉતાવળીયા બની દુશ્મનનું નાહક ખૂન કરવાથી અથવા ગબી જેવા બની છેતરાવાથી બચો | ૩૯૦ |
| (૩૩) | ઇબાદતમાં સંતુલન (વચલો રસ્તો) | ૪૦૫ |
| (૩૪) | ઘરની ચાર દીવાલોમાં અદાલત | ૪૧૭ |
| (૩૫) | ફાયદામાં (નફામાં) અને ખર્ચ કરવામાં અદાલત | ૪૨૯ |
| (૩૬) | મુસલમાનની ઓળખ | ૪૩૭ |

| | | |
|---|---|---|
| (૩૭) | નાગરિક હકની એક દાસ્તાન અથવા ફિકહનો એક કાયદો | ૪૪૯ |
| (૩૮) | ઇન્સાફની અવહેલનાના કારણો | ૪૫૪ |
| (૩૯) | તે આયત જેના નૂઝૂલથી પેગંબરે ઇસ્લામને ઘડપણ મહસૂસ થયું | ૪૬૪ |
| (૪૦) | સામાજિક ઇન્સાફની સફળતા ઘણાબધાંની ચોક્સાઈ અને નિરીક્ષણથી સંબંધ ધરાવે છે. | ૪૭૦ |

# પ્રસ્તાવના...

## બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

અદ્લ આપણા શીયા અકીદાઓમાં એક ઉસૂલ ગણાય છે. તવહીદની જેમ જ અદ્લે ઇલાહી પણ વિશાળ અર્થમાં ઇન્સાની જિંદગીમાં એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જો કે આલમે ઇસ્લામનો એક મોટો ભાગ અદ્લે ઇલાહીનો એક ઉસૂલ (સિદ્ધાંત) તરીકે સ્વીકાર કરતો નથી. આ મુદ્દો ફક્ત મઝહબે શીયાના ખાસ અકીદામાંથી એક છે. ખુદાએ આદિલ અને હકીમની હિકમતની અવ્વલીન ફરજ વિશ્વની ન્યાયોચિત અને સુંદર વ્યવસ્થા છે. તેના કારભારમાં એક સેકન્ડના હજારમાં ભાગ જેટલા

સમય માટે પણ ઝુલ્મ અને અન્યાય કે અવ્યવસ્થાને સ્થાન નથી.

વિશ્વની ન્યાયોચિત વ્યવસ્થા જ આ બાબતની દલીલ છે કે ખુદા એ વહદહુ લાશરીકલહુ આદિલ છે. કયામતમાં પણ તે મનમાની નહીં કરે. જો કે કેટલાક ફિરકાઓ અદ્લે ઇલાહીમાં માનતા નથી – પરંતુ અલ્લાહ અદ્લની બુનિયાદ ઉપર બધાંનો હિસાબ-કિતાબ કરશે. કોઈ પણ સમાજ નાઈન્સાફી અને ઝુલ્મને સહન કરતો નથી. જ્યારે અલ્લાહે પેદા કરેલો ઇન્સાન નાઈન્સાફી કે ઝુલ્મને ધિક્કારે છે તો કઈ વ્યક્તિ આ વિચારી શકે છે કે તે ઇન્સાનનો ખાલિક-પરવરદિગાર પોતે જ આદિલ ન હોય. “અદ્લ અને સામાજિક ન્યાય” આ વિષય

ઉપર આકાએ કરાઅતીની આ હૃદયાકર્ષક કિતાબ છે. જેને મારા પ્રિય વાચકો જરૂર પસંદ કરશે.

જનાબ આકાએ કરાઅતીએ સત્યોના પ્રકાશમાં સુક્ષ્મ-નુક્તઃ રજૂ કરવાની એક બેહતરીન કોશિશ કરી છે. જે કોઈ પણ ઇન્સાફ પસંદ વ્યક્તિના દીલને હલાવી જાય એવી છે. ઈરાની કોમનો યુવાવર્ગ આપના લખાણોને ખૂબ જ પસંદ કરે છે. અલ્લાહની પાક-ઝાતથી ઉમ્મીદ રાખું છું કે આપણા ગુજરાતના યુવાનો પણ આ કિતાબને પસંદ કરશે.

૧ થી ૧૬ પ્રકરણોમાં આપણે “અદ્લે ઇલાહી” ના વિષયમાં વાતચીત કરી છે. જ્યારે પ્રકરણ ૧૭ થી ૪૦માં આપણે “સામાજિક ન્યાય” ને વિશેષતા આપીશું. અહીં ઇન્સાફને દૃષ્ટિ સમક્ષ

રાખીને કુર્આનેપાક, નહ્જૂલ બલાગાહ અને અઈમ્માએ અતહારની રિવાયતો રજૂ કરી છે. દરેક આયત અને હદીસના વિષયમાં ટૂંકાણમાં સ્પષ્ટીકરણ પણ રજૂ કર્યું છે. એનાથી અમારો આશય આ છે કે વ્યક્તિ પોતાના વ્યક્તિગત જીવનમાં પ્રામાણિક બને. ઇન્શાઅલ્લાહ આ ચર્ચા ઘણી જ ફાયદામંદ રહેશે.

**ઈબ્રાહીમ બી. પટેલ**

**ભરૂચ**

# ઇમામ હુસૈન (અલ.) કી કુરબાની કા મકસદ હમારી ઇસ્લાહ હે

**ઇમામ હુસૈન (અલ.) સે પુછા ગયા કે આપ કરબલા ક્યોં જા રહે હૈં ?**

ઇમામ (અલ.)ને જવાબ દીયા કે મૈં ઇસલિયે કિયામ કર રહા હું તાકે મેરે નાનાકી ઉમ્મતકી ઇસ્લાહ હો સકે.”

આપને દેખા ! કે ઇમામ હુસૈન (અલ.) કી જિંદગી ભી ઉમ્મતકી ઇસ્લાહ કે લિયે થી, ઓર આપકી શહાદત ભી ઇસ બાતકા સબબ બની કે ઉમ્મતકી ઇસ્લાહ હો. અબ જબ કભી ઓર જહાં કહીં મજલિસે હુસૈન બરપા હો, ઓર આપ ઇસ મજલિસમેં જાએં તો સોચેં કે આપકી કીતની ઇસ્લાહ

હો રહી હે, ઓર આપકો કીતની નસીહતેં કી જા રહી હે ?

મજલિસ પઢ઼નેવાલે ઝાકિરે હુસૈન પર ઇમામ હુસૈન કા હક હે કે આપકી જિંદગી કે હર હર પેહલુકો રોશન કરે. આપકે ઘરબારકી ઇનફેરાદી જિંદગી, આપકે ઇજતેમાઈ ઉમૂરકી જિંદગી, આપકે મેલમેલાપકી જિંદગી, બાજારમેં મઆશરેમેં, આપકે મઆમલાતકી જિંદગી, આપકી ઇબાદત, આપકે જેહાદ ઓર આપકે અખલાક ગર્ઝ કે આપકી જિંદગી કે તમામ પેહલૂઓંકો રોશન કરે. તાકે હુસૈની પરવાનોંકી જો હુસૈનકા ઝિક્ર સૂનને મજલિસમેં આએ હૈં. ઇસ્લાહ હો સકે.

લેકિન હમારી બદનસીબી યે હે કે હમારી મજાલિસ કા મેહવર યે રહતા હે કે શોહરત હાસિલ

કી જાએ. લોગોં કે ખિયાલ ઓર પસંદ ના પસંદ કે મુતાબિક મજલિસ પઢી જાએ, ઓર વાહવાહ વાલી મજલિસ હો. ઓર અયસી હી મજાલિસ કામ્યાબ તસવ્વુર કી જાતી હૈં કે જિનમેં સુનનેવાલોંકા ઝબરદસ્ત મજમૂઆ હો, મગર ઉનકી ઇસ્લાકી ફિક્ર કે બજાએ ઉનકી દાદ... ઓર વાહવાહ હાસિલ કરનેકી ફિક્ર હો... ઓર હમારે ઝાકિરીન સાહિબાન સિર્ફ ખયબર ઓર ખન્દકકી રિવાયત કે ગિર્દ ઘુમતે રહતે હૈં.

ઇસ્લામ તો બહુત વસીઅ દીન હે, ઓર દુનિયાકી તમામ મુશ્કેલાતકા હલ ઇસ્કે દામનમેં મોજૂદ હે.

ઇમામ હુસૈન (અલ.) કા મકસદ યે થા કે ઉમ્મત કી ઇસલાહ હો, ઇમામ હુસૈન કરબલામેં

કુરબાની ઇસલિયે દે રહે હૈં કે ઉમ્મતે મોહંમદી કા હરફર્દ મઆશરેકો નેક કામોકા હુકમ દે, ઓર બુરાઇયોં સે રોકે. લેકિન અફસોસ ઇસી હુસૈન (અલ.) કી યાદ મેં બરપાકી જાનેવાલી મજાલિસમેં ઇસલાહકા કોઈ પેહલુ નહીં હોતા.

અગર હમ ઇમામ હુસૈન (અલ.) કે મકસદે શહાદત યાઅની ઇસ્લાહકો ભૂલ જાએંગે, તો હમ ખૂને હુસૈન કે સાથ વફા નહીં કર સકેંગે.

ઝાકિર હઝરાત અપની નિય્યત કો બારબાર ટટોલેં, મૈં કિસ લિયે મઝલિસ પઢતા હું ? મજલિસ પઢને સે પહેલે દુઆ કરેં કે યા અલ્લાહ ! મૈં મેરી અપની ઓર અઝાદારાને હુસૈન જો મેરે સામને બેઠે હૈં ઉન સબકી ઇસ્લાહકે લિયે મજલિસ

પઢતા હું. તુ ઇસ મજલિસકો હમારી સબકી હિદાયત કે લિયે કબૂલ કરલે. આમીન.

**નાચીજ**

**ઇબ્રાહીમ બી. પટેલ**

# પ્રકરણ : ૧ : અદ્લે ઈલાહી

## બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વ સલ્લે અલ્લાહો અલા સૈયેદેના મોહંમદીંવ વ અહલે બયતેહી વ લઅ્નતુલ્લાહે અલા આઅ્દાએહીમ અજમઈન.

અલ્લાહતઆલાએ અર્પણ કરેલી અક્કલ દ્વારા આપણે ભલાઈ અને બુરાઈને સમજી શકીએ છીએ. ઝુલ્મો-સિતમ બૂરી વસ્તુ છે. અને અદાલત સારી વસ્તુ છે. સાથે આપણો આ અકીદો પણ છે કે ખુદા કોઈ ગલત કાર્ય કરતો નથી. ન તો તેની પાક-ઝાતમાં ઝુલ્મો-સિતમ જેવી કોઈ વાત છે.

બધા જ પ્રકારના ઝુલ્મો જે આપણે ઇન્સાનોની અંદર અનુભવીએ છીએ તેનું મૂળ જહાલત, ડર-ખોફ, ઈર્ષા કે એવી અનેક બુરાઈઓ છે, જેના કારણે ઇન્સાન ઝુલ્મ કરવા તરફ દોરવાય છે.

**(૧) જહાલત** : જહાલત એટલે અજ્ઞાનતા. કદીક જહાલત અને નાદાની ઝુલ્મનું મૂળ હોય છે. દૃષ્ટાંતરૂપે ઇન્સાન નથી જાણતો કે કાળા અને ગોરાઓમાં આપસમાં કોઈ ફરક નથી. પરંતુ ગોરાઓ પોતાને શ્રેષ્ઠ માનીને કાળાઓ ઉપર ઝુલમ કરે છે. આ ઝુલ્મનું મૂળ ઘમંડ અથવા જહાલત હોઈ શકે છે. પોતાના આવા નીચ ખ્યાલો, અજ્ઞાનતા કે ઘમંડ-ગુરૂરને કારણે ઇન્સાન એવા કાર્યો કરે છે. જેનું પરિણામ ઝુલ્મ સિવાય કંઈ પણ હોઈ શકતું

નથી. પરંતુ તે પાકપરવરદિગાર ખુદા જ્યાં જહાલતનું કોઈ અસ્તિત્વ જ નથી, સાથે તેનું ઇલ્મ અપાર છે. તેનાથી કેવી રીતે શક્ય છે કે ઝુલ્મ થઈ જાય.

**(૨) ખોફ** : કદીક ઝુલ્મ કરવાનું કારણ ભય હોય છે. દષ્ટાંતરૂપે એક હુકૂમત પોતાની હરિફ હુકૂમતથી ખોફ અનુભવે છે. ડરે છે. પોતે હુમલો નહીં કરે તો તેના ઉપર હુમલો કરવામાં આવશે. જેથી પોતાની હિફાઝત માટે, હુમલો રોકવા માટે તેના ઉપર હુમલો કરીને ઝુલ્મ કરે છે.

અથવા દૃષ્ટાંતરૂપે તાગુતી હુકૂમતો પોતાની ધાક બેસાડવા, દાદાગીરી કરીને, અન્ય સ્વતંત્ર રીતે વર્તતી હુકૂમતો ઉપર કંટ્રોલ કરવા ઝુલ્મો સિતમનો સહારો લે છે.

પરંતુ શું ખુદાનો કોઈ પ્રતિદ્વંદ્વી-વિરોધી છે ? અથવા ખુદા પોતાની હુકૂમતને મજબૂત બનાવવાનો મોહતાજ છે ? જેથી તે ઝુલ્મ કરે.

**(૩) જરૂરત અને કમી** : કદીક જરૂરત અને કદીક કોઈ વસ્તુની કમી-ઓછાપણું પણ ઝુલ્મનું કારણ બની જાય છે. ભૌતિકવાદી જરૂરિયાત કે નફસી જરૂરિયાત કોઈકને મજબૂર કરે અને તે ખરાબ અમલ કરી બેસે. આ રીતે બીજા ઉપર ઝુલ્મ સિતમ થાય. આલ્લાહ જરૂરત અને કમી બંનેથી પાક છે.

**(૪) ઝુલ્મ એક માનસિકતા** : કેટલાક ઝુલ્મો ઇન્સાનોની ઝુલ્મી માનસિકતાના કારણે થાય છે. કેટલાકને બીજાઓને તકલીફ પહોંચાડીને અથવા બીજાઓને તકલીફમાં જોઈને મજા આવતી હોય છે. બસ આ મજા મેળવવા માટે તેઓ ઝુલ્મ કરતા હોય

છે. દૃષ્ટાંતરૂપે કેટલાક બેકાર યુવાનો કોઈકનો ફોન કાપી નાખે, વીજળી કનેકશન બગાડી નાખે, મતલબ આવા અનેક પ્રકારની હેરાનગતિ કરે-આ પણ એક પ્રકારનો ઝુલ્મ તો છે જ, પરંતુ એનું કારણ એક માનસિકતા છે. જેનાથી આવા લોકોને મજા આવે છે. અલ્લાહ આ બધાથી પાક છે.

આ રીતે જહાલત, ડર-ખોફ, જરૂરત કે કમી અને માનસિકતા જેવા ઝુલ્મના મૂળ અથવા જ્યાંથી ઝુલ્મ પેદા થાય છે એવા કારણો આપણે સમજી લીધાં.

ઉપરોક્ત બધાં કારણોમાંથી શું કોઈ કારણ ખુદાવંદે આલમમાં દેખાય છે ? જેથી ખુદા કોઈના ઉપર ઝુલ્મ કરે ? કુર્આન આ બાબતમાં ફરમાવે છે:

**વમલ્લાહો યોરીદો ઝૂલ્મલ્લીલ આલમીન**

(સુરા આલે ઇમરાન આયત નં. ૧૦૮)

"અને અલ્લાહતઆલા તમામ જહાંનોમાં કોઈના ઉપર ઝુલ્મ કરવાનો ઇરાદો નથી કરતો."

તે ખુદા જે આપણા આપસમાં આપણને અદાલતનો (ન્યાયી વર્તણુકનો) હુકમ આપે છે. કેવી રીતે શક્ય છે કે તે પોતે ઝુલ્મ કરે ? અલ્લાહતઆલા ફરમાવે છે :

**ઈન્નલ્લાહઅ્ યાઅ્મોરો બિલ અદ્‌લે વલ એહસાન....**

(સુરએ નહ્‌ન આયત નં. ૯૦)

"અને ચોક્કસ અલ્લાહતઆલા અદ્‌લ અને એહસાન કરવાનો હુકમ આપે છે."

તો પછી કેવી રીતે શક્ય છે કે તે રહમતવાળો ખુદા પોતે ઝુલ્મ કરે ? એક કમજોર

ગરીબ જે બદમાશ-ઝાલીમ ઇન્સાનના ઝુલ્મનો શિકાર બનેલો છે. એક કોમ જે બીજી કોમની અદાવત અને દુશ્મનીનો શિકાર બનેલી છે. આવી બાબતો અલ્લાહના માટે બેઈન્સાફીનું કારણ નથી બની શકતી.

**અલ્લાહતઆલા ફરમાવે છે કે :**

**વલાયજરેમન્નકૂમ શનઅ્આનો કૌમીન અલા અલ્લા તઅ્દેલુ**

(સુરએ માએદહ આયત નં. ૮)

**અર્થાત્ :** “અને કોઈ કોમની દુશ્મની તમને એ વાત તરફ ન ઉશ્કેરે કે તમે અદ્‌લ ન કરો.” (આ બાબત હિંદુ મુસ્લિમ બંને કોમોને પણ લાગુ પડે છે. મઝહબી દૃષ્ટિએ પણ અદ્‌લ એટલો જ જરૂરી છે. ઉપરાંત આપણી જાતિવાદી જીવનવ્યવસ્થાને પણ

લાગુ પડે છે. તે સાથે મુસ્લિમોમાં જે અલગ - અલગ વિચારધારાઓ છે. શિયા, સુન્ની, દેવબંદી, એહલેહદીસ વગેરેને પણ. આપણે જાતિ વિચારધારા કે મઝહબના કારણે બીજાઓ સાથે નાઈન્સાફી ન કરીએ. ઝુલ્મ ન કરીએ. અલગ વિચારધારા ધરાવનારી વ્યક્તિઓ સાથે કપટ રાખીને આપણે તદ્દન ત્રાહિત, વૃદ્ધ, ગરીબ, મેહમાન અને મુસાફિર ગણાતી વ્યક્તિ સાથે કેવો ઝુલ્મ આચરીએ છીએ. તેના સેંકડો દૃષ્ટાંતોમાંથી એક દૃષ્ટાંત અત્રે રજૂ કરું છું. કચ્છ કાઠિયાવાડના એક વૃદ્ધ માણસ કંઈક કામે મારી મુલાકાતે આવ્યા. તે વખતના મારા જુના રહેઠાણના નાકે ઘણાબધા છોકરાઓ બેસતા હોય છે. મારી કિતાબમાંથી ચોક્કસ સરનામું નોંધીને આવેલા. વસાહતના નાકે બેઠેલા માણસોને પૂછતાં

ઉત્તર મળ્યો કે આવો કોઈ માણસ અહીં રહેતો જ નથી. ૧૯૨ ઘરોની વસાહતમાં નાના બચ્ચાં પણ મને ઓળખે. 30 વર્ષથી હું ત્યાં રહેતો હતો. રીક્ષા લઈ પેલા મેહમાન બીજી વસાહતમાં ગયા. ત્યાં બધે જ રખડી ઠેઠ પૂર્વમાં ત્રીજી આવી જ વસાહતમાં ગયા. બિચારા ખૂબ જ અટવાયા. વૃદ્ધત્ત્વ, દૂરનો સફર, ગરીબાઈ, પછી આ માણસે ફોન બુથ પર જઈ પોતાના પડોશીને ફોન કર્યો કે તેમના ઘેર જઈ ફલાણી કિતાબ લાવી, મારો ફોન નંબર લખાવે. પછી મને ફોન કર્યો. હું તેઓને જ્યાં હતા ત્યાં લેવા માટે પહોંચી ગયો. રીક્ષાવાળાએ પણ આ અજાણી વ્યક્તિ સાથે અદ્લ ન કર્યો. વધારે પૈસા લીધા. જેથી કુર્આન કહે છે કે “અને કોઈ

કોમની દુશ્મની તમને એ વાત તરફ ન ઉશ્કેરે કે તમે અદ્‌લ ન કરો.”)

મતલબ કોઈ નાની કે મોટી બાબતથી ગુસ્સામાં એવા પ્રભાવિત ન થઈ જાઓ કે તમે તમારી સામી પાર્ટી ઉપર ઝુલ્મ કરી બેસો. નાઈન્સાફી કરી બેસો.

# પ્રકરણ : ૨ : અલ્લાહની સિફતોના વિશે આપણી જાણકારી

અલ્લાહતઆલાની સિફતોની જાણકારી મેળવવી જાણે સ્વયં અલ્લાહતઆલાને તેની સંપૂર્ણ કુદરત સાથે ઓળખવા જેવું છે.

દૃષ્ટાંતરૂપે આપ ઉપર આવેલા કોઈ લેખના લખનારને આપ ઓળખો છો. તેના અક્ષરોને પણ ઓળખો છો. તેના લખાણના શબ્દો, વાક્યો, તેની લઢણ વગેરે દરેક વાતથી આપ બખૂબી વાકેફ છો. તે વ્યક્તિના ઇલ્મયાફ્તા હોવાની પણ આપણને જાણકારી છે. તેના લેખ દ્વારા આપણે તેના ઇલ્મની શક્તિને જાણીએ છીએ. તેના લખાણના હેતુને, તેના

મકસદને પામીએ છીએ. તેના તરફ ધ્યાન આપીએ છીએ. અમલ કરીએ છીએ.

અલ્લાહની સિફતોમાંથી ઇલ્મ, કુદરત અને હયાત એવી સિફતો છે.  જે તેની ઝાતેપાકથી કદી અલગ હોતી નથી. બીજી તે સિફતો જે અલગ હોઈ શકે છે. ખ્યાલ કરો કે ખુદા તો છે જ, પરંતુ ખલ્ક ન કરે. (ખાલીક = પેદા કરવાવાળો, સિફત છે) પરંતુ આવો ખ્યાલ કદી ન કરી શકાય કે ખુદા છે પરંતુ ઇલ્મ અને કુદરત ન રાખતો હોય. કારણ કે ઇલ્મ અને કુદરત તેની ઝાતિ સિફતોમાંથી છે. અલગ હોઈ સકતી નથી.

એ જ રીતે ખુદા દરેક કાર્ય કરવા ઉપર કુદરત ધરાવે છે. પરંતુ હિકમતના વિરુદ્ધ (દાનાઈ, અકકલના વિરુદ્ધ) કોઈ કાર્ય નથી કરતો. દૃષ્ટાંતરૂપે આપણે પોતાને

આંધળાં કરવાની શક્તિ ધરાવીએ છીએ. પરંતુ એવું કરતા નથી. કારણ કે આ કાર્ય અક્કલમંદીભર્યું નથી. મતલબ  કુદરત હોવા છતાં તેનાથી ફાયદો ઊઠાવવો ત્યારે જ બેહતર ગણાશે જ્યારે અમલ અદ્લ (ન્યાયોચિત), અક્કલ અને પાછલા વાયદાઓ સાથે મેળ ખાતો હોય. તે ખુદા જેણે વાયદો કર્યો છે. મોમેનીનને જન્નત અને ફાસેકીનને (ગુનેહગારોને) જહન્નમમાં મોકલશે. જો તે પોતાના વાયદાના વિરુદ્ધ કરે. તો આ વાયદાખિલાફી થઈ. આ અમલ ખરાબ છે. કારણ કે ખુદા કદીપણ પોતાની કુદરતના ઝરીઆથી ખોટું કે ખરાબ કાર્ય નથી કરતો. જે પ્રમાણે કે આપણે કહીએ છીએ કે ખુદા ઝુલ્મ નથી કરતો. આપણે તેની કુદરતને મર્યાદિત નથી કરતા. બલ્કે આ સંપૂર્ણ અક્કલમંદી છે. કુદરતનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવામાં આવે.

## પ્રકરણ : 3 : આપણે અદ્‌લને ઉસૂલે દીનમાં કેમ ગણીએ છીએ ?

અલ્લાહ રબ્બુલઈઝ્ઝતની સેંકડો સિફતો છે. અપાર સિફતો છે. છતાંય આપણે એમ કેમ કહીએ છીએ કે અદ્‌લ ઉસૂલેદીનમાં છે. એમ કેમ નથી કહેતા કે અવ્વલ "તવહીદ" બીજા નંબરે "હયાત" અથવા અવ્વલ તવહીદ બીજા નંબરે "ઈલ્મ" બલ્કે આ બધી સિફતો હોવા છતાં આપણે કહીએ છીએ કે અવ્વલ "તવહીદ" બીજા નંબરે "અદ્‌લ".

મુસલમાનોનો એક નાનો ફિરકો "ફિરકએ અશઅરી" ખુદા માટે આદિલ હોવું જરૂરી નથી. એમ માને છે. તેઓ એમ માન્યતા ધરાવે છે કે જે કાર્ય ખુદા ઇચ્છે તે કરે, તે જ બરાબર છે, પછી ભલે તે

કાર્ય આપણી અક્કલની દૃષ્ટિએ સંપૂર્ણ નાપસંદ હોય, સંપૂર્ણ ખરાબ હોય, અને ઝુલ્મ પર આધારિત હોય. દૃષ્ટાંત આપીને તેઓ કહે છે કે જો ખુદાવંદે આલમ અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામને દોઝખ અને એમના કાતિલ “ઇબ્ને મુલજિમ” (લઅનતુલ્લાહ)ને જન્નતમાં મોકલી દે તો એના માટે કોઈ વાત મના કરનારું કે રોકનાર નથી. પરંતુ આપણે “ફિરકએ અશઅરી”ની આ વિચારધારાને, તેમના આ તર્કને કબૂલ કરતા નથી. કારણ કે આપણે ખુદાની અદાલતને આપણા અકીદાના ઉસૂલનો હિસ્સો (ભાગ) સમજીએ છીએ. આપણે અક્કલ, તર્ક અને આયાતે કુર્આનીના મુતાબિક કહીએ છીએ કે :

અલ્લાહના તમામ કાર્યો દાનાઈ અને અક્કલ પ્રમાણેના હોય છે. અલ્લાહનું કોઈ કાર્ય હિકમતથી ખાલી હોતું નથી.

અલ્લાહ એવું કાર્ય કદી કરતો નથી જે ઝુલ્મ પર આધારિત હોય, ખરાબ હોય, નાપસંદ હોય.

બીજી વાત અલ્લાહની અદાલત ઉપર ઇમાન રાખવું ઇન્સાનના સમગ્ર જીવન ઉપર ખૂબ જ અસરઅંદાજ બને છે.

(૧) ઇન્સાન ગુનાહો કરવાથી રોકાય છે, કારણ કે તેને ભાન છે કે તેનું બોલવું - ચાલવું - હરવું - ફરવું - આચરણ દરેક વાત ઉપર ખુદા બરાબર નઝર રાખે છે. ખુદા રજમાત્ર પણ બંદાના આમાલના વિષયમાં ભૂલભાલ કે ગફલત કરતો

નથી. માટે તે પોતાના કાર્યોની જઝા (સારા કાર્યોનો સારો બદલો) અથવા સઝા (બુરા કાર્યોની સઝા – બદલો)પામશે. તેથી બંદો પોતાને આ દુનિયામાં આઝાદ સમજતો નથી કે જાણે તેના ઉપર કોઈ બંધન જ ન હોય. આ બાબત માટે કલામુલ્લાહમાં ઘણીબધી આયતો મોજૂદ છે.

(૨) અદ્‌લે ઇલાહી ઉપર વિશ્વાસ રાખનાર – અકીદો ધરાવનાર ઇન્સાન પોતાને પેદા કરવાની અલ્લાહની કુદરતના બારામાં, તેના વ્યવસ્થાતંત્રના વિષયમાં ખુશ રહે છે. કારણ કે તે ખુદાવંદે આલમને આદિલ માને છે. જેથી જીવનના કડવા અનુભવો, મુસીબતો, તકલીફો તેના માટે આસાન થઈ જાય છે. બલ્કે મીઠી લાગે છે. આવો વ્યક્તિ કોઈ પણ હાલતમાં દુ:ખી અને માયુસ નથી થતો.

(૩) અદ્‌લે ઇલાહી ઉપર ઇમાન ઇન્સાનના માટે પોતાની વ્યક્તિગત અને સામાજિક જિંદગીમાં અદાલત ઉપર અમલ કરવા માટેનું પ્રેરકબળ બને છે. જે વ્યક્તિ ખુદાના આદિલ હોવાનો અકીદો ધરાવે છે તે પોતાની વ્યક્તિગત, સામાજિક અને સામૂહિક જિંદગીમાં અદ્‌લને કબૂલ કરવા તૈયાર થઈ જાય છે.

## પ્રકરણ : ૪ : પ્રથમ નુકત: (સુક્ષ્મ વાત)

## અદ્‌લનો મતલબ શું ?

**એક બુનિયાદી મસઅલો :**

અદ્‌લના વાદવિવાદમાં પાયાનો પ્રશ્ન, આક્ષેપોનો જવાબ છે. આ બાબતે અમો આયાતો, રિવાયતો અને કેટલીક સ્પષ્ટતાઓ પણ વર્ણવીશું.

**પ્રથમ નૂકત** : અદ્‌લનો અર્થ – ખુદા આદિલ છે, એટલે કે તે કોઈ મખલુકના હકને પાયમાલ નથી કરતો. તે પોતાની બધી જ મખલુકની સાથે વિશ્વની સુંદર વ્યવસ્થા કરીને એક મહેરબાની કરે છે. અલ્લાહ બુદ્ધિપૂર્વક વિશ્વના વ્યવસ્થાતંત્રને ચલાવીને પોતાની મખલુક પર એક ઇનાયત કરે છે. હકને પાયમાલ કરવો તો ઝુલ્મ છે. તેથી અદ્‌લ અને

ઝુલ્મનો પ્રશ્ન ત્યાં ઊભો થાય છે જ્યાં કોઈનો હક પાયમાલ થતો દૃષ્ટિગોચર થાય.

હવે આપણે વિચારીએ કે શું કોઈ વ્યક્તિનો અલ્લાહ પાસે કોઈ હક હતો ? અથવા મખલુકનો કોઈ હક અલ્લાહ પાસે હતો ? જેને અલ્લાહે પાયમાલ કર્યો હોય અને કોઈ ઝુલ્મ થયો હોય.

શું આપણે પ્રથમથી જ અસ્તિત્વ ધરાવતા હતા ? અથવા આપણી કોઈ ચીજનું અસ્તિત્વ હતું ? જેને અલ્લાહે છીનવી લીધી હોય અથવા પાયમાલ કરી હોય.

વિશ્વની આ મખલુકાતમાં (સર્જનમાં) કેટલાય પ્રકાર છે. એક બેજાન ચીજો છે, જેવી કે ધાતુઓ, પથ્થરો, પહાડો બીજી વનસ્પતિ જેમાં

વૃક્ષો, વેલાઓ, સબજી, લીલું ઘાસ અને સૂકું ઘાસ વગેરે.

હયવાનો-જેમાં પશુઓ, પક્ષીઓ, જાનવરો તથા ઇન્સાનો સર્વે સજીવ સૃષ્ટિ.

અલ્લાહની આ સૃષ્ટિ જેનું સર્જન પરવરદિગારે આલમે કર્યું છે, આ સર્વે મખ્લુકનું તેને પેદા કરતાં અગાઉ ન તેમનું અસ્તિત્વ હતું. ન તો તેઓ પોતાનો કોઈ હક ધરાવતા હતા. જેનાથી એમને રોકવામાં આવ્યા હોય અથવા તેમના હકને છીનવી લીધો હોય.

દૃષ્ટાંતરૂપે એક મોટો ગાલીચો (કાલિન) જેના ટૂકડા કરવામાં આવે તો કહી શકાય કે આ ગાલીચો પહેલાં મોટો હતો, અને ટૂકડા કરવામાં આવતાં તેણે પોતાના અસલ મોટાપણાને

(વિશાળતાને) ગુમાવવું પડ્યું. પરંતુ આપણે પ્રથમથી જ એક નાનો સરખો ગાલીચો તૈયાર કર્યો. તેને આક્ષેપ કે ફરિયાદ કરવાનો કોઈ હક નથી કે મને નાનો કેમ બનાવ્યો ? કારણ કે તે પહેલાં કંઈ પણ ન હતો. અસલમાં એનું મોટું સ્વરૂપ જ ન હતું. જે સ્વરૂપ કોઈએ છીનવી લીધું હોય અને એની ઉપર ઝુલ્મ થયો હોય.

ખુદાવંદે આલમે તમામ કાએનાતને (વિશ્વને) પોતાની અકલમંદીથી એક ખાસ હિકમતપૂર્વક પોતાના હકીમાના અંદાજથી પેદા કરી છે. અલ્લાહે દુનિયાની એક વ્યવસ્થા કાયમ કરી. આ કાએનાત કે આ વિશ્વ અથવા આ મખલુક અલ્લાહ પાસે પોતાનો કોઈ હક ધરાવતી ન હતી.

અલ્લાહે દરેક મખલુક માટે એક યોગ્ય તરીકો મુકર્રર કર્યો, એક દસ્તુર (કાનૂન) બનાવ્યો. તે ઉમ્મીદ રાખે છે અથવા પોતાની મખલુકને ઝિમ્મેદારી બતાવે છે, ફરમાન આપે છે, સવાબ અને અઝાબ બતાવે છે, તેમાં એક ખાનદાનનો બીજા ખાનદાન સાથે અથવા એક કોમનો બીજી કોમની સાથે અથવા એક વ્યક્તિનો બીજી વ્યક્તિની સાથે ટૂકડા ટૂકડા કરવાનો હેતુ નથી. તેના સઝા અને જઝાના હુકમમાં જે કંઈ મુનકીન છે – શક્ય છે તેનો તેણે ખ્યાલ રાખ્યો છે. એક બીજા સાથેના સંબંધને દૃષ્ટિ સમક્ષ રાખ્યો છે. જેથી આ વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારનો ઝુલ્મ નથી.

આપ એક કારખાના વિશે વિચારો. જે નાની નાની ટાંકણીઓ અને સ્ક્રુ પણ બનાવે છે. સાથે મોટી

મોટી ગાડીઓના ટાયર પણ બનાવે છે. શું આપણે એમ વિચારીશું ખરા કે કારખાનાના માલિકે નાની ટાંકણીઓ  અને સ્ક્રુ તથા મોટાં ટાયરો વગેરે બનાવવામાં મતલબ આ બધી વસ્તુઓ વચ્ચે કોઈને નાની અને કોઈ મોટી બનાવીને ઝુલ્મ કર્યો છે ? શું ટાંકણીઓ અને સ્ક્રુઓને કોઈ આક્ષેપ કરવાનો હક છે ?

આ બાબતનો જવાબ સ્પષ્ટ છે. નકારમાં છે કે ટાંકણીઓ અને સ્ક્રુઓને આવો કોઈ આક્ષેપ કરવાનો હક નથી. આપણે એક ગાડી કે મશીનમાં નાની નાની ટાંકણીઓની જરૂર છે. સ્ક્રુઓની પણ જરૂરત છે. આવી રીતે મોટા ટાયરોની પણ જરૂર છે. એક સમયે ન આ ટાંકણીઓ કે સ્ક્રુઓ હતા. ન આ મોટા ટાયરો હતાં. કોઈનું પણ અસ્તિત્વ જ ન હતું.

કારખાનાના માલિકે એમને પોતાની જરૂરત પ્રમાણે જુદા જુદા કામો માટે બનાવ્યાં.

અહીં ફક્ત ઝુલ્મનો એક પ્રકાર બાકી રહી જાય છે. તે આ કે આપણે ટાયરોના વજનને સ્ક્રુઓ અને ધરી ઉપર રાખીએ છીએ. પરંતુ જ્યારે દરેક ભાગ એક ખાસ કામ માટે બનાવવામાં આવ્યો છે. સાથે તેની તાકાતથી વધારે વજન આપણે તેની ઉપર નાખતા નથી. ઉપરાંત તેમનામાંથી કોઈ પણ ન પહેલેથી અસ્તિત્વ ધરાવતું હતું કે જેથી તે કારખાનાના માલિક પાસે કોઈ હકની માગણી કરી શકે. કારખાનાનો માલિક પણ તેમની પાસેથી ન તેમના નક્કી કરેલા કાર્ય અને શક્તિથી વધારે કામ લેવાની ઇચ્છા ધરાવે છે. આ રીતે કોઈના ઉપર પણ કોઈ પણ પ્રકારનો ઝુલ્મ બનતો નથી.

આ રીતે અદ્લ અને ઝુલ્મનો મતલબ સ્પષ્ટ થઈ ગયો. છતાંય એક નુકત: તરફ ધ્યાન આપવું જરૂરી છે. તે આ કે અદ્લનો અર્થ દરેકે દરેક જગ્યાએ, હંમેશા સમાનતા, સરખાપણું કે બરાબરી નથી થતો. જો એક શિક્ષક પોતાના બધા જ વિદ્યાર્થીઓને (વિદ્યાર્થીઓની મેહનત અને તેમની બુદ્ધિશક્તિને ધ્યાનમાં લીધા વગર) એક સરખા ગુણ આપી દે તો તે ઘણો મોટો ઝુલ્મ ગણાશે. એવી જ રીતે એક દાક્તર બધા જ દર્દીઓને (તેમની હાલત અને બીમારીને ધ્યાનમાં લીધા સિવાય) એક સરખી દવા આપી દે તો આ ઝુલ્મ ગણાશે.

શિક્ષક અને દાક્તરની અદાલતના આ બે દૃષ્ટાંતોમાંથી કે ગુણ અને દવા તફાવત પ્રમાણે જુદી જુદી આપે. પરંતુ આ તફાવત અને

વિરોધાભાસ વિદ્યાર્થીઓ કે બીમારોમાં ભાગલા પાડવા માટે નથી. આ તફાવત નેચરલ છે. કુદરતી છે. આ બાબતમાં પોતાના કે પારકા અને ભલામણવાળા કે વગર ભલામણના એવું કશું નથી. બલકે તમામ તફાવત અક્કલમંદી ઉપર આધારિત છે. તેથી દરેક પ્રકારની વિવિધતા, બિનસરખાપણું કે તફાવતનો આધાર કસોટીની બહાર ન નીકળી જાય, તો ઝુલ્મ નહીં બને.

## પ્રકરણ : ૫ : બીજી સુક્ષ્મ વાત (નુકત:)

**અદ્લે ઇલાહી ઉપર ઉઠાવવામાં આવતી શંકાઓ અને તેના જવાબ :**

ખુદાના અદ્લ ઉપર ઉઠાવવામાં આવતા ઘણાબધા આક્ષેપો ઉપરછલ્લી દૃષ્ટિ નાખીને ઉતાવળમાં લીધેલા ફેંસલાઓને કારણે છે. આપણે તોળેલો ન્યાય ઉપરછલ્લો અને ઉતાવળીયો છે.

કેટલાક દૃષ્ટાંતો ઉપર ધ્યાનપૂર્વક વિચારો, ચિંતન, મનન કરો.

માની લો કે ઇસ્લામી હુકૂમત લોકોની જરૂરત અને સગવડ માટે ચાલીસ મીટર સડક બનાવવાનો હુકમ આપે છે. આ સડકને પહોળી કરવી, ગાડીઓની ભીડભાડને ઓછી કરવી, લોકોને

સગવડ આપવી તથા રોડ ઉપર આ ભીડભાડને લીધે થતા અકસ્માતો રોકવા માટે છે. મતલબ ઇસ્લામી હુકૂમતનું આ પગલું પોતાની રઈય્યત માટે એક કલ્યાણકારી કદમ છે. પરંતુ દરેક સડક બનાવતી વખતે એક સમૂહ તકલીફમાં મૂકાય છે. કારણ કે તેમના મકાનો, દુકાનો કે વાડીઓ ખેતરો વગેરે સડકમાં આવી જાય છે. તેમણે હુકૂમત પાસેથી પૈસા લઈને નવી જગ્યાએ મકાનો કે દુકાનો બનાવવી પડે છે. પરંતુ આવા થોડા સમૂહની મુશ્કલીઓના કારણે જનસાધારણના કલ્યાણ માટેની પૂરી કોમની જરૂરતની અવગણના નહીં થઈ શકે. કારણ કે ઇસ્લામમાં જે મહત્ત્વ વ્યક્તિગત રીતે વ્યક્તિના હકની માલિકીપણાનું છે, તેનાથી કંઈગણું વધારે મહત્ત્વ પૂરી કોમનું સામૂહિકપણે છે.

દૃષ્ટાંતરૂપે અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલ્લામ માલિકે અસ્તરને ફરમાવે છે :

"જે લોકોએ સામાન્ય જનસાધારણની જરૂરિયાતને અવગણીને માલ છુપાવી રાખ્યો છે તેમને હાજર કરો. તેમને વાઅઝ અને નસીહત કરો. નહ્ય અનિલ મુન્કર કર્યા પછી પણ જો તેઓ ન સુધરે અને પોતાના અમલ પર કાયમ રહે, તો તેમની સાથે સખ્તાઈથી વર્તો." (યાની અમવાલ મખફી કરનેવાલોંકે સાથ સખ્તીસે પેશ આઓ - નહજુલ બલાગાહ)

અમીરૂલ મોઅમેનીન આગળ ફરમાવે છે કે "માલદવલતને છુપાવવાનો અમલ જો એક વ્યક્તિ માટે ફાયદાકારક છે પરંતુ સમગ્ર કોમ માટે તથા સામાન્ય જનસાધારણ માટે સામૂહિક ધોરણે

નુકસાનકારક છે.” (યાની અમવાલ મખફી કરનેકા અમલ કોમકો નુકસાન પહોંચાનેકે લીયે એક રાસ્તા હે - નહજુલ બલાગાહ)

## ઉતાવળીયો નિર્ણય એક દાસ્તાન :

એક વ્યક્તિના ઘરમાં એક કૂતરો હતો. આ વ્યક્તિ સામાન ખરીદવા માટે ઘરની બહાર ગયો. એક દૂધ પીતા બાળકને ઘરમાં એકલો છોડી ગયો. એને એમ હતું કે પોતે તરત જ પાછો ફરવાનો છે.

થોડીવાર પછી તે ઘરે આવ્યો તો કૂતરો લોહીથી ખરડાયેલા મોં સાથે તેના સ્વાગત માટે બહાર આવ્યો. પેલા માણસે વિચાર્યું કે કૂતરાએ બાળક ઉપર હુમલો કરીને તેને ફાડી નાખ્યું છે. તેણે ગુસ્સાની હાલતમાં રીવોલ્વરથી ફાયર કરીને કૂતરાને મારી નાખ્યો. પછી જલદી જલદી ઘરમાં

દાખલ થયો. પરંતુ અહીં તો પરિસ્થિતિ કંઈ જુદી જ હતી. એનું ઘર જંગલમાં હતું. જેથી જંગલમાંથી જંગલી પશુઓ અવારનવાર દેખા દેતા હતા. એક જંગલી વરૂ ઘરમાં દાખલ થઈ જાય છે. બાળક ઉપર હુમલો કરવાનો ઇરાદો કરે છે. કૂતરાએ બાળકને બચાવવા માટે વરૂને પોતાના દાંત અને પંજાથી ઝખ્મી કરીને પાછો હઠાવી ખૂબ જ ઝહેમત પછી મારી નાખ્યો, પછી પોતાના માલિકને આ ખબર આપવા ઘરની બહાર દરવાજે આવ્યો. બાળક તો મજાથી રમતું હતું.

અહીં ઘરમાલિકની ઉતાવળ કૂતરાનો આભાર વ્યક્ત કરી તેની સાથે મહબ્બત કરવાની જગ્યાએ તેના મોતનો સબબ બની.

ઘર માલિક પોતાના કૃત્ય ઉપર પસ્તાયો. કૂતરાની પાસે આવ્યો. જેથી એને બચાવે. પરંતુ કામ પૂર્ણ થઈ ગયું હતું. કૂતરો મૃત્યુ પામ્યો હતો. હવે પસ્તાવો કરવાથી પણ કંઈ ફાયદો ન હતો.

તે વ્યક્તિ કહે છે કે મેં કૂતરાની બે ખુલ્લી આંખો તરફ જોયું. તેની ખુલ્લી આંખો દ્વારા તેની ફરિયાદ મારા દીલના કાનો વડે સાંભળી.

"અય ઇન્સાન તું કેટલો ઉતાવળો છે ? કેટલો જલદી ચૂકાદો કરી નાખે છે ? શા માટે, ઘરમાં ગયા વગર, સાચી માહિતીથી વાકેફ થયા વગર તેં મને મારી નાખ્યો ?"

ઘરના માલિકે એક લેખ આ જ મથાળા હેઠળ લખીને છપાવ્યો હતો. "અય ઇન્સાન તુ

કિતની જલદી કઝાવત (ફેંસલો, ચુકાદો) કરતા હે”
આ લેખ કદાચ કોઈએ વાંચ્યો હોય.

કદાચ કેટલાક લોકો એવા પણ હોય જેમણે દુઆઓ કરી હોય અને કબૂલ ન થઈ હોય. પછી જ્યારે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો હોય, જાણ થઈ હોય. ત્યારે કહેતા હશે, સારું થયું અમારી દુઆ ફલાણાના હકમાં, ફલાણી બાબતમાં કબૂલ ન થઈ. અમે તો એમ સમજતા હતા કે આમ હતું પરંતુ ખરેખર તો વાત જુદી જ હતી.

(આ જગ્યાએ મારા પોતાના જીવનની ઘટનાઓમાંથી કંઈક લખવાની ઇચ્છાને રોકી શકતો નથી.

જ્યારે “મઝહબે એહલેબયત”ના સાહિત્યનો હું અભ્યાસ કરતો હતો ત્યારે જે વાંચતો તે બીજાઓ

આગળ રજૂ કરતો. મતલબ તકચ્યો ન કરતો. હું સરકારી શિક્ષક હતો ઉપરાંત સ્થાનિક મદ્રસાનો ઉસ્તાદ પણ હતો. સાથે ટ્યુશનો પણ કરતો હતો. મારી આસપાસની વસ્તીનો ૯૦% ભાગ તબ્લીગી વિચારધારામાં માનનારો હતો. તેનું બીજ તો હું જ હતો. મદ્રસાનો સ્થાપક, સંસ્થાપક, ટ્રસ્ટી, વ્યવસ્થાપક સદર મુદર્રિસ (મારા હાથ નીચે ચાર મુદર્રિસ હતા) વગેરે બધું હું જ હતો. બીજા સાથીદારો હતા, મારા બંને દીકરા માલેગાંવ (મહારાષ્ટ્ર)ની જામેઅતુલ હુદા-ગોલ્ડનનગરની એક ખાનગી સ્કૂલમાં ભણતાં હતાં. સંપૂર્ણ સરકારી અભ્યાસક્રમ દસમા ધોરણ સુધીનો હતો સાથે સુન્ની હનફી તરીકાની મોલવીનો ડિગ્રી કોસ પણ હતો. બંને અભ્યાસક્રમ સાથે જ ચાલતા હતા. દીકરાઓનો

સંપૂર્ણ ખર્ચ, શિક્ષણનો તથા હોસ્ટેલનો મારા ઝિમ્મે હતો. મારી ગામડાની ખેતીની જમીન, બે મોટા મકાનો વગેરે વાલીદહની હયાતીમાં ન વહેંચવાનો અમે ભાઈઓએ નિર્ણય કર્યો હતો. જેથી આ બધા ખર્ચને પહોંચી વળવા મારે ખૂબ જ મેહનત કરવી પડતી હતી.

આ સમયગાળામાં તબ્લીગી બિરાદરોએ પ્રથમ તો મારાં ટ્યુશનો બંધ કરાવી દીધાં. સ્કૂલમાંથી મારી બદલી કરી ગમે ત્યાં દૂરના સ્થળોએ હઠાવવાની કોશિશ શરૂ કરી. તે સમયના જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મુળજીભાઈ સારણીયા સાહેબે મને બોલાવી ઠપકો આપ્યો. કારણ કે ભરૂચ જિલ્લાના કોંગ્રેસી મુસલમાનો અને તેમના કોંગ્રેસી આગેવાનો દેવબંદી - તબ્લીગી વિચારધારાને

અનુસરનારા હતા. મારા ઘર ઉપર લગભગ છ મહિના સુધી રાતના પથ્થરમારો થતો રહ્યો. વિલાયતી નળિયાં તૂટી પડતાં. મારે નછૂટકે પોલિસકેસ કરવો પડ્યો. આટલું અધૂરું હોય તેમ વગર કારણે પોલિસ પાસે મારી ધરપકડ કરાવી. મારા પૂછવા ઉપર તે સમયના એક નેક પોલિસ અધિકારીએ મને જણાવ્યું કે વાતમાં કંઈ દમ નથી પરંતુ અમે શું કરીએ. મવ. અબ્દુસ્સમદ વાંકાનેરી (દારૂલ યતામાના મોહતમીમ સર્વેસર્વા માલિક તથા જમીઅતે (ઉલમાના ગુજરાતના પ્રમુખ) વારંવાર ડી.એસ.પી. સાહેબને આપના વિશે ફરિયાદ કરતા રહે છે. જેથી અમારે મજબૂર થઈને તમારી ધરપકડ કરવી પડી છે.

હું ખૂબ જ ટેન્શનમાં રહેતો. જેનું વર્ણન થઈ શકે નહિ. આ સમય દરમિયાન ભયંકર અકસ્માતનો હું ભોગ બન્યો. મારા થાપાનું હાડકું ભાંગી ગયું. ઑપરેશન કરાવવું પડ્યું. મને મદ્રસામાંથી કાઢવા માટે આ લોકોએ ઝઘડા શરૂ કર્યા. ટ્યુશનો છૂટી ગયાં. મદ્રસો પણ છોડી દીધો. પગના ઑપરેશનના કારણે ત્રણ માસની કપાત પગારની રજાઓ શાળામાંથી લેવી પડી.

આ પરિસ્થિતિમાં મારા વિરુદ્ધ ચળવળ ચલાવનારા વર્તુળથી હું બેહદ નારાજ અને દુ:ખી હતો. રાતે દોઆમાં હું ખાસ શબ્દપ્રયોગ કરતો.

અત્યારે હું કહું છું કે અલ્લાહે મારી દુઆ ફલાણી વ્યક્તિના હુકમાં કબૂલ ન કરી તે સારૂં થયું.)

ઉપરછલ્લી દૃષ્ટિ નાખી ઉતાવળથી આપેલા ચૂકાદા અને ફેંસલાઓના મામલામાં કલામે ખુદામાં કુર્આને પણ ઇન્સાનોની ટીકા કરી છે. કુર્આન આપણને હંમેશા જાગૃત કરતું રહે છે. ખબરદાર કરતું રહે છે કે "અય ઇન્સાન તારા ઘણાંબધા વિચારો અને જાણ્યા-અનુભવ્યા વગરના આક્ષેપો બેબુનિયાદ છે – નિરર્થક છે."

કારણ કે ઘણીબધી વસ્તુઓ આપણી દૃષ્ટિમાં બૂરી હોય છે. અને આપણે તેના પ્રત્યે નફરત રાખતા હોય છે. પરંતુ ખરેખર તે વસ્તુ આપણા માટે ફાયદામંદ હોય છે. અને ઘણીબધી વસ્તુઓ જેને તમે ચાહો છો, તમને ગમે છે. પરંતુ ખરેખર તે વસ્તુઓ આપણા માટે નુકસાનકારક હોય છે.

દૃષ્ટાંતરૂપે જેહાદના વિષયમાં ઇરશાદે ખુદાવંદી છે કે તમો તેને  શરૂઆતની અને ઉપરછલ્લી જાંચપડતાલમાં નાપસંદ કરો છો. પરંતુ હકીકતમાં તે તમારા માટે સારો છે. (કોતુબઅ્ અલયકોમૂલ કેતાલો વહોવઅ્ કુરહુલ્લકુમ, વ અસા અનતકરહુ શયઅંવ વહોવ ખયરુલ્લકુમ વ અસા અન્ તોહિબ્બુ શયઅંવ વહોવ શર્રુલ્લકુમ, વલ્લાહો યઅ્લમો વ અન્તુમ લાતાઅ્લમૂન. અર્થાત્ : જેહાદ તૂમ પર વાજીબ કિયા ગયા. જબ કે યે હુક્મ તૂમ પર સંગીન ઓર ગીરાં હે, ઓર તુમ્હારી કરાહતકા બાઅસ હે, લેકીન બસા અવકાત નાગવાર ચીઝ દર હકીકત મુફીદ સાબિત હોતી હે, ઓર મુફીદ ચીઝ નાગવાર સાબિત હોતી હે, ઓર ખુદા તો જાનતા હી હે મગર તૂમ નહીં જાનતે. - સુરએ બકરહ આયત નં. ૨૧૬)

જંગ અને જેહાદ ઇન્સાનને પરાક્રમી બનાવે છે. ઇન્સાનમાં કાબેલીયત અને સલાહીયત પેદા કરે છે. રેહબરે અઝીમ આયતુલ્લાહ રૂહુલ્લાહ ઇમામ ખોમેની (રહ.)ના ઇરશાદ અનુસાર ઇન્સાનના અસ્તિત્વની વિશેષતા, ઉત્તમતા અને ખૂબી જંગમાં જ કામ્યાબ થાય છે. જંગમાં જે સફો નારા લગાવે છે અને જે સફો અમલ કરે છે. એકબીજાથી જુદી થઈ જાય છે. જંગ સરખા ધ્યેયવાળી શક્તિઓને આપસમાં એક કરે છે. જંગ ઇન્સાનને ઇઝ્ઝત બક્ષે છે. જિંદગીને રોનક આપે છે. સૈદ્ધાંતિક રીતે મઝલુમ કોમો જેઓ ઝાલિમોના ઝુલ્મની શિકાર થઈ હોય છે. તેમની હયાતની નિશાની જંગ છે.

સુરએ નિસાઅ આયત નં. ૧૯માં આપણે પઢીએ છીએ.

**“ફઅસા અનતકરહૂ શયઅંવ વયજઅલ્લાહો ફીહે ખયરન કષીરા.”**

**અર્થાત્** : “ઘણા વખત તમો એક વસ્તુને નાપસંદ કરતા હોવ છો.(સમજો છો) નવાઈની વાત નથી કે ખુદા તમારા માટે તે ચીજમાં ખૂબ જ ભલાઈ પેદા કરી દે.”

જો આપણે કુર્આનનો બારીકાઈથી અભ્યાસ કરીશું તો સમજાશે કે  કુર્આન પોતાના શબ્દોમાં શબ્દકોષના જુદા જુદા અનેક અર્થોમાં કેવી કેવી રીતે વારંવાર આપણને ડરાવે છે. કહે છે કે આવો વિચાર પણ ન કરશો, આવી ચિંતા ન કરશો, આ પ્રકારનું યકીન ન રાખશો. આ પ્રકારની આશંકા કે અનુમાન ન કરશો. આવા પ્રકારના અનેક વર્ણનો જે

ઉપરછલ્લી દૃષ્ટિ અને ઉતાવળા ફેંસલાઓ ઉપર આધારિત હોય છે. જેનાથી આપણને રોકે છે.

**ઉતાવળીયા ફેંસલા અંગે બીજું દૃષ્ટાંત :**

આપણે કુર્આનમાં આ પ્રમાણે પઢીએ છીએ કે ફરિશ્તાઓ જેઓ ઇન્સાનના વિષયમાં ઊંડું જ્ઞાન ધરાવતા ન હતા. તેમણે ઉતાવળીયો નિર્ણય કરીને બારગાહે ખુદાવંદીમાં વિનંતી કરી :

"અમે તારી (અલ્લાહની) તસ્બીહ કરીએ છીએ. અમારી ઇબાદતો છે. છતાંય તું શા માટે એક ફસાદી ઇન્સાનને દુનિયામાં પેદા કરે છે ?"

પરંતુ અલ્લાહ ઇચ્છતો હતો કે પોતાનો એક લાયક ખલીફા (યોગ્ય, ગુણવાન) દુનિયામાં મોકલે. જેથી કરીને એક હચમચાવી દે તેવા માહોલમાં ઇન્સાનને ઘણુંબધું ઇલ્મ આપીને ફરિશ્તાઓ ઉપર

એ સાબિત કર્યું કે ઇન્સાનની પૈદાઈશના મામલામાં ફરિશ્તાઓનો ફેંસલો ઉતાવળીયો હતો.

જો આપણે ખુદાના અદ્લના વિષયમાં કોઈ શંકાકુશંકામાં પડી જઈએ કે જો ખુદા આદિલ છે તો પછી શા માટે આ પ્રમાણે છે ? ત્યારે આપણે આપણામાં શોધખોળ કરવી જોઈશે કે અમારા ફેંસલા અને અમારી જાણકારી, અમારું નિદાન યોગ્ય નથી. ઘણા બધા મસાએલ અને તેમના ભેદો આપણાથી છુપાયેલા છે. જેનાથી આપણે વાકેફ જ નથી. આપણે જ્ઞાન, સમજ અને અનુભવમાં પણ સીમિત છીએ.

કેટલાય વર્ષો આપણા ઉપર એવા વીત્યાં છે કે આપણે જંગલોને નકામા-બેકાર સમજતા રહ્યા. વર્ષો પછી આપણને ભાન થયું કે આ પૃથ્વી ઉપર

જંગલોનું અસ્તિત્વ ઘણું જ જરૂરી છે. આ જ જંગલો આપણને હજારો પ્રકારની જડી-બુટ્ટીઓ દવાઓ તથા કંઈ સેંકડો પ્રકારની કિંમતી ચીજો આપે છે. જેનાથી આપણે ઘણો જ ફાયદો ઊઠાવી શકીએ છીએ.

કેટલાય વર્ષો સુધી આમ કહેતા રહ્યા કે બાદામ કોઈ ફાયદાકારક ચીજ નથી. હવે કહીએ છીએ કે બાદામ શરીરમાં સફેદ પ્રકારના નાના કોષો બનાવે છે. ઉપરાંત લોહીમાં સફેદ કણ પણ પેદા કરે છે. જે શરીરના અતિ સુક્ષ્મ બેક્ટેરીયાનો મુકાબલો કરે છે. એક મુદ્દત સુધી નાના આંતરડાંને બિનજરૂરી સમજતા હતા. હવે કહીએ છીએ કે એ જ આંતરડું એપેન્ડીસ તથા સરટાન (અરબી શબ્દ છે. એક પ્રકારની બીમારીમાં શરીર ઉપર ફોલ્લા થાય

છે. કેકડાના પગની જેમ ઊભરે છે. ઝખમ પેદા કરે છે.) સાથે મુકાબલો કરવામાં ખૂબ જ ઉપયોગી છે.

જો આપણે કોઈ ઉચ્ચ પ્રકારની ઇલ્મી કિતાબનો અભ્યાસ કરીએ. જે કિતાબમાંથી ઉચ્ચ પ્રકારના વિવિધ મતલબો નીકળતા હોય. પરંતુ બેચાર ફકરાના વાંચન પછી કોઈ એવા વાક્ય ઉપર પહોંચીએ. જે આપણને ન સમજાય તો જલદી ઇન્સાફ ન આપી દેવો જોઈએ અને તેના લેખક વિષે ખોટો ફેંસલો પણ ન કરવો જોઈએ. બલકે આપણી સમજ ઉપર ફરીથી દૃષ્ટિપાત કરવો જોઈએ.

હવે ઇન્શાઅલ્લાહ આપણે અદ્લનો અર્થ સમજી ગયા છીએ. આપણને આ વાત પણ સમજાઈ ગઈ છે કે ઘણા બધા આક્ષેપોનું કારણ

(એતેરાઝ) આપણો ઉપરછલ્લો, સમજ્યા વગરનો ઉતાવળીયો ફેંસલો હોય છે.

હવે આપણે ત્રીજો નુકતઃ સમજીએ જેમાં આપણે ઇન્સાનની પરેશાનીઓના કારણો સમજવાની કોશિશ કરીએ.

# પ્રકરણ : ૬ : ત્રીજી સુક્ષ્મ વાત (નુકત:)

**આપણી પરેશાનીઓના કારણો અને તેની તલાશ :**

અપ્રિય, અરૂચિકર, નાપસંદ કે મકરૂહ પરિસ્થિતિ ઊભી કરનારા આપણા કાર્યોથી આપણે ગાફિલ છીએ. આવી મકરૂહ પરિસ્થિતિ આપણા કાર્યોને કારણે ઉપસ્થિત થતી હોય છે. પછી વગર કારણે તેને ખુદાના હિસાબમાં ગણી લઈએ છીએ.

અંબિયા અને અવસીયાના આચરણ અને અમલથી અજાણ હોવાથી, અથવા જાણીને અમલ ન કરવાથી, નાપસંદ પરિસ્થિતિનું સર્જન થાય છે. તેને આપણે આપણા માથે લેતા નથી કે એવી પરિસ્થિતિના પેદા કરનાર આપણે પોતે જ છીએ. તેને ખુદાના માથે નાખીએ છીએ.

પછી આક્ષેપ કરીએ છીએ કે “અય ખુદા ! જો તું આદિલ છે તો મારા ઉપર આ મુસીબત અને પરેશાની શા માટે ? સ્પષ્ટ છે કે ઘણીબધી પરેશાનીઓ આપણે પોતે જ પેદા કરેલી છે.”

દૃષ્ટાંતરૂપે તંદુરસ્તીના નિયમોનું પાલન ન કરતાં બીમારીઓ વહોરી લઈએ છીએ.

નહ્ય અનિલ મુનકર દ્વારા ઝુલ્મને, ફસાદને, નાઇન્સાફીને, ગુનાહોને રોકવાની કોશિશ કરવી જોઈએ. બધી જ શક્તિઓ કામે લગાડીને, જાન, માલ, ઇઝ્ઝત આબરૂ, હોદ્દ, રોબ વગેરે બધાનો જ ઉપયોગ કરીને ઇન્સાનિયતને હકરસ્તે લાવવાની કોશિશ કરો. પરંતુ આપણે એમ કરતા નથી. જેથી દંગા ફસાદ કરનારા, ઝાલીમ લોકો સમાજ ઉપર છવાઈ જાય છે. આવા નાપાક તત્ત્વો સમાજ ઉપર

કબજો કરી લે છે. પછી આપણી દુઆ કે ફરિયાદ બેઅસર થઈ જાય છે. નાકબૂલ થઈ જાય છે. ફરમાવ્યું પેગંબરે ઇસ્લામ (સલ.)એ અમ્ર બિલમઅરૂક અને નહ્ય અનિલ મુનકર કરતા રહો. નહીં તો તમારા ઉપર ખુદાનો અઝાબ મુસલ્લત થઈ જશે. પછી તમે દુઆ કરશો તો પણ તે કબૂલ કરવામાં આવશે નહિ.

(નહ્ય અનિલ મુનકર - "લોકોને બુરાઈઓથી રોકવું" આ વાજીબ અમલ છે. નબીઓ અને અવસીયાનું ખાસ કામ છે. જે આપણને સોંપાયેલું છે. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું "ઝાલીમના ઝુલ્મને તારા હાથ વડે રોકી લે, જો હાથ વડે રોકવાની તારી શક્તિ નથી તો જીભથી રોકી લે. જો જીભથી રોકવાની પણ તારી શક્તિ નથી તો

દીલમાં એને બુરું સમજ. ઇમાનનો અવ્વલ દરજ્જો હાથથી રોકવું. ઇમાનનો છેલ્લો દરજ્જો દીલમાં બુરું સમજવું. ત્યાર બાદ ઇમાનનો કોઈ દરજ્જો નથી.")

ઘરના હોજમાં જો લોખંડની જાળી ન લગાવીએ તો બાળક તેમાં પડી ડૂબી શકે છે.

**આ વિષયમાં કલામુલ્લાહથી હિદાયત હાસિલ કરીને કેટલીક આયાતે કુર્આનીને સમજીએ. જેમ કે અલ્લાહતઆલા ફરમાવે છે.**

(૧) વમા અસાબકુમ મિમમુસીબતીન ફબેમા કસબત અયદીકુમ વ યઅફુ અનકષીર (સુરએ શૂરા આયત નં. 30)

**અર્થાત્** : "દરેક પ્રકારની સખ્તીઓ અને મુસીબત જેમાં તમો સપડાયેલા છો. તે મુસીબતો તમારા તે કૃત્યોનું પરિણામ છે. જે તમારા હાથોએ કર્યા છે."

મતલબ પરેશાનીઓને પેદા કરનાર સ્વયં તમે પોતે જ છો.

(૨) વઈન તોસીબહુમ સય્યેઅતુમ બેમા કદ્દમત અયદીહીમ ઈઝાહુમ યકનતુન. (સુરા રૂમ આયત નં. ૩૬)

**અર્થાત્** : "જો લોકો ઉપર સ્વયં તેમની બદઆમાલીયોના કારણે કોઈ આફત આવી પડે છે તો તરત જ હતાશ થઈ જાય છે."

આ આયતમાં પણ કહેવામાં આવ્યું છે કે સખ્તી અને પરેશાનીઓ આપણી જ બદઆમાલીઓનું પરિણામ છે.

(૩) વઅમ્મા ઈઝા મબ્તલાહો ફકદરઅ્ અલયહે રિઝકહુ ફયકુલો રબ્બી અહાનન. (સુરા ફજર આયત નં. ૧૬)

**અર્થાત્ :** "ખુદાવંદે આલમ જ્યારે પણ ઇન્સાનને અજમાવે છે, તેની રોઝી તંગ કરી દે છે. તો તે કહેવા લાગે છે કે મારા ખુદાએ મને ઝલીલ કર્યો."

અજમાવવું એટલે ઈમ્તેહાન લેવું, કસોટીમાં નાખવું, ઇન્સાન તે વખતે હાયવોય કરવા લાગી જાય છે કે ખુદાએ મારી ઉપર તેની મહેરબાનીઓ ઓછી કરી નાખી. જ્યારે કે રોઝી અને તેના લુત્ફકરમની કમીના કારણો ઇન્સાને સ્વયં પોતાની અંદર શોધવાં જોઈએ કે આ લુત્ફની કમીઓ થવાનું કારણ શું છે ? પછી તરત જ આ આયતના બાદ અલ્લાહતઆલા ફરમાવે છે.

**કલ્લા બલ્લા તુકરેમુનલ યતીમ. વલા તહાઝ્ઝૂનઅ અલા તઆમીલ મિસ્કીન.**

(સુરા ફજર આયત નં. ૧૭, ૧૮)

કદીપણ ખુદા કોઈની રોઝીને કે તેના કિસ્મતને કોઈ કારણ વગર રોકતો નથી. પરંતુ વાત આ છે કે

**અર્થાત્** : "તમે જ લોકો યતીમોની ઇઝ્ઝત નથી કરતા. અને મિસ્કીનોને ખવડાવવાની બાબતે એક બીજાને ઉત્તેજન નથી આપતા. શોખ નથી અપાવતા."

જો આપ પોતાની જાતને તંગીમાં કે સખ્તીમાં જુઓ છો તો તેનું કારણ આ છે કે આપે યતીમો ઉપર મહેરબાની નથી કરી. સમાજના ગરીબ વર્ગને પોતે ખવડાવવા તથા મદદ કરવા કે બીજાઓ પણ તેમને મદદ કરે, ખવડાવે, તે માટે તેમને ઉત્તેજન નથી આપ્યું. ગરીબો પ્રત્યેની તમારી આ લાપરવાહી - ઠંડું વલણ ખુદાની નારાઝગીનું

કારણ છે. તેની મહેરબાનીઓ અને તેના કરમમાં જે ફરક પડ્યો છે, મતલબ રોઝીમાં કમી આવી છે. તેનું કારણ આપણે પોતે જ છીએ.

**(૪) ફકફરત બેઅનઓમીલ્લાહે ફઅઝાકહલ્લાહો લેબાસલ જુએ વલ ખવફે**

(સુરએ નહલ આયત ન. ૧૧૨)

**અર્થાત્** : "પછી તેમણે અલ્લાહતઆલાની નેઅમતોની નાશુક્રી કરી, તો અલ્લાહતઆલાએ તેઓને અતિ ભૂખ અને ભયની મઝા ચખાડી દીધી." ઉપરોક્ત આયતમાં ખુદાવંદે આલમ એક એવા ગામડા માટે ઇરશાદ ફરમાવે છે કે જેઓ ઉપર નેઅમતોનો વરસાદ વરસતો હતો. પરંતુ ત્યાંના લોકોએ આ નેઅમતોની કદર ન કરી, નાશુક્રી અને ઇન્કાર કર્યો. ત્યારે અલ્લાહતઆલાએ તેઓને ખોફ

અને ભૂખ બંને મુસીબતોમાં નાખી દીધા. આ આયત પણ આ વાતને સાબિત કરે છે કે ઘણી બધી મુશ્કેલીઓને આપણે જાતે જ બોલાવીએ છીએ. તેની નેઅમતોની નાશુક્રી કરીને તેને નારાજ કરીએ છીએ. નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ વગેરે વાજીબાતને શરઈ ઉઝર વગર છોડી દેવું પણ અલ્લાહની નાશુક્રી અને કુફરાને નેઅમત ગણાય છે. રોઝી તો આપણે વધારે ને વધારે માગીએ છીએ. થોડી રોઝી ઉપર રાજી થતા નથી. જ્યારે આમાલ – ખુદાનો ઝિક્ર – તેની યાદનો સમય ઘટાડતા જઈએ છીએ.

દરેક મુસીબત, આફત, તકલીફ, બીમારી, રંજોગમ જે કંઈ આપણને પહોંચે છે. તેની પાછળ કંઈકને કંઈક કારણો જરૂર હોય છે. ભલે તે કારણો આપણા ધ્યાન પર આવે કે ન આવે.

જેવી રીતે સુરએ કહ્ફમાં (આયત નં. ૬૮માં) હઝરત ખિઝર (અલ.)ની સાથે હઝરત મુસા (અલ.)નું વર્ણન છે. હઝરત મુસા (અલ.) હઝરત ખિઝર (અલ.)થી જુદા થવા માગતા ન હતા. જુદા થવું એમના માટે એક ગમ હતો. પરંતુ તેઓ હઝરત ખિઝર (અલ.)ની શરત ઉપર અમલ ન કરી શક્યા. મતલબ હઝરત મુસા (અલ.)ની બેસબરી એમને એક ગમ આપી ગઈ. સાથે ઇલાહી ભેદો વધુ જાહેર થવા માટે અવરોધરૂપ બની ગઈ.

હઝરત ખિઝર (અલ.) એ પ્રથમથી જ હઝરત મુસા (અલ.)ને કહ્યું હતું મારાથી "ખારીકુલ આદાહ" (આદત અને કુદરતી કાયદાને તોડવાવાળા કામો જેને આપણે અંબિયા - અવસિયાના મોઅજેઝાત અથવા કરામાત કહીએ છીએ) કાર્યો

બનશે. તમે આવા કાર્યોથી વાકેફ નથી. તેથી તેમને સહન નહીં કરી શકો. પરંતુ હઝરત મુસા (અલ.)એ કહ્યું કે ઇન્શાઅલ્લાહ ! હું સબર કરીશ. પરંતુ અનુભવે આ સાબિત કર્યું કે ઇલાહી ભેદોનું અજાણપણું કારણરૂપ બન્યું. તેમનાથી સબર ન થઈ શક્યો. જેથી હઝરત ખિઝરથી જુદા થવાનો ગમ સહન કરવો પડ્યો.

## પ્રકરણ : ૭ : અદ્લે ઇલાહીના વિષયમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અને તેનું નિવારણ

પ્રકરણ ૬માં આપણે જોયું કે ઘણી બધી મુશ્કેલીઓનું કારણ સ્વયં આપણા કાર્યો જ હોય છે. આપણી આવી અયોગ્ય રફતાર ખુદાનો કહર-ગુસ્સો અને મુશ્કેલીઓનું કારણ બની જાય છે. આ વિષયમાં કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. અમે એ પ્રશ્નો અને શંકાઓનું નિવારણ કરવા માગીએ છીએ.

આપણે જીવનમાં એવા કેટલાય લોકો જોયા છે જેઓ કોઈ પણ જાતના ઝુલ્મો-સિતમ કરવાથી જરાય અચકાતા નથી. છતાંય તેઓ ખુશી અને આરામની હાલતમાં જીવી રહ્યા છે. આપ આમ કહી રહ્યા છો કે મુશ્કેલીઓ આપણા આમાલના કારણે આવે છે. તો ફલાણી વ્યક્તિના કૃત્યો અમારાથી પણ

બદતર છે. જેમનો ભૂતકાળ અમારાથી વધારે ખરાબ છે. તો પણ તે અમારી જેમ મુશ્કેલીઓ અને તકલીફોનો શિકાર કેમ નથી બન્યો ?

**જવાબ** : કુર્આનની આયતો અને અંબિયા - અઈમ્માની રીવાયતોને દ્રષ્ટિસમક્ષ રાખીને કહી શકાય છે કે તમામ લોકોનો, બધા જ માનવસમૂહોનો હિસાબ-કિતાબ ખુદાને ત્યાં તેની હિકમત અને મસલેહતને અનુરૂપ હોય છે. એક સરખો નથી હોતો.

(૧) એક ટોળાને તરત જ સઝા આપે છે.

(૨) એક ટોળાને કેટલાક સમય સુધી મોહલત આપે છે.

(૩) એક ટોળાને તેમની છેલ્લી ઉમર સુધી તેના તમામ ઝુલ્મો કરવા છતાં સઝા નથી આપતો.

કયામત માટે છોડી દે છે. કારણ કે આપણે આપણી વિચારધારામાં દુનિયાને કયામતથી જુદી સમજતા નથી.

એક શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા પ્રકારનો અભિગમ અપનાવે.

કેટલાક વિદ્યાર્થીઓને એકદમ જલદીથી ગુસ્સે થઈને શિક્ષા કરે. કેટલાક વિદ્યાર્થીઓને તાત્કાલિક શિક્ષા ન કરતાં થોડો સમય આપે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ જેઓ સૌથી વધારે તોફાની છે. કોઈ પણ પ્રકારના શિક્ષાત્મક પગલાં ન ભરતાં બધાંને વર્ષાંતે પરીક્ષામાં પાસ-નપાસના નંબર આપતાં સુધીની છૂટ આપે.

આ જ પ્રકારનો સઝા આપવાનો તફાવત ખુદાવંદે આલમ તરફથી બંદાના ગુનાની કૈફિયતને

અનુરૂપ હોય છે. જેને હકીમાના તદબીર કહે છે. અલ્લાહ મજબૂત અને દુરસ્ત કાર્ય કરનારો છે. કારણ કે ગુનો કરનાર વ્યક્તિઓ, તેમની હિંમત અને તેમના ગુનાનો પ્રકાર એકસરખો નથી હોતો. જેથી તેમાં બરાબરીનો હિસાબ લાગુ નહીં પડે.

કદીક શિક્ષક એક શ્રેષ્ઠ વિદ્યાર્થીની ભૂલ ઉપર ઘણો સખત કદમ ઊઠાવે છે. કારણ કે તેને આવા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓથી આવી ગલતીની ઉમ્મીદ નથી હોતી. જ્યારે કે સામાન્ય કક્ષાના વિદ્યાર્થીઓની બાબતમાં આવા પ્રકારનો સખત કદમ ઊઠાવવામાં નથી આવતો. કુર્આને કરીમમાં આપણે પઢીએ છીએ કે ખુદાવંદે આલમ પેગંબરો અને અવલીયા અલ્લાહોને કદીક એક અમલના કારણે (જે અમલ ગુનાહ પણ નથી ગણાતો) સખત નારાઝગી

પ્રદર્શિત કરે છે. કારણ કે તે આ હસ્તીઓ પાસેથી આવી ઉમ્મીદ નથી રાખતો. પરંતુ બીજા લોકો માટે આપણે પઢીએ છીએ.

**સુરએ કહફ (આયત નં. ૫૯)માં અલ્લાહ સમય આપે છે,**

**વતીલકલ કોરા અહલકનાહુમ લમ્મા ઝલમુ**

**વજઅલના લેમહલેકેહીમ મૌએદા.**

**અર્થાત્** : “અને આ વસ્તીઓ કે તેમના રહેવાસીઓએ ઝુલમ કર્યો. ત્યારે અમોએ તેમનો નાશ કરી નાખ્યો. અને તેમનો નાશ કરવા માટેનો પણ અમોએ એક સમય નક્કી કરી રાખ્યો હતો.”

ઉપરોક્ત વસ્તીનો નાશ કરતાં અગાઉ અલ્લાહે તેમને પુરો સમય આપ્યો. જ્યારે આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તેમનો ઝુલ્મ એક હદ વટાવી ચૂક્યો છે.

જ્યાંથી હિદાયતના રસ્તા બીલકુલ બંધ થઈ જાય છે. તેઓથી ખૈર કે ભલાઈની ઉમ્મીદ બાકી રહેતી નથી. ત્યારે તેમની સઝા કરવાની અવધિ ખતમ અને તબાહીનો વખત શરૂ થઈ જાય છે.

એમ નથી કે વ્યક્તિએ ગલતી કરી, ગુનાહ કર્યો કે અમે તરત જ તેમને જુદી જુદી આફતોમાં નાખી દઈએ. બલકે અમારી (અલ્લાહની) સઝામાં વાયદો, સબર અને અવધિનું પણ વર્ણન છે.

**સુરએ હજમાં (આયત નં. ૪૭) અલ્લાહતઆલા ફરમાવે છે.**

**“વયસતઅ્જેલુનકઅ્ બિલઅઝાબે વલંય**
**યુખલેફલ્લાહો વઅ્દહુ”**

**અર્થાત્** : "અય રસૂલ ! તેઓ તમારાથી અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે. જો કે અલ્લાહ કદીપણ પોતાના વાયદાનો ભંગ કરતો નથી."

અલ્લાહતઆલા ફરમાવે છે કે અમે કોમોની હલાકતનો ઇતિહાસ લોકો માટે વર્ણવીએ છે. આ કાફિરો કહે છે કે અમારી ઉપર કેમ અઝાબ નથી ઊતરતો. અમે કુફ્ર અને ઝુલ્મોસીતમ કરીએ છીએ છતાંય ઐશોઆરામમમાં જીવીએ છીએ.

તેઓને અલ્લાહ ફરમાવે છે કે "આ લોકો ખુદાના અઝાબ માટે ઉતાવળ કરે છે. જ્યારે કે ખુદા તો પોતાના વાયદા ઉપર અમલ કરશે જ. પરંતુ હજી એમનો સમય આવ્યો નથી." (કીતાબોમાં છે કે હઝરત મુસા (અલ.)ના ફિરઓન માટે બદદુઆ કર્યા પછી ૫૦૦ વર્ષ સુધી ફિરઓનનું માથું પણ

દુખ્યું નથી. પરંતુ ૫૦૦ વર્ષ પછી અલ્લાહે તેને ગરદનમાંથી જ પકડી લીધો. સદ્દામ જેવા ઝાલિમે ૨૭ વર્ષો સુધી ઇરાક ઉપર એકધારી હુકૂમત કરી. અસંખ્ય નિર્દોષ લોકોને તેણે મોતને ઘાટ ઊતાર્યા છે. જેનો હિસાબ પણ ન થઈ શકે. આપણે મોમીનો પોતે પણ બેસબર થઈને કહેતા હતા કે યા અલ્લાહ તેં આ ઝાલીમને કેટલી છૂટ આપી છે ? છેવટે અલ્લાહે તેને પોતાના જ એક સમયના જિગરજાન દોસ્તોના હાથે જ ઝિલ્લતભરી સજા આપી.)

કદી ખુદાવંદે આલમ ઝાલીમો માટે ઉતાવળથી અઝાબ મોકલતો નથી.

**ઇરશાદ ફરમાવે છે સુરએ રઅદમાં (આયત નં. ૩૨)**

**“ફઅમલયતો લિલ્લઝીનઅ્ કફરુ સુમ્મ અખઝતોહુમ ફકયફઅ્ કાનઅ્ એકાબ.”**

**અર્થાત્** : અને અમે તે લોકોને મોહલત (ઢીલ) આપી હતી. પછી તેમને પકડી લીધા. મારો બદલો કેવો સખત હતો ?

અલ્લાહ ફરમાવે છે કે શરૂમાં હું કુફફારને મોહલત આપું છું – ઢીલ આપું છું. પછી ગિરફતાર કરી લઉં છું.

**સુરએ આલે ઇમરાનમાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે.**

**(આયત નં. ૧૭૮)**

**“વલા યહસબન્નલ્લઝીનઅ્ કફરુ અન્નમા નુમ્લી લહુમ ખયરુલ લેઅનફોસેહીમ ઇન્નમાં નુમ્લી લહુમ્ લેયઝદાદુ ઈષમન વલહુમ અઝાબુમ મોહીન.”**

**અર્થાત્** : “અને જે લોકો ઇમાન નથી લાવ્યા. તેઓ કદી એવું ગુમાન ન કરે કે અમે જે મોહલત (ઢીલ)

તેમને આપીએ છીએ તે તેમના માટે લાભદાયી છે. નહિ બલકે અમે તેમને મોહલત માત્ર એટલા માટે આપીએ છીએ કે ગુનાહોમાં તેઓ વધુ વધી જાય. અને તેમના માટે નાલેશીભર્યો અઝાબ છે."

ઇમામ હુસૈન (અલ.)ને શહીદ કર્યા પછી યઝીદ પોતાને વિજેતા સમજ્યો. કામ્યાબ સમજ્યો. પરંતુ જનાબ ઝનયબ સલામુલ્લાહ અલયહાએ તેના માટે આ આયતની તીલાવત કરી. પછી ફરમાવ્યું કે તારી અત્યારની શક્તિ, સફળતા, આઝાદી અને ઔશોઆરામ એટલા માટે છે કે તારા ગુનાહોનો ભાર એકદમ વધી જાય. તારો આ હંગામી એશોઆરામ અઝાબે ખુદા માટેનો વસીલો છે.

કારણ કે કુર્આન ફરમાવે છે કે અમે કેટલાકોને વધારે એશોઆરામ આપીએ છીએ. જેથી તેમાં ખૂબ જ દીલચસ્પી લઈ લે. પછી અચાનક જ અમે તેમનો ઐશ છીનવી લઈએ છીએ. જેથી તેઓ હસરત-અફસોસ અને નિરાશાની આગમાં જલતા રહે.

**ફલમ્મા નસુ માઝુકકેરુ બેહી ફતહના અલયહીમ અબવાબઅ્ કુલ્લે શયઈન હત્તા ઈઝા ફરેહુ બેમા ઉતુ અખઝનાહુમ બગતતન ફઈઝાહુમ મુબલેસુન**

(સુરએ અનઆમ આયત નં. ૪૪)

**અર્થાત્ :** "પછી જ્યારે તેઓ તે નસીહતને વીસરી ગયા જે તેમને કરવામાં આવી હતી. તો અમોએ તેમને વધુ ઢીલ આપી તેમના ઉપર દરેક વસ્તુઓના દ્વાર ખોલી નાખ્યાં. અહીં સુધી કે તેઓ

તે વસ્તુઓથી ઘણા જ ખુશ થયા. જે તેમને આપવામાં આવી હતી. ત્યારે અમે તેમને અચાનક પકડી લીધા. પછી અમારો અઝાબ આવતાં તેઓ નિરાશ થઈ ગયા.”

આવા પ્રકારના લોકોનું દૃષ્ટાંત એ વ્યક્તિ જેવું છે, જે એક ઝાડની ઊંચાઈ ઉપર ચઢી રહ્યો છે. તે પોતાને કામ્યાબ સમજી રહ્યો છે. પરંતુ જ્યારે તે ઝાડની ઊંચાઈ પરથી નીચે પટકાય છે ત્યારે તેને ભાન થાય છે કે તેનું બુલંદી તરફ જવું અલ્લાહના અઝાબનો સંકેત હતો. વ્યક્તિ ગુનાહ કરતો ચાલે, તોબા ન કરે, અલ્લાહની નેઅમતોની નાશુક્રી કરતો રહે. આ અલ્લાહ તરફથી છૂટ હોય છે. મોહલત હોય છે. આ મોહલતને ગનીમત સમજી જો તે પોતાના કાર્યોની સુધારણા કરી લે, તોબા કરી લે, પોતાના

અમલોને ઠીક કરે લે, તો ઠીક છે. પરંતુ જો એમ ન બને તો અચાનક અઝાબે ઇલાહી તેને ઘેરી લે છે.

એક એવા માનવ સમૂહ તરફ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઇશારો કરે છે. આ ટોળું કાબિલે ઇસ્લાહ હોય છે. જેમની સુધારણાની ઉમ્મીદ હોય છે. તેમના વિષયમાં ઇરશાદે ઇલાહી થાય છે.

**લેયોઝીકહુમ બાઅ્ઝલ્લઝી. અમેલુ લઅલ્લહુમ યરઝેઉન.**

(સુરા રોમ આયત નં. ૪૧)

**અર્થાત્ :** "તેમના બુરા અમલોના ફળરૂપે સઝાનો થોડો હિસ્સો અમે તેમને ચખાડીએ છીએ. જેથી તેઓ પાછા ફરે. તેમની ઇસ્લાહ થઈ જાય."

સુરા રોમની આયત ૪૧નો આટલો ભાગ આ પ્રશ્નના ઉત્તર માટે પૂરતો છે કે કેટલાક લોકો

દરેક પ્રકારના બૂરા અમલો કરતા હોય છે. છતાંય રાહત અને આરામમાં જિંદગી પસાર કરે છે, કારણ કે અલ્લાહના થોડાક અઝાબના સંકેત પછી તેઓ સુધરી જતા હોય છે.

અમારી ઉપરોક્ત ચર્ચામાં આ વાત પણ વાચકોની સમજમાં આવી ગઈ હશે કે કેટલાક લોકોને તેમના બુરા કૃત્યોની તરત જ સઝા કેમ મળી જાય છે ? પેગંબરે ઇસ્લામ અને અઈમ્માએ માસુમીન (અલ.)ની કેટલીક રીવાયતો આપણને ચેતવણી આપે છે કે જો તમો લગાતાર ગુનાહો પર ગુનાહો કરતા જાઓ છો. છતાંય પોતાની જિંદગીમાં ખુદાના કહર અને અઝાબનો અનુભવ નથી કરતા, તો આ વાતથી ખુશ ન થશો. બલકે આ વાતથી ડરો કે તમે કંઈ ખુદાની તંબીહ-ઠપકો અને રોકઠામ

કરવાની તમારી કાબેલીયતથી બહાર તો નથી ફેંકાઈ ગયા ? મતલબ અલ્લાહની નિગાહમાં તમે એટલા નીચે ઊતરી ગયા કે તે તમને તમ્બીહ કરવા કે કંઈક ઠપકારૂપ સઝા આપીને સુધરવાની તમારી કાબેલીયતને પણ તમે ખોઈ બેઠા. જેથી દુનિયાની મઝા માણી લો, ખાઈ-પી લો, ઇતરાયા કરો, ઘમંડ કર્યા કરો, નાદાર કે ગરીબોની મજાક કર્યા કરો, અલ્લાહે તમારી અંદર ઇસ્લાહની કોઈ કિરણ પણ ન જોઈ, તમને છૂટ આપી દીધી. હવે ફક્ત આકેબત અને જહન્નમ તમારું ઠેકાણું છે.

કદી બીમારની હાલત એટલી હદે બગડી જાય છે કે દાક્તર તેને છોડી દે છે. કહે છે. એમને જે કંઈ ખાવું હોય તો આપ્યા કરો. કોઈ પરેજીની

જરૂર નથી. કોઈ દવાની પણ જરૂર નથી. હવે તો ફક્ત મૃત્યુ જ એની બીમારીનો ઇલાજ છે.

કેટલાક એવા લોકો પણ હોય છે જેઓ એટલા બધા ગુનાહોમાં ડુબી જાય છે કે અલ્લાહની વર્તણુક પણ તેમની સાથે આવી થઈ જાય છે. આવા લોકોથી અલ્લાહ સખત નારાજ થઈ જાય છે. કહે છે,

**"ઇઅ્મલુ મા શિઅ્તૂમ"**

(સુરા હા.મીમ સજદહ આયત નં. ૪૦)

"તમે જે ચાહો તે કરતા રહો" અથવા "જે તમારી મરજીમાં આવે તેમ કરતા રહો."

પેગંબરે ઇસ્લામ પણ જ્યારે લોકોના દઅ્વત કબૂલ કરવાથી માયુસ થઈ જતા હતા. ત્યારે તેમને કહેતા હતા.

## “વયાકૌમીઅ્મલુ અલા મકાનતેકુમ”

(સુરએ હુદ આયત નં. ૯૩)

**અર્થાત** : “અય મારી કોમના લોકો ! તમે તમારા ગલત કૃત્યો ઉપર જિદ્દ બની ગયા છો તો જે ચાહો તે કરો.”

દુઆઓમાં આપણે માગીએ છીએ, “અય અલ્લાહ ! મને મારા હાલ પર ન છોડી દેતો.” શા માટે ? જ્યારે તે બંદાથી ખૂબ જ નારાજ થઈ જાય ત્યારે સખત પકડ કરવા માટે બંદાને  તેના હાલ ઉપર છોડી દે છે. જેવી કે લાઈલાજ દરદીની દવા બંધ થઈ જાય છે.

ટૂંકમાં કદી ખુદાનો કહર-અઝાબ તે ઐશો-આરામના ઝરીઆથી હોય છે. જે સિતમગારોને તોબા કરવાથી રોકે છે. મોત પછીની સઝા જહન્નમ તેમનું બદતરીન ઠેકાણું હોય છે.

# પ્રકરણ : ૮ : ચોથી સુક્ષ્મ વાત (નુકત:)

કોઈપણ ગુનોહ કર્યા વગર પણ કેટલીક વખત ઇન્સાન મુશ્કેલીઓનો શિકાર કેમ બને છે ? કોઈ વખત વ્યક્તિ કોઈ પણ જાતનો ગુનોહ કે ગલતી કર્યા વગર આફતબલાઓનો શિકાર બને છે. તો અદ્લે ઇલાહી અને આ મશ્કેલીઓના વિષયમાં કુર્આનનું શું દૃષ્ટિબિંદુ છે ?

**જવાબ** : કુર્આનેપાકમાં લગભગ વીસ વખત ઇલાહી ઇમતેહાનના વિષયમાં વર્ણન છે. અલ્લાહના ઇરાદાઓમાંથી એક ઇરાદો ઇન્સાનનું ઇમતેહાન પણ છે. તે એક દૃઢ સુન્નતુલ્લાહ છે. અલ્લાહ ઇન્સાનનું ઇમતેહાન લે છે. આ મુશ્કેલીઓ ઇલાહી

ઇમ્તેહાનના કારણોમાંથી એક કારણ છે. એ જ રીતે ખુશીઓ પણ આ ઇમતેહાનનો એક ઝરીઓ છે.

**અલ્લાહતઆલા ફરમાવે છે,**

**વલનબ્લોવન્નકુમ બેશયઈમ મિનલ ખવફે વલજુએ**
**વનકસીમ મિનલ અમવાલે વલ અનફોસે**
**વષ્મરાત વબશ્શેરીસ સાબેરીન.**

(સુરએ બકરહ આયત નં. ૧૫૫)

**અર્થાત્** : "નિશંસય અમે ભય, ભૂખ, માલ અને જાન તથા ફળોની (કોઈક તફસીરકારોએ ફળો ફરજંદોના અર્થમાં લીધાં છે) કમી દ્વારા તમારી આઝમાઈશ જરૂર કરીશું. અને તે લોકો જેઓ આ મુશ્કેલીઓમાં સાબિત કદમ રહે છે. સબર કરીને મજબૂત મનોબળથી કામ લે છે. તેમને ખુશખબરી સંભળાવી દો."

**અહીં કેટલાક પ્રશ્નો ઊભા થઈ શકે છે – જેથી તેમના ઉપર ચર્ચા કરવી જરૂરી છે.**

(૧) શું ખુદા નથી જાણતો કે કોણ વ્યક્તિ કેવો છે ? જેથી મુશ્કેલીઓ પહોંચાડીને ઇમ્તેહાન લે છે.

(૨) આઝમાઈશ અને ઇમ્તેહાન લેવા માટે શું વસીલો છે ?

(૩) આફતો અને મુશ્કેલીઓના શિકાર લોકોની પ્રતિક્રિયા શું હોય છે ?

(૪) મુશ્કેલીઓમાં મજબૂત રહેવાનો સર્વોત્તમ રસ્તો શું છે ?

**પ્રથમ મસઅલો** :

અલ્લાહતઆલા દરેક વ્યક્તિના હાલથી બખૂબી વાકેફ છે. આપણા અમલ કરતાં અગાઉ આપણે કેવો અમલ કરીશું, શું કરીશું ? વગેરે દરેક

વાતનું ઇલ્મ અલ્લાહતઆલાને છે. અલ્લાહનો બંદાનું ઇમ્તેહાન લેવાનો મકસદ આ છે કે બંદાથી કોઈ એવું કાર્ય અંજામ પામે, જેના કારણે બંદો જઝા કે સઝાનો હકદાર બને. કારણ કે અલ્લાહતઆલા પોતાના ઇલ્મના મુતાબિક કોઈ બંદાને તેની ખૂબી અને ખરાબીની જઝા કે સઝા નથી આપતો. (આ તારણ અને અર્થઘટન અમે હઝરત અલી (અલ.)થી નહજુલ બલાગાહમાંથી લીધું છે. તફસીરે નમૂના, ભાગ - ૧) જ્યાં સુધી બંદો કોઈ અમલ અંજામ ન આપે. (શિક્ષક વિદ્યાર્થીઓને કોઈક કામ સોંપે. તેને ખબર હોય છે કે આ કાર્ય ફલાણો ફલાણો વિદ્યાર્થી કરવાનો નથી. છતાં પણ બીજા દિવસે તે કાર્ય અંજામ ન આપ્યું હોય પછી જ યોગ્ય શિક્ષા કરે છે.)

**બીજો મસઅલો :**

બીજી બાબતના સંદર્ભમાં અમે વિનંતી કરીશું કે બધી જ કડવી મીઠી વાતો, મુસીબતો, તકલીફો ઇન્સાનના ઇમ્તેહાન લેવાના સબબ કે નિમિત્ત બની શકે છે. અલ્લાહતઆલા પાસે ઇમ્તેહાન લેવાના અનેક ઝરીયા છે.

**“વ નબલુકુમ બિશ્શર્રે વલ ખયરે”**

(સુરએ અંબિયા આયત નં. ૩૫)

“અમે નેકી તથા બદી વડે તમારી અજમાઈશ (કસોટી) કરીએ છીએ.”

અલ્લાહ માલ અને જાનની કમી ઝિયાદતી દ્વારા પણ બંદાઓનું ઇમ્તેહાન લે છે.

**લતુબ્લોવન્ન ફી અમવાલેકુમ વ અનફોસેકુમ**

(સુરા આલે ઇમરાન આયત નં. ૧૮૬)

**અર્થાત્** : "યકીન રાખો, તમારું ઇમતેહાન તમારો માલ અને તમારી જાનો દ્વારા પણ લેવામાં આવશે."

**ત્રીજો મસઅલો** :

આફતો-મુસીબતોનો મુકાબલો કરનારા ચાર પ્રકારના માણસો છે.

એક સમૂહ એવો છે કે તેમને કોઈ તકલીફ પહોંચી કે તરત જ આહોજારી - ફરિયાદ કરવા લાગી જાય છે. આવા લોકો ખુદાના અદ્લ અને તેની મહેરબાની તેનો કરમ અને હિકમત બધાની અનદેખી કરીને ઇન્સાનની પેદાઈશ ઉપર એતેરાઝ કરે છે. બલકે ખુદાની વિશ્વવ્યવસ્થાને પણ બુરુંભલું કહેવા લાગી જાય છે.

બીજો સમૂહ તે લોકોનો છે જેઓ તકલીફોનો મજબૂતાઈથી મુકાબલો કરે છે. મુસીબતો સહન કરી લે છે. પોતાના દીલ અને જીભથી કહે છે.

"અમે બધા ખુદાના જ માટે છીએ અને તેની જ તરફ પાછા ફરવાના છીએ."

**જેમકે સુરએ બકરહની આયત ૧૫૬માં ઇરશાદે ઇલાહી છે.**

**"ઇન્ના લિલ્લાહે વઈન્ના એલયહે રાજેઊન"**

ત્રીજો સમૂહ બીજા સમૂહ કરતાં પણ વધારે સીધા માર્ગ ઉપર ચાલી રહ્યો છે. કારણ કે તેઓ મુસીબતોના મુકાબલામાં ન ફક્ત સબર અને તહમ્મુલ કરે છે. બલકે શુક્ર પણ બજાવી લાવે છે. તેથી જ ઝિયારતે આશુરામાં આપણે આ પ્રમાણે પઢીએ છીએ

**“અલ્લાહુમ્મા લકલ હમ્દો હમ્દશ્શાકેરીનઅ્ લકઅ્ અલા મોસાબેહીમ.” (આ તે શબ્દો છે જે ઝિયારતે આશુરામાં છેલ્લે સિજદામાં પઢવામાં આવે છે.)**

“અય ખુદા ! મારો શુક્ર તારી બારગાહમાં એવો જ શુક્ર હોય જેવો શુક્ર ઇમામ હુસૈન (અલ.)ના સાથીઓનો છે.”

હાં ! જરૂર કેટલાક લોકો એવા પણ છે કે જેમની સૌથી મોટી તમન્ના - દીલી ઇચ્છા રાહેખુદામાં સખ્તી બરદાસ્ત કરવી હોય છે. ખુશીબખુશી તહમ્મુલ કરીને ખુદાની રઝામંદી હાંસિલ કરવી હોય છે. આવા લોકોની છેલ્લી તમન્ના શહાદતની પણ હોય છે. તેઓ જ્યારે પણ પોતાની તમન્ના સુધી પહોંચી જાય છે. ત્યારે ખુદાનો શુક્ર અદા કરે છે.

હવે છેલ્લો અને ચોથો જનસમૂહ જેઓ ત્રીજા જનસમુદાયથી પણ બે કદમ આગળ છે. તેમાં તે લોકો હોય છે જેઓ મુશ્કેલીઓ - આફતો - બલાઓ વખતે ખુદાની મહેરબાની કે તેના અદ્લ વિશે કોઈ આક્ષેપ કે બદગુમાની કરવાની વાત તો બાજુ પર રહી, સબર અને શુક્ર કરીને સંતોષ નથી માનતા. પરંતુ આશિકાના અંદાઝથી મુશ્કેલીઓનો આદર કરે છે. તેમનું સ્વાગત કરે છે.

આપણે કુર્આનમાં પઢીએ છીએ કે પેગંબરે અકરમ (સલ.)ના કેટલાક સહાબી આપની સેવામાં આવ્યા. અને તેમણે જંગમાં ભાગ લેવા માટે હથિયારો અને અન્ય સાધનસામગ્રી ઘોડા કે ઊંટ વગેરેની માંગણી કરી.

**પેગંબરે ઇસ્લામ (સલ.)એ ફરમાવ્યું,**

“મારી પાસે કોઈ તલવાર, ભાલો, કોઈ ઘોડો-ઊંટ કે બીજી કોઈ યુદ્ધ સામગ્રી નથી. જે દ્વારા તમારી મદદ કરું.” તેઓ રડતા રડતા પાછા ફર્યા કે અમે ઇસ્લામના સિપાઈઓ સુધી ન પહોંચી શક્યા અને ન પોતાની જાનને ઇસ્લામના રસ્તામાં કુરબાન કરી શક્યા.

કેટલાક એવા સહાબા હતા કે તેઓની પાસે કશું જ ન હતું. ફક્ત મજૂરી કરીને રોઝી-રોટી કમાઈ ગુજરાન કરવું તેમનો ધંધો હતો. આ લોકો પાસે પૂરતાં કપડાં પણ ન હતાં. આવા લોકોએ જેહાદમાં જવા માટે રસૂલે ખુદા પાસે તલવાર કે ભાલાની માંગણી કરી જેનું વર્ણન કુર્આન આ પ્રમાણે કરે છે.

**“વલા અલલ્લઝીનઅ્ ઈઝા મા અતવકઅ્ લેતહમેલહુમ કુલ્તઅ્ લાઅજેદો માઅહમેલોકુમ અલયહે તવલ્લવ વ આઅ્યોનોહુમ તફીઝો મિનદ દમ્એ હઝનન અલ્લા યજેદુ મા યુનફેકુન.”**

(સુરએ તોબા આયત નં. ૯૨)

**અર્થાત્ :** અને તેમના શિરે કોઈ દોષ નથી. જેઓ આપની પાસે આવે છે કે આપ તેઓને સવારી આપો. તો આપે જવાબ આપ્યો કે મારી પાસે તો કોઈ સવારી નથી કે હું તમને આપી શકું, ત્યારે તેઓ એવી સ્થિતિમાં પાછા ગયા કે તેમની આંખોમાંથી આ દુ:ખના કારણે આંસુ વહેતાં હતાં કે તેમની પાસે રાહે ખુદામાં ખર્ચ કરવા માટે કશું પણ નથી.”

વિચારો... આ ટોળું રડે છે. તેમની આંખોમાંથી નીકળતાં આંસુઓની ગવાહી અલ્લાહ આપે છે. આ લોકો તો જેહાદમાં નથી જઈ શકતા એટલા માટે રડે છે. હાંલાકે જેહાદ મુશ્કેલીઓથી ભરપૂર હોય છે. અરે હાં ! એટલું જ નથી કે આવા ખુદાના આશિકો જ્યારે ઘેર પાછા જાય છે ત્યારે તેમની મા-બહેનો તેમની પત્નીઓ પણ રડે છે કે મારો શોહર કે મારો બેટો સાધન-સામગ્રી હથિયાર કે સવારીના અભાવે જેહાદમાં નથી જઈ શકતો. આ તો આશિકોનો હાલ છે. જેઓ મુશ્કેલીઓનું સ્વાગત કરવા તત્પર હોય છે.

હાં ! સામાન્ય લોકોની પ્રતિક્રિયા મુસીબતોના મામલામાં જુદી જુદી હોય છે. કેટલાક મોટી ઉંમરના કે યુવાન લોકોની હાલત તકલીફ

વખતે નાના બચ્ચા જેવા પણ હોય છે. જો આપ તીખી પ્યાઝ એક બાળકને આપો તો તે મોંમાં નાખીને તરત જ ફેંકી દેશે. તેની આંખોમાંથી આંસુ નીકળી આવશે. પરંતુ આ જ તીખી પ્યાઝ તેનો બાપ શોધીને બજારથી  ખરીદી લાવે છે. જિંદગીની સખ્તીઓ, કડવાશો પણ આ પ્રકારની છે. એક તેનાથી ભાગે છે. અને બીજો તેનું સ્વાગત કરે છે.

**ચોથો મસઅલો** :

આપણો અકીદો છે કે ખુદા આદિલ છે. તે કદીક આપણી કસોટી માટે આપણને કેટલીક મુશ્કેલીઓમાં નાખે છે. જેથી આપણી રૂહાની શક્તિઓ બહાર આવે. આપણા અંદર નેકી અને પરહેઝગારી પેદા થાય. આપણે ઠીક અને દુરસ્ત જિંદગી ગુજારીએ. (દૃષ્ટાંતરૂપે એક યુવાન વગર

કારણે પત્ની ઉપર ઝુલમ કરે છે. સતાવે છે. એ બીમાર પડે છે. સખ્ત બીમાર પડે છે. તેને મોત યાદ આવે છે. પછી સારો થઈ જાય છે. પત્નીની સેવાનો મોહતાજ પણ બને છે. પછી તે પત્ની પર ઝુલમ કરવાનું છોડી દે છે.)

મુસીબતો ઉપર કામ્યાબ થવા માટે આપણે શું કરવું જોઈએ ? આપણે સમજીએ કે અલ્લાહતઆલા આ બાબત આપણને શું માર્ગદર્શન આપે છે.

**(૧) ઇલાહી વિચારધારાને માનવું**

કુર્આને કરીમ સબર કરવાવાળા લોકોની તારીફ કરતાં ફરમાવે છે આ લોકો એવી સમજ ધરાવે છે કે સમગ્ર વિશ્વનો માલિક અલ્લાહ છે. તેથી તેઓ પોતાની આ વિચારધારાને અનુરૂપ

મુસીબતોના મુકાબલામાં કહે છે. અમે ખુદાના માટે છીએ. અમે સ્વયં આઝાદ નથી. તેથી અમે ખુદા પાસે કોઈ હક ધરાવતા નથી. અમારું આ વિશ્વમાં આવવું, અમારું અસ્તિત્વ અને અમારી બધી નેઅમતો પણ તેની જ છે. અમે તો ફક્ત તેની નેઅમતોના અમાનતદાર છીએ. અમારી તંદુરસ્તી પણ તેની અમાનત છે. અમારી દવલત પણ તેની જ અમાનત છે. બલ્કે અમારી દરેક વસ્તુ તેની જ છે. અમે પણ તેના જ છીએ.

આ એક વાત થઈ, બીજી વાત આપણે માનીએ છીએ કે દુનિયા અમારા માટે એક મુસાફરખાનું છે. બસ એક રસ્તો છે. જે પસાર કરવાનો છે. આ આપણા માટે હંમેશા રહેવાની જગ્યા નથી. આપણે મૃત્યુ પછી તેની જ તરફ

જઈએ છીએ. આપણું જીવન ખતમ નથી થઈ જતું બલકે એક નવી દુનિયામાં ફરીથી શરૂ થાય છે. જેવી રીતે અત્યારે આપણું જે અસ્તિત્વ છે. મૃત્યુ પછી પણ રહેશે જ. હરગિઝ ખતમ નહીં થાય. ફક્ત રહેવાની જગ્યા બદલાઈ જાય છે. આ વિશ્વના માળખામાં વ્યક્તિએ પોતાની વિચારધારાને સાચી રીતે ઢાળવાની છે. જેથી નફસે ઇન્સાની તકલીફોનો મુકાબલો કરવા માટે તૈયાર રહે. આપણી આ વિચારધારા "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઉન્" (સુરએ બકરહ આયત નં. ૧૫૬)ના એક જ વાક્યમાં સ્પષ્ટ થઈ જાય છે.

**(૨) સુન્નતુલ્લાહ દરેક ઉમ્મત માટે એક સરખી છે.**

અલ્લાહ પોતાની સુન્નતના મામલામાં આપણને ખબર આપે છે. કુર્આન આપણને

ખબરદાર કરે છે કે તમે કોઈ અલગ મખ્લુક નથી, જેથી કોઈ રંજોગમ ઉઠાવ્યા વગર જન્નત સુધી પહોંચી જાઓ. બલકે આપણા માટે પણ જરૂરી છે કે આપણે બીજી કોમો અને ઉમ્મતોની જેમ સખતમાં સખત મુસીબતોનો સામનો કરવો પડશે.

**સુરએ બકરહમાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે,**

**અમહસીબ્તુમ અનતદ ખોલુલ જન્નતઅ્ વલમ્મા યાઅ્તેકુમ મષલુલ્લઝીનઅ્ ખલઉ મિન કબ્લેકુમ મસ્સતહોમુલ બાઅ્સાઓ વઝઝર્રાઓ વ ઝૂલઝેલુ હત્તા યકુલર્રસૂલો વલ્લઝીનઅ્ આમનુ મઅહુ મતા નસરૂલ્લાહ, અલા ઇન્ન નસરલ્લાહે કરીબ.**

(સુરએ બકરહ આયત નં. ૨૧૪)

**અર્થાત્** : "શું તમે આવું ગુમાન કરી બેઠા છો કે જન્નતમાં ચાલ્યા જશો. જો કે હજુ સુધી તમારા ઉપર તે પરિસ્થિતિ નથી આવી જે તમારાથી આગલી ઉમ્મતો ઉપર આવી હતી. તેમને એવી બીમારીઓ અને મુસીબતો પહોંચી કે તેઓ ધ્રુજી ઊઠ્યા. અહીં સુધી કે રસૂલ અને તેમની સાથે ઇમાન લાવનારાઓ બોલી ઊઠ્યા કે હવે અલ્લાહની મદદ ક્યારે આવશે ? કહેવામાં આવ્યું કે ગભરાઓ નહિ. હવે અલ્લાહની મદદ નજીક જ છે."

શું આપણે એમ સમજી બેઠા છીએ કે પાછલી ઉમ્મતોના જેવી મુસીબતો અને તકલીફો ભોગવ્યા વગર જ આપણે જન્નતમાં ચાલ્યા જઈશું ? જો કે પાછલી ઉમ્મતોને એવી મુસીબતોએ ઘેરી લીધા હતા કે તેઓ ગભરાઈ ગયા હતા. કાંપી

ઊઠ્યા હતા. તેમના નબી અને ઉમ્મત ચીખ મારી ઉઠ્યા કે યા અલ્લાહ ! તારી મદદ ક્યારે આવશે. ત્યારે અલ્લાહે આશ્વાસન આપતા ફરમાવ્યું. સબર કરો મારી મદદ તમારી નઝદીક જ છે.

ઇતિહાસ સાક્ષી છે કે દરેક ઉમ્મતની એહલેહક જમાતને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. આ મુશ્કેલીઓ કંઈ તમારી ઉપર જ નથી આવી. કોઈ નવી વસ્તુ નથી. આ તો સુન્નતુલ્લાહ છે. જે તમારે અદા કરવાની છે. કુર્આન વારંવાર આપણને પાછલી ઉમ્મતોના દૃષ્ટાંત આપી સમજાવે છે.

સુરએ બકરહ સિવાય પણ બીજી અનેક સુરતોમાં આપણને અલ્લાહતઆલા પોતાની સુન્નતની યાદ અપાવે છે.

**દાખલા તરીકે સુરએ મરિયમમાં ફરમાવ્યું**

**વઝકુર ફિલ કિતાબે ઇબ્રાહીમઅ્ સીદૃકન નબીય્યા**

(આયત નં. ૪૧)

**વઝકુર ફિલ કિતાબે મૂસા.**

(આયત નં. ૫૧)

હઝરત ઇબ્રાહીમ (અલ.) અને હઝરત મુસા (અલ.) જેવા મહાન નબીઓએ જે તકલીફો બરદસ્ત કરી, મુસીબતો ઝીલી ખુશી-બખુશી એક પછી એક ઇમ્તેહાનમાંથી પસાર થયા. તેમના દૃષ્ટાંતો આપણા માટે બોધપાઠરૂપ છે.

**સુરએ અહકાફમાં આ જ સુન્નતે ઇલાહી તરફ ઇશારો કરતાં ફરમાવ્યું,**

**“ફસબીર કમાસબરઅ્ ઓલુલ અઝમે મિનર્રોસોલે વલા તસતઅ્જિલ” (આયત નં. ૩૫)**

“અય પેગંબર ! તમે પણ સબર કરો જેવી રીતે કે આલી હિંમત રસૂલોએ સબર કર્યો.”

હાં ! જરૂર જો ઇન્સાનો આ વાત મજબૂતી સાથે પોતાના દીલમાં ઊતારી લે કે મુસીબતો પણ એક કાનૂને કુદરત છે. સુન્નતુલ્લાહ છે. જે સામાન્ય રીતે બધા જ ઉપર આવે છે, તો મોટા ભાગે તેને સહન કરવાની શક્તિ અને હિંમત પેદા થઈ જાય છે.

રમઝાનુલ મુબારકના મહિનામાં જ્યારે બધા જ લોકો રોઝદાર હોય છે. તો આપણે પણ બધાની સાથે આસાનીથી રોઝા રાખી લઈએ છીએ. કારણ કે આ એક સર્વસામાન્ય બધા જ લોકોને લાગુ પડતો અમલ છે. પરંતુ માહે રમઝાન સિવાય જ્યારે કોઈપણ વ્યક્તિ રોઝાથી નથી હોતો ત્યારે

આપણા માટે એકલાએ રોઝા રાખવા મુશ્કેલ બની જાય છે. કુર્આન જ્યાં રોઝા રાખવાનો હુકમ આપે છે. તો સાથે જ ઇરશાદ ફરમાવે છે કે "અય મુસલમાનો ! તમે અવું ન સમજશો કે આ હુકમ ફક્ત તમારા માટે જ ખાસ છે. બલ્કે તમારાથી આગળની ઉમ્મતો પણ રોઝા રાખતી હતી."

**"કમા કોતેબઅ્ અલલ્લઝીન્અ્ મિન કબ્લેકુમ"**

(સુરા બકરહ આયત નં. ૧૮૩)

**અર્થાત્** : જેવી રીતે તમારાથી અગાઉના લોકો ઉપર પણ ફર્ઝ કરવામાં આવ્યા હતા.

હાં ! ચોક્કસ પાછલા ઇતિહાસની જાણકારી ઇન્સાનને સહનશીલ બનાવે છે. સબર કરવામાં અસરકારક રોલ અદા કરે છે. જેવી રીતે કે ભવિષ્યના ભેદોની જાણકારીનું ઇલ્મ પણ સબ્ર અને

તહમ્મુલના મેદાનમાં પોતાનો પ્રભાવ જરૂર બતાવે છે. આ બાબત હઝરત ખિઝર (અલ.) અને હઝરત મુસા (અલ.)નું દૃષ્ટાંત ઘણું જ બંધબેસતું છે.

હઝરત ખિઝર (અલ.) એ હઝરત મુસા (અલ.)ને કહ્યું, "તમે મારા કાર્યોના ભેદોથી વાકેફ નથી. જેથી નાહિમ્મત થઈ જશો. તમારાથી બરદાસ્ત નહીં થાય." આ એક દીલચસ્પ ઘટના છે. જેનું વર્ણન સુરએ કહફમાં છે. હઝરત ખિઝર (અલ.)એ અગાઉથી હઝરત મુસાને ઉપરોક્ત શબ્દો કહી દીધા હોવા છતાં હઝરત મુસા સબર ન કરી શક્યા અને બંનેનો સંગાથ છૂટી ગયો. હઝરત ખિઝરે કહ્યું હતું મારાથી આદતના ખિલાફ, ન બને એવી અનોખી ઘટનાઓ બનશે. એવા અનોખા કામો હું કરીશ કે તમો સહન નહીં કરી શકો કારણ કે તમે

તેના ભેદોથી અજાણ છો. પરંતુ હઝરત મુસા (અલ.)એ કહ્યું. "ઇન્શાઅલ્લાહ હું સબર કરીશ. પરંતુ અનુભવે આપણને એવું બતાવ્યું કે ભેદોથી નાવાકિફિયત હઝરત મુસાની બેસબરીનું કારણ બની ગયું. તેમના સબ્રનું ત્રાજવું ભરાઈ ગયું. જેથી તેઓ હઝરત ખિઝરથી છૂટા પડી ગયા."

**(3) આપણું ધ્યાન અને તવજ્જોહનું સંપૂર્ણ રીતે ખુદાવંદે આલમ તરફ હોવું કે તે મારી વાત સાંભળે છે. તે મારા કામને જુએ છે. અને મારી મુશ્કેલીઓને આસાન કરે છે. આ પ્રકારનો ઉત્સાહ ઇન્સાનના કાર્યોમાં મજબુતાઈ પેદા કરે છે. ઇન્સાનમાં કાર્યશક્તિ પેદા કરે છે. ઇન્સાનની હિંમતમાં વધારો કરે છે.**

આપણે અલ્લાહના કલામમાંથી આ બાબતના અમૂક દૃષ્ટાંતો સમજીએ.

ખુદાવંદે આલમ હઝરત મુસા (અલ.) અને હઝરત હારૂન (અલ.)ને ફરમાવે છે. તમે બંને ફિરઓનની પાસે જાઓ અને મારી રૂબુબીયતનું તેને ભાન કરાવો. હું તમારી સાથે છું. તમારા કાર્યને જોઉં છું સાથે તમારી વાતો પણ સાંભળું છું. **સુરએ તાહામાં અલ્લાહતઆલા ફરમાવે છે કે,**

**"ઈન્નની મઅકોમા અસ્મઓ વઅરા."**

(આયત નં. ૪૬)

**અર્થાત્** : "તમે સહેજે ડર કે ખોફ ન અનુભવો હું તમારી સાથે છું અને સાંભળી રહ્યો છું, જોઈ રહ્યો છું."

એવી જ રીતે ખુદાવંદે આલમે હઝરત નૂહ (અલ.)ને હુકમ કર્યો. અમારી દૃષ્ટિ સમક્ષ કશતી (હોડી) તૈયાર કરો.

**અલ્લાહતઆલા સુરએ હુદમાં ઇરશાદ ફરમાવે છે,**

**વસનઈલ ફૂલ્ક બેઆઅ્યોનેના વવહયેના**

**વલાતોખાતિબ્ની ફિલ્લઝીનઅ્ ઝલમુ ઈન્નહુમ મુગરકૂન.**

(આયત નં. ૩૭)

**અર્થાત્ :** "અને એક કશ્તી અમારી આંખોની સામે અમારા હુકમથી તૈયાર કરો. અને ઝાલિમોના મામલામાં અમારી સાથે કોઈ વાતચીત ન કરો. તેઓને પાણીમાં ડુબાડી દેવામાં આવશે." હઝરત નૂહે કશતી બનાવવાનું શરૂ કર્યું ત્યારે કાફિરોનું જે ટોળું આપની પાસેથી પસાર થતું, આપની મશ્કરી કરતું. કહેતા, "શું આપે પેગંબરીનું કામ છોડી આ

સુથારી કામ ક્યારનું શરૂ કર્યું ?" કોઈ કહેતા "અરે જી જુઓ તો ખરા ! આ પેગંબર તો હવે સુથાર બની ગયા." હાલતાં-ચાલતાં આપની મઝાક-મશ્કરી કરતા.

**એક અલ્લાહના પેગંબરની મશ્કરી થઈ રહી છે. એક બે માણસો નથી કરતા. આખી કોમ મશ્કરી કરી રહી છે. તે વખતે નબીની પાસે કયું પ્રેરકબળ હતું ?**

"મારી દૃષ્ટિ સમક્ષ કશ્તી તૈયાર કરો. હું જોઈ રહ્યો છું અને એમને સાંભળી રહ્યો છું." આ તો અલ્લાહના વાક્યો છે. આ જ પ્રકારનો ઇમાની જોશ ઇન્સાનની અંદર મજબૂતાઈ પેદા કરે છે. ઝિંદાદિલી પેદા કરે છે. એ જ પ્રેરકબળ છે.

બસ હકના અલમબરદારોને અલ્લાહ નબીયોના આ કિસ્સાઓ દ્વારા સમજાવે છે કે તમે

કટાક્ષ કરનારાઓના કટાક્ષ તરફ, તમે મશ્કરી કરનારાઓની મશ્કરી તરફ, તમે નાફરમાનોની નાફરમાની તરફ, તમે ઝાલીમોના ઝુલ્મ તરફ, તમે બદમાશોની બદમાશીઓ તરફ જરાય ધ્યાન ન આપો. બસ તમારી ધૂન એ જ હોવી જોઈએ કે ઇન્સાનિયતને અલ્લાહ તરફ બોલાવો. ઇન્સાયનિયતની ઇસ્લાહ કરો. કોઈની પરવા ન કરો. અલ્લાહ કહે છે કે હું એમને જોઈ રહ્યો છું, સાંભળી રહ્યો છું આ શબ્દો દીનની દઅ્વતનું કામ કરનાર કોઈના માટે પણ દૃઢતા પેદા કરે છે. તેનામાં હિંમત અને સ્થિરતા પેદા કરે છે.

**(૪) ચોથી વસ્તુ અજ્ર અને જઝા-સારો બદલો-નેકીનો અજ્ર સ્થિરતાની રૂહ છે. જે ઇન્સાનના અંદર પેદા થાય છે. આપણો અકીદો છે કે અલ્લાહ મને**

મારી નેકીનો સારો બદલો આપશે. કારણ કે ઇન્સાનના માટે સખ્તીઓને સહન કરવું આખેરતના અઝીમ અજ્ર અને સવાબની સાથે જ છે. સમગ્ર કુર્આનમાં આ પ્રકારના દૃષ્ટાંતો મળી આવે છે.

(૫) પાંચમી વસ્તુ જે ઇન્સાનની અંદર દૃઢતા પેદા કરે છે. ઇન્સાનને ખુદાના કાર્યો કરવા માટે મજબૂત બનાવે છે તે સબર, દુઆ અને નમાઝ છે. જેના ઝરીયાથી આપણે ખુદા પાસે મદદ તલબ કરીએ છીએ. તેનો હુકમ છે.

“વસ્તઈનુ બિસ્સબ્રે વસ્સલાત”

(સુરા બકરહ આયત નં. ૪૫)

અર્થાત્ : સબ્ર અને નમાઝની સાથે મદદ માગો.

સુરએ આઅરાફમાં ફરમાવ્યું, “વસ્તઈનું બિલ્લાહ” અલ્લાહથી મદદ માગો.

મતલબ ખુદાવંદેઆલમ આદિલ છે. અને તે મુશ્કેલીઓ જે આપણે ઉઠાવી રહ્યા છીએ. અલ્લાહ તરફથી ઇમ્તેહાન છે. ચાર પ્રકારના માણસોનું વર્ણન અમોએ કર્યું છે. સાથે આ ઇમ્તેહાનાતમાં કામ્યાબ થવાના રસ્તાઓની પણ ચર્ચા કરી છે.

## પ્રકરણ : ૯ : પાંચમો નુકત: (પાંચમી સૂક્ષ્મવાત)

ફલાણો વ્યક્તિ કેમ મરી ગયો ? લોકો પાણીના પુર કે ધરતીકંપમાં કેમ મરી જાય છે ?

ઘણીબધી શંકા-કુશંકાઓ જે અદ્લે ઇલાહીના વિષયમાં વર્ણવવામાં આવે છે. તે આપણી અજ્ઞાનતા અને નાસમજનું પરિણામ છે. આપણે સમજ્યા વગર કે વિચાર્યા વગર અલ્લાહ ઉપર એતેરાઝ કરી દઈએ છીએ.

દૃષ્ટાંતરૂપે આપણે માનીએ છીએ કે મોત ફનાનું નામ છે. મૃત્યુ એટલે નાશ. છતાંય આક્ષેપ કરીએ છીએ કે ફલાણો માણસ કેમ મરી ગયો ? આપણે માનીએ છીએ કે દુનિયા રહેવાની જગ્યા નથી. છતાંય કહીએ છીએ કે લોકો ધરતીકંપ

અથવા પાણીના પુરમાં અથવા બીમારીઓમાં કેમ મરી જાય છે ?

આપણે આમ પણ માનીએ છીએ કે દુનિયા એશ-આરામની જગ્યા નથી. છતાંય કહીએ છીએ- સખ્તીઓ તકલીફો અને મુસીબતો કેમ આવે છે ? આપણું ઉદાહરણ તે વ્યક્તિ જેવું છે જે ઉદ્બોધન હોલમાં દાખલ થાય છે. પછી એતરાઝ કરવાનું શરૂ કરે છે કે અહીં ચા-કૉફી કેમ નથી મળતી ! ખાવાનું કેમ કોઈ લાવતું નથી ! આરામ કરવા માટે પલંગની વ્યવસ્થા કેમ નથી ! વગેરે વગેરે, અરે ભાઈ ! આ તો ઉદ્બોધન હોલ છે. અહીં તો તમારે ભાષણ સાંભળવાનું છે. તમે કેમ ભૂલી ગયા ? બસ દુનિયા આપણા માટે ઇમ્તેહાનનું ઘર છે.

આ બધા જ અતેરાઝો ફક્ત આપણી નાસમજનું પરિણામ છે. આપણે જો તે વ્યક્તિને સમજાવી શકીએ કે ભાઈ આ તો ભાષણ કર્તાના ભાષણને સાંભળવાનો હોલ છે. અહીં ચા-કોફી - ખાવાનું કે આરામ માટે પથારી-પલંગ કશું જ નહીં મળે. જો તેને સમજાઈ જશે તો તે પોતાની માંગણીઓ પ્રત્યે શરમાશે, માફી માંગશે.

આપણે પણ દુનિયાને એવી રીતે ઓળખીએ જેવી રીતે તેને ઓળખવાનો હક છે. આપણી પેદાઈશના મકસદને સમજી લઈએ. તો ખુદ-બખુદ આપણી શંકાઓ દૂર થઈ જશે. આપણને યકીન હોવું જોઈએ કે દુનિયા કાયમ રહેવાની જગ્યા નથી. એક રસ્તો છે. એક સડક છે. જે પસાર કરવાની છે.

જો આપણે આ યકીન કરી લીધું કે આપણે આ દુનિયા છોડવાની છે. અહીંથી જવાનું જ છે. કાયમ રહેવા માટે આવ્યા નથી. બલકે જવા માટે જ આવેલા છે. આપણે જવું જ જોઈએ. પછી જવાનો કોઈ પણ તરીકો હોય, ધરતીકંપને કારણે અથવા પુરને કારણે અથવા બીમારી દ્વારા.

આપણી ગેરસમજને એક દૃષ્ટાંત દ્વારા સમજીએ. એક ગ્લાસના વેપારીએ પાણી પીવા માટેના ગ્લાસોને પોતાની દુકાનમાં ઊંધા સજાવ્યા છે. એક ગ્રાહક ઘણા જ ધ્યાનથી આ ગ્લાસોને જોઈ રહ્યો છે. પછી તેણે ગ્લાસો ઉપર હાથ ફેરવ્યો. હાથ ફેરવીને તેણે દુકાનદારને કહ્યું.

ભાઈજાન ! આ ગ્લાસોના મોં તો બંધ છે ? પછી એક ગ્લાસને ઉલટી તરફથી ઊઠાવ્યો, આશ્ચર્ય

સાથે બીજો પ્રશ્ન કર્યો. અરે ભાઈ ! આ ગ્લાસનો નીચેનો ભાગ તો ખુલ્લો છે ?

દુકાનદારે હસીને ગ્લાસ પોતાના હાથમાં લઈ એની સાચી પોઝિશનમાં સીધો કરી કહ્યું કે ભાઈ ! આ ગ્લાસનો નીચેનો હિસ્સો પણ છે. અને ઉપરથી મોં પણ ખુલ્લું છે. જુઓ.

બસ આ પ્રમાણે આ વિશ્વના પેદા કરવામાં કોઈ જ ખામી નથી. તેમાંની તમામ મખ્લુકની પેદાઈશમાં પણ કોઈ જ ખામી નથી. ઉપરાંત તેની તમામ સજીવસૃષ્ટિને અલ્લાહ પોતાના તરીકાથી પોતાની પાસે બોલાવી લે છે, તેમાંય કોઈ ખામી નથી. આ અલ્લાહની બેહતરીન વ્યવસ્થા છે. તેની આ વ્યવસ્થા આપણી સમજમાં આવે કે ન આવે તે આપણી સમજની ખામી છે. કોને વહેલાં બોલાવવું,

કોને પછી બોલવવું તે પણ તેનો ભેદ છે. આ ભેદ આપણને સમજાય કે ન સમજાય, એના માટે અલ્લાહ જવાબદાર નથી. તે આદિલ છે. તેના અદ્‌લમાં રતિભાર પણ ખામી નથી. આપણે આગળ જોયું કે અલ્લાહના ભેદથી હઝરત ખિઝર વાકેફ હતા. હઝરત મુસા (અલ.) વાકેફ ન હતા.

આપણે તો આપણા વિચારોની, આપણી અક્કલની તથા આપણી સમજની દૃષ્ટિથી અલ્લાહની વ્યવસ્થાને નિહાળીએ છીએ. દાખલા તરીકે કોઈ વ્યક્તિએ લાલ રંગના ચશ્મા પહેર્યા હોય તો તેને સલગમ (સલગમ એક પ્રકારની તરકારી જેને સલજમ પણ કહેવાય છે) ચુકન્દર (એક પ્રકારની તરકારી જે સલગમ જેવી જ હોય છે. પરંતુ લાલ રંગની હોય છે) જ દેખાશે. લાચાર છે કે

તે વ્યક્તિ જે લાલ કાચમાંથી સલગમને ચુકન્દર ન સમજે.

તમામ નબીઓ અને ઇમામોના દુનિયા માટેના ઇલાહી આદેશોને જાણીને, સમજીને, માનીને પણ કે આ દુનિયાની જિંદગી એક કેદખાનું છે. આપણે જાતજાતની ફરિયાદો કરીએ છીએ. આ આનંદપ્રમોદની જગ્યા નથી. તેથી જ જ્યારે આપણે કોઈ કાર્યમાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે કહીએ છીએ કે બધી જ ચીજો હોવા છતાં આપણે નિષ્ફળ કેમ થયા ? જ્યારે કે દુનિયા પ્રગતિનું એક મેદાન છે. આખેરતની ખેતી છે. દુનિયાના આ મેદાનમાં હિદાયત માટે, પ્રગતિ માટે શોધખોળ, કોશિશ, મેહનત, મશક્કત પરસેવો પાડવો, મુશ્કેલીઓ ઊઠાવવી ફરજિયાત છે. આ દુનિયા મુશ્કેલીઓ ઉઠાવવાની જ જગ્યા છે.

આપણને અમૂક વખત પ્રશ્ન થાય છે કે ઇન્સાનોની સામાજિક જિંદગીમાં તફાવત કેમ છે ? ઇન્સાનની સામાજિક જિંદગીમાં તફાવત ઘણો જ મહત્ત્વનો છે. પ્રથમ તો આપણે આ વાત માનવી પડશે કે ઇન્સાનની જિંદગી એક સામૂહિક જિંદગી છે. (ઇન્સાનની સામૂહિક જિંદગીના માટે બે વિચારધારાઓ છે. પ્રથમ વિચારધારા કહે છે કે ઇન્સાન મજબુર છે કે તે સમૂહમાં રહે. બીજી વિચારધારા કહે છે કે ઇન્સાન કુદરતી રીતે સામૂહિક જિંદગી તરફ લગાવ ધરાવે છે. અને વ્યક્તિગત જિંદગીથી કંટાળે છે, દૂર રહે છે.) ઇન્સાન એક સામાજિક પ્રાણી છે. આપણે ખુદબખુદ ઊગી નીકળનારી ઘાસ જેવા નથી કે ખુદબખુદ ઊગી

જાય, લીલીછમ થઈ જાય અને સૂકાઈ પણ જાય. કોઈ બીજાની સાથે જાણે કોઈ સંબંધ જ ન હોય.

બીજી વાત કે સામૂહિક જિંદગીને એકબીજાની મદદ કે લેવડ-દેવડ વગર આગળ વધારી શકાતી નથી. આ વાત પણ સ્પષ્ટ છે કે મદદ ફક્ત તફાવત અને ફરકની પરિસ્થિતિમાં જ મળી શકે છે. વ્યક્તિ શક્ય છે કોઈ એક ધંધારોજગારમાં, હુન્નર કે અન્ય કોઈ એક ક્ષેત્રમાં પાવરધો હોય. જ્યારે બીજા ક્ષેત્રોમાં કમજોર હોય. શક્તિ, શોખ અને હિંમતમાં તફાવત જરૂરિયાતને જન્મ આપે છે. જરૂરિયાત પણ સમાજજીવનની સ્થાપનાનું એક કારણ છે. જેથી દરેક ટોળું અને દરેક વ્યક્તિ બીજાની જરૂરતોને પૂર્ણ કરી શકે. જેથી સમાજજીવનનો તફાવત જરૂરી છે. આ જરૂરિયાતો

જ સમાજ ઊભો કરે છે. મતલબ ઇન્સાનની પ્રગતિ સામૂહિક જીવનમાં જ સમાયેલી છે. કુર્આનેપાકમાં ઇરશાદ છે કે પરેશાનીઓ અને મુસીબતો ઇન્સાનને જાગૃત રાખવા માટે એક ઘંટડી સમાન છે. કારણ કે એકધારી ઠંડી જિંદગી ઇન્સાનને આળસુ અને એશઆરામી બનાવી દે છે.

કહેવાય છે કે સડક બિલકુલ સાફ, સપાટ અને સીધી હોય તો ડ્રાઇવરોને ઊંઘ આવી જાય છે. સડક જો ખાબડ-ખુબડ, ઊંચી નીચી હોય તો ડ્રાઇવર જાગતો રહે છે. ઇસ્લામી રિવાયતોમાં આપણે વાંચીએ છીએ કે ખુદાવંદે આલમ પોતાના નેક અને સાલેહ બંદાઓને વધારે મુશ્કેલીઓમાં રાખે છે. નબીઓ અને ઇમામોના જીવનનો અભ્યાસ

કરશો તો આ બાબત આસાનીથી સમજાઈ જશે. તેઓનું જીવન હંમેશા મુશ્કેલીઓથી ભરપુર દેખાશે.

ઇમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત છે કે અંબિયા હંમેશા સખ્તતરીન મુસીબતોમાં રહ્યા છે. ત્યાર પછી તે લોકો જેઓ અંબિયાની સાથે જેટલો નજીકનો સંબંધ ધરાવતા હોય, તેમની સાથે મહબ્બત રાખતા હોય, મુસીબતોના શિકાર રહ્યા છે. એક હદીસમાં છે કે ખુદાવંદેઆલમ સખ્તીઓ અને મુસીબતોના દ્વારા ઇમાનવાળાઓની એવી રીતે પરવરિશ કરે છે જેવી રીતે મા દૂધ દ્વારા પોતાના બચ્ચાની પરવરિશ કરે છે.

મુસીબતો જ્યારે ચાલુ હોય છે ત્યારે ઇન્સાનના જીવનનું નિર્માણ થાય છે. પ્રગતિ થાય છે. વ્યક્તિના જીવનની પ્રગતિને એક મકાનની

તઅ્મીર અને બાંધકામની સાથે સરખાવી શકાય છે. જેથી મુસીબતો ઇન્સાનના જીવનની તરક્કી માટે અવરોધરૂપ નથી. બલ્કે તઅ્મીર છે. જે સમયગાળામાં વ્યક્તિ કોઈ મુસીબતોનો શિકાર નથી તે સમયગાળામાં પણ વ્યક્તિના જીવનની પાછલી મુસીબતોની યાદ એના જીવનનું બેહતરીન નિર્માણ કરે છે. વ્યક્તિ પોતાના પાછળની મુસીબતોને યાદ કરીને પોતાના જીવનને સાચી દિશા તરફ દોરી જાય છે. એટલે આ વાત સાબિત થઈ કે મુસીબતો ચાલુ હોય તો ઇન્સાનના જીવનનું નિર્માણકાર્ય સાચી દિશામાં પ્રગતિ કરે અને આ તકલીફો એના જીવનમાં એક ખાસ રોલ અદા કરે છે. એટલું જ પૂરતું નથી. બલકે મુસીબતો બીલકુલ ન હોય એવા

સમયગાળામાં પણ જીવનની પાછલી મુસીબતો આપણને જીવનની સાચી રાહ ચીંધી શકે છે.

આપણે કુર્આન પઢીએ છીએ. અલ્લાહ ઉદ્દેશ પોતાના નબીને કરે છે. પરંતુ હિદાયત ઉમ્મતને કરે છે. સુરએ દોહામાં ફરમાવે છે.

**અલમ્ યજીદકઅ્ યતીમન ફઆવા**

**અર્થાત્** : તેણે આપને યતીમ જોયા તો પનાહ આપી (કાકા અબુનાલિબની પનાહ) પછી આગળ ફરમાવ્યું.

**વવજદકઅ્ આએલન ફઅગના**

**અર્થાત્** : તેણે આપને જરૂરતમંદ જોયા તો ગની કરી દીધા. હવે જ્યારે આપણે શક્તિશાળી બની ગયા છીએ તો યતીમો ઉપર ઝૂલમ ન કરો. તેમને

હડધૂત પણ ન કરો અને મોહતાજોની સાથે સખ્તી પણ ન કરો.

ખુદાવંદે આલમ પાછલા જીવનની મુશ્કેલીઓ અને તકલીફોને પણ ઇન્સાનની પ્રગતિ અને તાલીમોતરબીયત માટે અસરકારક સમજે છે. તેથી જ તો અલ્લાહ પાછલી મુસીબતોની યાદ અપાવે છે.

કુર્આનેપાકમાં સ્પષ્ટ ઇરશાદ છે કે મુસીબતો દીલનો જંગ દૂર કરવા તથા ઇન્સાનને નમ્ર બનાવવા માટે છે, બંદો ખુદાની સમક્ષ આજીજી કરે. **જેમ કે સુરએ અનઆમમાં અલ્લાહતઆલા ફરમાવે છે.**

**વલકદ અરસલના એલા ઓમમીમ મિન કબ્લેકઅ્**

**ફઅખઝનાહુમ બિલબાઅ્સાએ વઝઝર્રાએ**

**લઅલ્લહુમ યતઝર્રઉન.**

(આયત નં. ૪૨)

**અર્થાત્ :** "અને અમે તમારાથી અગાઉની ઉમ્મતો તરફ પણ રસૂલો મોકલ્યા. પછી અમે તેમને સખત નુકસાન અને મુસીબતોમાં ગિરફતાર કર્યા, જેથી તેઓ આજીજી અને આહોઝારી કરે, આવા પ્રકારનો ઈરશાદ સુરએ આઅરાફમાં પણ છે.

**વમા અરસલના ફિકરયતીન મિન્નબીય્યીન**

**ઈલ્લાઅખઝના અહલહા બિલબાઅ્સાએ વઝ્ઝર્રાએ**

**લઅલ્લહુમ યઝ્ઝર્રઉન**

(આયાત નં. ૯૪)

**અર્થાત્** : અને અમે કોઈ વસ્તીમાં કોઈ નબી નથી મોકલ્યા પરંતુ (જ્યારે તેમની ઉમ્મતોએ તેનો ઇન્કાર કર્યો. ઘમંડ કર્યું) ત્યાંના રહેવાસીઓને ભૂખ, ગરીબાઈ અને બીમારીઓમાં ગિરફતાર કર્યા જેથી તેઓ નમ્ર બને, આજીજી કરે, રડે.”

ઇન્સાન ઉપર આવતી મુશ્કેલીઓના ઘણા ફાયદા પણ હોય છે. તેમાંનો એક ફાયદો આ પણ છે કે ઇન્સાન ખુદા તરફ મુતવજજહ થાય, અલ્લાહને યાદ કરે. હદીસમાં છે કે જો ભૂખ, બીમારી અને મૃત્યુ ન હોત તો કોઈ પણ શક્તિ ઇન્સાનને નમાવી શકત નહિ. ઇન્સાન મગરૂર સાંઢ જેવો થઈ જાત.

જેવી રીતે અતિશય ખુશી અને રાહતો ઇન્સાનને ધ્યેય વગરનો બનાવી દે છે. તે ખુદાને

ભૂલી જાય છે. ઇમામ અલી (અલ.) ફરમાવે છે કે "જે ઝાડો સૂકા રેતાળ રણોમાં ઊગે છે. તેમનું લાકડું મજબૂત હોય છે." (નહજૂલ બલાગાહ)

ઇમામ હસન અસકરી (અલ.)નું ફરમાન શાયદ આ જ પ્રકારનું છે. આપ ફરમાવે છે કે

**"બલાઓમાં ખૂબીઓ છે"**

(બેહારૂલ અનવાર)

તે ખુબીઓ આ જ કે એક તરફ બલાઓ ખુદા અને આપણી વચ્ચે સંબંધ તાજો કરે છે. બલાઓમાં આપણે ખુદાને યાદ કરીએ છીએ. મુસીબતો આપણું ઘડતર કરે છે. આપણને મજબૂત બનાવે છે. જેવું કે રેતાળ રણનું લાકડું મજબૂત હોય છે.

**બેહારૂલ અનવારની એક હદીસ છે.**

"મુસીબતો ઝાલીમો માટે ખતરાની ઘંટડી અને મોમીનો માટે ઇમ્તેહાન-કસોટી, જ્યારે ખુદાના અવલીયાઓ માટે દરજ્જાઓની બુલંદી છે."

**ઉપરોક્ત વાતોને આપણે કેટલાક દૃષ્ટાંતો દ્વારા સમજવાની કોશિશ કરીએ.**

**ફોજી ટ્રેનિંગ સેન્ટરમાં સખત-ભારે કાર્ય માટે ત્રણ પ્રકારના કાનૂનો અમલમાં હોય છે.**

(૧) કદી સિપાહી કોઈ ગલત કાર્ય કરે છે તો તેને સઝારૂપે સખત કાર્ય સોંપવામાં આવે છે.

આ સઝા ઝાલીમના માટે તેને અદબ શીખવવા માટે ખતરાની ઘંટડી સમાન છે.

(૨) કદીક સિપાહીને બઢતી (પ્રમોશન) આપવા માટે તેના અંદર રહેલી શક્તિઓને બહાર લાવવા માટે તેને સખત કામ સોંપવામાં આવે છે. એને

જઝા આપવા માટે આ સખત કાર્ય એની કસોટી છે. એનું ઇમતેહાન છે.

(૩) કદીક કોઈ સિપાહીને જે હોનહાર હોય છે. તેણે અનેક સખત કાર્યો બખુબી અદા કર્યાં હોય છે. તે ઇમતેહાનના દરજાથી આગળ હોય છે. તેને ભયંકર મુસીબતભર્યું સખત કાર્ય સોંપીને સોનાની જેમ તાવવામાં આવે છે. જેના દ્વારા તે ઘણા ઉચ્ચ દરજ્જાનો માલિક બને છે.

અથવા તેને થોડીક મુદત માટે છુટ્ટી આપીને કોઈ સખત કાર્ય તેના હવાલે કરવામાં આવે છે. જેથી તેનું પ્રમોશન થાય. તેનો દરજ્જો વધે. અથવા તે છુટ્ટીનો હકદાર બને. ઉપરોક્ત હદીસો જે અમોએ વર્ણવી છે. તેનો ભાવાર્થ કંઈક આવો જ છે.

સાથે સાથે આ વાત પણ યાદ રાખવામાં આવે કે કોઈની પાસે દવલત છે, તંદુરસ્તી છે, ખુબસુરતી છે. રાહતોનો સામાન છે. તો ખુદા તેનાથી રાજી છે એવું હરગિઝ નથી.

માલ-દવલત, તંદુરસ્તી, ખુબસુરતી ખુદા પોતાના દુશ્મનોને પણ આપે છે. દોસ્તોને પણ આપે છે. મતલબ ખુદાએ આપેલી ચીજો કોઈના માટે ખુબી, ઇઝ્ઝત-આબરૂ કે ખુદાની રઝામંદીની દલીલ નથી બની શકતી. કદી નેકસાલેહ અને પવિત્ર લોકો સખત મુસીબતો અને બલાઓમાં ગિરફતાર હોય છે. આવા લોકો રાહેહકના મુજાહિદો હોય છે. અલ્લાહ તેમને વધુ હોનહાર બનાવી ચમકાવવા ઇચ્છે છે. તેઓ ચાંદી તો હોય છે જ. અલ્લાહ મુસીબતો અને બલાઓમાં તેઓને

ગિરફતાર કરીને તેમના ઉપર સોનાનો ઢોળ ચઢાવવા માગે છે. જેમ આપણે વાસણોને ચમકાવવા માટે એના ઉપર ઢોળ ચઢાવીએ છીએ. આપણે નવાનકોર ફર્નિચરને પૉલિસ કરીએ છીએ. જેથી તે ચમકે, વધુ સુંદર લાગે, તેની મજબુતાઈ વધે. તેની કિંમત (વેલ્યુ) વધે.

જ્યાં સુધી અગરબત્તીને સળગાવવામાં ન આવે તેની ખુશ્બુ દિમાગ સુધી નથી પહોંચી શકતી. અગરબત્તી બળે તો જ ખુશ્બુ આવે છે. કેટલીક વસ્તુઓમાં નિખાર લાવવા માટે તેને તાવવું પડે છે. ધાતુ જ્યાં સુધી ભઠ્ઠીમાં પકાવવામાં ન આવે તેનો ધાર્યો ઘાટ નહીં લાવી શકાય. જમીનમાં જ્યાં સુધી હળ ચલાવવામાં ન આવે ખેતીને લાયક નથી બનતી. દૂધને જ્યાં સુધી ફટાવવામાં નહીં આવે,

ધીને કાબિલ નહીં બની શકે. ઘાસ જ્યાં સુધી ઘેટાં-બકરાના દાંતોનું ભૂસું નહીં બની જાય ત્યાં સુધી તેમનું ગોશ્ત નહીં બની શકે. એ જ ઘેટાં-બકરાનું ગોશ્ત જ્યાં સુધી આગમાં પાકી ન જાય, ઇન્સાનનો ખોરાક નહીં બની શકે. તે ગોશ્ત ઇન્સાનના જિસ્મનો હિસ્સો નહીં બની શકે.

**જેવી રીતે કે કોઈ શાયરે કહ્યું છે.**

**“મીટા દે અપની હસ્તીકો અગર કુછ મરતબા ચાહે**
**કે દાના ખાકમેં મીલકર હી ગુલે ગુલઝાર હોતા હે.”**

(અનુવાદક)

ઇન્સાન જ્યાં સુધી મુશ્કેલીઓ નથી ઉઠાવતો ત્યાં સુધી તેની રૂહમાં ચમક નથી આવતી. તે ઉચ્ચોચ્ચ કમાલાત સુધી નથી પહોંચી શકતો.

ઇન્સાનની ઇન્સાનિયત ફક્ત ખાવું અને સૂવું નથી. આ કાર્ય તો આપણી જેમ જ જાનવરો પણ કરે છે. બલકે આપણું ઇન્સાન હોવું ઘણા બધા ગુણોને કારણે છે. જે ગુણો જાનવરોમાં નથી. જેમકે હંમેશાં ખુદા તરફ ધ્યાન રાખવું, ઇન્સાનો સાથે બેગર્જ દોસ્તી રાખવી. અલ્લાહના વાસ્તે દોસ્તી અને અલ્લાહની રઝામંદી માટે દુશ્મની. બાકી ગધેડાંઓ પણ એકબીજા ખંજવાળે છે. તું મને ખંજવાળ - હું તને ખંજવાળું. આ ગરજવાળી સિફત (ગુણ) તો ગધેડાઓમાં પણ છે. ઇન્સાની હમદર્દી, એકબીજાને માફ કરવું. આ બધા ગુણો મુશ્કેલીઓમાંથી પસાર થયા પછી જ ઇન્સાનમાં પેદા થાય છે.

**અલ્લામા ઇકબાલનો શએર છે.**

**દર્દ દીલકે વાસ્તે પેદા કીયા ઇન્સાનકો,**

**વરના તાઅતકે લિયે કુછ કમ ન થે ફરિશ્તે.**

(અનુવાદક)

**મુશ્કેલીઓ શોધખોળ માટેનું પ્રેરકબળ :**

શું આપે કોઈ નાનામાં નાની શોધખોળ જોઈ છે ? જે જરૂરતો અને મુશ્કેલીઓ વગર અસ્તિત્વમાં આવી હોય. જો આ બધી બીમારીઓ ન હોત તો દવા બનાવવાનું જ્ઞાન જ ન હોત. જો ઠંડી-ગરમી ન હોત તો ઠંડી અને ગરમીથી બચવા માટેના ઉપકરણોની શોધ પણ ન થઈ હોત. બધી જ વૈજ્ઞાનિક શોધખોળો, ભૌગોલિક જ્ઞાન, ખગોળશા, ઉદ્યોગો, કારખાના, લશ્કર મતલબ તમામ ક્ષેત્રોમાં જરૂરતો સખતીઓની સાથે મુકાબલો કરવા માટે

અસ્તિત્વમાં આવી છે. આપણી વાતનો નિચોડ આ છે કે મુસીબતો ઇન્સાનનું ઘડતર છે. આ મુસીબતોમાં નેક અને બદ બધા જ લોકો ફસાય છે. મુસીબતો કેમ આવે છે ? તે વિષય ઉપર પણ અમે વિસ્તૃત ચર્ચા કરી છે.

**કોઈ બલા કે મુસીબત એવી નથી જેમાં અલ્લાહે નેકી અને ભલાઈ ન રાખી હોય :**

હુકમે ઇલાહીના મામલાઓમાં જે મસલેહત છે તે ફક્ત ખુદા જ જાણતો હોય છે. તેથી ઇન્સાને હુકમે ઇલાહીના ફેંસલાઓને ફક્ત નેગેટીવ દૃષ્ટિએ જ ન જોવા જોઈએ. હુકમે ઇલાહીને, તેના ફેંસલાઓને, તેની મસલેહતોને સમજ્યા જાણ્યા વગર નકારાત્મક દૃષ્ટિએ જ વિચારવાની, જોવાની અને સમજવાની આપણી આદત બની ગઈ છે. જેથી અમુક વખત આપણે ખુદાના નાશુક્ર બંદા બની જતા હોઈએ છે. કદીક નાફરમાની જેવા કે કુફ્રીયાના કલામ પણ જીભથી બોલી કાઢતા હોઈએ છીએ.

એક બુદ્ધિશાળીએ કહ્યું છે કે જો કદી ખાટું લીંબું તમારા હાથમાં આવી જાય તો તેની ખટાશના કારણે તેને ફેંકી ન દો. બલકે લીંબુની આ ખટાશમાંથી લીંબુરસ બનાવી લો. જેને તમે ગમે ત્યારે પ્રમાણસર ઉપયોગમાં લઈ શકશો. આ વાત આપણને શીખવે છે કે આ દુનિયાથી પોઝેટીવ દૃષ્ટિએ ફાયદો ઊઠાવવો જોઈએ. મતલબ હકારાત્મક દિશામાં વિચારવાની આદત પાડવી જોઈએ.

હઝરત યુસુફ (અલ.)ને એમના ભાઈઓએ કૂવામાં નાખી દીધા. પછી એક કાફલાએ તેમને કૂવામાંથી બહાર કાઢ્યા. ગુલામ બનાવીને વેચી દીધા. મિસરમાં તેમના ઉપર જુઠી અને શર્મનાક તોહમત લગાવવામાં આવી. પછી આપને જેલમાં

ધકેલી દેવાયા. આ બધી જ ઘટનાઓ પછી આપ અઝીઝે મિસર (મિસરના બાદશાહ) બની ગયા. અમુક મુદત પછી આપ પોતાના મા-બાપની મુલાકાત પામ્યા. તો આપના વાલીદ બુઝૂર્ગવારે આપને પુછ્યું કે તે તમારા ભાઈઓએ તમારી સાથે કેવું વર્તન કર્યું ?

તો હઝરત યુસુફ (અલ.)એ વિનંતી કરી, “અબ્બાજાન ! ભાઈઓના વર્તનની શું વાત કરવાની? આપ મને ભાઈઓના મામલે સવાલ ન કરો, પરંતુ ખુદાના લુત્ફોકરમ, તેની મહેરબાનીના મામલામાં સવાલ કરો કે તેણે કેવી રીતે મને તમામ ધોખાબાજી, ગુલામી, તોહમત, જેલ વગેરેમાં મહફૂઝ રાખ્યો. અલ્લાહે મારી હિફાઝત કરી, છેલ્લે

એ બધા ઉપર પ્રભુત્ત્વ પણ આપ્યું. બાદશાહત આપી.”

આપણે હંમેશા નેગેટીવ (નકારાત્મક) દૃષ્ટિએ વિચારવાથી ટેવાઈ ગયા છીએ. આ પણ એક ફિલોસોફી છે કે વ્યક્તિ મુસીબતોના મામલામાં હકારાત્મક (પોઝિટીવ) દૃષ્ટિથી વિચારે તો આશ્ચર્યમાં ડૂબી જશે. કે જો અલ્લાહે મારી ઉપર આ મુસીબત ન મોકલી હોત તો હું આ પ્રમાણે ન કરત. જેથી અત્યારે હું જે જગ્યાએ છું તે જગ્યાએ ન હોત.

એક હદીસ બેહારૂલ અનવારમાં ઇમામ હસન અસકરી (અસ.)થી નકલ થઈ છે. આ હદીસને આપણે ન ભૂલીએ. આપે ફરમાવ્યું,

"કોઈ બલા એવી નથી, જેમાં ખુદાએ નેકી ન રાખી હોય અને આ નેકી તે બલા ઉપર છવાયેલી છે. બલાને ઘેરીને ઊભી  છે."

લોકો ખુદાના અદ્‌લ ઉપર જે એતેરાઝ કરે છે. એનું કારણ આ છે કે તેઓ દરેક મસઅલાને ફક્ત પોતાના દૃષ્ટિકોણથી એક જ પ્રકારે જુએ છે.

અમુક માણસો આપણને કડવા ઝેર જેવા લાગે છે. તેમણે આપણને હેરાન કર્યા હોય છે. અથવા આપણને ઠગવાની કોશિશ કરી હોય છે. પરંતુ આપણે કદી આ બાબત વિચાર કર્યો કે તેના આવા પ્રકારના કૃત્યથી આપણી બુદ્ધિના દરવાજા ખૂલી ગયા. આપણે હંમેશ માટે ચોકન્ના-હોશિયાર બની ગયા, લાખોના સોદા કરવાની આપણને આવડત પેદા થઈ.

ખરેખર બુદ્ધિશાળીઓની વાતો આપણને જિંદગીની રાહ ચિંધે છે.

સૂરજ ચમકે છે – તપે છે. તાપથી સમંદરમાંથી વરાળ ઊઠે છે. વરાળથી વાદળો બને છે. પછી આ વાદળોમાંથી વરસાદ વરસે છે. જમીન વરસાદના પાણીને શોષી લે છે. નદીનાળાં છલકાય છે. તેમાંથી નહેરો નીકળે છે. ઇન્સાન બંધો બાંધીને પાણીને રોકે છે. તેમાંથી વીજળી ઉત્પન્ન થાય છે. ઇન્સાનને ખેતીમાં પાણી અને વીજળી બંને ઉપયોગી છે.

હવે અગર કોઈ વ્યક્તિ ગફલત કે નાદાનીના કારણે વીજળીના તારને પકડી લે અને મૃત્યુ પામે, અથવા ખેતી કરતાં કોઈ કીડીનું ઘર ખરાબ થઈ જાય. તો શું આપ પેલી વીજળીનો તાર

પકડી લેનારી વ્યક્તિને કે આ કીડીને એતરાઝ કરવાનો હક આપશો ?

શું આપ આ બાબતની છૂટ આપશો કે મરનાર વ્યક્તિ એડીશન પર એતેરાઝ કરે કે એણે શા માટે વીજળીની શોધ કરી ? પછી તેના ફાયદા બતાવ્યા જેથી ઇન્સાનો પોતાની જાન ખોઈ બેસે છે. શું પેલી કીડી જેનું ઘર ખરાબ થઈ ગયું છે. તે સૂરજ મુર્દાબાદ, દરિયા મુર્દાબાદ, વાદળ અને વરસાદ મુર્દાબાદ, ઇન્સાન અને તેની ખેતી મુર્દાબાદના નારા પોકારવાનો હક ધરાવે છે ? કે આ બધાએ મારા ઘરને કેમ ખરાબ કર્યું.

નબીઓની તેહરીકનો ઇન્કાર કરનારાઓ મોટેભાગે અલ્લાહના અદ્લ ઉપર ઘણો જલદી એતેરાઝ કરી બેસે છે. બેઈમાન લોકો ઘણેભાગે

જાતજાતના એતેરાઝો કરતા હોય છે. કમજોર ઇમાનીઓ પણ આવા પ્રકારના એતેરાઝો કરી બેસે છે.

આ એક પ્રકારનું સ્વાર્થપણું છે. ખુદગરજી છે. શું આવા એતેરાઝોનું કારણ આ નથી કે આપણે મસઅલાને ફક્ત એક જ દૃષ્ટિકોણથી અને તે પણ આપણા પોતાના જ ફાયદાના અનુસંધાનમાં જોઈએ છીએ.

જાણે સંપૂર્ણ વિશ્વ આપણા પોતાના વ્યક્તિગત આરામ અને રાહત માટે જ ગતિશીલ રહેવું જોઈએ. તે પણ ફક્ત પોતાની હાજરી સામેજ-સાક્ષાત્ નફો પણ દેખાવો જોઈએ. પરંતુ પરિણામ કે ફાયદો આજે જ અને તરત જ નથી મળતો તો આપણે રાજી નથી થતા.

## એક બીજી વિચારધારા :

મુશ્કેલીઓના મામલામાં ખુદાવંદે આલમના અદ્‌લ વિશે કોઈ એતેરાઝ શક્ય જ નથી. કારણ કે વિશ્વનો સર્જનહાર તે જ, વ્યવસ્થાતંત્ર પણ તેનું જ છે. મશીનરી બનાવનારને જ ખબર હોય છે કે કયા ભાગને કયાં ફીટ કરવો. કયાં બોલ્ટ લગાવવો. કયાં તેલ ઊઝણ કરવું. કયા સંજોગોમાં કયા ભાગને છૂટો કરવો. કયા ભાગને ઊંચો નીચો કરવો. આ વિશ્વના અસ્તિત્વના મામલામાં આપણે બે વિચારધારાઓમાંથી કોઈ એકને તો કબૂલ કરવી જ પડશે.

આ દુનિયા માટે કોઈ વ્યવસ્થા તંત્રને કબૂલ કરીએ જેમાં હિસાબ-કિતાબ બધું જ આવી જાય. અથવા નુકસાન-તકલીફ અને અવ્યવસ્થાને.

જો આ વિશ્વનું અસ્તિત્વ કોઈ વ્યવસ્થા અને બંધારણના મુતાબિક ચાલે છે તો એમાં મુશ્કેલીઓ દુર્ઘટનાઓ પણ હોય જ. અને હોવી જ જોઈએ. નહીં તો પછી સંપૂર્ણ અવ્યવસ્થાની જિંદગીને કબૂલ કરીને જિંદગીને મુશ્કેલીઓની ખાણમાં ધકેલી દેવી પડશે. પછી તો આપણી જિંદગી બદતરથી બદતર થઈ જશે.

થોડીક વધુ સ્પષ્ટતા સાથે સમજવાની કોશિશ કરીએ. આપણી કોઈ મુસીબત કે દુર્ઘટનાની તેહકીક કરીએ - રીસર્ચ કરીએ તો દેખાશે કે તે કેટલી સુક્ષ્મ અને નાજૂક વાતના કારણે બને છે. સાથે કેવા હિસાબ-કિતાબ સાથે અસ્તિત્વમાં આવે છે. આ હિસાબને કબૂલ કરવો તે મુશ્કેલીઓને સહન કરવા બરાબર છે.

દૃષ્ટાંતરૂપે એક મકાન કેટલાક લોકોના ઉપર પડી જાય છે. ત્યારે ધાબું તૂટી પડવાનું કારણ શું છે ? આપણે તે બાબતની શોધખોળમાં લાગી જઈએ છીએ.

(૧) વિદ્યાર્થીઓ જેઓ મહોલ્લાની ગલીકુંચીઓમાં રમે છે. તેમનો દડો પડોશીના ધાબાની છત ઉપર પડ્યો.

(૨) ગોળ દડો ધાબાના એક ખૂણે જ્યાં પાણી બહાર નીકળવાનું ગોળ બાકોરૂં હતું તેમાં ફીટ થઈ ગયો. જેથી વરસાદના પાણીને બહાર જવાનો રસ્તો બંધ થઈ ગયો.

(૩) વરસાદ પડ્યો અને પાણી છત ઉપર એકત્ર થયું. ઘરનો માલિક આ મામલાથી અજાણ હતો.

(૪) વરસાદનું પાણી છતમાં જમી ગયું અને ઈંટોને નરમ કરી દીધી. (ઘણી જગ્યાએ અરબ મુલકોમાં ગામડામાં ગરીબોના ઘરોની છતો કાચી ઈંટોની હોય છે. તેના ઉપર પાતળું પલાસ્ટર કરેલું હોય છે.)

(૫) ઘરના માણસો છતની નીચે આરામ કરી રહ્યા હતા. અને  ઈંટોની આ છત વરસાદના પાણીના વજનથી અને કાચી ઊંટોના નરમ થઈ જવાથી પડી ગઈ. ઘરના માણસો છત નીચે દબાઈને મૃત્યુ પામ્યાં.

એક વ્યવસ્થાના કારણે આ પ્રકારના અકસ્માતો બને છે. દડાનું ઘુમીને છત પર પડવું, પાણી બહાર નીકળવાનું બાકોરું પુરાઈ જવું. પાણીનું એકત્ર થવું, ઈંટોનું નરમ પડી જવું, પાણીનું વજન અને દબાવ, ઈંટોની શક્તિ, છત અને એની નીચે

સુતેલા માણસો વચ્ચેનું અંતર, શરીરના હાડકાંની બનાવટ, આ બધી જ એક વ્યવસ્થા. એક ખાસ પ્રકારની યોજના મુજબ બનતી હોય છે. એક પ્રકારનું આપણું ગણિત છે. જો આપણે આ પ્રકારની ગણતરીવાળા વ્યવસ્થિત વિશ્વના તરફદાર છીએ. તો આપણે આ દુર્ઘટનાને ઘરવાળાઓ માટે કબૂલ કરવી પડશે.

જો આપણે એમ ઇચ્છીએ કે આ દુર્ઘટના જ ન બને. મુશ્કેલીઓ જ ઊભી ન થાય. તો અવ્યવસ્થા સર્જાશે. અગાઉની બધી જ ગણતરીઓ ખતમ કરીને નવી વ્યવસ્થા માટે નવો હિસાબ કિતાબ વિચારવો પડશે. છતાંય દુર્ઘટના ત્યાં નહીં થાય એમ તો કહી શકાય જ નહિ.

(૧) બાળકોનો દડો એટલો વજની હોય કે પડોશીની છત સુધી ન પહોંચે.

(૨) અથવા બાળકોના હાથ દડો ફેંકવા જેટલા શક્તિશાળી જ ન હોય.

(૩) અથવા પડોશીના ઘરની છતનું પાણી બહાર નીકળવાનું બાકોરું એટલું મોટું હોય કે દડો આસાનીથી બહાર નીકળી જાય.

(૪) અથવા જે કાયદા અને કુદરતી વાતાવરણના સર્જનથી તે રાતે વરસાદ વરસ્યો તે ભૌગોલિક પરિસ્થિતિને જ ફેરવી નાખવામાં આવે જેથી વરસાદ જ ન વરસે.

(૫) અથવા પાણી પોતાની કુદરતી અસર જ છોડી દે અને ઈંટોને નરમ ન કરે.

(૬) અથવા બધી જ કાચી ઈંટો પાકી ઈંટોમાં ફેરવી નાખવામાં આવે જેથી પાણી તેના ઉપર અસર ન કરે.

(૭) અથવા જમીનની ગુરૂત્વાકર્ષણની શક્તિ જ તે રાતે રોકાઈ જાય જેથી પાણીથી ભીની થયેલી છતને પોતાની તરફ ન ખેંચે.

(૮) અથવા છતની નીચે સુનારા લોકોના હાડકાં એટલાં બધાં સખ્ત અને મજબૂત બની જાય કે છતનું પડવું એમના ઉપર અસર ન કરે. અથવા ભીની છત રૂ જેવી કે ઘાસપુંજ જેવી હલકી બની જાય. પછી પડે.

આપણે જોઈશું તો પ્રથમ વ્યવસ્થા જ બરાબર છે. બીજી વ્યવસ્થા ઘણે ભાગે બંધબેસતી નથી. બીજી વ્યવસ્થામાં પાકી ઈંટોની છત

બનાવવામાં આવે. તો છતને થોડો સમય રોકી શકાય. મજબૂત બને. પરંતુ જ્યારે કાચી-પાકી બંને પ્રકારની ઈંટો મળતી હોય તો ગરીબ  માણસ કાચી ઈંટોનો ઉપયોગ જ કરશે. સસ્તું પડે. તમે એને રોકી નહીં શકો.

બીજી વ્યવસ્થામાં બાકોરું મોટું રાખવાનું પણ ઊચિત નથી. ઘરમાલિકનું જ બાળક જો છત પર ચઢી જાય તો તે સીધું જ બાકોરામાંથી જ નીચે પડે. (યુરોપના દેશોમાં ઘણી સાવચેતી રાખવામાં આવતી હોવા છતાં મોટી મોટી દુર્ઘટનાઓ સર્જાય છે. દૃષ્ટાંતરૂપે ઘણા જ સુંદર રસ્તાઓને કારણે ડ્રાઇવર મોટી ગાડીનું સ્ટીયરીંગ છોડી ચા-કોફી પણ પી શકે છે. એટલી ફાસ્ટ હાંકવામાં આવે છે કે હમણાં એક અકસ્માતમાં ૭૫ ગાડી એકબીજાની

પાછળ અથડાઈ ગતિ રોકી ન શકાઈ. આવાં અનેક દૃષ્ટાંતો જાણવા મળશે)

આપ ધ્યાનથી વિચારો જો આપણે હિસાબ-કિતાબના (એક ખાસ ગણતરીના) માનનારા છીએ અને દરેક ચીજના કારણો, ઉપાયો અને પરિણામ પર આધાર રાખી ગતિશીલ રહીએ તો આ પરિસ્થિતિમાં મુશ્કેલીઓ અને દુર્ઘટનાઓ એક કુદરતી જિંદગીમાં આવવાની જ છે. ફરજિયાત બાબત છે. જ્યારે કે એક મુશ્કેલી કે દુર્ઘટનાને દૂર કરવા માટે કેટલાય કુદરતી કાયદા-કાનૂનો અને પદ્ધતિઓને મિટાવવી પડશે. જે હિકમતવાળા ખુદાની હિકમતવાળી કુદરતથી વિશ્વ વ્યવસ્થામાં સામેલ છે.

ટૂંકમાં જો આ દુનિયાની એક વ્યવસ્થા છે. જે હિસાબ-કિતાબ અને ગણતરીઓ ઉપર આધારિત છે. જો આવું નક્કી કરી લેવામાં આવે કે બલાઓ જ ન હોય તો હિસાબ જ ન હોવો જોઈએ કોઈ ગણતરી જ ન હોવી જોઈએ. પછી તો અવ્યવસ્થા પોતે બધી જ બલાઓથી અલગ અને બદતરથી બદતર છે.

અદ્લે ઇલાહીના વિષયમાં આપણે વાદવિવાદ કરી રહ્યા છીએ. જેમાં યોગ્યતા-પાત્રતા જેને આપણે કાબેલીયત પણ કહી શકીએ તેનું ખાસ મહત્ત્વ છે. દરેક વ્યક્તિમાં પાત્રતાનો ફરક હોય છે. આ તફાવતના વિષયમાં આપણે થોડી ચર્ચા કરવી જરૂરી છે.

જે લોકો પોતાની જાતને ઓછી આવડતવાળા સમજે છે. કાબેલીયતમાં કમજોર માને છે. શક્ય છે કે બીજા અનેક ક્ષેત્રોમાં તેઓ ઉત્સાહ અને વધુ કાબેલીયત ધરાવતા હોય. કેટલાક લોકો એવા હોય છે જેઓ લાલચ કે હવસ અથવા પ્રતિસ્પર્ધાના કારણે કોઈ કામ કે હુન્નરની શોધ કરે છે. એમને શોખ કે ઉત્સાહ નથી હોતો. પછી નિષ્ફળ

જાય છે. પોતાને નિષ્ફળ અને હારેલા-થાકેલા માનીને દુનિયાને બુરું-ભલું કહે છે. આવા લોકો સમાજ માટે એક મસઅલો બની જાય છે. બીજા લોકો પણ એમને આવડત વગરના – અયોગ્ય સમજે છે. દરેક જગ્યાએ તેમને બેઇઝ્ઝત કરે છે. શક્ય છે કે આ જ વ્યક્તિ બીજા ક્ષેત્રમાં પ્રશંસાને લાયક કાર્ય કરે, આવિષ્કર્તા (શોધક) બની જાય. એક કામ્યાબ વ્યક્તિ બની જાય.

કહે છે કે ડાર્વિનનો બાપ ડૉક્ટર હતો. તે ઇચ્છતો હતો કે તેનો છોકરો પણ તેનો મદદગાર (ડૉક્ટર) બને. પરંતુ ડાર્વિન દાક્તરીના ક્ષેત્રમાં સફળ થયો નહિ. તેનો બાપ નારાઝ થઈ ગયો. જેથી તેને ધાર્મિક ક્ષેત્રમાં કામ કરવા મૂક્યો કે તે ઇસાઈયતનો પ્રચારક આલિમ બની જાય. પરંતુ આ

ક્ષેત્રમાં પણ તે નાસીપાસ થયો. ડાર્વિન આ બંને ક્ષેત્રોમાં નિષ્ફળ ગયા પછી તે વિજ્ઞાનના પ્રાકૃતિક ક્ષેત્રમાં વિશ્વપ્રખ્યાત થઈ ગયો. (શક્ય છે કે દરેક વ્યક્તિનો એતેરાઝ ઇલ્મી હોય છતાંય એક વાત સમજવાના દૃષ્ટાંત તરીકે અયોગ્ય નથી)

એક હદીસમાં આપણી પઢીએ છીએ કે જો તમને કોઈ કામમાં નિષ્ફળતા મળે છે. તો કામનો પ્રકાર બદલી નાખો. શક્ય છે કે આ બીજા ક્ષેત્રમાં તમે સફળતા પ્રાપ્ત કરી શકો અને નામના પણ મેળવો.

**ઇમામ અલી (અલ.) “નહજૂલ બલાગાહ” માં એક બેહતરીન ભાવાર્થ તરફ ઇશારો કરતાં ફરમાવે છે કે**

“દરેક ગુણની સાથે એક અયબ (ખામી) અને દરેક અયબની સાથે એક ગુણ હોય છે. કેટલાક

લોકોનો દેખાવ - મુખાકૃતિ - ચેહરો ખરાબ (ડરાવે એવો) હોય છે. પરંતુ અમલ અને વાતચીત સભ્ય હોય છે. કેટલાક લોકોની વાતચીત સભ્ય અને નમ્ર હોય છે. પરંતુ તેમનું દીલ સખ્ત હોય છે તેથી ન સફળ વ્યક્તિ બધા જ ક્ષેત્રોમાં સફળ હોય છે. ન નિષ્ફળ વ્યક્તિ બધા જ ક્ષેત્રોમાં નિષ્ફળ હોય છે. (નહજૂલ બલાગાહ)

કેટલાક લોકો પ્રતિસ્પર્ધાની બુનિયાદ પર કોઈ ક્ષેત્રમાં કામ કરતા હોય છે. રૂહ અને ઉત્સાહથી તેઓ કામ કરતા નથી. જેથી નિષ્ફળતા પામે છે. પછી ખુદાના અદ્‌લ ઉપર એતેરાઝ કરે છે. કે અય ખુદા ફલાણો વ્યક્તિ આ કામમાં કેમ સફળ થયો ? અને હું કેમ નિષ્ફળ ગયો ? પરંતુ જો તમે કોઈ બીજું ક્ષેત્ર જે તમારા સ્વભાવ અને તબીયત સાથે

મેળ ખાતું હોય, તેમાં કામ કરો, તો જરૂર જબરદસ્ત કામ્યાબી પ્રાપ્ત કરશો.

આવા અનેક અનુભવો અને વિચારોના સંકલન પછી બુદ્ધિશાળીઓ એવું કહે છે કે તે જ વ્યક્તિ નિષ્ફળ જાય છે. જે એવા ક્ષેત્રને પસંદ કરે જે પોતાના સ્વભાવ, શોખ અને રૂહની ઉત્તેજનાને ઓળખતો ન હોય. જ્યારે તે લોકો જેઓ એમ માની રહ્યા છે કે તેઓ કામ્યાબ છે. જો તેઓ ધ્યાનથી જોશે તો જુદા જુદા પ્રકારની કમજોરીઓ અને અયબો તેમની કામ્યાબીઓમાં પણ દેખાશે. અદ્લે ખુદાના મસઅલાની પૂર્ણતા કરતાં બીજા કેટલાક પ્રશ્નો પણ ઊભા થશે.

**પ્રથમ પ્રશ્ન :**

શું શયતાનને પેદા કરવું ખુદાના અદ્લ અને હિકમતની સાથે મેળ ખાય છે ?

શું ઇન્સાનની પૈદાઈશથી ખુદાવંદે આલમનો મકસદ ઇબાદત ન હતો ?

અલ્લાહનું શયતાનને પેદા કરવું એના મકસદના વિરુદ્ધ નથી ?

ઉપરોક્ત બધી જ મુશ્કેલીઓ સાથે ઇન્સાન એક અમલ કરે છે. પરંતુ જુદા જુદા પ્રકારના વસવસા અને ગુનાહ અવરોધરૂપ બને છે. ત્રણ રસ્તાથી અમલ ખરાબ થઈ જાય છે. પ્રથમ તો શરૂઆતથી જ રીયાકારી અને દિખલાવાના કારણે અમલ સંપૂર્ણ નથી બનતો, તેમાં અધુરપ રહે છે. અથવા ચાલુ અમલ દરમિયાન ગુરૂર, ઘમંડ

અમલને બરબાદ કરી નાખે છે. અથવા છેલ્લે અમલના અંજામ અપાયા બાદ કેટલાક ગુનાહોના કારણે બધા જ અમલો બરબાદ થઈ જાય છે. તેથી જ કેટલાક લોકો પ્રશ્ન કરે છે કે શું શયતાનની પેદાઈશ ખુદાની હિકમત અને અદ્લના વિરુદ્ધ નથી?

જે અસ્તિત્વ અને સંભાવનાઓ (થઈ શકવું) અલ્લાહે શયતાનને આપ્યાં તે બધી જ નેક હતી. તે પણ કંઈ વરસો સુધી ઇબાદતમાં મશગુલ રહ્યો. (હઝરત ઇમામ અલી અલ. નહ્જૂલ બલાગાહમાં ફરમાવે છે કે ઇબ્લીસે છ હજાર વરસ સુધી અલ્લાહની ઇબાદત કરી હતી.) ખુદાના ફરમાનની અવગણના તેણે ઘમંડને કારણે કરી હતી. આ નાફરમાની કર્યા પછી પણ તેને પસ્તાવો થયો ન

હતો. તેણે તોબા પણ ન કરી. પોતાના ગુનાહ ઉપર અડગ રહ્યો. પોતાના ગુરૂર અને તકબ્બુરના કારણે તેણે હુકમેખુદાને ગલત કહ્યો. તેણે કહ્યું કે અલ્લાહનો આ હુકમ જ સહીહ નથી. કારણ કે મારું સર્જન આગમાંથી થયું છે. જ્યારે આદમનું સર્જન માટીથી છે. તેથી આગને માટી ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે.

આ રીતે શયતાનની હુકમે ખુદાની અવગણના અને તેનો ગુરૂર તેની ઝાતમાં સમાયેલો છે. શયતાનના આ ગુનાહ માટે ખુદા જવાબદાર નથી. બીજી વાત શયતાનના વસવસા એવા નથી. જે આપણને ગુનો કરવા માટે મજબૂર કરે, વસવસાનું કાર્ય એક હદ સુધી આમંત્રણ આપવાનું છે. આપણો સંકલ્પ, આપણો ઇરાદો શયતાનના

વસવસા નાખવાથી બરબાદ નથી થતો. સાથે આ પણ શક્ય છે કે શયતાનનો વસવસો આપણા માટે અમલી મેદાનમાં હકારાત્મક પણ બની શકે છે. (જેવી રીતે અવલીયાએ ખુદા શયતાનના વસવસાને પારખીને અમલના મેદાનમાં વધુ ગતિશીલતા બતાવતા હોય છે) કારણ કે આપણી તરક્કી (પ્રગતિ, ઉત્થાન, ઉન્નતિ) આપણા અંતરાત્માની અવાજો અને શયતાની વસવસાની સાથે ટકરાવાની પરિસ્થિતિમાં વધારે સાફ, સ્પષ્ટ અને પવિત્ર બને છે. દૃષ્ટાંતરૂપે કોઈ વ્યક્તિ ગુંગો છે અને ગીબત ન કરે તો તેના આ અમલની શું કિંમત છે. જો શયતાની વસવસા ન હોય તો ઇન્સાના નેક હોવાની શું કિંમત છે. આપણે પોતે એવી વ્યક્તિને પહેલવાન કહીએ છીએ. જે ભારે

વજનને પોતાના હાથો ઉપર ઉઠાવી લે. કારણ કે આ વજનનું ઊઠાવવું જમીનના ગુરુત્વાકર્ષણના નિયમની વિરુદ્ધ છે. તેથી પહેલવાનની ઓળખ ગુરુત્વાકર્ષણબળના (જમીનનું દરેક વસ્તુને પોતાના કેન્દ્રબિંદુ તરફ ખેંચવું, તેથી જ વસ્તુમાં વજન હોય છે) વિરુદ્ધ અમલ કરી બતાવવું છે.

પેગંબરે ઇસ્લામ (સલ.) ફરમાવે છે કે અગર ગુસ્સો તમને કોઈ  દિશામાં ખેંચે છે. પરંતુ તમે તમારી જાત ઉપર કંટ્રોલ કરી લીધો, તો તમે સાચી રીતે ઇન્સાનિયતના મેદાનમાં પહેલવાનીના સ્થાન સુધી પહોંચી ગયા.

આ બધી વાતો પછી પણ જો કોઈ વ્યક્તિ શયતાનના વસવસા સામે ટકી ન શકે અને પછડાઈ જાય તો ખુદાને રાજી કરવાના અન્ય માર્ગો

પણ ખુલ્લા છે. ખુદા ગફુરૂર્રહીમ છે. માણસ તોબા કરે, આજીજી કરે, ગુનાહની માફી માગે. ટૂંકમાં શયતાનને ખુદાએ એવી શક્તિ હરગિઝ નથી આપી કે તે ઇન્સાનને ગુનાહ કરવા મજબૂર  કરે.

વળી અલ્લાહે ઇન્સાનને શયતાનના વસવસાના મુકાબલા માટે એકલો નથી છોડ્યો. અંબિયા મોકલ્યા, ઇમામો મોકલ્યા, કિતાબો ઊતારી, અંબિયાની દઅ્વત, ઇમામોના ઉપદેશો-હિદાયતો આપણું માર્ગદર્શન કરે છે. સાથે આપણને પણ અક્કલ આપી છે. તે અક્કલ પણ આપણું માર્ગદર્શન કરે છે. આ અક્કલ સિરાતે મુસ્તકીમ ઉપર ચાલવા માટે આપણી બેહતરીન મદદગાર છે.

ઉપરોક્ત બધી વાતોને એક બાજુ રાખી વિચારશો તો આ શયતાનના વસવસા સ્વયં

આપણી અવહેલના અને અવજ્ઞાનું પરિણામ છે. એવું નથી કે શયતાની વસવસા આપણને તેની પાછળ ખેંચે છે બલકે આપણે તેને આપણી તરફ આવાહ્ન આપીએ છીએ. જેથી કુર્આનમાં એક હવસપરસ્ત બુદ્ધિમાનની દાસ્તાનનું વર્ણન છે.

**સુરએ આઅરાફમાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે,**

**વત્લો અલયહીમ નબઅલ્લઝી આતયનાહો,**

**આયાતેના ફનસલઅખઅ્ મિન્હા**

**ફઅતબઅહુશ્શયતાનો ફકાનઅ્ મિનલ ગાવીન.**

(આયત નં. ૧૭૫)

**અર્થાત્** : અને તેઓને તે માણસ વિશેની ખબર વાંચી સંભળાવો. જેને અમે અમારી આયાત આપી હતી, પછી તેણે તેને પડતી મૂકી વેગળો રહ્યો, જેથી

શયતાન તેની પાછળ ચાલ્યો. છેવટે તે ગૂમરાહો માંહેનો થઈ ગયો.” (બની ઇસરાઈલમાં એક વ્યક્તિને ખુદાએ ઇસ્મે આઝમ આપ્યું હતું. તેની બધી જ દુઆઓ કબૂલ થતી હતી. ફિરઓન તેના લશ્કર સાથે હઝરત મુસા અલ. વિરુદ્ધ મેદાને પડ્યો. ત્યારે ફિરઓને તેને દુઆ કરવા કહ્યું, દુઆ કર જેથી કે મુસા અને તેના માણસો મારા કબજામાં આવી જાય. આ બદબખ્ત દુઆ કરવા તૈયાર થયો. ઇસ્મેઆઝમ ગુમાવી બેઠો)

આ આયાતથી માલૂમ પડે છે કે શયતાન એવા લોકો પાસે આવે છે. જેઓ બૂરા અમલ કરીને તેને પોતાની તરફ આવવાનું આવાહ્ન આપે છે. આ આયાત બલઅમ બાઉર નામની વ્યક્તિ વિશે નાઝિલ થઈ છે. તે બની ઇસરાઈલમાંથી હતો.

અલ્લાહે એને એવી વસ્તુઓ આપેલી હતી, મતલબ એવી આયાતો શીખવેલી હતી જેના દ્વારા તેની દુઆ કબૂલ થતી હતી. પરંતુ તેની અંદર ફિરઓન પ્રત્યે લાગણી પેદા થઈ. માલ અને મકામની હવસ-બાદશાહની સમક્ષ ઇઝ્ઝત મળે તે માટે અલ્લાહના નબી હઝરત મુસા (અલ.) વિરૂદ્ધ અલ્લાહના આપેલા આ ઇલ્મનો ઉપયોગ કરવા તૈયાર થઈ ગયો. ત્યારે શયતાને તેને દબોચી લીધો. ગૂમરાહ થઈ ગયો.

**એક બીજી આયતમાં આપણે પઢીએ છીએ.**

**સુરએ નહલમાં અલ્લાહતઆલા ફરમાવે છે.**

**"ઇન્નમા સુલતાનોહુ અલલ્લઝીનઅ્ યતવલ્લવનહુ"**

(આયત નં. ૧૦૦)

**અર્થાત્** : “શયતાન તેની ઉપર જ પોતાનું પ્રભુત્વ મેળવી શકે છે. જેઓ તેની સાથે દોસ્તી રાખે છે.”

એને પોતાનો સરપરસ્ત માને છે. મુરબ્બી માને છે, જો આપણા અંદર તેની તાબેદારી કરવાનું વલણ (ઝૂકાવ) ન હોય, તો તે કદીપણ આપણી રેહબરી કરવાનું પોતાના ખભા ઉપર નથી લેતો.

**એ જ સુરતમાં અલ્લાહતઆલા આયાત નં. ૯૯માં ફરમાવે છે,**

**ઇન્નહુ લયસલહુ સુલતાનુન અલલઝીનઅ્ આમનુ**
**વઅલા રબ્બેહીમ યતવકકલૂન**

(સુરા નહલ આયત નં. ૯૯)

**અર્થાત્** : “બેશક મોમેનીન અને તે લોકો જેઓ ખુદા ઉપર ભરોસો રાખે છે. શયતાન તેમના ઉપર કદી પ્રભુત્વ મેળવી શકતો નથી.”

અલબત્ત પ્રભુત્વ નથી મેળવી શકતો. એનો મતલબ આ નથી કે વસવસો પેદા નથી કરી શકતો. બલકે આ આયતનો મતલબ આ છે કે આ સાચા મોમેનીન શયતાનને ઓળખે છે. તેથી જ્યારે આવા મોમેનીનમાં તે વસવસો નાખે છે. ત્યારે તેઓ ચોકન્ના થઈ જાય છે. શયતાનને પોતાની ઉપર સવાર થવા દેતા નથી. તેની ચાલોને પારખી લે છે. કુર્આને શયતાનની સાથેના **મોમેનીનના વર્તાવને સુરએ આઅરાફમાં આ પ્રમાણે વર્ણવ્યો છે,**

**ઇન્નલ્લઝીનત્તકવ ઇઝા મર્સહુમ તાએફૂમ**
**મિનશ્શયતાને તઝકકરૂ ફઈઝાહુમ મુબસેરૂન**

(આયત નં. ૨૦૧)

"બેશક તે લોકો જેઓ પરહેઝગાર છે જ્યારે તેમના તરફ શયતાનનું ટોળું આવે છે. તેમને

અડકવા, મસ કરવાની કોશિશ કરે છે. ત્યારે તેઓ ચોકન્ના થઈ જાય છે અને પોતાને બચાવી લે છે.” જેથી માલુમ પડે છે કે મોમીનનો શયતાન સાથેનો સંબંધ ફક્ત એટલો જ છે કે શયતાન મોમીન ઉપર દૃષ્ટિ નાખીને પોતાની ચાલ અને પધ્ધતિએ ચાલ્યો જાય છે. પરંતુ ફાસિકનો (ખુલ્લો ગુનેહગાર) સંબંધ શયતાન સાથે એવો છે. જેવો ઇન્સાનનો ઇન્સાન સાથેનો હોય છે. (મોમીન બેઠો છે ને શયતાન ગુજરી રહ્યો છે. તો ફક્ત દષ્ટિ નાખી દે છે. પરંતુ મોમીન એના તરફ જરાય પીગળતો નથી. જ્યારે ગુનેહગાર બેઠો હોય અને શયતાન પસાર થાય તો બંને એકબીજા સાથે મુલાકાત કરે છે. કેમ છો ? કયાં જાઓ છો ? અલ્લાહે તો શયતાનને ઇન્સાનને ગુમરાહ કરવાની કસમ ખાધી ત્યાં જ ફરમાવી દીધું

હતું ગુસ્સામાં કે - જા, જા, મારા નેક બંદાઓ તારા કબ્જામાં કદી નહીં આવે.)

આપણો વાદવિવાદ અત્યારે આ મુદ્દા ઉપર ચાલી રહ્યો છે કે અલ્લાહનું શયતાનને પેદા કરવું અદ્લના ખિલાફ નથી.

ટૂંકમાં શયતાન એક એવું અસ્તિત્વ, એક એવી શયઈ છે. જે અલ્લાહે આપેલી સંભાવનાઓથી બેહતરીન ફાયદો ઊઠાવી શકતો હતો. પરંતુ તેના ઘમંડ અને તકબ્બુરે તેને ખરાબ કરી દીધો. આ વસ્તુ તેની ઝાત સાથે સંબંધિત હતી. શયતાનના વસવસા પણ અમારી અવહેલના કે અવજ્ઞાના વિષયમાં બળજબરી કે બેરૂખીનું કારણ નથી બની શકતા. કારણ કે શયતાનના ફરેબમાં - ધોખામાં આવનારાઓ માટે તોબાનો દરવાજો પણ ખુલ્લો છે.

સાથે તેને (શયતાનને) ભગાડવાના રસ્તાઓ પણ આપણા હાથમાં છે. આ બધી જ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીએ તો એમ હરગિઝ નહીં કહી શકાય કે શયતાનને પેદા કરવું અલ્લાહના અદ્લના વિરુદ્ધ છે.

**એક બીજો પ્રશ્ન :**

ખુદાના અદ્લની બહસમાં એક પ્રશ્ન હંમેશા પૂછવામાં આવે છે. કે જે છોકરાંઓ નાકિસ અક્કલવાળાં પેદા થાય છે. મંદબુદ્ધિના કેટલાંક બાળકો અયબવાળાં પેદા થાય છે. તેમના વિષયમાં આપણે શું કહીશું ? જો ખુદા આદિલ છે. તો આવા અનેક મંદબુદ્ધિના, અયબવાળાં પેદા થયેલા લોકો બિચારા આખી જિંદગી દુ:ખ અને રંજ ઊઠાવે છે.

લોકો તેમની બેઈઝ્ઝતી કરે છે. આ શા માટે ? ખુદા આવું કેમ કરે છે ?

**જવાબ** : આ પ્રશ્નનો જવાબ પાછલી બહસોમાંથી પણ આપણને મળી શકે છે. અમે વર્ણવી ચૂક્યાં છીએ કે ઘણીબધી પરેશાનીઓ ઊભી કરવાના કારણો આપણે પોતે જ છે. મંદબુદ્ધિના કે અયબવાળાં પેદા થનાર બાળકો પણ આપણી (વાલીદૈનની) ગફલતનું પરિણામ છે. મા-બાપે તંદુરસ્તીના નિયમોનું પાલન કરવું જોઈએ. હમબિસ્તર થવાના પણ નિયમો શરીઅતે નક્કી કર્યા છે. ઘણીબધી આપણી જ ગફલતોના કારણે બાળક નાકિશ (અયબવાળું) પેદા થાય છે.

અઈમ્માએ માસુમીન (અલ.)ની બેહતરીન હિદાયતો છે. જિમાઅ (સંભોગ - હમબિસ્તર થવું)

ગર્ભધારણ ત્યારબાદથી લઈ બચ્ચું પેદા થવાના સમય સુધીની બધી જ હિદાયતો ઉપર અમલ જરૂરી છે.

નશાની હાલતમાં, પત્ની હૈઝમાં હોય ત્યારે, બેહોશી અથવા ડર-ખોફ જેવી પરિસ્થિતિમાં જિમાઅ કરવાથી પેદા થનાર બાળક ઉપર ઘણી જ ખરાબ અસર થાય છે. (મારી ઘણી નાની ઉંમરમાં જ્યારે કે હું પ્રાયમરીના છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે કુટુંબની કોઈ સ્ત્રીને સયાજી દવાખાનું વડોદરામાં દાખલ કરેલી. મારી અમ્મા સાહેબા સાથે હું દવાખાને ખબર-અંતર લેવા આવેલો, બચ્ચું વિચિત્ર માથા અને આંખોવાળું પેદા થયું. તરત મૃત્યુ પામ્યું. પાછળથી જાણ થઈ કે આ બાળક પેટમાં હતું અને પતિના ત્રાસથી કંટાળી આ ઓરતે તલાક લેવાનો

ઇરાદો કરેલો. હમલ સાકીત કરવા માટે અનેક દેશી દવાઓનો પ્રયોગ કરેલો તેની ખરાબ અસરોથી બાળક આ પ્રકારનું જનમ્યું હતું. - અનુવાદક)

અમારા ભાઈઓ અને બહેનો માટે આવા સામાજિક તથા પતિ-પત્ની સાથે જિંદગી જીવવા માટેના તરીકા, નિયમો, કાનૂને ઇસ્લામ સમજાવવા, જિમાઅ કરવાના નિયમો, બચ્ચું પેટમાં હોય ત્યારે માતા-પિતાએ તથા અગર સંયુક્ત કુટુંબ છે તો બધા જ ઘરવાળાઓએ આવી ઓરતનો કેવી રીતનો ખ્યાલ રાખવો જોઈએ. વગેરે બાબત શૈક્ષણિક ક્લાસીસ ચલાવવા જોઈએ. બહેનો અને ભાઈઓના આવા શૈક્ષણિક વર્ગો અલગ અલગ હોવા જોઈએ. બહેનોના વર્ગોનું સંચાલન બહેનો જ કરે. તાલીમ, મસાઈલ વગેરેની સમજ તથા અઈમ્માએ

અતહારની ઉપરોક્ત બાબતોમાં હિદાયતો પણ બહેનો જ અંજામ આપે. એ જ રીતે નવયુવાનોને પણ આ પ્રકારની બધી જ સમજો આલિમ હઝરાત આપે. મા-બાપના લડાઈ-ઝઘડાની અસર પણ ગર્ભમાં રહેલા બાળક ઉપર થાય છે. ગુસ્સો, ગમ, ડર, ભય બધા જ અસર ગર્ભમાં રહેલા બાળક ઉપર થાય છે.

ઇન્શાઅલ્લાહ જો આપણા અગ્રેશરો આટલું વિચારે તો આપણે એક તંદુરસ્ત સમાજની રચના કરી શકીએ. અહીં પણ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જે અંગે આપણે પ્રકરણ ૧૩ ઉપર ચર્ચા કરીશું.

# પ્રકરણ : ૧૩ : બાળકનો ગુનોહ શું છે ?

પ્રકરણ ૧૩માં આપણે જોયું કે ભૂલ મા-બાપ કરે છે. મા-બાપની ભૂલના કારણે મંદબુદ્ધિનું કે અન્ય ખામીવાળું બાળક જન્મ પામે છે. ગુનોહ તો મા-બાપનો છે. શરીઅતના કાનૂનોની નાવાકેફીયત – અજ્ઞાનતા અથવા જહાલત અને ઐયાસી ગમે તે કારણોસર મા-બાપની ભૂલનો ભોગ બાળકને બનવું પડે છે. દૃષ્ટાંતરૂપે કોઈ વ્યક્તિ ખૂબ પેટ ભરીને ખાધા પછી તરત જ જો સંભોગ કરે તો બાળક આળસુ પેદા થાય છે. અહીં ગુનોહ તો બાપનો છે. બાળકનો ગુનોહ શું છે ?

ઉપરોક્ત સવાલનો જવાબ અમે એક જ વાક્યમાં આપીએ છીએ. ખુદાનો ગુનોહ શું છે ?

અહીં બાળક પણ બેકસૂર છે અને ખુદા પણ પવિત્ર અને નિર્દોષ છે. ફક્ત મા-બાપ જવાબદાર છે. પરંતુ તેમનો ગમ બાળકના ખભા ઉપર છે. આ બાબત ફક્ત બાળક માટે જ વિશિષ્ટ નથી. વિશ્વસ્તરે આચરવામાં આવતા બધા જ ઝૂલ્મોમાં ગુનેહગાર તો ઝાલીમ જ હોય છે. પરંતુ ઝૂલ્મનો રંઝોગમ મઝલુમને ઊઠાવવો પડે છે.

હું આપની ઉપર એક પથ્થર ફેંકુ અને તેનાથી આપની પેશાની ઝખ્મી થઈ જાય. આ બાબતમાં ન આપનો ગુનોહ છે ન ખુદાનો કોઈ કસુર છે. ગુનોહ મારો છે. કારણ કે પથ્થર તો મેં ફેંકેલો છે. પરંતુ મારા આ ગુનાહ અને કુસુરનો રંજોગમ આપ ભોગવી રહ્યા છો. તેથી આપણને

વિચાર આવે કે મા-બાપ ભૂલ કરે તેનાથી બાળકનો શું ગુનોહ ?

આ પ્રશ્ન બધા જ ઝુલ્મોમાં ઊભા થશે કે ઝૂલ્મો થાય છે. ઝાલિમોનો વાંકગુનો છે. પરંતુ મઝલૂમોનો શું ગુનોહ છે ?

જો આપ કડવો અને નમકીન આટો બેકરીવાળાને આપી નાન રોટી બનાવરાવો તો તે આપને કડવી અને નમકીન રોટલી જ બનાવીને આપશે. તો શું આપને આમ કહેવાનો અધિકાર છે કે બેકરીવાળો ઝાલીમ છે. આપ તરબુઝાનું બીજ વાવો તો તરબુઝ જ ઊગશે.

તમે દક્ષિણ દિશામાં ચાલો અને પછી ઉત્તર દિશા તરફ પહોંચવાનો ઇરાદો રાખો તો કેવી રીતે શક્ય છે. દરેક વસ્તુમાં કુદરતી ગુણો નક્કી જ હોય

છે. એ જ રીતે દરેક ખોરાક પણ પોતાના ગુણો ધરાવે છે. આ ગુણોથી જુદી – અલગ પ્રકારની આશા રાખવી મુર્ખામી છે. તે જ રીતે દરેક બીજનું એક ફળ, દરેક નુત્ફાનું એક પરિણામ હોય છે. તેનાથી વિરુદ્ધ ઇચ્છા રાખવી ગલત છે.

છતાંય કેટલાક હજીય એક પ્રશ્ન ઉપસ્થિત કરે છે. કે મા-બાપની ભૂલ તો એક હંગામી-થોડા સમયની હતી. પરંતુ આ મંદબુદ્ધિ બાળકનો ગમ તો હંમેશનો છે. આ બાબતમાં પણ અલ્લાહનો કોઈ જ કુસુર નથી. તે તો આદિલ જ છે. આપ એક મિનિટમાં આપની આંખમાં ચાકુ મારો છો. પછી સિત્તેર વર્ષો સુધી આંધળા થઈ જાઓ છો. ગુનોહ એક મિનિટમાં થયો પરંતુ તેની અસર સિત્તેર વર્ષો સુધી ચાલુ રહી. બે સેકન્ડ આપ એક પથ્થર કાચની

બોટલ ઉપર મારો છો. પરંતુ કાચની બોટલ તો હંમેશા હંમેશ માટે તૂટી જાય છે. નફસાની અને શારીરિક મસાઈલ – પ્રશ્નો પણ આ જ પ્રકારના છે. આમ એક ગાળ કોઈ વ્યક્તિને આપો તો આખી જિંદગી સુધીનો મહબ્બતનો સંબંધ તૂટી જશે. આખી જિંદગી પેલી વ્યક્તિને તમારી ગાળ યાદ રહેશે. જેવી રીતે કે કોઈની ભૂલ કે ગલતી કે ગુના ઉપર એક મિનિટની ક્ષમા આપો છો – માફ કરો છો તો આ એક મિનિટની માફીના કારણે જિંદગીભરની દુશ્મની ધોવાઈ જાય છે – વિસરાઈ જાય છે.

તૌહીદે બારીતઆલાના મુકાબલામાં વ્યક્તિ એક નકામો શબ્દ ઉચ્ચારે તો એની તવહીદ બાતીલ થઈ જાય છે. દૃષ્ટાંતરૂપ ઇન્સાન આખી ઉમર તંદુરસ્તીની જાળવણી માટે જાતજાતના

નિયમોની પાબંદી કરે છે. પરંતુ ઝહેરની એક નાની ચમચી એની આખી જિંદગીની તંદુરસ્તીને બેઅસર કરવા માટે કાફી છે.

અહીં પણ એક પ્રશ્ન આપણી સમક્ષ ઊભો થાય છે. કે મા-બાપને તો ખબર જ ન હતી કે એમનો આવો અમલ આ શરતો પ્રમાણે કરવાથી પેદા થનાર બાળક ઉપર ખરાબ અસર ઊભી કરશે. એનો જવાબ આ છે કે મા-બાપનું જાણવું ન જાણવું કુદરતી ચીજો ઉપર અસરકારક બનતું નથી. આપણે જાણતા નથી કે ફલાણા તારમાં વીજળી છે અને તેને પકડી લઈએ છીએ તો વીજળી તો આપણને મારી જ નાખશે. વીજળી સબર નહીં કરે, તે એવું જુએ કે આપણે એના મારી નાખવાના ગુણથી અજાણ છીએ. તેથી આપણને છોડી દે. જો

આપણે શરાબને પાણી સમજીને પી જઈએ તો મસ્ત તો થઈ જવાના છીએ. કારણ કે મસ્ત થવું શરાબના કુદરતી ગુણોમાંથી છે. ભલે આપણે તેને પાણી સમજીને ભૂલમાં પી ગયા હોઈએ. એ જ રીતે મા-બાપના બેગુનાહ હોવાનો મતલબ આ છે કે એમણે ઇરાદાપૂર્વક ભૂલ નથી કરી છતાંય એની કુદરતી અસરો તો એની જગ્યાએ રાબેતા મુજબ હોય જ છે. હવે રહ્યો આ સવાલ કે લોકો કમજોર અક્કલના કે મંદબુદ્ધિના લોકોની મશ્કરી કરે છે. તો આ બાબત સ્પષ્ટ છે કે લોકોના આવો અમલ તેમના સદાચરણ અને સજ્જનતા તથા ખાનદાની પર આધારિત છે. ન કોઈ બીજા ઉપર કે ન ખુદા ઉપર.

આપણે આવા કમજોર બુદ્ધિ, ખામીવાળા કે ખોડખાંપણવાળા લોકોને નફરતથી ન જોવા

જોઈએ. ન કે તેમની બેઈઝ્ઝતી થાય તેવી વર્તણુક કરવી જોઈએ. આ બાબત ઇસ્લામના પવિત્ર બંધારણમાં ખાસ-વિશિષ્ટ પ્રકારે સિફારીશ કરવામાં આવી છે.

આ બાબત ઇસ્લામી હુકૂમતની અવ્વલીન જવાબદારી છે કે આવી વ્યક્તિઓને વ્યવસ્થિત ટ્રેનિંગ, શિક્ષણ આપી યોગ્ય જગ્યાએ નોકરીઓ આપી, તેમના જીવનનિર્વાહ માટે જરૂરી બંદોબસ્ત કરે. આવી કમજોર, મંદબુધ્ધિની, બહેરી, મુંગી વ્યક્તિઓ ઇઝ્ઝતથી જીવન જીવી શકે. બીજાઓ ઉપર નિર્ભર કે આશ્રિત અને બોજરૂપ ન બને. વધુ ગંભીર એબવાળી વ્યક્તિઓ જેઓ કોઈ પણ કાર્ય ન કરી શકતી હોય, તેવી વ્યક્તિઓનો સંપૂર્ણ ખર્ચ હુકૂમત પોતાના ઝિમ્મે લઈ લે. આ રીતે એક હદ

સુધી આવા ભાઈઓ અને બહેનોના ગમોને દૂર કરે. આ વાદવિવાદને અમે અહીં સંપૂર્ણ કરીએ છીએ. (જ્યાં ઇસ્લામી હુકૂમત નથી. અથવા જે હુકૂમત છે તે સમાજના આવા કમજોર લોકોનું ધ્યાન રાખતી નથી. આવી પરિસ્થિતિમાં આપણી કોમના-આપણી જમાતોના અગ્રેશરો અને કોમના માલદારોની જવાબદારી થઈ પડે છે કે તેઓ પોતાના ગામ કે શહેરના આવા દુ:ખીયારા ભાઈ-બહેનોની જરૂરતો પુરી કરી તેમનું દુ:ખ ઓછું કરે. શક્ય હોય તો વ્યવસ્થિત પ્લાન બનાવી દરેક ક્ષેત્રે આવા કમજોરોને હલકું-ફૂલકું કામ આપે. જે તેઓ કરી શકતા હોય. અને જેઓ તદ્દન અપંગ અથવા અપાહિઝ ભાઈ-બહેનો હોય તેમના જીવનનિર્વાહનો

બંદોબસ્ત કરે. આ એક ઉચ્ચતમ ઇબાદત ગણાશે – અનુવાદક)

**એક ઇચ્છા કે અભિલાષા :**

મોમીનોએ પોતાના અકીદામાં કે મસાઈલમાં કોઈ પણ પ્રકારની શંકાકુશંકામાં રહેવું ન જોઈએ. જાતે જ આપણા એતેકાદી મસાઈલની તેહકીક કરવી જોઈએ. અકીદાનું જરૂરી ઇલ્મ પ્રાપ્ત કરવું વાજીબ દરજામાં છે. ઉસૂલે દીનની પુરી તેહકીક કરવી જોઈએ. તેમાં ઊંડાણથી સમજ કેળવવી જોઈએ. અલ્લાહનો શુક્ર છે કે આપણી પાસે ઉચ્ચ દરજાના આલિમો છે. આપણો સંબંધ બાબુલ ઇલ્મથી છે. સમગ્ર વિશ્વમાં મોમીનો પાસે એટલા ઉચ્ચ દરજાના આલિમો છે કે તેમના ઇલ્મની સામે અન્યો પાસે કશું જ નથી. ફક્ત વાણીવિલાસ.

જ્યારે પણ આપને કોઈ મસઅલો પેશ આવે, કોઈ એતેરાઝ પેદા થાય. તો આલિમોને તરત જ પૂછી લો.

આપણે જ્યાં પણ હોય, કારખાના, યુનિવર્સિટી, બજાર, સ્કૂલ, ત્યાંથી આપણા આલીમોનો સંપર્ક કરી ટેલિફોન દ્વારા આપણા મસાઈલનો હલ પૂછી શકાય છે. આ માટે બુદ્ધિશાળી આલિમોના ફોન નંબરો પણ આપણે નોંધી રાખવા જરૂરી છે. જેથી ગમે ત્યાંથી ગમે તે સમયે આપણી શંકાનું નિવારણ થઈ શકે.

જેવી રીતે બ્લેડનો એક નાનો ટૂકડો જો પગમાં ચાલ્યો જાય. તો ઇન્સાનને ચાલવાથી રોકી લે છે. અને જિંદગીને કડવી બલ્કે મુશ્કેલીભરી બનાવી દે છે. બસ એવી જ રીતે કદીક એવો નાનો

એતેરાઝ પણ આપણી અક્કલમાં બેસી જાય તો તે આપણા ચિંતન અને મનનને પણ રોકી લે છે. આપણી ખુશી છીનવી લે છે. જિંદગીની મજા ચાલી જાય છે. ખાસ તો નવયુવાનો જેઓ અર્વાચિન સમયમાં અનેક ક્ષેત્રોમાં કામ કરે છે. તેઓના મગઝોમાં જાતજાતના એતેરાઝો ઉત્પન્ન થતા હોય છે. તેથી જરૂરી છે કે તેમણે મુત્તકી અને પરહેઝગાર આલિમ સાથે સંબંધ રાખી તેમનાથી પોતાની શંકાનું સમાધાન કરવું જોઈએ. બસ મારી કોમના તમામ નવયુવાનોથી મારી આટલી અભિલાષા છે.

# પ્રકરણ : ૧૪ : એક સુંદર ઘટનાનું વર્ણન

તાગુત (ખુદા રસૂલના દુશ્મનો)ની હુકૂમતમાં કેટલાક દોસ્તો સાથે મારી મુલાકાત થઈ. તેઓ કહેતા હતા કે ઇસ્લામના કાયદાકાનૂન અર્વાચિન સંસ્કૃતિ, સભ્યતા અને શિષ્ટાચારને અનુરૂપ નથી. તેહઝીબ અને નાગરિકતાની રૂહ સાથે એનો મેળ બેસતો નથી. કારણ કે ઇસ્લામ કહે છે કે ચોરની ચાર આંગળીઓ કાપી નાખવી જોઈએ. પરંતુ મારકિસઝમ (મારકિસઝમ = મશ્હુર જર્મન સામ્યવાદી કાર્લમાર્કસની માન્યતા - અકીદો. જેમાં આવકના બધા જ ઝરીઆ ઉપર બધાંનો એક સરખો હક હોય. કોમ્યુનિઝમ = આ વિચારધારાવાળી રશિયન હુકૂમત નાબુદ થઈ ગઈ છે. ચીને પણ

પીછેહઠ કરી છે. ગરીબી નાબુદ થઈ નથી.) કહે છે કે જો આપણે ચોરનું પેટ ભરી દીધું (તેને ખાવા મળ્યું) અને અર્થવ્યવસ્થા બદલી નાખી, તો ચોરી ખુદબખુદ ખતમ થઈ જશે.

હું જ્યારે આ લોકો સાથે વાતચીત કરવા બેઠો તો મને સમજાયું કે એક કોમ્યુનિસ્ટ શિક્ષકે પોતાના વક્તવ્યમાં આ વાત રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ ક્લાસમાં શિક્ષણકાર્ય દરમિયાન આ વાત સાંભળી. તે એમના મગજમાં ઊતરી ગઈ. મેં તેમને કહ્યું "શું આપ લોકો જાણો છો કે ઇસ્લામ દરેક ચોરના હાથ નથી કાપતો. બલકે લગભગ વીસ જેટલી શરતો આ બાબત ઇસ્લામે નક્કી કરી છે. આ શરતો પૂર્ણ થયા પછી જ હાથ કાપવાનો ફેંસલો થઈ શકે છે. હવે તમે લોકો બતાવો કે તમારામાંથી

કોણ આ શરતો જાણે છે ? બધાંએ કહ્યું, “અમને કંઈ ખબર નથી.”

મેં કહ્યું કે જો આ બાબત તમોને ખબર હોત અને ઇસ્લામના મસાઈલથી તમે વાકેફ હોત. તો વર્ગમાં જ ઊભા થઈ જાત. શિક્ષકને પડકારીને કહેત કે આપ ચોરની સજાના મામલામાં જેને ઘાતકી સજા માનો છો તે સજા આપતાં અગાઉ વીસ જેટલી શરતો ઇસ્લામે નક્કી કરી છે તે શરતોથી તમે વાકેફ નથી. માટે મહેરબાની કરીને ઇસ્લામના મસાઈલના મામલામાં દખલગીરી ન કરો. અથવા તમે શિક્ષકશ્રીને ખુલ્લા મને આ બાબત વાદવિવાદ કરવાની વિનંતી કરત. જો આપ લોકો ઇસ્લામી સજાના કાયદાકાનૂન જાણવા ઇચ્છા ધરાવતા હોત તો ટેલિફોનના માધ્યમથી પણ કોઈ આલીમનો

સંપર્ક કરીને આ શરતો વિશે જાણકારી પ્રાપ્ત કરી શકત. પરંતુ આ બાબત આપ લોકોએ સુસ્તીથી કામ લીધું અને ઇસ્લામ જેવા પ્યારા આકાશી મઝહબ ઉપર એતેરાઝ કરી બેઠા. જે ઇન્સાનિયતની ભલાઈ ઇચ્છે છે. ઇન્સાનને સાચા અર્થમાં ઇન્સાન બનાવી તેને ભયમુક્ત અને સુખી બનાવે છે. પછી તો તે યુવાનોને મેં ચોરના હાથ કાપવા અગાઉ ઇસ્લામે મુકર્રર કેટલીક શરતોથી વાકેફ કર્યા. તેઓએ ખૂબ ધ્યાનથી મારી વાત સાંભળી પછી અમો છૂટા પડ્યા.

પ્યારા વાંચકો, કુર્આનના વાયદા પ્રમાણે વિશ્વમાં આખરી કામ્યાબી ઇસ્લામની છે. આવનારા વર્ષોમાં ઇસ્લામનું ભવિષ્ય ઉજ્જવળ છે. સમગ્ર વિશ્વના લોકો ઇસ્લામ તરફ આકર્ષણ પામશે. છેલ્લે

હઝરત ઇમામ મેહદી અજ્જલલ્લાહો ફરજહુ શરીફની હુકૂમત આવશે.

**અને અલ્લાહનો આ વાયદો કેટલીક શરતો સાથે છે.**

(૧) દુનિયાના લોકોનું ધ્યાન ઇસ્લામ તરફ

(૨) ઇસ્લામની ઓળખ

(૩) ઇસ્લામ તરફ આકર્ષણ.

અમારા શહીદોએ ઇસ્લામી ઇન્કિલાબ પેદા કરીને સમગ્ર વિશ્વના લોકોનું ધ્યાન ઇસ્લામ તરફ કરી દીધં છે. ધીરે ધીરે આ પ્રથમ કદમ અમો ઊઠાવી ચૂક્યા છીએ.

હવે આપણો વારો છે. સમગ્ર વિશ્વના મોમીનોની ફરજ છે કે આપણે બીજો કદમ ઊઠાવીએ. પ્રથમ તો આપણે મોમીનો ઇસ્લામને સાચા અર્થમાં ઓળખીએ – જાણીએ – સમજીએ

ત્યાર બાદ વિશ્વના તમામ બિનમુસ્લિમો સુધી ઇસ્લામને પહોંચાડવાનું બીડું ઝડપીએ.

અલ્લાહનો વાયદો છે. અલ્લાહ કોઈ પણ બંદાની મેહનતને બેકાર-વ્યર્થ બનાવતો નથી. બેહતર બદલો આપે છે. કુર્આન કહે છે કે,

“જો તમે અમારી મદદ કરશો (દીનની). તો અમે તમારી મદદ કરીશું, તમારા કદમોને જમાવી દઈશું.” મતલબ તમને સ્થાયીત્વ આપીશું. મજબૂત બનાવીશું.

પછી ત્રીજો કદમ ઇન્સાનિયતનું ઇસ્લામ તરફ આકર્ષણ. ઇન્સાનિયત પરેશાનહાલ છે. ક્યાંય ચેન-સૂકૂન નથી. વિહ્વળ બની મારીમારી ફરતી બિચારી આ ઇન્સાનિયત હિદાયતનો રસ્તો શોધી રહી છે. નજાતનો રસ્તો શોધી રહી છે. તમામ ધર્મો

ઇન્સાનિયતના દુ:ખદર્દો દૂર કરવામાં નાસીપાસ થયા છે. આ હારેલી થાકેલી નિરાશ થયેલી ઇન્સાનિયતને ઇસ્લામ તરફ આકર્ષણ જન્મી રહ્યું છે. હવે આપણા બુદ્ધિશાળીઓનું કામ છે કે દરેક ભાષામાં કેટલી સારી રીતે બેહતર તરીકાથી ખુદાની મખ્લુક સુધી ઇસ્લામને પહોંચાડી શકીએ છીએ. અને આપણો ધનિક વર્ગ કેટલો ઉદાર બનીને તેમને અલ્લાહે આપેલી દવલતમાંથી અલ્લાહના દીન માટે ખર્ચ કરવા તત્પર બને છે. કલમ દ્વારા દીનેહકને ઇન્સાનિયત સુધી પહોંચાડવાનું બીડું ઝડપનારા બુદ્ધિશાળીઓની આપણો ધર્નિકવર્ગ કેટલી મદદ કરે છે તે જોવાનું છે. અમોએ ઉપર ત્રણ પગથિયાં રજૂ કરી તેનું ટૂંકાણમાં વિશ્લેષણ પણ કર્યું છે.

શીખામણ આપવાનું કામ તો બુઝૂર્ગોનું છે. હું તો મારા પ્રિય વાચકોને નમ્ર ગુજારિશ કરૂં છું.

અઠવાડિયામાં આપણે એક ફાયદાકારક મઝહબી કિતાબ જરૂર વાંચવી જોઈએ. જેથી દિન-પ્રતિદિન આપણા ઇસ્લામી જ્ઞાનમાં વધારો થાય. ઇમામ રઝા (અલ.) ફરમાવે છે કે “જો લોકો અમારા મકસદે હયાતથી (જીવનધ્યેયથી) વાકેફ થઈ જાય તો અમારી તરફ શોખથી-ઉત્સાહ સાથે દોડતા આવશે. અમારો રસ્તો ખુદાનો રસ્તો છે. ઇન્સાનિયત એ જ રસ્તે દુનિયા અને આખેરત બંનેની ભલાઈ પામી શકે છે.”

કિતાબોના વાંચનમાં ખાસ તો અકીદા અને આઈડિયોલોજી એટલે કે આધ્યાત્મવાદને લગતી કિતાબો ચિંતન-મનન સાથે વાંચવી જોઈએ કારણ

કે અમારા આમાલની બુનિયાદ અમારી ફિક્ર છે. અમારી શૌચ છે. આપણે મઝબૂત, દૃઢ દલીલો અને સાબિતીઓ ઉપરાંત દૃષ્ટાંતો અને ઉદાહરણો દ્વારા બધી જ ઇસ્લામી વિચારધારાઓને લક્ષમાં રાખી પોતાનો રસ્તો ચુંટી લેવો પડશે. બીજી મઝહબી વિચારધારાઓને બુદ્ધિપૂર્વક બેહતર તરીકાથી દઅ્વતે હક પહોંચાડવી પડશે. આપણે પુરી ઇન્સાનિયતને લક્ષમાં રાખીને આપણા તથા અન્યધર્મીઓ બંને માટે કાર્ય કરવું પડશે. શીખવું પણ પડશે. આ એક ઘણી જ મોટી જવાબદારી આપણી ઉપર છે.

હવે અદ્લે ઇલાહીના વિષયમાં એક છેલ્લી વાત તરફ મોમીનોનું ધ્યાન દોરું છું. એક બારીક નુકત: તરફ.

તફાવત, જુદાપણું કે ફરક ખુદાને ઓળખવાની અલામત છે. એમાં અલ્લાહનો ભેદ છુપાયેલો છે.

સમાજના ટૂકડા કરવા, દુશ્મની પેદા કરવી, જાતપાતના વિભાગો પાડવા વગેરે ઝુલમ છે. પરંતુ બુદ્ધિપૂર્વકનો તફાવત જે ઇન્સાની સમાજમાં આપણે જોઈએ છીએ તે અણીશુદ્ધ અદાલત છે. ન્યાયોચિત છે. આવો અકલમંદી ભર્યો તફાવત અદ્‌લે ઇલાહી તો છે જ. સાથે સાથે ખુદાને ઓળખવાની અલામત પણ છે. એમાં તો અલ્લાહનો ભેદ છુપાયેલો છે. એ તફાવત ન હોત તો ઇન્સાની જિંદગી એક મુસીબત બની જાત. દૃષ્ટાંતરૂપે ઇન્સાનોનું કાળા-ગોરા હોવું. દરેકના ચેહરાનું અલગ અલગ હોવું, નાક, નકશો, શકલ સુરત ઊંચાઈ, નીંચાઈ વગેરેનું હોવું ખુદાને ઓળખવાની અલામત છે. સાથે આપણા માટે પણ

એકબીજાની પેહચાન ભૌગોલિક અને સામાજિક દૃષ્ટિએ રહમતરૂપ છે.

**અલ્લાહતઆલા સુરએ રોમમાં ફરમાવે છે,**

**વમિન આયાતેહી ખલકસ્સમાવાતે વલઅર્ઝે**

**વખ્તેલાફો અલસેનતેકુમ વ અલવાનેકુમ**

(આયત નં. ૨૨)

**અર્થાત્ :** "અને તેની નિશાનીઓમાં આકાશો અને પૃથ્વીનું પેદા કરવું તથા તમારી ભિન્ન ભિન્ન ભાષાઓ અને રંગોનું ભિન્ન ભિન્ન હોવું પણ છે."

**એ જ આયતમાં આગળ અલ્લાહતઆલા ફરમાવે છે કે,**

**ઇન્ન ફી ઝાલેકઅ્ લઆયાતીલ લીલઆલમીન**

"નિ:શંસય દાનિસમંદો માટે તેમાં ઘણી નિશાનીઓ છે." પૃથ્વી ઉપર અનેક રંગના ઇન્સાનો

છે. તેમના નાકની બનાવટ, હડપચીની બનાવટ, ઉપરાંત રંગ પણ ભિન્ન ભિન્ન જોવા મળશે. જેમાં આપણા માટે પણ એકબીજાને ઓળખવાની રાહત છે. અરે ! દરેકનો અવાજ પણ જુદો જુદો, દરેકનો ખોંખારવાનો ઢંગ પણ જુદો જુદો. શું આ વાતમાં ખુદાએપાકની નિશાનીઓ નથી ?

કોઈ ચિત્રકાર એક પ્રકારના ચિત્રો બનાવે. કોઈ કડિયા-એન્જિનીયરો હંમેશા એક જ પ્રકારની ઢબના મકાનોના પ્લાન તૈયાર કરે. શાયર એક જ પ્રકારની શાએરીની રચના કરે. તો આ વાત તે બધા જ કલા-કારીગરોની કમજોરી છે. તેમની સીમિતતા છે. પરંતુ દરરોજ, દર કલાકે તેઓ પોતાની કારીગરીમાં નવીનતા રજૂ કરે, ફેરફાર મૂકે, જુદો જુદો તફાવત પેદા કરે. તો તે તેમની શક્તિ,

જોર અને હોશિયારીની દલીલ છે. (જાતપાતની બુનિયાદ ઉપર, કે કાળા-ગોરા જેવા રંગભેદની બુનિયાદ ઉપર કે ગરીબ માલદારની બુનિયાદ ઉપર ફરક કરવો ઝુલમ છે. મતલબ સમાનતા જરૂરી છે. ઉપરોક્ત બાબતોમાં તફાવત રાખવો ઝૂલમ ગણાશે. પરંતુ તફાવત ગુણના લીધે, આવડતના કારણે, કરવામાં આવે તો તો અદ્‌લ ગણાશે. દૃષ્ટાંતરૂપ વિદ્યાર્થીઓએ સરખો અભ્યાસ કર્યો છે. જો પરીક્ષક ગુણ આપતી વખતે જાતપાત, વતન, વ્હાલાં-દવલાંની નીતિ રાખી ગુણ આપે તો આ તફાવત કે જુદાપણું ઝુલમ ગણાશે, પરંતુ પરીક્ષક વિદ્યાર્થીઓના જ્ઞાન, લખાણને ધ્યાનમાં લઈને ગુણ આપે તો આ અદ્‌લ ગણાશે.)

# પ્રકરણ : ૧૫ : સામાજિક ઇન્સાફ અમારો ધ્યેય છે

આ જગ્યાએ અમે સામાજિક ઇન્સાફની ચર્ચામાં આયાતે કુર્આની, રીવાયતો અને દૃષ્ટાંતો રજૂ કરીશું. જેથી વાચકોને ખ્યાલ આવે કે કુર્આને અને અઈમ્માએ માસુમીને ઇન્સાની હકોના રક્ષણ માટે કેટલી તાકીદ કરી છે. ઇસ્લામમાં કાનૂનની સમક્ષ તમામ લોકો સમાન છે. ઇસ્લામનો ઇન્સાફને લગતો કોઈ પણ કાનૂન ગરીબ અને માલદાર માટે અલગ નથી. બલકે ખુદાના દરેક કાનૂનમાં ઝુલ્મથી બેઝારી વ્યક્ત કરવામાં આવી છે. આપણા અઈમ્માએ માસુમીન (અલ.) એ વારંવાર આ વાત દોહરાવી છે કે દુનિયામાં નબીઓની આમદનો મકસદ ઝુલ્મને મિટાવી ઇન્સાફને કાયમ કરવો છે.

કુર્આન જગ્યાએ જગ્યાએ નબીઓના જીવનના દૃષ્ટાંતો રજૂ કરે છે. દરેક જમાનાના નબી જે તે જમાનાના બાદશાહો, માલદારો અગ્રેસરો, નેતાઓ સાથે સંઘર્ષ કરે છે. તવહીદ રજૂ કરે છે. કારણ કે ઇન્સાન ખુદાની તવહીદમાં વિશ્વાસ ધરાવશે, તો જ જઝા અને સઝાના કાનૂનને માનશે. જઝા અને સઝાના કાનૂન ઉપરનો વિશ્વાસ ઇન્સાનને સામાજિક ન્યાય તરફ દોરી જશે. જો દુનિયામાં સામાજિક ઇન્સાફ કાયમ થશે તો ઇન્સાનનું જીવન સુખમય બનશે.

ઘરેલું જિંદગીમાં પણ સામાજિક ન્યાય ઇન્સાનની જિંદગીને રહમરૂપ બનાવે છે. આપણે જાણીએ છીએ કે જે ઘરોમાં ઇન્સાફ નથી ત્યાંના

સભ્યોનું જીવન કલેશમય, અરે જહન્નમ જેવું બની જાય છે.

જેથી અલ્લાહ ઇચ્છે છે કે કાનૂન તમામને એકસરખો લાગુ પડવો જોઈએ. કાનૂનને લાગુ કરવા માટે રંગભેદ, જાતપાત કે ઊંચ-નીચ કે સગાંવાદની નીતિ ઇન્સાફનું ખૂન કરે છે, અને એ ઝુલ્મ ગણાશે. કોઈ જમીન ઉપર કબજો કરી ત્યાં નાજાઈઝ રીતે આબાદી ઊભી કરવી, કોઈ આઝાદ મુલકને ગુલામ બનાવવો, આવા પ્રકારના બધાં જ કાર્યોને ઝુલ્મ ગણવામાં આવ્યા છે. બયતુલમાલ (સરકારી ખજાનો)ની વહેંચણી પણ અદ્‌લના ધોરણે થવી જોઈએ કિતાબના આ વિભાગમાં સામાજિક ઇન્સાફને લગતા પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ (સલ.) અને આપના જાંનશીનો અઈમ્માએ

અતહારના ચાલીસથી વધારે પ્રખ્યાત કિસ્સા પણ રજૂ કર્યા છે. જેમાં ઇસ્લામી બિરાદરી, ભાઈચારો અને પ્રામાણિકતાને લગતાં અનેક ઉદાહરણો જોવા મળશે.

## પ્રકરણ : ૧૬ : અદ્લ તમામ સંકલ્પો, ઇરાદાઓ અને યોજનાઓનો તાણો-વાણો છે

ઇસ્લામ અદ્લ અને સમાનતાની પાઠશાળા છે. એક ઇલાહી સંસ્કાર કેન્દ્ર છે. તેનો રસ્તો રાહે મુસ્તકીમ છે. સીધો ખુદા સુધી પહોંચે છે. તેની ઉમ્મત ઉમ્મતે ઇસ્લામી છે. જેને અલ્લાહે ઉમ્મતે વસ્ત કહી છે. તેની વ્યવસ્થા સંપૂર્ણ ન્યાયી વ્યવસ્થા છે, અગર એમાં આંસુઓના પુર છે, તો શમશીરની ઝંકાર પણ છે. અગર તે ઇન્સાનના શરીરની સલામતિ માટેની તરકીબ પેશ કરે છે, તો સાથે સાથે તેની રૂહાની-બાતીની તરક્કી માટે પણ એટલી જ કાળજી લે છે.

અગર એમાં નમાઝ છે, તો ઝકાત પણ છે. ખુમ્સ પણ છે. જ્યાં ખુદાના અવલીયાની સાથે

દોસ્તી અને મહબ્બત છે ત્યાં ખુદાના દુશ્મનોથી દૂરી અને બેઝારી પણ છે. ઇસ્લામ અગર ઇલ્મ શીખવાનો હુકમ આપે છે તો સાથે સાથે અમલ કરવાની હિમાયત પણ કરે છે. જ્યાં ખુદા ઉપર તવક્કલ અને ભરોસો રાખવાનો હુકમ આપે છે. ત્યાં તલાશ, કોશિશ અને મહેનત કરવાનો હુકમ પણ આપે છે. જો તે માલીકપણાના કાનૂનની ઇઝ્ઝત કરે છે. તો તે માલીકોને પોતાના જાગીરીપણામાંથી નાજાઈઝ ફાયદો ઊઠાવવાથી પણ રોકે છે. જાગીરદારીના નુકસાનો પણ બયાન કરે છે. જાગીરદારોને આઝાદ છોડતો નથી. જ્યાં માફ કરવાનો હુકમ આપે છે ત્યાં સઝાની કાનૂની હદ લાગુ કરવાનો સ્પષ્ટ હુકમ આપે છે. જેથી ન્યાય

આપતી વખતે તમારી અંદર રહેમ ઉત્પન્ન ન થઈ જાય.

ઇમામ (અલ.)ની સમક્ષ અરઝ કરવામાં આવે છે કે ફલાણો માણસ નમાઝ ઘણી જ તવજ્જોહ અને ધ્યાનથી અદા કરે છે. ઇમામ પૂછે છે. તેની અક્કલ અને વિચારવાનો ઢંગ કેવો છે ? તેની સોચ કેવી છે ? મતલબ આ છે કે કોઈ વ્યક્તિ નમાઝ અને ઇબાદતોમાં ઉચ્ચતા ધરાવતો હોય તો તેણે તેની સોચ, ફિક્ર અને અક્કલ તરફ પણ ધ્યાન આપવું જોઈએ. તેણે ચિંતન-મનન કરતાં પણ શીખવું જોઈએ.

# પ્રકરણ : ૧૭ : સામાજિક ઇન્સાફનો સંબંધ અલ્લાહથી છે

આપણા સમાજમાં કેટલાક નારા પોકારાય રહ્યા છે. પરંતુ આ નારાઓની અવાજો ખોખલી છે. તેમાં સચ્ચાઈ નથી. આ નારા એક હકીકત ન બને. તેના ઉપર અમલ ન થાય ત્યાં સુધી આવા નારા પોકારવાનો કોઈ અર્થ નથી. એવો જ એક નારો સામાજિક ઇન્સાફનો પણ છે. દુનિયાની બધી જ હુકૂમતો આવી ડંફાસો મારતી હોય છે કે અમો સામાજિક ઇન્સાફના હિમાયતી છીએ. તરફદાર છીએ. પરંતુ અમલની બુનિયાદ ઉપર બધા જ ક્ષેત્રોમાં એની અસરો અથવા દૃષ્ટાંતો જોવા મળતાં નથી.

**ઇસ્લામમાં સમાનતા અને બરાબરીનું ઉદ્ગમસ્થાન કેટલાક ગહન સિદ્ધાંતો છે.**

(૧) સંપૂર્ણ વિશ્વ અલ્લાહતઆલાની કુદરત અને કબજામાં છે. અને તેમાં કોઈ પણ પ્રકારની ગોલમાલ કે અવ્યવસ્થાને અવકાશ નથી. આ વાત શક્ય જ નથી કે હું પણ આ વિશ્વનો એક ભાગ છું તેથી મારી મરજી પ્રમાણે જ દરેક કાર્ય અદા કરું અને વિચારું કે ફક્ત મારી જ મજલિસ થાય ફક્ત મારી જ ચર્ચા થાય.

(૨) આપણું ચિંતન, આપણા અમલો અને આપણી ગતિશીલતા ખુદાની દૃષ્ટિ સમક્ષ છે. તે આપણને જોઈ રહ્યો છે અને આપણે બધા જ તેના ઇન્સાફની અદાલતમાં ઊભા થવાના છીએ.

(૩) આપણે બધા જ માટીમાંથી પેદા થયા છીએ અને છેવટે માટીમાં જ સમાઇ જવાના છીએ. માટીના કણોમાં કોઈ તફાવત નથી. જેથી મારામાં અને કોઈ બીજાની અંદર કોઈ તફાવત કેવી રીતે હોય ?

(૪) બધા જ લોકો ખુદાના બંદા છે. જેથી તેમનાથી દોસ્તી કરવી ખુદાની રઝામંદી માટે છે. અને બેહતરીન લોકો તેઓ જ છે જેઓ સૌથી વધારે બીજાનું ભલું ઇચ્છનારા છે.

(૫) સમગ્ર વિશ્વ તેના પેદા કરનાર અલ્લાહના બરહક કાનૂનના તાબે છે જેથી મખલુક તેણે નક્કી કરેલી હદોનું ઉલ્લંઘન નથી કરી શકતી.

(૬) અમારા બધાંના મા અને બાપ એક જ છે. આ પ્રકારની સમજ અને તેહકીક જે ઇન્સાન અને

વિશ્વના વિષયમાં છે. તે એક એવી ઇલાહી કાનૂન વ્યવસ્થા, વિચારધારા કે પાઠશાળા છે. જે ન્યાયવ્યવસ્થાને કબૂલ કરવા માટે એક સીધો માર્ગ છે. પરંતુ આપણો સમાજ, દોસ્ત બિરાદરો અને મનેચ્છાઓ એવી ચીજો છે. જે આ સીધા રસ્તેથી ઇન્સાનને ભટકાવી દે છે.

દરેક ઇન્સાનનો અંતરઆત્મા ન્યાયને પસંદ કરે છે. ન્યાયની ઇચ્છા એક કુદરતી બાબત છે. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત કુર્આનેપાકમાં ઇરશાદ ફરમાવે છે. અમે ભલાઈ અને બુરાઈની ઓળખ કુદરતી રીતે ઇન્સાનની અંદર મૂકેલી છે. સુરએ શમ્સમાં ઇરશાદે ઇલાહી છે.

ફઅલહમહા ફોજુરહા વ તકવાહા (આયત નં. ૮)

અર્થાત્ : "પછી અમે તેને (ઇન્સાનને) સમજ આપી બદકારીની અને તેનાથી બચીને ચાલવાની."

એક નાના બાળકના વિશે વિચારો. તેનામાં પણ ભલાઈની- બુરાઈની, ખરા ખોટાની સમજ છે. જે એક સફરજન આપને સોંપીને પાણી પીવા જાય છે. પછી પાછો આવે છે. તે જ્યારે જુએ છે કે આપે તેના સફરજનમાંથી થોડુંક ખાધું છે. તે નારાઝ થઈ જાય છે. મારું સફરજન કેમ ખાધું ? હું તો પાણી પીવા ગયો હતો, તમને સાચવવા માટે સોંપીને ગયો હતો.

તે ખાસ પ્રકાશની દૃષ્ટિ વડે તે આપને કહી રહ્યો છે કે મેં તો આપને અમીન સમજીને આ સફરજન અમાનતરૂપે તમને સોંપ્યું હતું. આપે મારી અમાનતમાંથી ખિયાનત કેમ કરી ?

આ બધા જ અર્થો બાળકની બુદ્ધિમાં છે. તે અલ્લાહે મૂકેલી સમજ છે. ભલે તે આવા અમાનત અને ખિયાનત જેવા શબ્દપ્રયોગ જીભ પર લાવે કે ન લાવે. એને આવા શબ્દપ્રયોગો અદા કરતાં આવડે કે ન આવડે. આપે વિચાર્યું કે ખિયાનતની બુરાઈ એક એવો મસઅલો છે. જેને શીખવા માટે શિક્ષકની જરૂર નથી પડતી. ઇન્સાન એહસાસ કરે છે કે તરત જ કુદરતી રીતે જ તેને બુરું સમજે છે.

ઇન્સાફ પણ તે વસ્તુઓમાંથી છે. જેને ઇન્સાન કુદરતી રીતે જ પસંદ કરે છે. તેની દલીલ આ છે કે ઝાલિમ પણ પોતાના ઝુલ્મને છુપાવવાની કોશિશ કરે છે. એટલા માટે કે પોતાના કાર્યને ન્યાયી છે એમ દેખાડે. ઇન્સાફનું ખૂન કરનારા-ઝુલ્મની કમાઈ કરનારા-લુંટમાર કરનારા પણ

અદ્લ તો ઇચ્છે જ છે. ચોર ચોરી કરીને પણ ઇન્સાફ ઇચ્છે છે.

દૃષ્ટાંતરૂપે કેટલાક લોકો ભેગા મળી ચોરી કરે છે. પછી તે ચોરીનો માલ બીજી જગ્યાએ લઈ જઈ તેની વહેંચણી કરે છે. તો એકબીજાને કહે છે કે આવો, ચાલો આપણે આ માલને ઇન્સાફથી સરખેભાગે વહેંચી લઈએ. આ વાત તો કદીક કશોય વિચાર કર્યા વગર જ કહેવામાં આવે છે. જો તેઓ ઇન્સાફથી વહેંચણી કરવાની વાત જીભ પર ન પણ લાવે તો પણ તેમના દીલો આદિલાના વહેંચણીને પસંદ કરે છે. અને જો કોઈ ભાગીદાર વધારે ભાગ લઈ જાય તો બીજા ભાગીદારો નારાઝ થઈ જાય છે.

સામાજિક ઇન્સાફની બુનિયાદ ઉપર જો કોઈ વ્યક્તિ પોતાની જાનની કુરબાની આપી દે તો દુનિયાવાળાઓ તેને ઇઝ્ઝતની દ્રષ્ટિથી નિહાળે છે.

સમાજમાં ઇન્સાફની સ્થાપના માટે કોઈને ન્યાય અપાવવાના મામલામાં, પોતાના જાનોમાલના રક્ષણ કાજે, ઇમાન અને અકીદાની હિફાઝત માટે પોતાના દેશના રક્ષણ માટે અને ઝાલિમોનો મુકાબલો કરતાં. જો કોઈ વ્યક્તિ પોતાની જાનનું બલિદાન આપે તો દુનિયાવાળા તેને માનની નજરથી જુએ છે. આવું આ કારણથી છે કે અદ્લની હિમાયત કરવી અને ઝુલ્મના વિરુદ્ધ જેહાદ કરવું દરેક વ્યક્તિની અક્કલ પ્રકૃતિ (સ્વભાવ, નેચર) અને ગુણ છે. મતલબ અદ્લો-ઇન્સાફ ઇન્સાનની પ્રકૃતિમાં અને તેની અક્કલમાં વણાઈ ગયેલો ગુણ છે.

## પ્રકરણ : ૧૮ : (૧) અદ્લો ઇન્સાફનો કાનૂન ફક્ત અંબિયા (અલયહેમુસ્સલામ)ની તાબેદારીમાં જ શક્ય છે

માસુમીનની તાબેદારી વગર અદ્લો ઇન્સાફની સ્થાપના મૂમકીન જ નથી. દુનિયામાં ઇન્સાફની સ્થાપના કરવા માટે જ અલ્લાહે અંબિયાઓને મોકલ્યા છે. તેથી અંબિયાઓની તાબેદારીથી હઠીને ઇન્સાનો કદીપણ ઇન્સાફની સ્થાપના કરી શકે નહિ. કારણ કે અંબિયા માસુમ છે. અને માસુમ જેવો અદ્લ અન્ય કોઈ કરી શકતું નથી. સિવાય કે અદ્લ કરનાર વ્યક્તિ માસુમનો તાબેદાર હોય. માસુમને અનુસરનાર હોય.

વિશ્વમાં કોઈ એવો સમાજ શાયદ મળી આવે જેઓ કાનૂન અને અદાલતની વાતો ન કરતો

હોય. બધા જ ઇદારાઓ, બધી જ સંસ્થાઓ પોતાને ઇન્સાની હકોનો હિમાયત કરનારા માનતી હોય છે. **આપણે આ બાબતની જાંચ-પડતાલ કરીને કેટલાક પ્રશ્નોના ઉત્તર મેળવીએ.**

(૧) ઇન્સાનોએ બનાવેલ કયો કાનૂન સો ટકા ઇન્સાફને લાગુ કરનાર અને વ્યક્તિ કે સમૂહના ઝુલ્મથી ખાલી હોઈ શકે છે ?

(૨) કોણ કાનૂન બનાવનાર એવો છે જેની પોતાની ઇચ્છાઓ તે કાનૂન ઉપર પ્રભાવ નાખનારી ન હોય?

(૩) ઇન્સાની સમાજમાં ઇન્સાનો દ્વારા કયા માપદંડને આધારભૂત ગણીને ન્યાયોચિત કાનૂન બનાવવામાં આવે છે ?

(૪) આ ઇન્સાનોએ બનાવેલા કાનૂનો કયા સામૂહિક દૃષ્ટિબિંદુથી  વાત કરે છે ? તેઓ કોઈ ન કોઈ સમૂહ કે જાતિના ફાયદા અંગેની વાત કરે છે. દરેક પોતાના ફાયદાના રક્ષણહાર છે. ન કે વિશ્વના તમામ ઇન્સાનોના ફાયદાનો વિચાર કરે છે.

(૫) માની લઈએ કે કાનૂન બનાવનારામાં કોઈપણ કબીલો, ઇલાકો કે જાત-પાત વગેરેથી ઉપર ઊઠીને કાનૂન બનાવે છે. જેમાં તમામ ઇન્સાનોના હકોનું રક્ષણ થતું હોય તો પણ ઇન્સાનની જિંદગીના બધાં જ પાસાંઓ ઉપર તેઓ ધ્યાન ન આપી શકે. બીજી વાત કે ઇન્સાનોએ બનાવેલા આ કાનૂનોની અસર તરત કે પાછળથી લોકો માટે નુકસાનકારક સાબિત નહીં થાય તેની કોઈ ખાતરી છે ?

યુરોપીયનો પોતાના કાનૂન બનાવે છે. એશિયનો પોતાના કાનૂન બનાવે છે. અગ્નિ એશિયાના દેશો એકત્ર થઈને પોતાના ફાયદાના કાનૂન બનાવે છે. ભૌગોલિક દૃષ્ટિએ આવાં અનેક સંગઠનો વિશ્વસ્તરે કાનૂનો બનાવે છે. તેમનો દાવો છે કે આ કાનૂનો લોકો માટે તેમના હિતોના રક્ષણ માટે છે. બની શકે છે કે એમણે બનાવેલા કાનૂનો સ્વયં એમને જ હાલમાં જ અથવા લાંબે ગાળે નુકસાનકારક હોય. દરેક દેશ અને રાજ્યો પણ પોતાના કાનૂનો બનાવે છે. પાછા તરત તેમાં સુધારા-વધારા અને ફેરફાર પણ કરતા રહે છે. અરે, બનાવેલા કાનૂનોને રદ પણ કરે છે.

ઉપરોક્ત અનેક પ્રશ્નો અમારી સમક્ષ ઊભા થતા રહે છે. તેથી જ અમે એવો અકીદો ધરાવીએ

છીએ કે સામાજિક ઇન્સાફ વિશ્વસ્તરે એવા કાનૂનથી સંબંધીત છે જે અલ્લાહ અને અંબિયાના મિશનની રાહ પર ચાલ્યા વગર શક્ય નથી.

## (૨) હુકૂમતે ઇલાહીયાહમાં અદાલત (ઇન્સાફ) પાયાનો સિદ્ધાંત છે.

ઇસ્લામી હુકૂમતના તમામ હોદ્દાઓ ઇસ્લામ પસંદ અને ન્યાયપ્રિય લોકોના હાથમાં હોય છે. જેઓ ભૂતકાળમાં પણ ઇસ્લામ પસંદ હોય અને હાલમાં પાકપાકીઝા જીવન ગુજારતા હોય. જે લોકો પાકીઝા નફસ ધરાવતા હોય. ઉપરાંત સમાજમાં પણ લોકો તેમને પરહેઝગાર કહેતા હોય. સમાજમાં તેમની પરહેઝગારી પ્રખ્યાત હોય. (અત્યારે આપણે જોઈએ છીએ કે આપણા સંસદ સભ્યો અને દરેક રાજ્યોની વિધાનસભાઓના સભ્યો મોટે ભાગે

ગુનાહિત ભૂતકાળ ધરાવે છે. ચોર લુંટારા, ગુંડા અને ખૂની લોકો પ્રજાનું શાસન કરતા હોય છે. કેટલાક ઉપર તો પાંચ પાંચ, દસ દસ અને પચ્ચીસ કેસો ચાલતા હોય છે. આપણા સંસદ સભ્યો જેલોમાંથી ચુંટણી લડતા હોય છે.)

અદાલતના જજ અને કાજીથી લઈને સાક્ષીઓ અને કારકૂનો માટે પણ જરૂરી છે કે તેઓ ઇન્સાફથી વાત કરે, ઇન્સાફની રીતે દરેક વાતને લખે. આપણા માટે તો નમાઝે જુમ્મા અને જમાઅતના માટે પણ ઇમામનું આદિલ હોવું જરૂરી છે.

મરઝએ તકલીદ અને રેહબરે ઇન્કિલાબના નિરીક્ષણ હેઠળ બયતુલમાલ તથા નિકાહ અને તલાકના મસાઈલ સુદ્ધાં, આ બધા જ ક્ષેત્રોમાં

ઇન્સાફનું હોવું જરૂરી છે. હુકૂમતે ઇસ્લામીમાં ખબરો-સમાચારોના વિષયમાં પણ ફક્ત આદિલ, નેક પ્રામાણિક ખબરપત્રીઓની ખબરો જ લેવામાં આવશે. ટૂંકમાં ઇસ્લામે અદાલતને (ન્યાયપ્રિયતાને) એક ખાસ મહત્ત્વ આપ્યું છે. ઉપરાંત સમાજના દરેક ક્ષેત્રમાં ઇન્સાની હકો પછી તે સામૂહિક હોય કે વ્યક્તિગત હોય, કૌટુંબિક હોય કે અંગત હોય તેમાં પણ ઇન્સાફનું હોવું અવ્વલ દરજામાં ગણાશે. અર્થવ્યવસ્થા જેમાં રૂપિયો ક્યાંથી આવશે અને કયાં ખર્ચાશે. તે અંગેની બધી જ જવાબદારી મરઝએ તકલીદ અને રેહબરના નિરીક્ષણમાં પરહેઝગાર લોકોને સોંપવામાં આવશે.

## (3) અદ્‌લનું મહત્ત્વ ઇસ્લામી રિવાયતોમાં

પેગંબરે ઇસ્લામ (સલ.) ફરમાવે છે કે "અદાલતની એક પળ સિત્તેર સાલની ઇબાદતથી બેહતર છે. જેમાં વ્યક્તિએ દિવસે રોઝો રાખ્યો હોય અને રાતે જાગતા રહીને અલ્લાહની ઇબાદત કરી હોય."

**પેગંબરે ઇસ્લામ (સલ.)એ એક બીજી હદીસમાં ફરમાવ્યું.**

"એવા રેહબરનો એક દિવસનો અમલ જે તેમણે લોકોમાં ઇન્સાફની સ્થાપના માટે વિતાવ્યો હોય. તે વ્યક્તિના પચાસ વર્ષોની ઇબાદતોથી બેહતર છે. જેણે પોતાના બાલબચ્ચાઓની વચ્ચે રહીને ઇબાદત કરી હોય."

ઇમામ જઅફર સાદીક (અલ.) ફરમાવેછે કે "આદિલ રેહબરની દુઆ રદ નથી થતી." અમીરૂલ

મોઅમેનીન ઇમામ અલી (અલ.) ફરમાવે છે કે અદાલતમાં લોકો માટે ફાયદા છે અને સુન્નતે ખુદાની પેરવી પણ છે. આપ (અલ.) ફરમાવે છે કે “અદાલત જિંદગી છે. અને ઝુલ્મ મોત છે.” (ઇન્સાફ વગર ઇન્સાનની જિંદગીમાં શું લુત્ફ હોઈ શકે ? તાગૂતની હુકૂમતોમાં અત્યારે નાઇન્સાફી પ્રચલિત છે. જુઓ પરહેઝગારો કેટલા પરેશાન છે. અને ઝાલિમો કેટલા બહાદુર બની ગયા છે.) જી હાં ! જે લોકો ઝુલ્મની સામે ઝૂકી જાય છે. તેઓ હકીકતમાં મુડદાં છે.”

## (૪) અદાલત રહમતો લાવે છે :

ઇમામ મુસા કાઝિમ (અલ.)એ ફરમાવ્યું, “કે જમીનમાં અદાલતની સ્થાપના સાથે અલ્લાહની હદોને કાયમ કરવાથી તે જીવતી થઈ જશે.”

ઇન્સાફ ખુદાની રહમતો લાવે છે. ઇન્સાફ માટે અલ્લાહની હદોને કાયમ કરવાથી ઇન્સાનોની જિંદગીમાં ચેન-સૂકુન પેદા થશે. (હુદુદુલ્લાહ = અલ્લાહની હદો એટલે કુર્આન અને સુન્નતે માસુમીન (અલ.)ના હુકમો પ્રમાણે તમામ ગુનાહોની સઝા આપવી.)

# પ્રકરણ : ૧૯ : અદાલતની સ્થાપના કરવી અંબિયા અલયહેમુસ્સલામની જિંદગીનો મકસદ

કુર્આને અંબિયાઓ માટે કેટલીક ઝિમ્મેદારીઓનું વર્ણન ફરમાવ્યું છે. તેમાંથી એક સમાજમાં ઇન્સાફ કાયમ કરવો. સામૂહિક રીતે અદાલતોની સ્થાપના કરવી. અમે આ માઅસુમ હસ્તીઓના જીવન પ્રસંગોના કેટલાક નમૂનાઓ અત્રે રજૂ કરીએ છીએ.

(૧) લોકોને ખુદાની બંદગી તરફ દઅ્વત દેવી અને તાગુતથી (શયાતીનની હુકૂમતો, ખુદા રસુલના દુશ્મનો) દૂર રહેવા સાથે તેનો વિરોધ કરવો. **અલ્લાહતઆલા સુરએ નહલમાં ઇરશાદ ફરમાવે છે.**

**વલકદ બઅષના ફી કુલ્લે ઉમ્મતીર રસુલન અનીઅ્બોદુલ્લાહઅ્ વજતનીબુત્તાગુત, ફમિન્હુમ મનહદલ્લાહો વમિન્હુમ મનહક્કત અલયહિઝ્ઝલાલતો ફસીરૂ ફિલઅર્ઝે ફનઝોરૂ કયફઅ્ કાનઅ્ આકેબતુલ મોકઝ્ઝેબીન.**

(આયત નં. ૩૬)

**અર્થાત્ :** "અને ખરે જ ! અમોએ પ્રત્યેક ઉમ્મતમાં આ સંદેશા સાથે એક એક રસૂલ મોકલ્યા કે અલ્લાહની ઇબાદત કરો, અને તાગુતને તજી દો, પછી તેઓમાંથી કેટલોકોને અલ્લાહે હિદાયત અર્પણ કરી અને કેટલાકો ગૂમરાહીને પાત્ર ઠર્યા. માટે તમે પૃથ્વીમાં હરો ફરો, પછી ધ્યાનપૂર્વક નિહાળો, રસૂલોને જુઠલાવનારાઓનું કેવું પરિણામ આવ્યું."

મતલબ તમામ અંબિયા પોતપોતાની ઉમ્મતને આ વાતની દઅ્વત આપતા રહ્યા કે ખુદાની બંદગી કરો, તેના જ કાનૂનોને જિંદગીનો રસ્તો બનાવો. તાગુતથી દૂર રહો, તાગુતથી નફરત કરો.

(૨) લોકોને ડરાવવું અને ખુશખબરી આપવી એ પણ અંબિયાનું કાર્ય હતું.

**સુરએ બકરહમાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે.**

**"ઇન્ના અરસલનાકઅ્ બિલહક્કે બશીરંવ વ નઝીરા"**

(આયત નં. ૧૧૯)

**અર્થાત્** : "અમે નિ:સંશય ! આપને હકની સાથે ખુશખબરી આપનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યા."

જેથી આપ લોકોને ગુનાહ, ફસાદ, ઝુલ્મ, જુઠ અને આખેરતના અઝાબથી ડરાવો અને બીજી તરફ ખુદાના વાયદાઓ તરફ લોકોને ખુશખબરી આપો.

(૩) લોકોની તાલીમો તરબીયત (શિક્ષણ-પ્રશિક્ષણ) માટે દુનિયામાં અંબિયાને મોકલવામાં આવ્યા.

**અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત સુરએ જુમામાં ઇરશાદ ફરમાવે છે.**

**હોવલ્લઝી બઅષઅ્ ફીલ ઉમ્મીય્યીનઅ્ રસૂલમ મિન્હુમ યત્લુ અલયહીમ આયાતેહી વયોઝકકીહીમ વયોઅલ્લેમોહોમુલ કિતાબઅ્ વલહિકમત.**

(આયત નં. ૨)

**અર્થાત્ :** "તે જ છે (ખુદા) જેણે મક્કાના અભણોમાં એક રસૂલ તેઓમાંથી જ મોકલ્યા. જે તેમને આયતો પઢીને સંભળાવે છે, તથા તેમના જાહેર અને

બાતિનને (જાહેર એટલે શરીરની, કપડાંની પાકી ચેહરા, મોઢા વગેરેની સુંદરતા સફાઈ. બાતીન એટલે અંતરાત્મા-નફસની પાકી-દીલની પાકી-વિચારોની પાકી, આમાલની પાકી વગેરે વગેરે) પાક કરે છે. અને તેમને કુર્આન તથા હિકમતનું શિક્ષણ આપે છે.”

(૪) દરેક પ્રકારની કેદબંદીના (જહાલતની - કુફ્રની) વિરુદ્ધ દોડધૂપ અને કોશિશ કરે છે જૂનવાણી-જીર્ણ અને ખરાબ આદતો તથા એવા જ રિવાજોની ઝંજીરોમાં જકડાયેલી ઇન્સાનિયતને આઝાદ કરે છે. અને એ જ એમનો મકસદે હયાત છે. જીવન-ધ્યેય છે.

**અલ્લાહતઆલા સુરએ આઅરાફમાં ફરમાવે છે :**

**યાઅ્મોરોહુમ બિલમઅ્રૂફ વયનહાહુમ અનીલ મુનકરે વયોહીલ્લો લહોમુત્તય્યેબાતે વયોહર્રેમો અલયહેમુલ ખાબાઈષઅ્ વયઝઓ અનહુમ ઇસરહુમ વલ અગલાલલ્લતી કાનત અલયહીમ.**

(આયત નં. ૧૫૭)

**અર્થાત્ :** “નબી તેમને નેકીની આજ્ઞા કરે છે તથા બદીથી મનાઈ કરે છે. તથા પવિત્ર વસ્તુઓ તેમના માટે હલાલ અને નાપાક વસ્તુઓ તેમના માટે હરામ ઠેરવે છે. એ તેમના ગુનાહોનો બોજો તથા તે બેડીઓ જે તેમના ગળામાં પડી હતી તે દૂર કરે છે.” ઇન્સાનોની ભલાઈ માટે, ઇન્સાનિયતને સુખી બનાવવા માટે તેમની ઇસ્લાહનો બોજો નબીઓ ઉપાડતા હોય છે. નબીઓ નાપાકી એ જહાલતની ઝંજીરોમાં ઝકડાયેલી ઇન્સાનિયતને બહાર લાવે છે.

આ ઘણો ભારે વજન છે. જે અંબિયા ઉઠાવતા હોય છે.

(૫) પોતાના જમાનાના બનાવટી, જુઠ્ઠા અને ઝાલીમ રેહબરોને ઊઘાડા પાડવા. તેઓની ગૂમરાહીને સમાજની સામે જાહેર કરવી. તેઓની અવજ્ઞાકારી ભૂલોને તેમની છાતી સામે તેમને બતાવવી. તેઓને ઝાલીમ અને રૂસ્વા કરવા વગેરે અંબિયાના કાર્યો છે. ફિરઓનો, કારૂનો, નમરૂદો, હામાનો, શદ્દાદો, અબુજહલો, અબુલહબો અને યઝીદો જેવા નાપાક અને ઇન્સાનિયતના દુશ્મનોનો બેટોક મુકાબલો કરવો આ અંબિયા અને અવસીયાના કાર્યો છે.

**અલ્લાહતઆલા સુરએ અનઆમમાં ફરમાવે છે,**

**વકઝાલેકઅ્ નોફસ્સેલુલ આયાતે વલેતસ્તબીનઅ્ સબીલુલ મુજરેમીન.**

(આયત નં. ૫૫)

**અર્થાત્** : “અને અમે અમારી આયતોને વિગતવાર વર્ણવીએ છીએ જેથી મુજરીમોનો તરીકો જાહેર થઈ જાય.” (ગુનેહગારોનો રસ્તો બધા ઉપર જાહેર થઈ જાય)

(૬) અંબિયાનો છઠ્ઠો મકસદ એક એવા પાકપાકીઝા સમાજની સ્થાપના કરવી છે. જેમાં લોકો અદ્લ અને ઇન્સાફની સાથે જિંદગી બસર કરે, સાથે તમામ કૌટુંબિક, સામૂહિક રાજકીય અને આર્થિક મસઅલાઓમાં દોસ્ત અને દુશ્મન બંને સાથે ઇન્સાફથી વ્યવહાર કરે. અંબિયા અને અવસીયાનો મકસદ આ હોય છે કે તેઓ લોકોમાં ખુદા અને

કયામત ઉપર ઇમાન પેદા કરે. લોકોનો દરેક વાતને વિચારવાનો તરીકો અને અંદાઝ એવી રીતે બદલી નાખે કે લોકો માણસાઈને, ઇન્સાનિયતને દૃષ્ટિ સમક્ષ રાખીને જીવનના બધા જ ક્ષેત્રોમાં વિચારતા થાય. સ્વયં લોકો પોતાને અદાલતની તરફ લઈ જાય. અદ્લ ઉપર આધારિત સમાજ તૈયાર થાય.

**અલ્લાહતઆલા સૂરએ હદીદમાં ઇરશાદ ફરમાવે છે,**

**લકદ અરસલના રોસોલના બિલબય્યેનાતે**

**વઅનઝલના મઅહોમુલ કેતાબઅ્ વલમીઝાનઅ્**

**લેયકુમન્નાસો બિલ્કીસ્તે**

(આયત નં. ૨૫)

**અર્થાત્** : "નિ:સંશય અમે અમારા રસૂલોને સ્પષ્ટ દલીલો સાથે મોકલ્યા. અને તેમની સાથે કિતાબ

અને મિઝાન (ત્રાજવું) નાઝિલ ફરમાવી. જેથી લોકો અદ્લ ઉપર કાયમ રહે."

અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત ઇચ્છે કે લોકોમાં એક આદિલ સમાજ તૈયાર થાય. આ કાર્ય અંબિયા અને અવસીયાને સોંપવામાં આવ્યું કે તેઓ આવા સુંદર સમાજની રચના કરે. આદિલ સમાજની રચના માટે એક રૂહાની, વાસ્તવિક, અસલી કુદરતની પણ જરૂરત છે. આ રૂહાની કુદરત અંબિયા અને અવસીયાને આપવામાં આવે છે. આ રૂહાની કુદરતની સાથે માદ્દ કુવ્વતની (ભૌતિક શક્તિની) પણ જરૂરત હોય છે. તેથી આ જ આયતમાં બંને પ્રકારની શક્તિઓ તરફ ઇશારો કર્યો છે.

બય્યેનાત (સ્પષ્ટ દલીલ), કિતાબ અને મિઝાન (તરાઝુ – અદ્‌લો ઇન્સાફ) દરેક પ્રકારનો ઇન્સાફ કાયમ કરવા એક રૂહાની શક્તિ છે. પછી ફરમાવ્યું.

**વઅનઝલનલ હદીદઅ્ ફીહે બાઅ્સુન શદીદુંવ**
**વમનાફેઓ લિન્નાસે વલેયાઅ્લમલ્લાહો**
**મંય્યનસોરોહુ વ રસુલહુ બિલગયબ.**

(સુરએ હદીદ આયત નં. ૨૫)

**અર્થાત્** : અને અમે લોખંડ નાઝિલ કર્યું. જેમાં લડાઈનું સખત બળ છે. સાથે લોકોના માટે લાભો પણ. તે એટલા માટે કે અલ્લાહ જાણી લે કે તેને જોયા વિના તેની અને તેના રસૂલોની કોણ સહાય કરે છે.

**એ જ આયતમાં છેલ્લા વાક્યમાં અલ્લાહ ફરમાવે છે કે,**

**ઈન્નલ્લાહઅ્ કવીય્યુન અઝીઝ.**

**અર્થાત્** : “નિ:સંશય અલ્લાહ મહા બળવાન અને સમર્થ છે.”

તાગુતી શક્તિઓ જેઓ હંમેશા સમાજમાં ફસાદ ઇચ્છે છે, તેઓ જાણી લે કે અગર તમારી ઝીદ અને હઠધર્મીએ ઇન્સાનિયતમાં ઇન્સાફ સ્થાપિત કરવાનો અમારો રસ્તો રોકવાની કોશિશ કરી તો અમે રૂહાની શક્તિ સાથે ભૌતિક શક્તિનો પણ ઉપયોગ કરીને અમારા રસ્તાના પથ્થરોને ફોડી નાખીશું. પરંતુ સમાજમાં ઇન્સાનિયત અને ઇન્સાફને કાયમ કરીશું.

આપણી વાત અહીં પરિપૂર્ણ થાય છે કે સામાજિક ઇન્સાફ કાયમ કરવો અંબિયાના મકસદોમાંથી એક મકસદ છે.

# પ્રકરણ : ૨૦ : સામાજિક ઇન્સાફના કેટલાક નમૂના

**(૧) ઇમાનની દલીલો સમાનતાની બુનિયાદ ઉપર : અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી (અલ.) જ્યારે જાહેરી ખિલાફત ઉપર બિરાજમાન હતા ત્યારે આ આક્ષેપ કરવામાં આવતો હતો.**

**આપ માલની સરખી રીતે - સમાન ધોરણે વહેંચણી કેમ કરો છો ?**

**તેના જવાબમાં આપે ફરમાવ્યું,**

(નહજૂલ બલાગાહ ખુતબા નં. ૧૨૬)

જો આ માલ મારો અંગત માલ હોત તો પણ હું તેની સમાન ધોરણે વહેંચણી કરત. જ્યારે કે

આ તો ખુદાનો માલ છે. જેમાં બધાંનો જ સરખો ભાગ છે. આ માલમાં બધા જ લોકોનો હક છે.

જે વ્યક્તિ માલને અયોગ્ય રીતે ખર્ચ કરે, તો તેણે માલમાં ફૂઝૂલખર્ચી કરી, અપવ્યય કર્યો, નકામો ખર્ચ કર્યો.

કુર્આને બેહુદા કાર્યોમાં નકામો ખર્ચ કરનારાઓને શયતાનના ભાઈ કહ્યા છે.

**સુરએ બની ઇસરાઈલમાં ઇરશાદે ઇલાહી છે.**

**"ઇન્નલ મોબઝઝેરીનઅ્ કાનુ ઇખવાનશ્શયાતીને વ કાનશ્શયતાનો લેરબ્બેહી કફૂરા."**

(આયત નં. ૨૭)

"નિ:શંસય ઉડાઉ ખર્ચ કરનારા શેતાનોના ભાઈબંધો છે. અને શેતાન પોતાના પરવરદિગારનો હંમેશથી અનુપકારી છે."

માલની અસમાન વહેંચણી સમાજમાં અસમાનતા ઊભી કરે છે. કેટલાક અતિ માલદાર તો કેટલાક અતિ ગરીબ બની જાય છે. જેથી દુનિયાપરસ્ત લોકોના ટોળાંઓ આવા ઇન્સાનોની આસપાસ ચક્કર લગાવતા ફરે છે. જેઓ ચાપલુસી અને બિનજરૂરી વખાણ કરીને માલ મેળવવાની કોશિશ કરે છે. આ રીતે ઇન્સાનો બારગાહે અદ્લ ઇલાહીથી હઠીને અન્યોની સામે મોથું ઝુકાવતા નતમસ્તક બનતા થઈ જાય છે. મતલબ માલની અસમાન વહેંચણી ઇન્સાનોને ચાપલુસી કરનારા, શરમીંદા પણ બનાવે છે.

ઇમામ અલી (અલ.) ફરમાવે છે કે જો ઇન્સાન પોતાના માલને અયોગ્ય જગ્યાએ ખર્ચ કરે અથવા અયોગ્ય વ્યક્તિને આપે તો ખુદાવંદે આલમ

તેને તે લોકોના વખાણથી પણ વંચિત કરી દે છે. જેઓએ એના માલને હક વગર લીધો હોય છે. બલકે ઇતિહાસ વહેલો મોડો પુનરાવર્તિત થાય છે અને સમગ્ર પરિસ્થિતિ બદલાઈ જાય છે. ત્યારે તે જ વખાણ કરનારા તે ઇન્સાનથી નફરત કરતા થઈ જાય છે. તેઓ કોઈ બીજાની મહબ્બતને દીલમાં જગ્યા આપી દે છે.

એવો વ્યક્તિ જે દવલતને અયોગ્ય જગ્યાએ ખર્ચ કરે. ન તો તે અલ્લાહની દૃષ્ટિમાં ઇઝ્ઝતવાળો છે ન તો તે દુનિયાપરસ્ત લોકોની સમક્ષ. જેઓ તેની આસપાસ વિંટળાયા કરતા હતા તથા તેની ફૂઝૂલખર્ચીનો ફાયદો ઊઠાવતા હતા. અત્યારે તો આવા ચાપલૂસી કરનારા તેની સાથે પોતાની મહબ્બત જાહેર કરે છે. પરંતુ જો તેના ઉપર

બદબખ્તીના-ખરાબ દિવસો આવ્યા તો આ લોકો તેને છોડી દેશે, અરે ! તેના દુશ્મન બની જશે.

**(૨) તે પરિસ્થિતિ  જ્યારે ઇસ્લામી અદાલત દવલતનો કબજો લઈ લે છે.**

પેગંબરે ઇસ્લામના જમાનાથી જેમ જેમ વખત ગુજરતો ગયો. ઇસ્લામ અને અદ્‌લથી લોકો દૂર થતા ગયા. કારણ ફક્ત આ જ હતું કે પેગંબર પછી તરત આવનારી હુકૂમતોએ માલની વહેંચણીમાં સમાનતાનો સિદ્ધાંત ન સ્વીકાર્યો, સમાજમાં બે વર્ગો ઊભા થઈ ગયા. અતિશય ધનાઢ્ય અને અતિશય ગરીબ. હુકૂમતનો માલ આ લોકો પોતાના ચમચાઓને ભરપુર આપી દેતા. પ્રામાણિકપણે સાચી ટીકા કરનારાઓને તેના હકથી વંચિત કરી દેતા. બસ, ચાપલૂસીઓ માલદાર થતા

ગયા. ધીમે ધીમે પરિસ્થિતિ વધારે બગડતી ગઈ. અહીં સુધી કે ઉસ્માનનો જમાનો આવ્યો. ઉસ્માને તો હદ કરી દીધી. હુકૂમતનો બેહિસાબ માલ પોતાના સગાંઓ અને દોસ્તોને વહેંચી દીધો. ઘણીબધી જમીનો પણ તેમના કબજામાં આપી દીધી.

ઉસ્માનની આવા પ્રકારની નીતિથી સમાજના ટૂકડા ટૂકડા થઈ ગયા હતા. આવા પ્રકારની અસમાનતા અને નાઈન્સાફીના કારણે લોકો એમનાથી નારાઝ થઈ ગયા. અહીં સુધી કે તેમને કતલ કરી નાખ્યા. શીયા સુન્ની તમામ ઇતિહાસકારોએ કબૂલ્યું છે કે ઉસ્માનની મોતનું કારણ તેમનો સગાંવાદ છે, છેવટે કંટાળીને લોકોએ હઝરત અલી (અલ.)ના હાથ ઉપર બયઅત કરી લીધી.

હવે હઝરત અલી (અલ.)ની હુકૂમત આવી. તમામ ગલત રસ્મરિવાજો હઠાવી દેવામાં આવ્યા. સમાનતાના ધોરણે માલની વહેંચણી શરૂ કરવામાં આવી. એટલું જ નહિ પરંતુ આગળની ત્રણે હુકૂમતો અબુબકર, ઉમર અને ઉસ્માનના સમયગાળામાં જે ગલત વહેંચણીઓ થઈ હતી, જે જમીનોને ગલત રીતે ઉસ્માને પોતાના સગાંઓને આપી દીધી હતી. તે બધો જ માલ અને જમીનો પરત લઈ લેવા માટેની યોગ્ય કાર્યવાહી શરૂ થઈ. અસમાનતા દૂર કરી સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયો. અદ્‌લે ઇલાહી અને સુન્નતે રસૂલ ઉપર અમલ શરૂ થયો. પાછળના પચ્ચીસ વરસોની હુકૂમતોમાં અદ્‌લે ઇલાહી અને સુન્નતે રસૂલની છડેચોક અવગણના થઈ હતી. ઉમરના જમાનામાં તો જુદા જુદા બહાના બનાવીને

અસમાનતાને જાઈઝ બનાવવાના નૂસખા અજમાવવામાં આવ્યા હતા.

હઝરત અલી (અલ.) એ નવેસરથી અદ્‌લે ઇલાહી અને સુન્નતે રસૂલ ઉપર અમલ શરૂ કર્યો. ઇમામનો આ એક ઇન્કિલાબી અમલ હતો.

**અમીરૂલ મોઅમેનીન (અલ.)એ ફરમાવ્યું,**

“ખુદાની કસમ ! બેહિસાબ માલ અને જમીનો જે ઉસ્માને પોતાની ડાબી-જમણી બેસનારાઓને તથા પોતાના સગાંઓને અને દોસ્ત બિરાદરોને બક્ષિસ આપેલી છે. અહીં સુધી કે તે માલ કનીજોની ખરીદારી અને ઓરતોની મહેરમાં ખર્ચ કરવામાં આવ્યો હોય તો પણ હું તેને પાછો લઈ બયતુલમાલમાં પરત કરીશ.”

(નહ્જૂલ બલાગાહ ખુતબા નં. ૧૫)

ઇમામે ફરમાવ્યું, “ખુદાની કસમ ! અરબ અને અજમમાં (અજમ એટલે અરબસ્તાન સિવાયના બીજા મુલકો, શબ્દાર્થની દૃષ્ટિએ અઝમ એટલે ગુંગા થાય છે. અરબો ઘમંડમાં બીનઅરબોને અજમી કહેતા. અહીં અજમી એટલે બિનઅરબી લોકો) કોઈ ફરક નથી.”

બે સ્ત્રીઓ હઝરત અલી (અલ.)ની સેવામાં બયતુલમાલમાંથી ભાગ લેવા આવી. તેમાંથી એક સ્ત્રી અરબી હતી અને બીજી અઝમી. ઇમામે પોતાના હંમેશાના તરીકા મુજબ અદ્લે ઇલાહી પ્રમાણે બંને સ્ત્રીઓને સરખો ભાગ આપ્યો.

**(૩) પ્રથમ ત્રણ ખિલાફતોમાં ઉડેલી સમાનતાની ધજ્જીઓ**

હઝરત ઉમરે આ કાનૂન લાગુ કરેલો કે કોઈપણ બિન અરબ અરબનો વારિસ બની નથી શકતો, જ્યાં સુધી તે વારસદાર અરબસ્તાનની હદોમાં પેદા ન થયો હોય. (મોઅત્તા ઈમામ માલિક ભાગ-૨, પ્રકાશન કાહેરા, પેજ નં. ૬૦)

એહલે સુન્નતની શરીઅત પોતાના આંરભકાળથી એક બિન અરબને અરબી ઔરત સાથે શાદી કરવાની છૂટ નથી આપતી.

ન તો એક બિન કુરૈશી અથવા બિન હાશિમી પુરુષ કોઈ હાશિમી અથવા કુરૈશી, ઔરતથી શાદી કરી શકે છે. મતલબ નથી કરી શકતો.

શાફેઈ ફિકહ પ્રમાણે એક ગુલામ આઝાદ થયા પછી પણ આઝાદ સ્ત્રી સાથે લગ્ન નથી કરી શકતો. (અલઈફકાહ અલલ મઝાહિબિલ અરબાઅ, અબ્દુર્રેહમાન અલ જઝાઈરી, ભાગ-૪, પેજ નં. ૬૦. પ્રકાશન બૈરૂત ઈ.સ. ૧૯૬૯)

ઉપરોક્ત હુકમો અને કાનૂનો નબી (સ.અ.વ.)ની પ્રખ્યાત હદીસના વિરુદ્ધ લાગુ કરવામાં આવ્યા. નબી (સ.અ.વ.)ની હદીસ આ મુજબ છે –

“ન તો અરબને બિન અરબ ઉપર શ્રેષ્ઠતા છે, ન ગોરાને કાળા ઉપર, સિવાય કે તે મુત્તકી હોય. બધાય આદમના સંતાનો છે અને આદમ માટીમાંથી બન્યા હતા.”

(દુર્રે મન્સુર અલ્લામા સીયુતી, ભાગ-૬, પેજ નં. ૯૮)

નબી (સ.અ.વ.)એ સ્થાપિત કરેલા સમાનતાના સ્પષ્ટ ઉદાહરણોની ધરાર અવગણના કરીને, આપ (સ.અ.વ.)ની હદીસની ઐસી તૈસી કરીને આપવામાં આવેલા આવા હુકમોમાં લોકશાહીની ઘોર ખોદવામાં આવી હતી.

જ્યારે કે નબી (સ.અ.વ.)એ પોતાની ફોઈની દીકરીના (ફોઈ બહેનના) નિકાહ પોતે આઝાદ કરેલા ગુલામ ઝયદ બિન હારેસાની સાથે કર્યા હતા અને અબ્દુર્રેહમાન બિન ઔફની બહેનને (એક કુરૈશની સ્ત્રીને) આઝાદ થયેલા ગુલામના નિકાહમાં આપવામાં આવી હતી. જેમનું પ્રખ્યાત નામ બિલાલ છે. (ઝાદુલ મઆદ, ઇબ્ન કય્યીમ, ભાગ-૪, પેજ નં. ૨૨, પ્રકાશન કાહેરા-૧૯૫૦) (કીતાબ ઇમામતમાંથી અનુવાદક)

## (૪) સમાનતા અને ઇસ્લામિક દૃષ્ટિબિંદુ

શીયા શરીઅત સાફ સાફ કહે છે એક આઝાદ સ્ત્રી એક ગુલામ સાથે, એક અરબ સ્ત્રી એક બિન અરબ પુરુષ સાથે, એક હાશિમી સ્ત્રી એક બિન હાશિમી પુરુષ સાથે શાદી કરી શકે છે. અને એનાથી ઉલટુ એક ગુલામ સ્ત્રી સાથે એક આઝાદ પુરુષ, એક બિન અરબી સ્ત્રી સાથે અરબ પુરુષ, એક બિન હાશિમી સ્ત્રી સાથે એક હાશિમી પુરુષ શાદી કરી શકે છે.

એવી જ રીતે એક શિક્ષિત અથવા ધનવાન કુટુંબની સ્ત્રી એક અશિક્ષિત અને ગરીબ પુરુષ સાથે લગ્ન કરી શકે છે. ભલે તે પુરુષ સામાન્ય રીતે ઇઝ્ઝતની દૃષ્ટિએ ન જોવામાં આવતો હોય. (શરાયેઉલ ઇસ્લામ, મોહક્કીક હિલ્લી,

કીતાબુન્નીકાહ, ભાગ-પ, પ્રકાશન નઝફ. ઈ.સ. ૧૯૬૯, પેજ નં. ૩00. મિન્હાજુસ - સાલેહીન સૈયદ મોહિસનુલ હકીમ, જિ.૨)

તે લોકો જેઓ ઇસ્લામી સજ્જનતા અને સદાચારને હજી અડક્યા ન હતા અથવા ઇસ્લામી સદાચાર અને સજ્જનતા હજી તેમને અડકી ન હતી. તેઓમાં ઇમામ અલી (અલ.)ની અદાલતને સહન કરવાની શક્તિ ન હતી. જો કે કહેવાની રીતે તો આ લોકો સહાબીઓ કહેવાતા હતા. પરંતુ પેગંબરે ઇસ્લામની વફાત પછીની ત્રણ ખિલાફતોના ૨૫ વર્ષોની નાજાઈઝ વહેંચણીએ આ કહેવાતા સહાબીઓને ભૌતિકવાદી બનાવી દીધા હતા. તેઓએ આપ ઉપર આક્ષેપો કર્યા. કહ્યું, “આપ

અરબ અને અઝમને સમાન ગણીને સમાન વહેંચણી કરો છો ?

**ઇમામે ફરમાવ્યું,**

**“હું કોઈ ફરક સમજતો નથી.”**

(વસાએલુશ્શીયા ભાગ-૧૧ પેજ નં. ૧૮)

ઘણે ભાગે હઝરત અલી અલયહીસ્લામને લોકોના જુદા જુદા સમૂહોમાં આ જ કારણથી આક્ષેપોના શિકાર થવું પડતું હતું. સમાજના બધા જ સમૂહોને સમાન ધોરણે સરખા હક આપવાના કારણે આવા આત્મપ્રશંસી, સ્વાર્થી, મતલબી, ખુદગર્ઝ અને તાગુત (શયતાન, શયતાનના સાથીદારો, સીફત = ગુણ / મલામત કરવી = ડાંટ ડપટ કરવું, ધૂતકારવું, ફિટકાર કરવી વગેરે.) સીફત લોકોના આક્ષેપોના શિકાર થવું પડતું હતું. પરંતુ આવા

આક્ષેપો આપને કદીપણ તવહીદ અને અદાલતની હદથી ચલિત કરી શક્યા નથી. આ દબાણ તો એવા લોકો તરફથી હતું જેઓ રસૂલની સોબતમાં રહી ચૂક્યા હતા. પહાડ જેવો માણસ પણ આ જગ્યાએ ઢીલો પડી જાય.

કુર્આનના ઇરશાદ મુજબ આપ તે લોકોમાંથી હતા. જેમના ઉપર અનુચિત - અયોગ્ય ડાંટડપટ કે મ્હેણાંટોણાં, બેઈઝ્ઝતી કે ધૂત્કારની કોઈ અસર ન થાય.

**વલાયખાફૂનઅ્ લવમતઅ્ લાએમીન.**

(સુરએ માએદહ આયત નં. ૫૪)

**અર્થાત્** : "તેઓ કોઈ મલામત કરવાવાળાની મલામતની પરવા ન કરશે."

# પ્રકરણ : ૨૧ : મરેલાઓની ગણતરી

ઇસ્લામ પહેલાં અરબોની જહાલત પ્રખ્યાત હતી. કબીલાઓની અંદર-અંદરની લડાઈઓ મારામારી, કાપાકાપી પ્રખ્યાત હતી. એક કબીલાનો માણસ બીજા કબીલાના કોઈ વ્યક્તિનું ખૂન કરતો તો પેલા કબીલાવાળા તેનો બદલો અવશ્ય લેતા. પછી આ બદલો લેવાનું ચક્કર પેઢીઓ સુધી ચાલતું.

જો બાપ ઘરડો થઈ જાય અને પેલા કબીલા પાસેથી બદલો ન લઈ શકે તો પોતાના નાના બાળકોને લઈને પેલા કબીલાની વ્યક્તિઓની ઓળખ આપતો. કે જો બેટા હું મરી જાઉં અને આ વ્યક્તિને મારી ન શકું તો મારા પછી તારે જરૂરથી

તેને મારી નાખવાનો છે. તે તારા દાદાનો કે કાકાનો ખૂની છે. પોતાના નાના-નાના બાળકોને આવી ઓળખ આપતા. અરબો હદ દરજાના જાહીલ હતા.

સફર દરમિયાન જો કોઈનો ઊંટ પોતાના ઊંટ કરતા આગળ થઈ જાય તો તે ઊંટને મારી નાખતા. પછી ઊંટના બદલામાં ઇન્સાનોની કતલ થતી. તે પણ પેઢીઓ સુધી ચાલતી. અરબો અતિઘમંડી હતા. દીકરીના જન્મ પર નારાજ થઈ જતા. એટલા માટે કે જમાઈ સામે પોતે નીચા નમવું પડે. કોઈને પોતાનો જમાઈ બનાવવાનું પસંદ ન કરતા. જેથી દીકરીને જીવતી દાટી દેતા. આવા જાહીલોને સુધારવાનું અતિ કપરું કાર્ય પેગંબરે ઇસ્લામ અને હઝરત અલી (અલ.)એ કર્યું છે.

ઇસ્લામ પહેલાંના જમાનાને જમાનએ જાહીલીયત કહેવામાં આવે છે. અજ્ઞાનતાનો યુગ. આ જાહિલીયતમાં કબીલાના માણસોનું સંખ્યાબળ વધારે હોવાનું પણ હતું. અમારો કબીલો એક હજારનો છે. વળી બીજા કબીલાવાળા ઘમંડમાં કહેતા અરે અમારા કબીલાની સંખ્યા ત્રણ હજારની છે. આ ચડસાચડસી અને ગરૂર અહીં સુધી પહોંચી ગયું હતું કે તેઓ પોતાના મરેલા માણસોની સંખ્યા ઉપર પણ ફખર કરતા. આ જીવતા મરેલા બંનેની સંખ્યા ભેગી કરીને તેના ઉપર ફખર કરતા. કે કયા કબીલાનું સંખ્યાબળ વધારે છે. અલ્લાહતઆલાએ તેઓની આ જાહિલીય્યતની ટીકા કરી છે.

**અલ્લાહતઆલા સુરા તકાશુરમાં ફરમાવે છે,**

**અલહાકોમુત્તકાશોરો**

સંતાન અને સંપત્તિના વધારાની ઇચ્છાએ તમને અલ્લાહની યાદથી ગાફિલ કરી દીધા ?

## હત્તા ઝૂરતોમુલ મકાબીર

અહીં સુધી કે તમે કબ્રસ્તાનોમાં જઈ પહોંચ્યા ?

સંખ્યાબળના વધારે હોવાની ચાહતે તમને મૃતકોની સંખ્યા ઉપર ઘમંડ કરતા કરી દીધા ? કે તમે તમારા મૃતકોની સંખ્યાની ગણતરી કરતા ફરો છો ? કબરોની ગણતરી કરો છો ? વળી પાછા આ બાબત ઘમંડ કરો છો ?

હઝરત અલી (અલ.)એ નહજૂલ બલાગાહના ખુતબા નંબર ૨૨૧માં ઉપરોક્ત આયત પઢીને આ પ્રકારના ઘમંડની ખૂબ જ ઝાટકણી કાઢી છે. ઇસ્લામમાં દાખલ થયા પછી

પણ અરબોની આ બીમારી સંપૂર્ણપણે દૂર થઈ ન હતી.

એક વખત એક જલસામાં જેમાં દરેક વ્યક્તિ પોતાના કબીલા, પોતાના વંશ ઉપર અને ખાનદાનના વિષયમાં વાતચીત કરી રહ્યા હતા. સાથે ઘમંડ પણ કરતા હતા. ત્યાં હઝરત સલમાન ફારસીનો વારો આવ્યો. (હઝરત સલમાન તો ઇરાનના વતની હતા. અરબમાં એમનો કોેઈ કબીલો કે ખાનદાન જ ન હતું. એકલા અટૂલા હતા.) અરબો વિચારી રહ્યા હતા કે સલમાન કોઈ પ્રખ્યાત કબીલાથી સંબંધ નથી ધરાવતા જેથી ઘણા જ શરમ અનુભવશે. પરંતુ સલમાન કોણ ? ઇસ્લામના તે સુપુત્ર જેઓ ઇસ્લામની સજ્જનતા અને ઇસ્લામી સદાચારના પ્રવર્તક હતા. આપે ઊંચા સ્વરે બહાદુરીપૂર્વક ફરમાવ્યું મને સગાઈસંબંધથી કોઈ લેવાદેવા નથી. એવા

સંખ્યાબળને હું કંઈજ મહત્ત્વ  આપતો નથી. આવી માન્યતા જહાલતથી વિશેષ કંઈ જ નથી. હું તો ફક્ત આટલું સમજું છું કે હું ગુમરાહ હતો. હઝરત મોહંમદ (સલ.)ના દ્વારા મને હિદાયત મળી. જે ચીજ મારી દૃષ્ટિમાં અતિ મહત્ત્વની છે તે આ છે, જેને ઇમાન કહેવાય છે. બસ. (સફીનતુલ બહાર ભાગ-૨ પેજ નં. ૩૪૮)

હઝરત સલમાને પોતાના વિદ્વતાભર્યા જવાબથી પેલા જાહીલોના જુઠ્ઠા ફખર, ઘમંડ અને ધોકાબાજીઓને નિરર્થક બનાવી દીધી. તેમની બધી જ જહાલતભરી વિશેષતાઓની ધજ્જીઓ ઊડાવી દીધી. અને ઇસ્લામ અને ખુદાવંદે આલમની દૃષ્ટિમાં બધા જ એક સરખા છે. એવા ઇસ્લામના સમાનતાના મસઅલાને ખૂબીપૂર્વક વર્ણવી દીધો.

# પ્રકરણ : ૨૨ : લોકોને ખરીદવાની ઇમામને સલાહ (ભ્રષ્ટાચાર કરો)

**(૧) સમય પ્રમાણે ચાલનારા, પવનની દિશા જોઈને સૂપડું ફેરવનારા, ફાયદો જોઈને ઇમાન વેચનારાઓનું એક ટોળું ઇમામ અલી (અલ.)ની પાસે આવે છે. ઇમામને સલાહ આપે છે.**

"આપ અરબસ્તાન અને કુરૈશના પ્રખ્યાત અને વગદાર લોકોને માલમાંથી વધારે ભાગ આપી રાજી રાખો. આ રીતે તેઓને તમારી ડાબી-જમણી ફરતા રાખો. તેઓ તમારી આસપાસ વીંટળાયા કરે. જો આપ તેમને ગુલામો અને અજમીઓ (બિન અરબ) કરતાં વધારે ભાગ નહીં આપો તો શક્ય છે કે તેઓ કામચોરી અને નાફરમાની કરે અથવા

મઆવીયા સાથે ભળી જાય.” (વિચારો કે આવી સલાહ આપનારાઓને દાઢીઓ નહીં હોય ? તેઓ નમાઝ નહીં પઢતા હોય ? અરે ભાઈ ! આ તો સહાબીઓ છે. વિચારો કે પ્રથમ  ત્રણ ખલીફાઓના શાસનકાળમાં આ લોકો કેટલા દુનિયાપરસ્ત બની ગયા ! કેટલા ભ્રષ્ટાચારી બની ગયા ! આ લોકો કોને સલાહ આપી રહ્યા છે. ભ્રષ્ટાચારી બનવાની સલાહ એવી વ્યક્તિને આપી રહ્યા છે, જેનો દરજ્જો પેગંબરે ઇસ્લામ પછી તમામ મખ્લુકમાં સર્વે શ્રેષ્ઠ છે. જે ઇમામના નફસનો સંબંધ અલ્લાહના અર્શ સાથે છે. ખુદાએપાકની કસમ ! દરેક નબીની ઉમ્મતો તેમના નબીની વફાત પછી ગૂમરાહી તરફ ચાલી નીકળી. તે જ પ્રમાણે પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ (સલ.)ની ઉમ્મત પણ આપ

(સલ.)ના ઇન્તિકાલ પછી ગૂમરાહી તરફ ચાલી નીકળી. ઘણા જ થોડા નેકનફસ ઇન્સાનોએ હઝરત અલી (અલ.)ની તાબેદારી કરી.)

ઇમામે ફરમાવ્યું, "શું લોકોને મારા તરફ ખેંચવા માટે હું બયતુલમાલનો ઉપયોગ કરૂં ? શું એમને હું મેહસુલ આપું ? ચોક્કસ જે વ્યક્તિ પૈસા લઈને અમારી તરફદારી (હિમાયત) કરે તે કોઈ બીજી જગ્યાએથી વધારે પૈસા લઈને અમારો વિરોધી પણ બની શકે છે. આપણે ઇસ્લામ અને તેની અદાલતનું રક્ષણ કરવું જોઈએ. અને લોકોને લાલચ આપીને કે ડરાવીને આપણા તરફ ખેંચવાની કોશિશ ન કરીએ. હું કદીપણ એક વ્યક્તિને બીજી વ્યક્તિ ઉપર મહત્ત્વ નથી આપતો. જેની ઇચ્છા

હોય તે અમારી સાથે રહે અને જે જવા માગે તે ચાલ્યો જાય.”

જી; હાં, આ છે ઇમામનો તરીકો કે એક ટોળાને પોતાના ફેવરમાં કરવા – પોતાની તરફ ખેંચવા રાજી નથી. આપ ઇન્સાફની ખિલાફ કોઈ અમલ કરવા તૈયાર નથી.

(બેહારૂલ અનવાર ભાગ-૬૧, જુનુ પ્રકાશન પેજ નં. ૧૦૮)

**(૨) ભાઈચારાનો એક નમૂનો :**

એક બલખી – બલખ શહેરનો રહેવાસી કહે છે કે હું ઇમામ રઝા (અલ.)ની ખિદમતમાં હાજર હતો. જમવાનો સમય થયો. એક દસ્તરખાન બિછાવવામાં આવ્યું. ઇમામે બધા જ ગોરા (અરબો) કાળા (હબસીઓ) ગુલામોને દસ્તરખાન પર

બોલાવ્યા. પછી પોતે પણ તેમની સાથે જ કોઈ પણ જાતની હિચકિચાહટ વગર બેસી ગયા.

ઇમામને સલાહ આપવામાં આવી કે ગુલામોના માટે એક અલગ દસ્તરખાન બીછાવવામાં આવે.

ઇમામ (અલ.)એ ફરમાવ્યું, "અમારો ખુદા એક છે. અને આપણે બધા એક બાપ અને એક માની સંતાન છીએ. જ્યારે ભલાઈ અને બુરાઈનો બદલો તો કયામતમાં છે. તો પછી આવી મોટાઈ શા માટે ?"

(કાફી ભાગ-૮ પેજ નં. ૨૩૦)

જો એક દિવસ આપણે આ જોઈએ કે દરેક વ્યક્તિ ગમે તેટલો મોટો હોદ્દદાર અને દરજ્જો કે વિશેષતા ધરાવતો હોવા છતાં બધા જ લોકોની

સાથે કોઈ પણ જાતના ગર્વ કે ઘમંડ વગર ઊઠતો બેસતો થઈ જાય. જાણે તે દિવસે આપણો સજ્જનતાભર્યો સદાચારી ઇસ્લામી ઇન્કિલાબ ખીલી ઊઠશે.

દરેક મુસલમાન કોઈપણ જાતની ગુરુતાગ્રંથી (એહસાસે બરતરી પોતાને મોટા દરજ્જાના સમજવું) વગર આ પ્રમાણે  કરશે. તે લોકોની સાથે હોય અને લોકોમાંથી હોય, લોકોમાં રહે અને ઇસ્લામી અખ્લાકને પોતાની અંદર સજીવન કરે. ત્યારે તે દરેક વ્યક્તિ જે આપણી સાથે ઊઠકબેઠક રાખશે તે આપણામાંથી આપણી વિચારધારાને ચાહતો થઈ જશે. ઇન્શાઅલ્લાહ.

# પ્રકરણ : ૨૩ : ઇસ્લામમાં સમાનતા

**(૧) સદીઓ વીતી ચૂકી છે. છતાંય વિશ્વમાં કાળાઓ ઉપર ઝુલ્મ ચાલુ છે. યુરોપીયન દેશો લોકતંત્ર અને સમાન નાગરિક ધારાની બૂમરાણો કરે છે. છતાંય આ બાબત વધુ પ્રગતિ સાધી શક્યા નથી. તેમના હમામ, હોટલો, પાર્કો અહીં સુધી કે તેમની હૉસ્પિટલો અને સ્કૂલો અલગ છે.**

ઇસ્લામે ઘણી જ સ્પષ્ટતા સાથે આ તમામ વિશેષતાઓને ખતમ કરીને ફરમાવ્યું,

**"ઇન્ન અકરમકુમ ઇન્દલ્લાહે અતકાકુમ"**

(સુરા હુજરાત આયત નં. ૧૩)

**અર્થાત્ :** "ખુદાની નજીક બાઈઝ્ઝત તે લોકો છે. જેઓ પરહેઝગાર છે."

હાં ! જરૂર ! ખુદાને પસંદ તે લોકો છે જેઓ તેનાથી સૌથી વધારે ડરે છે. પરહેઝગાર લોકો અલ્લાહને પસંદ છે.

જુદા જુદા ચહેરા, મોઢાં, શકલો, કોમો, ભાષાઓ તથા રંગ વગેરેના તફાવતો કુદરતની નિશાનીઓમાંથી છે. આપણા ફાયદા માટે છે. એકબીજાને ઓળખવા માટે છે.

**અલ્લાહતઆલા સૂરએ રોમમાં ફરમાવે છે.**

**વમિનઆયાતેહી ખલકુસ્સમાવાતે વલઅર્ઝે**
**વખ્તેલાફો અલસેનતેકુમ વઅલવાનેકુમ, ઈન્ન**
**ફિઝાલેકઅ્ લઆયાતીલ લિલઆલીમીન.**

(આયત નંબર ૨૨)

**અર્થાત્** : "તેની કુદરતની નિશાનીઓમાંથી આસમાનો અને ઝમીનની પેદાઈશ તથા તમારી

ભિન્ન ભિન્ન ભાષાઓ અને રંગોનું ભિન્ન ભિન્ન હોવું પણ છે. બુદ્ધિશાળીઓ માટે નિ:સંશય એમાં ઘણી નિશાનીઓ છે."

**પેગંબરે ઇસ્લામે હજની છેલ્લી સફરમાં લોકોને એકત્ર કર્યા. પછી ફરમાવ્યું,)**

"તમામ મુસલમાનો જેઓ ભિન્ન ભિન્ન કબીલાઓથી અને કોમોથી તથા ભિન્ન ભિન્ન બોલીઓથી સંબંધ ધરાવતા હોય બધા જ એક સમાન છે."

(સફીનતુલ બહાર, ભાગ-૨, પેજ નં. ૩૪૮)

પેગંબરે ઇસ્લામે પોતાના જમાનામાં કેટલાક હોદ્દાઓ ગુલામોને પણ આપ્યા હતા. કાળા અને ગોરાઓ દરમિયાન સગાઈ-સંબંધ પતિ-પત્ની તરીકેના પણ સ્થાપિત કરતા હતા. અહીં સુધી કે

પોતાની સગી ફોઈની દીકરી એક કાળા હબસી ગુલામની સાથે પરણાવી હતી. આવી રીતે ઇસ્લામે અસમાનતાના મસઅલાને ખતમ કરી સંપૂર્ણ સમાનતા સ્થાપિત કરી હતી.

**(૨) એક ગલત પદ્ધતિ ઉપર ટીકા :**

અભિમાન, ફખર, ગુરૂર, ઘમંડ અલ્લાહને ઘણું જ નાપસંદ છે. આ બીમારી માલદારોમાં ખાસ અને ગરીબોમાં પણ થોડેઘણે અંશે જોવા મળે છે. સ્ત્રીઓને ખૂબસુરતીનું પણ ઘમંડ હોય છે. હું બીજાઓથી કંઈક જુદો છું એવું દેખાડવાની ભાવનામાંથી અમૂક વખત ગુરૂર જન્મ પામે છે. ખુદાની નેઅમતોનો વારંવાર શુક્ર કરવો. ખુદાની રહમત જ આપણું જીવન છે. એ વાતને દીલમાં

ઊતારવી, તો પછી માણસ ઘમંડ કરવાથી બચી શકે છે.

અરબના જાહીલોમાં પ્રકાર પ્રકારનું ઘમંડ હતું. હજના સમયે હજની ક્રિયાઓ અદા કરતાં કેટલાક અરબો અરફાત ન જતા. અરફાતની જગ્યાએ મુઝદલફા જતા હતા. કહેતા હતા કે "હમ હરમે ખુદાવાલેં હૈં, ઇસલિયે હમ હરમસે અલગ નહીં હો સકતે"

**અલ્લાહતઆલાએ તેમના આ પ્રકારના ફખરને રદ કરતાં ફરમાવ્યું,**

**"શુમ્મ અફીઝુ મિન હયશો અફાઝન્નાસો"**

(સુરા બકરહ આયત નં. ૧૯૯)

**અર્થાત્ :** "તમે પણ તે જ તરફ જાઓ. જ્યાં બીજા લોકો જાય છે. ફખર બતાવવાનું છોડી દો. પોતે

બીજાઓથી કંઈક વિશેષ છે. ઊંચા છે. એમ બતાવવાની વૃત્તિને રદ કરી અલ્લાહે તેઓની આ પ્રકારની સમજની ટીકા કરી છે.”

**(3) ખુદાપરસ્તી અને દુકાનદારીનો તફાવત સમજો:**

ઇમાન, અકીદહ, ખુદાપરસ્તી એક અલગ વસ્તુ છે. જ્યારે દુનિયાદારી, દુકાનદારી અલગ વસ્તુ છે. સમાજનો કોઈ વર્ગ આપણાથી છૂટો પડી જશે, અથવા કેટલાક લોકો આપણી સાથે થઈ જાય એટલા માટે હક અને અદાલતથી હઠી જવું ખુદાપરસ્તી નથી. પરંતુ દુકાનદારી ગણાશે. આપણા માટે મહત્ત્વની વસ્તુ આપણો અકીદહ છે. જો હું શરીઅતની આ વાત સ્પષ્ટ ભાષામાં કહીશ તો લોકો મારાથી ભાગશે – છૂટા પડી જશે. નારાજ થઈ જશે. આમ વિચારી હક વાતને ન કહેવી

અથવા કેટલાક લોકો મારી સાથે લાગેલા રહે તે માટે તેમને ગમતી કોઈ ગલત વાત કહી દેવી – અથવા એવા લોકોની ગલત વાતનો ઇન્કાર ન કરવો. વગેરે કાર્યો ઇસ્લામી અદાલતથી ખારીજ છે. મતલબ પોતાના ચાહકોને (મુરીદોને) રાજી રાખવા શરીઅતની અદાલતથી હઠી જવું દુકાનદારી છે. ન કે ખુદાપરસ્તી.

મગરૂર લોકો હઝરત નૂહ (અલ.)ને માનવાવાળાઓની બેઈઝ્ઝતી કરતા હતા. તેમને હલકા અને નીચી કક્ષાના ગણતા હતા. હઝરત નૂહ (અલ.)ને મશ્વેરો આપતા હતા કે જો આપ આ ગરીબ-ગુરબાંને તમારી પાસેથી દૂર કરી દો તો અમે તમારી પાસે બેસી શકીએ છીએ.

હઝરત નૂહ હંમેશા ગરીબો અને કમજોરોના હિમાયતી હતા. આપે તેનો નકારાત્મક જવાબ આપતાં ફરમાવ્યું,

**“વમા અના બેતારેદીલ્લઝીનઅ્ આમનુ”**

(સુરા હુદ આયત નંબર - ૨૯)

**અર્થાત્ :** “હું હરગિઝ બાઈમાન લોકોને મારાથી દૂર કરીશ નહિ.”

ઘમંડીઓને આકર્ષવા માટે હઝરત નૂહ (અલ.) એ સામાજિક ઇન્સાફ અને અદ્લનું ખૂન ન કર્યું. બલકે અકીદો ને ઇન્સાફને મહત્ત્વ આપ્યું. તેની હિફાઝત કરી. આપણે પણ લોકોને અકીદા અને ઇમાનના રસ્તા ઉપર ચાલીને આકર્ષવાની કોશિશ કરવી જોઈએ. એમ નહિ કે અમૂકને આકર્ષવા માટે અકીદા અને ઇમાનની કુરબાની આપીએ.

# પ્રકરણ : ૨૪ : એક રોટલીની ન્યાયપૂર્વક વહેંચણી

(૧) લોકોએ હઝરત અલી (અલ.)ની ખિદમતમાં કેટલોક માલ પેશ કર્યો. લોકો તેને મેળવવા તૂટી પડ્યા. ઇમામે માલની આસપાસ એક દોરડું બાંધી દીધું. જેથી કોઈ અકસ્માત ન સર્જાય. લોકોને હુકમ આપ્યો કે આ લકીરથી જરા દૂર ઊભા રહો. કોઈ આગળ ન આવે.

પછી ઇમામ જાતે જ રસ્સીની અંદર દાખલ થયા. તમામ માલને કબીલાઓની વચ્ચે વહેંચી દીધો. કુલ સાત કબીલા હતા. દરેક કબીલાના પ્રતિનિધિને પોતપોતાના કબીલાને આપવા માટે સરખે ભાગે આપ્યો. છેલ્લે ઇમામની દૃષ્ટિ એક રોટલી ઉપર પડી. જે એક વાસણમાં વહેંચ્યા વગર

પડી રહી હતી. ઇમામે હુકમ આપ્યો કે આ રોટલીને પણ તમામ  બયતુલમાલની જેમ સાત ભાગ પાડીને વહેંચી દેવામાં આવે. દરેક કબીલાને તેમાંથી એક એક ભાગ આપી દેવામાં આવે.

(બેહારૂલ અનવાર ભાગ-૪૧, પેજ નં. ૧૩૬)

અમારો ઇન્કિલાબ ત્યારે જ બીજા મુલકોમાં ફેલાશે જ્યારે સ્વયં આપણે આ જ પદ્ધતિને આપણા મુલકમાં પ્રચલિત કરીશું અને વિશ્વને પણ એનાથી માહિતગાર કરીશું, સમજાવીશું. તો ઇન્શાઅલ્લાહ તે દિવસ દૂર નથી કે લોકો ઇમામ હુસૈન (અલ.)ની મહબ્બતમાં દોડતા આવે અને એહલેબયતને સાચા અર્થમાં ઓળખતા થાય. પેગંબરે ઇસ્લામની પ્રખ્યાત હદીસ છે કે અમ્ર બિલ મઅરૂફ અલ્લાહના અઝાબને રોકી લે છે.

માલના મામલામાં ફૂઝૂલખર્ચથી બચીને કે અલ્લાહે આપણને આપેલો માલ બેમોકા ખર્ચ ન થઈ જાય. અલ્લાહે આપણને આપેલા માલને ખર્ચ કરવામાં ઇસ્લામી પદ્ધતિ અપનાવીએ. એક ખાસ દૃષ્ટિકોણથી માલને ખર્ચ કરીને ઇસ્લામી હુકૂમતને મજબૂત કરીએ.

**(૨) અમૂક લોકોને રાજી રાખવા માટે ઇમાન અને અકીદો ખરાબ ન કરો (ઇમાન ન વેચો)**

મદીનામાં એક મુસલમાનના ઘરમાંથી કેટલીક વસ્તુઓ ચોરાઈ ગઈ. આ ચોરી માટે બે વ્યક્તિઓ ઉપર આરોપ મૂકાયો. ચોરોમાંથી એક મુસલમાન અને બીજો યહુદી હતો. બંનેની ધરપકડ કરીને પેગંબરે ઇસ્લામની સમક્ષ લાવવામાં આવ્યા.

આ બાબત મુસલમાનો દરમિયાન બેચેની પેદા થઈ ગઈ. કે જો આ વાત સાબિત થઈ જશે કે મુસલમાને ચોરી કરી છે તો અમારી આબરૂ મદીનામાં અને યહુદીઓ દરમિયાન બાકી નહીં રહે.

કેટલાક લોકો પેગંબરે ઇસ્લામની ખિદમતમાં પહોંચ્યા. (સહાબીઓને માસુમ જેવા ગણનારા અને સહાબાને પોતાનો આદર્શ માનનારા મુસલમાનો જરા ઉપરોક્ત ઘટના અંગે વિચારે. રસુલે ખુદાને નાઈન્સાફી કરવાનું કહેનારા આ સહાબા હતા. સહાબીયતની મહબ્બતનો ઢોલ પીટનારા જરા આવી ઘટનાઓ ઉપર વિચારે. આવી તો અનેક ઘટનાઓ છે. આવા જ મુસલમાનોએ સદ્દામ ઝાલીમને પોેતાનો આદર્શ (અનુકરણ કરવાને યોગ્ય) માન્યો હતો. અને હજી આવા જ

લોકો ઓસામા બિન લાદૈન અને અબ્દુલ્લાહ ઉમર જેવા ઝાલીમોને પોતાના આદર્શ માને છે. આતંકવાદને ઇસ્લામમાં કોઈ સ્થાન નથી. ઇસ્લામના નામે આતંકવાદ આચરનારા આવા આતંકવાદીઓ આપણા માટે એક નાશુર સમાન છે.) અને કહ્યું કે યા રસુલુલ્લાહ ! મુસલમાનોની આબરૂ ખતરામાં છે, જેથી એવી કોશિશ કરવામાં આવે કે મુસલમાન નિર્દોષ છૂટી જાય.

આપ (સલ.)એ ફરમાવ્યું કે ઇસ્લામ અને મુસલમાનો માટે બેઈઝ્ઝતી તે નથી કે એક મુસલમાન ગુનેહગાર હોય અને તેને ગુનેહગાર સાબિત કરવામાં આવે. બલકે ઇસ્લામ અને ઇસ્લામી વિચારધારા માટે બેઈઝ્ઝતી તે છે કે ઇન્સાફનું ખૂન કરીને એક મુસલમાન ગુનેહગારને

નિર્દોષ સાબિત કરવામાં આવે. અને એનો સાથીદાર ચોર જે યહુદી છે તેને મઝહબની બુનિયાદ પર સજા કરવામાં આવે. ગુનેહગાર છે તો બંને સઝાવાર છે.

લોકોએ કહ્યું, "અત્યાર સુધી યહુદીઓએ આપણી ઉપર ઘણા જ ઝુલ્મો કર્યા છે. કદાચ આ બાબત ફક્ત એક યહુદી ઉપર ઝુલમ થઈ જાય તો યહુદીઓના આપણી ઉપર કરેલા ઝુલ્મોના પ્રમાણમાં આ તો કંઈ નથી. એક મામૂલી ચીજ છે."

**પેગંબરે ઇસ્લામ (સલ.)એ ફરમાવ્યું,**

"અદાલત અને ઇન્સાફનો હિસાબ પાછલી કડવાસોથી તદ્દન અલગ છે."

છેવટે બંને આરોપીઓના મામલામાં આપ (સલ.)એ તપાસ કરી. સંપૂર્ણ તપાસ પછી સાબિત

થયું કે મુસલમાને જ ચોરી કરી હતી. યહુદી નિર્દોષ હતો. આપ (સલ.)એ મુસલમાનોની મરજીના વિરુદ્ધ યહુદીને નિર્દોષ જાહેર કર્યો અને મુસલમાન ઉપર હદ લાગુ કરી.

ન્યાયપ્રિયતા અને ઇન્સાફ પસંદીનો આ નમૂનો જો કે તે જમાનાના મુસલમાનો માટે ઉપરછલ્લી રીતે બેઈઝ્ઝતીનું કારણ હતો. તેમની દૃષ્ટિએ. પરંતુ વાસ્તવિક રીતે તેણે ઇસ્લામ અને ઇસ્લામી અદાલતને હંમેશા માટે આબરૂમંદ અને બાઈઝ્ઝત બનાવી દીધાં.

હાં ! આપણે આપણી ઇસ્લામી વિચારધારા અને અકીદાની ફિકર કરવી જોઈએ. લોકોના ટોળાંઓને રાજી રાખવા માટે ન તો ઇસ્લામી

વિચારધારાથી ચલિત થવું જોઈએ ન તો તેમાં કંઈક વધારો કરવો જોઈએ.

**(3) એક અયોગ્ય ઉમ્મીદનો જવાબ**

એક ટોળું પેગંબરે ઇસ્લામની મેહફિલ પાસેથી પસાર થયું. તેઓએ ગરીબ લોકોને આ મેહફિલમાં બેઠેલા જોયા. કેટલાક ઓછી સાધનસંપત્તિ ધરાવનારા પણ હતા. જેવા કે અમ્માર યાસીર (રઝિ.) અને બિલાલ હબસી (રઝિ.) આ ટોળામાંથી અમૂકે ઘણા આશ્ચર્ય સાથે કહ્યું, “શું આપે આવા લોકોને આપની પાસે બેસાડીને સંતોષ માની લીધો છે ? જેટલું બને તેટલું જલદી આ લોકોને તમારી પાસેથી દૂર કરો જેથી અમારા જેવા લોકો આપની પાસે આવવાનું વિચારે.”

તફસીર અલ મનારના કર્તા આ ઘટનાના વર્ણન પછી લખે છે કે ઉમર ઇબ્ને ખત્તાબે કુરૈશના આ અભિમાનીઓના મશ્વિરામાં રસ લીધો. અને પેગંબરે ઇસ્લામને કહ્યું, "કસોટી કરવા પૂરતું થોડો સમય આ લોકોને તમારાથી દૂર કરો, જેથી આપણે જોઈએ કે આ અભિમાનીઓ આપણી પાસે આવે છે કે નહિ ?"

**આયત નાઝિલ થઈ અને પેગંબરે ઇસ્લામને સૂચના આપવામાં આવી. સુરએ અન્આમમાં ઇરશાદે ઇલાહી છે.**

**વલા તત્રોદીલ્લઝનઅ્ યદઉનઅ્ રબ્બહુમ**
**બિલગદાવતે વલઅશીય્યે યોરીદુનઅ્ વજહહુ**
**માઅલયકઅ્ મિનહેસાબેહીમ મિનશયઈંવ વમા**

**મિનહેસાબેહીમ અલયહીમ મિનશયઈન**

**ફતતરોદઅ્હુમ ફતકુનઅ્ મિનઝ્ઝાલેમિન.**

(આયત નં. ૫૨)

“તે લોકોને તમારી પાસેથી દૂર ન કરશો જે લોકો સવાર-સાંજ પોતાના પરવરદિગારની ઇબાદત કરે છે. (તેઓ) ખાસ ખુદાની રઝામંદી ઇચ્છે છે. તમારા ઉપર તેમનો કોઈ હિસાબ નથી અને ન તો આપનો હિસાબ તેમના ઝિમ્મે છે, કે જેથી આપ તેમને કાઢી મૂકો. આપ ઝુલમ કરવાવાળાઓમાંથી થઈ જશો.”

અહીં મકસદ ઉમ્મતને સમજાવવાનો છે કે સાધનસંપત્તિ વગરના લોકોને હકીર-ઝલીલ સમજવું અને તેમની સોહબતથી પરહેઝ કરવો, તેમની સાથે ઊઠક-બેઠકનો સંબંધ ન રાખવો તે

નાદાનોનું કાર્ય છે. એહલે ઇમાનનું નહિ. એહલેઇમાન તો એહલે ઇમાનની સાથે મહબ્બત રાખતા હોય છે. પછી તે ગરીબ કે મિસકીન કેમ ન હોય.

અહીં એક વાત એ પણ છે કે ઉમર ઇબ્ને ખત્તાબના મશ્વિરા ઉપર અલ્લાહની નારાઝગી જોઈ શકાય છે. બાકી રસૂલે ઇસ્લામે તો કદી કોઈ ગરીબને પોતાની પાસેથી ન તો હઠાવ્યા છે ન તો ઇરાદો કર્યો છે. કયામત સુધીની તમામ ઉમ્મતને અલ્લાહનો આ સબક છે.

**(૪) કોઈપણ ફેંસલાઓને ઉપરછલ્લી દૃષ્ટિથી ન નિહાળો :**

બે બાળકોએ પોતે લીધેલા કોઈ સોગંદ (કસમ) અંગે લખાણ કર્યું. પછી તેને ઇમામ હસન

(અલ.)ની પાસે લાવ્યા. જેથી આપ તે બંનેના લખાણ અંગે ઇન્સાફ કરે.

દરેક વ્યક્તિ આ મસઅલાને ઉપરછલ્લી દૃષ્ટિથી જોશે કે બે બાળકો છે. મામૂલી બાબત છે. બંને તરફ બે બાળકો છે.

પરંતુ વાત નાની હોય કે મોટી, વધારે હોય કે થોડી. બાળકની હોય કે મોટા માણસોની. જે કઈ છે કે ઇન્સાફની બાબત છે. ફેંસલો આપવાની બાબત છે. તેથી હઝરત અલી (અલ.) એ ઇમામ હસન(અલ.)ને સૂચના આપી કે,

“ન્યાય આપતી વખતે એક ધ્યાન રહે, જે કંઈ ફેંસલો તમે આજે કરશો. કાલે કયામતના દિવસે ખુદાની અદાલતમાં તેનો જવાબ આપવાનો છે.

**ઉન્ઝૂર કયફઅ્ તહકોમો ફઈન્ન હાઝા હુકમો વલ્લાહો**

**સાએલોકઅ્ અન્હો યવમલ કેયામહ**

(મજમૂલ બયાન ભાગ-૩ પેજ નં. ૬૪)

## પ્રકરણ : ૨૫ : જ્યારે મેહમાનને પણ બહાર કાઢી મૂકવામાં આવે છે.

**(૧) એક વ્યક્તિ હઝરત અલી (અલ.)ને ત્યાં મેહમાન તરીકે હતો. થોડા દિવસ પછી તેને કોઈની સાથે ઝઘડો થયો. તેના દુશ્મને ફરિયાદ દાખલ કરી. મુકદ્દમો હઝરત અલી (અલી.)ની સમક્ષ પેશ થયો. ઇમામે ફરમાવ્યું,**

"તમે અત્યાર સુધી તો મેહમાન હતા પરંતુ હવે તમે એક મુકદ્દમાના આરોપી છો. આ ઝઘડાના એક પ્રતિદ્વંદી છો. તેથી અમારા ઘેરથી બહાર ચાલી જાઓ. કારણ કે પેગંબરે ઇસ્લામ (સલ.)એ ફરમાવ્યુ,

"હરગિઝ ફરિયાદી અને આરોપી બંનેમાંથી કોઈને મેહમાન ન રાખો. પરંતુ જો બંને એક સાથે

મહેમાન તરીકે હાજર હોય તો અલગ વાત છે મેહમાનની વાત અલગ છે અને ઇન્સાફની વાત અલગ છે, મેહમાની મહેરબાનીની બુનિયાદ હોય છે. જ્યારે ફેંસલો કાનૂનની બુનિયાદ ઉપર. દરેક પ્રકારના લાગણીભર્યા કાર્યો જે ઇન્સાફ ઉપર પ્રભાવ નાખી શકે તેનાથી ઇન્સાફ કરનારે દૂર રહેવું જરૂરી છે. લાગણીભર્યા સંજોગો પણ પેદા ન કરો. બીજાના એહસાનમાં ન આવો. આવી દરેક પરિસ્થિતિથી દૂર રહો."

(વસાએલ ભાગ-૧૮ પેજ નં. ૧૫૭)

ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અલ.)નો એહતેયાત તો જુઓ. આપની દૃષ્ટિમાં કેટલી બારીકાઈ છે. જે લોકોને સરકારી માલની ઉઘરાણી માટે રવાના કરતા તેમને તાકીદ કરતા કે જે

ઇલાકામાં પણ તમે જાઓ. ત્યાં કોઈ વ્યક્તિના ઘેર રોકાણ ન કરશો. પાણીના ઝરણા પાસે મુકામ કરશો. કારણ કે તમારું મેહમાન બનવું મૂમકીન છે લોકોની માલ વુસુલી પર પ્રભાવ નાખે.

(નહજુલ બલાગાહ)

મતલબ આ છે કે તમે એહસાનમાં આવીને તેનાથી ઓછો માલ વસુલ કરો.

**(૨) કુર્આને કરેલી સખત ટીકા :**

કુર્આનેપાકની આયાતો નાઝિલ થઈ રહી હતી. કુર્આન ધીરે ધીરે લોકોને પોતાની તરફ આકર્ષી રહ્યું હતું. સ્વયં પેગંબરે ઇસ્લામ અને કેટલાક મુસલમાનો પણ લોકોને ઇસ્લામની પેહચાન કરાવતા, સાથે ઇસ્લામની તરફ આમંત્રણ પણ આપતા હતા.

આ સંજોગોમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. ઓળખીતા અને જાન-પેહચાનવાળા લોકોએ તેમાં હાજરી આપી. તે લોકોની વાતચીત અને દઅ્વતના દરમિયાન એક નાબીના (આંધળા) વ્યક્તિ ત્યાં આવ્યા. તેમણે બોલવાનું શરૂ કર્યું. પોતાની બોલેલી વાતોનું તેઓ વારંવાર પુનરાવર્તન પણ કરતા હતા. આ નાબીના (અંધ વ્યક્તિ) સહાબીની આવી વર્તણુકથી પેગંબરની વાતચીતનો સિલસિલો રોકાઈ ગયો. મેહફીલમાંથી એક માણસ નારાઝ થઈ ગયો. તેની પેશાની ઉપર ગુસ્સાના ચિહ્નો દેખાયાં. તે એમ ઇચ્છતો ન હતો કે આ પરિસ્થિતિમાં નાબીના સહાબી અંદર આવે. અને જ્યારે આવી જ ગયો છે તો ખામોશ રહે. જ્યારે કે આ ગુસ્સો અથવા ખુશી

નાબીના સહાબી ઉપર તો કઈ અસર નથી કરતી. કારણ કે નાબીના ન કપાળની કરચલીનો ગુસ્સો જોઈ શકે ન ખુશહાલ ચહેરો. તેને આ વાતની જાણ પણ નથી કે નબી કોઈની સાથે ગુફતગુ કરી રહ્યા છે. મજલિસ ચાલુ છે.

પરંતુ કુર્આને આ ગુસ્સો કરનાર વ્યક્તિની સખત ટીકા કરી છે.

**સુરએ અબસમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.**

**અબસ વતવલ્લા**

(આયત નં. ૧)

"તે આટલી વાત ઉપર ચેનબેચેન (પરેશાન) થઈ ગયો."

**અનજાઅહુલ આઅ્મા**

(આયત નં. ૨)

“અને મોં ફેરવી લીધું કે તેની પાસે એક નાબીના આવી ગયો.”

**વમાયુદરીકઅ્ લઅલ્લહુ યઝ્ઝક્કા**

(આયત નં. ૩)

“અને તમને શું ખબર કદાચ તે આ તાલીમથી પાકીઝગી હાસિલ કરે.”

**અવયઝ્ઝક્કરો ફતન ફઅહુઝ્ઝીકરા**

(આયત નં. ૪)

“અથવા તે નસીહત સાંભળત તો નસીહત તેના કામ આવત.”

**અમ્મા મનિસ્તગ્ના**

(આયત નં. ૫)

“જેઓ કંઈ પરવા નથી કરતા”

**ફઅન્તલહુ તસદ્દા**

(આયત નં. ૬)

“તેની તો તમે પાછળ પડી જાઓ છો.”

આગળ અલ્લાહતઆલા ફરમાવે છે કે જેઓ મેહફિલમાં બેઠા છે તેમની કોઈ જવાબદારી આ બેચેન અને પરેશાન થનારાઓ ઉપર નથી. અલ્લાહતઆલા ફરમાવે છે કે આ નાબીના વ્યક્તિ પેલા માલદારો કરતા કંઈગણો વધારે મુખલીસ – નિ:સ્વાર્થ છે. તે સાચી નિય્યતથી પોતાના નફસની પાકિઝગી માટે નબીની મેહફિલમાં આવ્યો છે. અલ્લાહ પેલા મોં બગાડનારાઓને કહે છે કે તમે શા માટે મોં બગાડો છો.

(આ સુરતના નાઝિલ થવા વિષયમાં કુર્આનના મુફસ્સિરીન ફરમાવે છે કે આ વ્યક્તિ જેની ટીકા કુર્આને કરી છે. તે બની ઉમય્યાના

ખાનદાનનો માણસ હતો. નાબીના વ્યક્તિ અબ્દુલ્લાહ ઇબ્ને મકતુમ (રઝિ.) હતા. રસૂલના મોઅઝ્ઝિન પણ હતા. ઘણા જ નેક પરહેઝગાર વ્યક્તિ હતા. નાબીના હોવાથી એમને તો કંઈ જ ખબર ન હતી કે રસૂલ શું કરી રહ્યા છે. કુર્આનની કેટલીક આયતો પઢતા પઢતા આવ્યા કે યા રસુલુલ્લાહ મને આ આયતો સમજાવો. ઉત્સાહમાં એ વાત બોલતા જ રહેતા હતા.

કેટલાક મુફસ્સીરો (નઉઝુબિલ્લાહ) કુર્આનની આ ટીકા પેગંબરે ઇસ્લામ માટે થઈ છે. એમ લખે છે. કારણ કે તેમને બની ઉમય્યાના પેલા માણસને બચાવી લેવો છે. રસુલની બેઈઝ્ઝતી થવામાં એમને વાંધો નથી. ભલે સત્યનું જુઠ કરવું પડે.

નાબીના સહાબી અબ્દુલ્લાહ ઇબ્ને મકતુમ રસૂલની મજલિસમાં આવ્યા ત્યારે રસૂલે ઇસ્લામે  આપને આગળ બોલાવ્યા અને બની ઉમય્યાની પેલી વ્યક્તિની પાસે જગ્યા આપી. પેલો માણસ પ્રથમ તો સંકોચાયો, કપડાં સમેટી લીધાં પછી અબ્દુલ્લાહ ઇબ્ને મકતુમથી મોં ફેરવીને બેઠો. આ સુરત કરતાં અગાઉ ઊતરેલી સુરત સુરએ કલમ આયત નં. ૪માં અલ્લાહતઆલા ફરમાવે છે કે,

"વ ઇન્નકઅ્લઅલા ખોલુકીન અઝીમ" અને બેશક આપ ઘણા ઉમદા અખ્લાકના માલિક છો" રસૂલનાં બેહતરીન અખ્લાક હોવાનું સર્ટીફિકેટ સ્વયં ખુદા આપી રહ્યો છે.  જે રસૂલ બિનમુસ્લિમો સાથે બદઅખ્લાકી ન કરે. તે પોતાને નેક અને ગરીબ સહાબીથી મોં ફેરવી લે !! રસૂલ ઉપર આ એક

બોહતાન છે. પોતે જેમને આદર્શ (અનુકરણ યોગ્ય) માની લીધા છે તેવા મોટાં માથાંઓની બેઈઝ્ઝતી ન થાય તે માટે આ તફસીરકારોએ આ ટીકાને રસૂલ તરફ વાળી દીધી છે.)

# પ્રકરણ : ૨૬ : હઝરત અલી (અલ.)ની અદાલતનો એક બીજો પ્રસંગ

**(૧) હઝરત ઇમામ અલી (અલ.) બયતુલમાલમાંથી દરેકને સરખેભાગે આપતા. પછી તે ગમે તે વ્યક્તિ હોય. સગાઈસંબંધ ધરાવનારને વધારે આપવું જે સામાન્યરીતે અગાઉના ખલીફાઓની આદત હતી. આપ સગાંવાદથી સખત પરહેઝ કરતા.**

હઝરત અલી (અલ.) ના ભાઈ અકીલ પોતાના બાળકોને લઈ ભાઈ પાસે આવ્યા. બતાવ્યું કે પોતે બચરવાર છે અને ગુજરાન ચલાવવા માટે તકલીફ પડે છે. સાથે માંગણી કરી કે એમને બયતુલમાલમાંથી મળતો ભાગ વધારવામાં આવે.

પરંતુ હઝરત અલી (અલ.) એ સ્પષ્ટ રીતે નકારમાં જવાબ આપ્યો.

ફિલસુફીભર્યો જવાબ આપતાં પાસે પડેલો એક લોખંડનો ગરમ સળિયો બતાવતાં ફરમાવ્યું, “જે રીતે તમે આ ગરમ લોખંડની પાસે આવતાં ડરો છો. એ રીતે હું પણ કયામતના અઝાબથી ડરૂં છું.” (અહીં અકીલની માંગણી બયતુલમાલમાંથી કાયમી ધોરણે વધારે વજીફો (પગાર) માંગવા માટેની હતી. જે રીતે કે અત્યારના રાજાઓ અને પ્રધાનો પોતાના સગાંઓને નોકરીઓની, પેટ્રોલપંપોની, જાગીરોની ખૂબ જ લહાણી કરે છે. ભ્રષ્ટાચાર આદરે છે. બાકી પોતાની પાસેથી કંઈક આપવું. અથવા બીજા અન્ય બાયતુલમાલ સિવાયના રસ્તેથી બચરવાળની મદદ કરવી, ભૂખ્યાને રોટી આપવી, એ તો આપના

ખાનદાનના લોહીમાં વણાયેલી આદત હતી. અલી તો તે વ્યક્તિ હતા જેઓ પોતે ભૂખ્યા રહીને બીજાઓને ખવડાવતા હતા. આ ખાનદાનની પોતાના માલમાંથી સખાવત પ્રખ્યાત છે. અકીલના બાળકોને ભૂખે ન મરવા દે.)

(નહજૂલ બલાગાહ, સહી સાલેહ પેજ નં. ૩૪૮)

**(૨) ગલત ફાયદો ન ઊઠાવો**

મોટેભાગે પ્રખ્યાત અને મશહુર લોકો જેઓ સમાજમાં પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે તેઓ જાતે ખરીદારી માટે જાય છે. અથવા પોતાના માણસને મોકલતા હોય છે. જો માણસ જાય તો તે વેચનારને - દુકાનદારને બતાવી દે છે કે અમે આ વસ્તુ ફલાણી શખ્શીયત માટે લઈ જઈએ છીએ.

જેથી દુકાનદાર વસ્તુ પણ સારી આપે અને સસ્તી પણ આપે.

કેટલીક વખત આ રીતનો અમલ લાંચમાં પણ ખપી શકે છે અથવા તો બીજાઓનો ગલત ફાયદો ઊઠાવવાનું સાથે ભોગવિલાસનું સાધન પણ બની શકે છે. સમાજમાં ભાગલા પડે છે. પ્રભુત્ત્વશાળી વ્યક્તિઓ તથા સાધન સંપન્ન ધરાવનારાઓનો વર્ગ અને ગરીબ વર્ગ એમ ભાગલા પડે છે. ગરીબને એમ થાય કે મને આ વસ્તુ મોંઘી આપી જ્યારે ફલાણા મોટા માણસને સસ્તી આપી.

વાત સાચી પણ છે કે બેહતરીન વસ્તુ સમાજનો એક વર્ગ વાજબી કિંમત સાથે ખરીદે,

જ્યારે બીજો મધ્યમ અને ગરીબ વર્ગ તે જ વસ્તુઓ વધુ કિંમત ચૂકવીને ખરીદે.

તે તો ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અલ.) જ હતા જેઓ એવી કોશિશ કરતા કે એવી દુકાનેથી કે એવા માણસો પાસેથી વસ્તુઓ ખરીદે જેઓ એમને ઓળખતા ન હોય. આપ કોઈ ગુલામને કે અન્ય કોઈ વ્યક્તિને બજાર મોકલતા તો સુચના આપતા કે દુકાનદારને એવી જાણ ન કરવામાં આવે કે આ વસ્તુ મારા માટે ખરીદે છે.

**(3) હઝરત અલી (અલ.) કૂફાના બજારમાં**

હઝરત સાલેહ એક સહાબીના દાદી ફરમાવે છે કે મેં હઝરત અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.સ.)ને જોયા કે આપે કુફાના બજારમાંથી એક દિરહમની ખજુરો ખરીદી. ખજુરને આપે એક

ચાદરમાં લપેટી અને ખભા ઉપર મૂકી ચાલતા થયા. એક માણસે કહ્યું, "યા અમીરૂલ મોઅમેનીન !" લાવો, હું એને ઉઠાવી લઉં અને આપની સાથે ચાલું. આપે ફરમાવ્યું, "નહીં, નહીં બાળ બચ્ચાવાળા દરેક વ્યક્તિએ પોતાનો વજન પોતેજ ઉઠાવવો જોઈએ."

હઝરત ઈમામ અલી (અ.સ.) એકલાજ બજારમાં તશરીફ લઈ જતા, જ્યારે કે આપ હાકિમ હતા. ભૂલ્યા ભટક્યાઓને રસ્તો બતાવતા, કોઈનો માલ ખોવાઈ ગયો હોય તો તેનું એલાન કરતા, કમજોરોની મદદ કરતા, શાકભાજી વેચવાવાળાઓ અને વેપારીઓ પાસેથી પસાર થતા તો તેઓને સુરે કસસની આ આયત સંભળાવતા. તીલકદ દારૂલ આખેરતો... ... વલ આકેબતો લીલમુત્તકીન. (આયત નં. ૮૩). અર્થાત : "આ આખેરતનું ઘર

અમે તે લોકો માટે નિર્માણ કરીએ છીએ કે જેઓ પૃથ્વી પર ન શેખી કરે છે ન ફસાદ અને પરહેઝગારો માટે આ ઉમદા પરિણામ છે. આપ ફરમાવતા કે આ આયત ઈન્સાફ કરવાવાળા અને આજીજી કરવાવાળા નમ્ર હાકેમો માટે તથા અન્ય પ્રભુત્વશાળી લોકો માટે ઉતરી છે. મુત્તકીઓના સરદાર હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) બજારમાંથી પસાર થતા તો વેપારીને સૂચના કરતા. "તોલમાપ બરાબર કરો અને ગોશ્તને ફૂંક મારીને ન ફૂલાવો."

આપ એક ખજૂર વેચનારની પાસે પહોંચ્યા, જોયું તો એક કનીઝ ત્યાં રડતી હતી. આપે કારણ પૂછ્યું, તું શા માટે રડે છે ? તેણે જણાવ્યું કે આ ખજૂર વેચનાર પાસેથી મેં એક દિરહમની ખજૂર

લીધી, પરંતુ મારા આકાએ તેને પસંદ ન કરી. હવે આ તેને પાછી લેતો નથી. આમ કહી તે ફરીથી રડવા લાગી. આપે પેલા ખૂજર વેચનારને કહ્યુ, "આ ખજૂરો પાછી લઈ લે અને તેનો દિરહમ પરત કર" એટલા માટે કે આ સ્રી માટે આ મામલો તેના ઇિgયારમાં નથી, કારણકે તે બાંદી છે. છતાંય પેલાએ ખજૂર પાછી લેવાનો ઈન્કાર કર્યો.

તેની બાજુના દુકાનદારે તે ખજૂરવાળાના કાનમાં કહ્યું, "તું નથી જાણતો આ કોણ હસ્તી છે ?" તેણે કહ્યું, "ના" તે દુકાનદારે કહ્યું, આ હઝરત અલી અમીરૂલ મોઅમેનીન (અલ.) છે. તરત જ પેલાએ ખજૂરો પરત લઈ લીધી. દિરહમ વાપસ કર્યો. પેલાએ કહ્યું, "યા અમીરૂલ મોઅમેનીન (અલ.) હું આ વાતને પસંદ કરું છુ કે આપ મારાથી

રાજી રહો" આપે ખજૂર વેચનારાઓને ફરમાવ્યું, આ મિસ્કીનોને ખવડાવો. તમારા ધંધામાં બરકતનું કારણ બનશે.

ત્યાંથી આપ આગળ ચાલ્યા અને માછલી વેચનારાઓને ફરમાવ્યું, "અમારા બજારોમાં જાતે મરી ગયેલી (પાણીમાં મરેલી) માછલી ન વેચવામાં આવે." આગળ ચાલતા આપ કાપડ બજારમાં આવ્યા. જ્યાં ખાદીના કુરતા વેચાતા હતા. આપે એક અરબને કહ્યું, "શેખ, આ કુરતો મને ત્રણ દિરહમમાં આપો." પેલાએ આપને ઓળખી લીધા. આપે ત્યાંથી ખરીદી ન કરી. બીજા પાસે પહોંચ્યા. તેણે પણ આપને ઓળખી લીધા, તો આપે તેની પાસેથી પણ કુરતો ખરીદ્યો નહીં. છેવટે એક નવયુવાન પાસેથી આપે ત્રણ દિરહમમાં કુરતો

ખરીદીને પહેરી જોયો. ગમ્યો, ખરીદી લીધો, એટલામાં તે નવયુવાનનો બાપ કયાંકથી દુકાને આવ્યો. તેને કોઈકે કહ્યું કે તારા દીકરા પાસેથી અમીરૂલ મોમેનીન (અલ.) એ ત્રણ દિરહમમાં કુરતો ખરીધ્યો. તેણે દીકરાને કહ્યું, તે બે દિરહમ કેમ ન લીધા ! તે હઝરત અલી (અલ.)ની પાછળ દોડ્યો કે આપને દિરહમ પાછો આપે. કહ્યું કે કુરતાની કિંમત બે જ દિરહમ છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અલ.)એ ફરમાવ્યું, “તેણે રાજીખુશીથી કુરતો વેચ્યો છે અને મેં ખુશીથી ખરીદ્યો છે, માટે દિરહમ હું પાછો નહીં લઉં.”

આ સાદગી અને નમ્રતા અમીરૂલ મોઅમેનીન (અલ.)ની હતી. આપ મજૂરી કરવાને,વજન ઉંચકવાને હલકુ સમજતા ન હતા.

બલ્કે કોઈપણ હલાલ કાર્ય તમામ અમ્બીયાએ કિરામ (અલ.) અને તમામ અઈમ્મા (અલ.)ના નઝદીક હલકુ ન હતું. આપણે શાકભાજીની થેલી હાથમાં રાખવાને ઝિલ્લત માનીએ છીએ. રીક્ષા ચલાવવાને ઝિલ્લતનો ધંધો સમજીએ છીએ. અગર રીક્ષા ચલાવનારાઓ સમાજની દૃષ્ટિમાં કે પોલીસની દ્રષ્ટિમાં બદનામ છે તો તમે મોઅમીન તરીકે એક નેક રીક્ષા ચલાવનારનું ઉદાહરણ પુરુ પાડી શકો છો કે મોઅમીન રીક્ષા ચાલકો આવા નેક, પ્રમાણિક અને નમાઝી હોઈ શકે છે. તુમાખી, શૈખી, ઘમંડ, ગુરૂર એ અવગુણો આપણી શરીઅતમાં હરામ છે. આ ખજૂરો ભરેલી ચાદર ખભે ઉચકનાર વિશ્વના શ્રેષ્ઠ ફઝીલતવાળા વ્યક્તિ છે. જે અગર મિમ્બર ઉપર ઉભા થઈ જાય તો ફરમાવે છે કે,

“પુછો મને જે પુછવું હોય તે” મેદાને જંગમાં અગર તલવાર હાથમાં લઈ લે તો કોઈ આપનો મુકાબલો ન કરી શકે. આપણા તમામ અઈમ્મા (અલ.) આવા જ સાદા અને નમ્ર હતા. કોઈપણ હલાલ કાર્યને હલકુ સમજતા ન હતા. (અનુવાદક)

**(૪) ઇમામની સૂક્ષ્મ દૃષ્ટિનો એક નમૂનો**

હઝરત અલી (અલ.) બયતુલમાલ વહેંચી રહ્યા હતા. ઈમામના પોત્રોમાંથી એક બાળક આવ્યો. એક વસ્તુ ઉઠાવીને લઈ ગયો. શકય છે આ જગ્યાએ કોઈપણ બાપ આ મસઅલાને જાણ્યું અજાણ્યું કરી દે, એમા શું ? બચ્ચું છે. ધ્યાન ન આપે. પરંતુ ઈમામ હૈરાન-પરેશાન થઈ ગયા. વ્યગ્રચિતે બાળકની પાછળ ગયા. તે વસ્તુને

બાળકને પટાવીને સમજાવીને તેના હાથમાંથી પરત લીધી અને બયતુલમાલમાં મૂકી દીધી.

લોકોએ હઝરતને કહ્યું “એ બાળકનો પણ હિસ્સો છે.” ઈમામે ફરમાવ્યું “હરગિઝ નહિ, બલકે ફક્ત એના બાપનો ભાગ છે. તે પણ સામાન્ય દરેક મુસલમાનના ભાગ જેટલો. તે (બાળકનો બાપ) જ્યારે પોતાનો ભાગ લેશે, યોગ્ય પ્રમાણમાં બાળકને પણ આપશે.”

(હયાતે ઇમામ હસન (અલ.) બાકિરશરીફ અલ કુરશી, ભાગ-૧, પેજ નં. ૩૮૮)

અલબત્ત ઇમામની આ પ્રકારની સખ્તી ફક્ત બયતુલમાલના મામલામાં હતી. પરંતુ પોતાના અંગત માલમાંથી સખાવત કરવાના

વિષયમાં આપના તોલે કોઈ ના આવે. આપના દુશ્મનો પણ આ બાબત આપની તારીફ કરતા હતા. ઇમામની સખાવતના વિષયમાં મઆવીયા કહે છે કે હઝરત અલી (અલ.) પાસે બે ઓરડા હોય, એકમાં ઘાસ ભરેલું હોય અને બીજામાં સોનું ભરેલું હોય. તો એમના માટે બંનેનું દાનમાં આપી દેવું સરખું છે. કોઈ ફરક નથી.

આવી જ એક ઘટના પેગંબરે ઇસ્લામ (સલ.)ની પણ છે. આપ (સલ.)ની સમક્ષ ઝકાતની ખજૂરોનો ઢગલો પડ્યો હતો. આપ એને તકસીમ કરી રહ્યા હતા. ફાતેમા સલામુલ્લાહ અલયહાના ફરઝંદોમાંથી ઇમામ હસન અથવા ઇમામ હુસૈન (અલ.) ત્યાં આવ્યા. બાળક હતા. ઢગલામાંથી એક ખજૂરનો દાણો લીધો અને મોંમાં નાખ્યો. આપ

(સલ.)એ જોયું. પોતાની જાનથી પ્યારા નવાસાના મોંમાં હાથ નાખીને પેગંબરે તે ખજૂરનો દાણો વાપસ કાઢી લીધો. કહ્યું બેટા ! આ તમારા માટે નથી. પાસે બેઠેલા સહાબાની આંખોમાં આ દૃશ્ય જોઈ આંસુ આવી ગયાં. એક સહાબી ઘેર ગયા. કેટલીક પાકી ખજૂરો લઈને આવ્યા. યા રસુલુલ્લાહ! આ તોહફો છે. હુસૈનને આપો. (અનુવાદક).

## પ્રકરણ : ૨૭ : હઝરત અલી (અલ.) ઉપર અયોગ્ય ટીકા

(૧) તલહા અને ઝુબેર પેગંબરે અકરમ (સલ.)ના અસહાબ હતા. તેઓ પોતાને કંઈ વિશેષ સમજતા હતા. “મૈં પૂછ” ની બીમારીથી બંને પીડાતા હતા. તેઓ બંને અમે કંઈક છીએ, અમારી નોંધ લેવાવી જોઈએ. એવું ઇચ્છનારા હતા. કદી કદી બયતુલમાલની વહેંચણી અથવા બીજા હુકૂમતના મામલાઓમાં હઝરત અલી (અલ.) ઉપર ટીકા કરતા. દખલગીરી કરતા. કદીક કહેતા કે, “આપ અમારાથી મશ્વિરો કેમ નથી કરતા ?”

ઇમામે કામની તફસીર સમજાવી. પોતાનામાં અદાલતની જે આવડત છે, જે સલાહીયત છે. તેનું વર્ણન કર્યું. પછી ફરમાવ્યું,

શું તમે એમ સમજો છો કે હું કોઈના ઉપર નિર્ભર છું અથવા મને કોઈના સહારાની જરૂર છે ? જેથી હું મશ્વેરો કરું ? (મતલબ તમોને રાજી રાખવા, ખુશ રાખવા, મોટા બનાવું ?)

અથવા હું હુકૂમત ભૂખ્યો છું. તેથી મશ્વિરો કરું ? ખુદાની કસમ ! મને આ હોદ્દાની કોઈ જરૂરત નથી. હું એનો ભૂખ્યો નથી. ઇન્સાનિયતને રાહે મુસ્તકીમ પર લઈ જવું જો મારો ધ્યેય ન હોત તો આ હોદ્દાથી હું નફરત કરત. (જાહેરી ખિલાફતથી). હુદુદુલ્લાહને લાગુ કરવા માટે આ હોદ્દાને મારી જરૂરત છે.

છતાંય આપ લોકોએ મને મજબૂર કર્યો. અને મારી બયઅત કરી. હુકૂમત મારા હાથમાં આપી. હુકૂમત ચલાવવાના મામલામાં મારાથી વધુ

શ્રેષ્ઠ કે વધુ લાયક કોઈ નથી. હું શા માટે તમારી સાથે મશ્વિરો કરું ?

મેં પેગંબરે ઇસ્લામ અને આપની સુન્નતને મજબૂતીથી પકડી છે. તેમના જ સિદ્ધાંતો ઉપર અમલ કરું છું. હજી સુધી હું એવા કોઈ મસઅલામાં ગુંચવાયો નથી. જેના વિષયમાં કોઈ હુકમ ન આવ્યો હોય. જેથી તેમાં મારે તમારાથી અથવા તમામ મુસલમાનોથી મશ્વિરો લેવાની જરૂરત ઊભી થઈ હોય.

જો મને જરૂર જણાશે તો તમારાથી અને અન્ય મુસલમાનો સાથે પણ જરૂરથી મશ્વિરો કરીશ. સાથે કોઈ ફરક પણ નહીં રાખું તમારા બંને અને બીજા મુસલમાનો વચ્ચે. મશ્વિરાના મામલામાં.

(નહજુલ બલાગાહ સહી સાલેહ નામા ૨૭ પેજ નં. ૩૮૩)

**(૨) ઇન્સાફ પોતાની ઉચ્ચતા ઉપર :**

મોહંમદ બિન અબુબકર મિસરમાં ઇમામના પ્રતિનિધિ (ગવર્નર) હતા. એક પત્રમાં ઇમામે તેમને લખ્યું, "પોતાના બધા જ કાર્યો અને રહેણીકરણીમાં સમાનતાનું ધોરણ અપનાવો. ઇન્સાફ એનું જ નામ છે કે સમાજનો કમજોર વર્ગ તમારી મહેરબાનીથી વંચિત ન રહી જાય. જ્યારે સમાજનો ઉચ્ચવર્ગ, માલદારો તથા ઘમંડીઓ તમારાથી નાઈન્સાફી અને ઝુલ્મની લાલચ ન રાખે."

એક હદીસમાં આપણે પઢીએ છીએ કે પેગંબરે ઇસ્લામ જ્યારે લોકો સાથે વાત કરતા હતા. ત્યારે પોતાની દૃષ્ટિને લોકો સમક્ષ ઇન્સાફની રીતે વહેંચતા હતા. કોઈ એક બે વ્યક્તિ તરફ ન જોયા કરતા, બલ્કે તમામ શ્રોતાઓની તરફ દૃષ્ટિ ફેરવતા.

અહીં સુધી કે ઉદ્બોધન સમયે જોવામાં પણ ઇન્સાફથી વર્તતા. (કોઈ ગરીબ સહાબાને એમ ન લાગે કે પેગંબરે ઇસ્લામ તો અમૂક અમીરો તરફ જ જોયા કરે છે. મતલબ દૃષ્ટિ નાખવામાં પણ ઇન્સાફ)

(વસાએલુશ્શીયા ભાગ-૮, પેજ નં. ૪૯૯)

ઇસ્લામે ગરીબ અને માલદાર સમાજના બંને વર્ગોને ઇન્સાફની દૃષ્ટિએ જોયા છે. દરેક મામલામાં અને દરેક ક્ષેત્રમાં સમાજના કમજોર વર્ગનો ખૂબ જ ખ્યાલ રાખ્યો છે. હઝરત અલી (અલ.) પોતાના ગર્વનરોને વારંવાર સૂચના આપતા કે માલદારોને જ ફક્ત તમારા આસપાસ વીંટળાયેલા ન રાખશો. બલકે ગરીબો સાથે પણ ખાસ ઉઠકબેઠક રાખજો. તેઓને તમારી મહેરબાનીથી વંચિત ન રાખશો.

ઇસ્લામે સમાનતાના જે સિદ્ધાંતો રજૂ કર્યા છે. તેનો જોટો દુનિયાના બીજા મઝહબોમાં આપણને જોવા નહીં મળે. અહીં સુધી કે ખાતા પહેલાં આપણે હાથ ધોવડાવીએ છીએ. જો આપણે ખાતા પહેલાં જમણી બાજુએથી હાથ ધોવડાવાનું શરૂ કર્યું છે. તો ખાઈ રહ્યા પછી જ્યારે હાથ ધોવડાવો તો ડાબી બાજુએથી શરૂ કરો. જેથી ખાતા પહેલાં જેના હાથ પ્રથમ ધોવાયા હતા. ખાઈ રહ્યા પછીના હાથ ધોવામાં તેનો વારો છેલ્લો આવે. અને ખાતા અગાઉ જેનો વારો છેલ્લો આવ્યો હતો ખાઈ રહ્યા બાદના હાથ ધોવામાં તેનો વારો પ્રથમ આવશે. (આ સિદ્ધાંતને વાજીબ ન સમજવામાં આવે. કોઈ બિચારાને આ વાતની ખબર ન હોય અથવા ભૂલમાં આ નિયમ છૂટી જાય તો તેને પબ્લિકમાં ટોકીને ઝલીલ પણ ન કરવામાં આવે.)

# પ્રકરણ : ૨૮ : તુમારશાહી ન કરો

**(૧) હઝરત અલી (અલ.)એ એક હુકમનામામાં પોતાના ગવર્નરને લખ્યું.**

પોતાની કલમની ધારને તેઝ રાખો. મતલબ લખાણ કાર્યમાં ખોટો સમય ન બગાડો. કામમાં ઝડપ લાવો, લોકોને નકામા ધક્કા ન ખવડાવો. (કોર્ટ કચેરીઓમાં જરૂરી સરકારી કાગળો મેળવવામાં જે મોડું કરવામાં આવે છે. સમય બગાડવામાં આવે છે તે તરફ ઇશારો છે.) લખવામાં બે લાઈનો વચ્ચે વધુ જગ્યા ન છોડો. (આમાં એક સૂક્ષ્મ વાત છે. સરકારી કાગળો, દસ્તાવેજો, સ્ટેમ્પ્સ પેપર લખાણો વગેરેમાં જો વધુ જગ્યા છુટી હોય તો કોેઈ બદમાશો બનાવટી-સરખા રાઈટીંગમાં કંઈક

લખીને વધારો કરવાની કોશિશ કરે વચ્ચે કંઈક લખી દે, પછી ઘણી પરેશાની ઊભી થાય છે.)

નકામું વધારાનું લખાણ ન લખ્યા કરો. લખાણને ગમેતેમ લાંબુ કરવાની જગ્યાએ હકીકત, મકસદ અને મન્સા-હેતુ લખવાનું ન ચૂકો. (તાગુતની સરકારોમાં લાંબા લાંબા સરક્યુલરો હોય છે હેતુ-મકસદ રહી જાય અને એવા સરકયુલર કે જેના અનેક અર્થકરણ થાય જેથી સામાન્યજન ગૂંચવાય. કાગળનો નકામો ખર્ચ થાય, કારકુનો કામને ટલ્લે ચઢાવે.) કાગળોનો નકામો ખર્ચ ન કરો. આ બધું જ નુકસાન મુસલમાનોના બયતુલમાલનું છે. અને મુસલમાનોનો બયતુલમાલ નુકસાન સહન કરી શકતો નથી.

(બેહારૂલ અનવાર, ભાગ-૪૧, પેજ નં. ૧૦૫)

અદાલતનું મહત્ત્વ હઝરત અલી (અલ.)ની દૃષ્ટિમાં કેટલું વધારે હતું તેનો ખ્યાલ આપણને આપના ૨૨૪ નંબરના ખુત્બાના ઇરશાદથી આવે છે.

મને એક નાનો ગુનો (ઝુલ્મ) કરવાનું કહેવામાં આવે જેમાં હું એક કીડીના મોંમાંથી જવનું છીલકું છીનવી લઉં અને તેના બદલામાં મને જમીનના સાત ખંડોની હુકૂમત આપી દેવામાં આવે તો પણ હું તેના માટે તૈયાર નથી.

ખુદાની કસમ ! સવારથી લઈને સાંજ સુધી મને તેઝ છરીઓ ઉપર સુવડાવવામાં આવે તે મારા માટે સારું છે તેના કરતાં કે હું ખુદા અને તેના રસૂલે ગિરામી સમક્ષ ઝાલીમોમાં ગણતરી પામું.

## (૨) પોતાનો ભાગ વધારવાની કોશિશ

તલહા અને ઝુબૈર હઝરત અલી (અલ.)ની સેવામાં હાજર થયા. કહ્યું કે ઉમર અમને બીજાઓ કરતાં વધારે ભાગ આપતા હતા. આમ કહેવામાં એમનો ઇશારો આ હતો કે તમે પણ અમને વધારે ભાગ આપો. હઝરત અલી (અલ.)એ ફરમાવ્યું, "પેગંબરે અકરમ (સલ.) તમને શું આપતા હતા ?" આ પ્રશ્નના ઉત્તરમાં બંને ચૂપ થઈ ગયા.

હઝરતે ફરમાવ્યું, "શું પેગંબરે ઇસ્લામ (સલ.) મુસલમાનોના દરમિયાન માલ સરખે ભાગે વહેંચતા ન હતા ?"

તેમણે કહ્યું, "હાં પેગંબર (સલ.) સરખે ભાગે વહેંચણી કરતા હતા."

ઇમામે ફરમાવ્યું, “તો હું પેગંબરના તરીકા ઉપર ચાલું કે ઉમરના તરીકા ઉપર ?”

તેમણે કહ્યું, “પેગંબરના તરીકા ઉપર”

ઇમામે ફરમાવ્યું : તો પછી તમે કેમ વધારે ભાગ માગવાની ઇચ્છા  ધરાવો છો.

તેમણે કહ્યું : “એટલા માટે કે અમે ઇસ્લામ સ્વીકારવામાં અગ્રતાક્રમે છીએ. પેગંબર (સલ.) સાથે નઝદીકી (સગાઈ) ધરાવીએ છીએ અને નઝીક રહ્યા પણ છીએ. સખ્તીઓ અને મુશ્કેલીઓ ઊઠાવવામાં પણ અમે આગળ રહ્યા છીએ.”

ઇમામે ફરમાવ્યું : હું ઉપરોક્ત ત્રણે વાતોમાં તમારા ઉપર શ્રેષ્ઠતા ધરાવું છું. અરે તમારાથી કંઈ ઘણો વધારે આગળ છું. તમારા સૌ કરતાં પહેલાં હું ઇમાન લાવ્યો છું. અને તેમના કાકાનો દીકરો અને

તેમનો દામાદ (જમાઈ) છું. બધાથી વધારે તો લડાઈઓમાં મેં ભાગ લીધો છે. ખુદાની કસમ ! આ બધી જ વિશેષતાઓ હોવાની સાથે હું ઇસ્લામી હુકૂમતનો ખલીફા પણ છું. છતાંય મારો ભાગ તે કારીગરના ભાગની બરાબર છે. જે પેલા ખૂણામાં બેસીને કામ કરી રહ્યો છે.

(બેહારૂલ અનવાર ભાગ-૪૧ પેજ નં. ૧૧૬)

**(3) પોતાના હોદ્દાથી ગલત ફાયદો ઉઠાવવાની મનાઈ**

હઝરત અલી (અલ.)એ પોતાની હુકૂમતની રાજધાની કુફામાં લોકોની એક સભાને સંબોધન કરતાં ફરમાવ્યું, “એય કુફાવાસીઓ ! તમે જુઓ કે હું તમારા શહેરથી બહાર ગયો છું. તે વખતે મારી હાલત તે અગાઉ હતી તે કરતાં તદ્દન બદલાઈ જાય. મારો પોશાક, મારો ખોરાક, મારા ગુલામો,

મારી જાગીરો મતલબ મારી બધી જ પરિસ્થિતિ બદલાઈ જાય. તો સમજી લો કે મેં મારી હુકૂમત દરમિયાન એક ખુશહાલ જિંદગી (શાહાના ઠાઠમાઠ) મારા માટે પસંદ કરી લીધી છે. મેં હુકૂમતના માલમાંથી તમારી ચોરી કરી છે."

ઇમામ જે સમયે લોકોને રોટલી અને ગોશ્ત આપતા હતા. તો સ્વયં  આપ પોતે રોટલી ગોશ્તની વગર ખાતા હતા.

**(૪) ઇસ્લામમાં સમાનતાનો એક બીજો નમૂનો**

પેગંબર (સલ.) લોકોની વચ્ચે મામૂલી પોશાક પહેરતા હતા. જો કોઈ પરદેશી વ્યક્તિ મસ્જિદે નબવીમાં આવી જાય. તો તે ઓળખી પણ ન શકે કે આ નબી છે. ઘણીવાર સુધી ચેહરાઓ

જોયા પછી છેવટે તેને પૂછવું પડે તમારામાંથી પેગંબર કોણ છે ?

અસહાબ સાથે મસ્જિદમાં કે કોઈપણ જગ્યાએ બેસતી વખતે ઊંચી નીચી જગ્યાનો બીલકુલ ખ્યાલ ન કરતા. સહાબા સાથે જ ગોળાકારમાં બેસી જતા. કદી એમ ન વિચારતા કે હું નબી છું મારે ઊંચે બેસવું જોઈએ. (જો ઉદ્બોધન કરવાનું હોય, મોમીનો સાથે વાતચીત કરવાની હોય, સમૂહ વધારે હોય તો ઊંચે બેસવું જરૂરી છે. જેથી શ્રોતાઓ મજલિસ પઢનારને, વાતચીત કરનારને જોઈ શકે. એક ધ્યાન રહી શકે.)

હાં આ નમ્રતા, એકસૂત્રતા, સમાનતા અને સાદગી અંબિયાનો દીન છે. અંબિયાની સુન્નત છે. જે આજે અત્યારે અમારા રેહબરોમાં અમે બખૂબી જોઈ

શકીએ છીએ. એ જ વસ્તુ ઇન્શાઅલ્લાહ અમારા ઇન્કિલાબને બાકી રાખી ઉચ્ચોચ્ચ સ્થાને લઈ જશે. ઈનશાઅલ્લાહ

કોઈ વિદેશી એલચી ઇસ્લામી ઇન્કિલાબના રેહબર ઇમામ ખોમેની (રહ.)ના ઘેર આવ્યો. તેણે કહ્યું, "આ છ સાત કરોડ લોકોના રેહબર આટલા સાદગીથી રહેતા હોય ! મને તો આશ્ચર્ય થાય છે. મામૂલી ઘર, મામૂલી ફર્શ, એમની આટલી સાદગીભરી જિંદગીએ મને હૈરાન કરી દીધો."

અત્યારના રેહબર હઝરત સૈયદ અલી ખામેનાઈ દામત બરકાતો હુમ પણ એટલા જ સાદા છે. બસ એક મજલાનું નાનું સરખું મકાન, તદ્દન સાદો ખોરાક, લિબાશ પણ સામાન્ય લોકો પહેરે છે એવો જ. કીમતી નહિ. બધાં સાથે આસાનીથી ભળી

જાય. પોતાને કોઈ અલગ વ્યક્તિ નથી સમજતા. એમના ઘરની ફર્શ અનેક જગ્યાએથી ફાટી ગઈ છે. અનેક દોસ્તો, માલદારો, ચાહકો કહે છે કે હઝરત અમે આ ફર્શ બદલાવી નાખીએ, ઘણે ઠેકાણેથી ફાટી ગઈ છે. પરંતુ આપ મના ફરમાવે છે કે હજી ચાલે એમ છે. કાઢી નાખવા જેવી લાગશે ત્યારે કહીશ.

આપના દામાદ (જમાઈ) પોતે પણ કાલીનના વેપારી છે. કહે છે કે હઝરત આ ફર્શ હું બદલાવી નાખું. પરંતુ તેમને પણ આપ આ ઇજાઝત આપતા નથી. (અનુવાદક)

**(૫) સગાંવાદની મનાઈ**

બની મખઝુમ એક ઘણો મોટો કબીલો હતો. તેઓ પોતાને માનવસમૂદાયની દૃષ્ટિએ ઘણા મોટા

ખાનદાની સમજતા હતા. એક સ્ત્રીએ ચોરી કરી જે આ કબીલાથી સંબંધ ધરાવતી હતી.

પેગંબરે ઇસ્લામે ફેંસલો આપ્યો કે હુકમે ખુદા પર અમલ કરવામાં આવે. આ સ્ત્રી ઉપર હદ લાગુ કરવામાં આવે. સ્ત્રીના કુટુંબીજનોએ આ હુકમને પોતાના માટે બેઈઝ્ઝતીભર્યો સમજ્યો. અમે આટલા મોટા જનસમૂદાયના માલીક છીએ. જો અમારા ખાનદાનની સ્ત્રી ઉપર હદ લાગુ કરવામાં આવે તો ગઝબ થઈ ગયો. અમારી તોહીન થાય છે. હદ લાગુ ન થાય તે માટે આ લોકોએ દોડાદોડી શરૂ કરી. પેગંબરે ઇસ્લામના દોસ્તોમાંથી અસામા બિન ઝયદને ભલામણ કરવા વિનંતી કરી. જણાવ્યું કે કોઈપણ રીતે આ હદને રોકી લેવામાં આવે.

તેઓએ અસામાને પેગંબરે ઇસ્લામની પાસે સિફારીશ માટે મોકલ્યા કે આ સ્ત્રીને સઝા ન કરે. આપ (સલ.) ખૂબ જ ગુસ્સામાં આવી ગયા. આપનો ચેહરો મુબારક લાલચોળ થઈ ગયો.

અસામાને ફરમાવ્યું, "તું વસીલો બનીને આવ્યો છે કે હું હુકમે ખુદા ઉપર અમલ ન કરૂં ? પાછલી ઉમ્મતો આ જ કારણોથી હલાક થઈ છે. તેઓમાં મોટા લોકો ગુનો કરતા તો તેમને છોડી દેવામાં આવતા. જ્યારે ગરીબોને સઝા કરવામાં આવતી. ખુદાની કસમ જો મારી બેટી ફાતેમા પણ ચોરી કરે તો હું તેના પણ હાથ કાપી નાખું."

(સહીહ મુસ્લિમ, સહીહ બુખારી, નકલ અઝ રૂહુદ્દન ઇસ્લામી)

(ઇરાનમાં ઇન્કિલાબ પછીના વરસોમાં અમેરિકાએ પોતાની ભરપુર દવલત ખર્ચીને ઘણાબધા મુનાફિકોને ખરીદી લીધેલા. તેઓએ ઘણી જ તોડફોડની પ્રવૃત્તિ કરી છે. એક વખત તો ઇલેકશનમાં ચૂંટાયેલ સેનેટની ચાલુ એસેમ્બલીમાં બૉમ્બ બ્લાસ્ટ થયો. એક સાથે ચૂંટાયેલા ૭૦ સભ્યો શહીદ થઈ ગયા. જેમાં મોટા મોટા આયતુલ્લાહ પણ હતા. ઇમામ ખામેનીના સાથી ગણાતા એક ઘણા જ મોટા આયતુલ્લાહનો જમાઈ અમેરિકા તરફથી આવી દેશદ્રોહી પ્રવૃત્તિમાં રંગે હાથે પકડાઈ ગયો. જેણે પોતાના ઘરના ભોંયતળિયામાં આવા વિનાશક હથિયારો એકત્ર કર્યાં હતાં. આખો દેશ ધ્રુજી ઊઠ્યો. લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. શું આવું બની શકે ? પરંતુ વાત હકીકત હતી. તેને

પણ તે જ સઝા થઈ જે એક સામાન્ય વ્યક્તિને થાય છે.

એનાથી ઉલટું સઉદી અરબ માટે ઇસ્લામી હોવાના ઢોલ-નગારાં પીટવામાં આવે છે. પરંતુ સાપ ચાલી ગયો ને લીસોટા રહી ગયા તેવો હાલ છે. ત્યાં બે ચાર ઇસ્લામી કાયદાઓ લાગુ કરવા સિવાય કશું જ નથી. બલકે ત્યાં અમેરિકાની હુકૂમત છે. એમ કહીએ તો વધુ ઉચિત ગણાય. સમગ્ર હુકૂમતના બધા જ ચાવીરૂપ હોદ્દા ઉપર શાહ સઉદના કુટુંબીજનો જ કબજો ધરાવે છે. જેઓ અય્યાશી, શરાબી અને ઝાની પણ છે. પોતે તો બધા જ શાહો-શૈખો મહેલોના ભોંયતળિયાઓમાં બ્લુ ફિલ્મો જુએ છે. સમાજને તથા વિશ્વવના મુસલમાનોને છેતરવા પુરતો પબ્લિક સામે નમાઝ

પઢવાનો ઢોંગ પણ કરી લે છે. ટી.વી. કેમેરામાં બતાવી દેવાય છે. કાયદો સામાન્ય લોકોને જ લાગુ કરવામાં આવે છે. ત્યાં ઇસ્લામના નામે મીંડું જ છે. જો કે હવે આ વાતો છુપી રહી નથી - અનુવાદક)

## પ્રકરણ : ૨૯ : ઇસ્લામી હુકૂમતમાં ચલાવનારાઓને પણ સજા થાય છે.

(૧) ઇસ્લામી સમાજમાં સામાન્ય રીતે દરેકની ઇઝ્ઝત અને આબરૂનો ખ્યાલ રાખવામાં આવે છે. ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ એટલી જ ઇઝ્ઝતને કાબિલ છે. જેટલો કે માલદાર. મતલબ માલદવલત, વિશાળ ખાનદાન, કાળાપણા કે ગોરાપણા જેવી કોઈપણ બાબતને ગરીબના મુકાબલામાં અલગ તારવવામાં આવતી નથી. બધા જ સમાન અને એક સરખી ઇઝ્ઝતને કાબિલ છે.

ઇસ્લામી પરદો બધાંને જ લાગુ પડે છે. નહ્ય અનિલ મુન્કર અને અમ્ર બિલમઅરૂફના હુકમો (ભલાઈનો હુકમ કરવો અને બુરાઈથી રોકવું) બધાને જ લાગુ પડે છે. છતાંય કેટલાક

મામલાઓમાં અમુક લોકોને શારીરિક શિક્ષા કરવી પણ જાઈઝ છે. ઇસ્લામ એને જરૂરી સમજે છે. એનાથી સમાજમાં શુદ્ધતા આવશે. અલબત, આ પ્રકારની શિક્ષામાં લોકોની આબરૂ જાય છે. પરંતુ જો આ બાબતને ધ્યાનમાં લેવામાં  આવે તો સમાજમાં ગંદકી વ્યાપક થઈ જશે.  એકબીજા ઉપર કીચડ ઉછાળવાનું વ્યાપક થઈ જશે. બીજાની વગર કારણ ઇઝ્ઝત લેવી, જુઠી ગવાહીઓ આપવી, ઇન્સાફમાં દેરી થવી વગેરે બાબતો એટલી વધી જશે કે એનાથી નેક માણસો સમાજમાં ખોટી રીતે દાગદાર બની જશે. પરેશાન થશે.

જેથી આવા અમુક પ્રકારના ગુનાહોમાં શારીરિક શિક્ષા જાહેરમાં આપીને ઇસ્લામ સમાજમાં પવિત્રતા પેદા કરવા ઇચ્છે છે. જો આવા નવરા

અને બદમાશ પ્રકારના માણસોને આ પ્રકારની શિક્ષા કરવામાં નહીં આવે તો તેઓ ઇસ્લામના કાનૂનોની પરવા કરશે નહિ. બીજાઓ પણ તેમને જોઈ આવા ગુનાહ આચરતા થઈ જશે. જેથી જરૂરી છે કે સખતીની સાથે ગુસ્તાખ લોકોને પબ્લિકની સામે શારીરિક શિક્ષા દ્વારા ઠપકારવા જોઈએ. આ પ્રકારની સુધારણા સ્વયં એક પ્રકારની ઇબાદત છે. જે ખુદાના હુકમ પ્રમાણે લાગુ કરવામાં આવે છે. બદલો લેવાની ભાવના એમાં બીલકુલ નથી.

આપણે એક હદીસમાં પઢીએ છીએ કે એક સ્ત્રીએ બદકારીનો ગુનો કર્યો હતો. હઝરત અલી (અલ.)ની અદાલતમાં બોલાવવામાં આવી. ઇમામે સંપૂર્ણ તેહકીક પછી હુકમ આપ્યો કે હુકમે ખુદા લાગુ કરવામાં આવે. કમ્બર જેઓ હઝરત અલી

(અલ.)ના ચાહનારાઓમાંથી હતા. હદ લાગુ કરવાની ઝિમ્મેદારી પણ એમને સોંપવામાં આવી હતી. તેમણે ત્રણ ચાબૂક ગુસ્સામાં વધુ લગાવી દીધા.

જ્યારે ઇમામને આ વાતની ખબર પહોંચી તો ઇમામ બેચેન થઈ ગયા. અલ્લાહે મુકર્રર કરેલી સઝાથી વધુ સઝા આપવી અને તે પણ આ કાર્ય માટે નક્કી કરેલ ઝિમ્મેદાર અધિકારી જ આમ કરે ? આપે કમ્બર પાસેથી કોરડો લીધો. કમ્બરને જમીન ઉપર સુવડાવ્યા. પછી ત્રણ કોરડા પોતે જ લગાવ્યા. આ છે ઇસ્લામી ન્યાય-ઇસ્લામી ઇન્સાફ.

તે વ્યક્તિ જે વરસોથી ઇમામની ખિદમતમાં રહે છે. અને હાલ પણ આ હદ લાગુ કરવાની

જવાબદારીનું સરકારી કાર્ય તે સંભાળે છે. ભૂલ કરવા પર તેને પણ સઝા કરવામાં આવે છે.

**(૨) મોં બંધ રાખવાની કિંમત આપવામાં આવે.**

લગભગ ૨૫ વર્ષ પછી હુકૂમત તેના લાયક વ્યક્તિને આપવામાં આવી. (પેગંબરે ઇસ્લામના ઇન્તિકાલ પછી હુકૂમતની ગાદી પોતાની પટરી પરથી ઊતરી ગઈ હતી. હુકૂમતનું મોં અને ખોળિયું તો ઇસ્લામી હતું. રૂહ મરી પરવારી હતી. સત્ય અને અસત્ય, ઇન્સાફ અને ઝુલ્મનું મિશ્રણ થઈ ગયું હતું. આવા ૨૫ વરસના ગાળા દરમિયાન મોટા ગણાતા સહાબા પણ સંપૂર્ણ દુનિયાપરસ્ત બની ગયા હતા. સમાજમાં અસમાનતા ઊભી થઈ ગઈ હતી. બિન ઇસ્લામી રાજકારણથી ફક્ત નામની ઇસ્લામી હુકૂમત ખદબદ ખદબદ થતી હતી. તેવા સમયે

લોકોએ મજબૂર કરીને હઝરત અલી (અલ.)ના હાથમાં હુકૂમતની બાગડોર સોંપી. - અનુવાદક) હઝરતે હુકુમતની બાગડોર સંભાળી. મુસલમાનોનું એક ટોળું જે હજી સુધી ઇસ્લામની રૂહથી વંચિત હતું. જેઓ અન્ય રાજકારણીઓની જેમ વિચારતા હતા. તેઓ ઇમામની પાસે આવ્યા.

ઇમામને વિનંતી કરી. આપની હુકૂમત નવી-સવી છે. આપને હુકૂમતને સ્થાયિત્વ આપવાની, સત્તાને મજબૂત કરવાની સખ્ત જરૂરત છે. સત્તાની શક્તિના સ્તંભોને આપ સંભાળી લો. જેથી અમે મશ્વિરો આપીએ છીએ કે બયતુલમાલમાંથી કેટલીક રકમ સરદારો, મોટા લોકો, પ્રભુત્ત્વશાળીઓ અને હુકૂમતના ચાહનારા લાલચીઓને આપી દો. આ રીતે અંદરની બધી જ

ગરબડો દૂર થઈ જશે. આપની ઘણીબધી મુશ્કેલીઓને રોકી શકાશે. આવા લોકો હુકૂમત વિરુદ્ધ ન બોલે તે માટે – તેમને મોં બંધ રાખવાની કિંમત ચૂકવો.

આ ખુદાથી બેખબર, અલીની મઅરેફતથી અજાણ, રાજકારણીઓને ઇમામે જવાબ આપ્યો. (મુસલમાનો જરા યાદ રાખે. જેઓ સહાબીયતના દીલદાર છે. સહાબીયતનો કલિમો પઢે છે. સહાબાને માસુમ જેવા માને છે. હઝરત અલી (અલ.)ને આ મશ્વિરો આપનાર બધા જ સહાબી હતા.)

“શું મારાથી તમે એવી ઇચ્છા રાખો છો કે હું મારી ઇન્સાફની હુકૂમતના સ્તંભોને ઝુલમ-સિતમ કરીને મજબૂત બનાવું ? શું શિર્કના પગો દ્વારા ઇન્સાન તૌહીદના ધ્યેય સુધી પહોંચી શકે છે ? જો

મેં હુકૂમત સ્વીકારી છે તો એટલા માટે કે આવી નાઇન્સાફી અને આવા ટેક્ષ મુસલમાનોની હુકૂમતમાંથી દૂર કરું. જ્યારે કે આપ લોકો મારી પાસે એવી અપેક્ષા રાખો છો કે હું પોતે આવા અમલો કરું ? જેનાથી અદ્‌લો ઇન્સાફને ખતમ કરનારો બનું ?"(વસાઈલ ભાગ-૧૧, પેજ નં. ૮૦)

**(૩) ઇસ્લામી ખિદમતો અને દીની કાર્યોના બદલામાં વધુ ફાયદો ન ઉઠાવવો જોઈએ.**

કેટલાક લોકોએ ઇસ્લામના ખાતર ખાસ વિશિષ્ટ ખિદમતો અંજામ આપી હોય છે. આવા લોકો ઇસ્લામી વિશિષ્ટતાઓની માલિક હોય છે. આવા લોકો કેટલીક વખત એવું ઇચ્છતા હોય છે કે જાણે મને બયતુલમાલમાંથી વધુ હિસ્સો મળવો જોઈએ. ઇમામ આ જગ્યાએ વ્યક્તિને ઇખ્લાસની

સમજ આપે છે. ઇખ્લાસનો સીધો-સાદો મતલબ આ થાય છે કે વ્યક્તિ જે કંઈ કાર્ય કરે તે અલ્લાહને રાજી કરવા ખાતર કરે. કુરબતન એલલ્લાહ, અલ્લાહની કુરબત-નજદીકી હાંસિલ કરવા માટે કરે, ન કે તેના આ કાર્યનો બદલો બયતુલમાલથી ઇચ્છે. પોતાની દીની ઇસ્લામી ખિદમતોને કયામત માટે જ જમા રાખે ન કે તેનો બદલો માલના રૂપમાં, કે જાગીરના રૂપમાં, કે અન્ય કોઈ સાધનસામગ્રીના રૂપમાં ઇમામથી માગે.

**ઇમામ સાદિક (અલ.)એ ફરમાવ્યું :**

"તમામ મુસલમાનો ઇસ્લામના ફરઝંદો છે. હું તેઓના દરમિયાન બયતુલમાલની વહેંચણીમાં કોઈ ફરક નથી જોતો. બાતીની કમાલાત-રૂહાની વિશિષ્ટતાઓ જેવી કે ઇસ્લામ, ઇલ્મનું વધારે હોવું

અથવા તકવા પરહેઝગારીમાં આગળ હોવું અથવા જેહાદમાં આગળ રહેવું. વગેરે જેવા બીજા ઘણા નેક અમલો કયામતના માટે છે. ન કે બયતુલમાલમાંથી વધારે ફાયદો મેળવવા માટે.”

(વસાઈલ ભાગ-૧૧ પેજ નં. ૧૮)

માલુમ પડે છે કે ઇમામનું આ બયાન આવી ઇચ્છા ધરાવનારાઓ માટે હતું. કેટલાક લોકો એવી આશા રાખતા હોય છે કે જે ફઝાએલના તેઓ માલિક છે. તેના કારણે તેમની તરફ ઇમામ વધુ ધ્યાન આપે. જેથી તેઓ બયતુલમાલમાંથી વધારે હિસ્સાના માલિક બની જાય. જેથી ઇમામ સાદીક (અલ.)એ ઉપરોક્ત બયાન આપીને આવા પ્રકારની અયોગ્ય માંગણીને કે ઇચ્છાને ખતમ કરી દીધી.

ઇમામ (અલ.)એ આગળ વાતચીત ચાલુ રાખતાં ફરમાવ્યું "નિ:સંશય જો કેટલાક કમાલાત, ફઝાએલ કે વિશિષ્ટ ઇસ્લામી સેવાઓના બદલામાં અમે વધારે હિસ્સો આપી દઈએ તો અમે બે ગલતીઓ કરનારાઓમાં ગણતરી પામીશું."

(૧) ઇસ્લામી ખિદમાત-વિશિષ્ટતાઓને આપણે એક નાચીજ-તૂચ્છ કિંમત આપીને ખરીદી છે. દુનિયામાં એનો બદલો લઈ લીધો છે.

(૨) ઇખ્લાસને આવા ઉચ્ચ દરજાના લોકોમાં કાંપતો-ધ્રુજતો કરી દીધો. કારણ કે જો કમાલાતના કારણે વધુ ફાયદો મળતો હોય તો ઇન્સાનની દૃષ્ટિ ભૌતિકવાદી બની જશે. અમલનું અલ્લાહની નઝદીકી માટે હોવું જેને આપણે લિલ્લાહિયત કહીશું તે બાકી નહીં રહે. વ્યક્તિ નેક અમલ કરતાં અગાઉ

વિચારશે કે એને આ અમલથી આટલો વધુ દુન્યવી ફાયદો મળવાનો છે. રૂહાની અમલની પણ દુન્યવી કિંમત અંકાતી થઈ જશે. આ રીતે રાહે ખુદામાં કમાલાત હાસિલ કરનારાઓની નિય્યત ઉપર એક ભયંકર ઘા કરેલો ગણાશે.

**(૪) ઇમામનો તીવ્ર આક્રોશ :**

હઝરત અલી (અલ.) જાતે-પોતે પોતાની હુકૂમતના હોદ્દેદારોનો હિસાબ લેતા. તેમના કાર્યોને ચકાસતા. દરેક વાતની ઉલટ તપાસ કરતા. જ્યાં પોતે ન પહોંચી શકતા ત્યાં ખૂબ જ નેક અને પરહેઝગાર વ્યક્તિઓ પાસે ચેકિંગ કરાવતા. તેઓની પણ પૂછપરછ કરતા. તે સાથે પ્રજાને મુકમ્મીલ આઝાદી હતી. પ્રજા ખૂબ જ આસાનીથી ઇમામ પાસે પહોંચી શકતી. રૂબરૂ ફરિયાદ કરી

શકતી. ગવર્નરોના તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની ખામીઓ - દોષો - શિકાયતો લોકો ઇમામ સુધી પહોંચાડતા.

ઇરાનના એક પદાધિકારીની શિકાયત ઇમામ સુધી પહોંચી કે તે પોતાના સગાંઓ અને તમામ મુસલમાનો દરમિયાન તફાવતથી વર્તે છે. સગાંસંબંધીઓને વધુ આપે છે. તરત જ આપે તે અધિકારીને પડકાર્યો . એક સરક્યુલર રવાના કરી તેને લખ્યું :

“તારા અને તારા સગાંવહાલાં અને બીજા તમામ મુસલમાનો દરમિયાન રજમાત્ર તફાવત ન વર્તાવો જોઈએ.”

(નહજુલ બલાગાહ, અબદહ ભાગ-૩ પેજ નં. ૭૬)

# પ્રકરણ : 30 : ઇમામ (અલ.)નું ઉમરને ખબરદાર કરવું

(૧) ઉમરને તેમની ખિલાફતના સમયમાં ઇમામ અલી (અલ.) અનેક વખત નસીહતો કરતા રહેતા હતા. ઉમરના કુર્આન વિષયમાં મર્યાદિત ઇલ્મને કારણે ઉમરને જ્યારે ઇન્સાફને લગતી અટપટી આંટીઘુંટીઓ સમજ ન પડે ત્યારે તેઓ હઝરત અલી (અલ.) બોલાવતા. હઝરત  અલી (અલ.) પાણીની જેમ તે પ્રશ્નને હલ કરી દેતા. ઇન્સાફના મામલામાં ઉમરની અનેક ભૂલોને હઝરત અલી (અલ.)એ સુધારી છે. ઉમરના આ શબ્દો પ્રખ્યાત કિતાબોમાં નોંધાયેલ છે કે “અગર અલી ન હોત તો હું હલાક થઈ જાત.”

**એક વખત હઝરત અલી (અલ.)એ ઉમરને ઇન્સાફના મામલામાં ત્રણ પાયાની વાતો ઉપર અમલ કરવાની નસીહત ફરમાવી.**

(૧) તમે ગુનેહગારોને જે હદ લાગુ કરો છો. તેમાં લોકોના દરમિયાન કોઈ પણ જાતનો તફાવત ન રાખો ફક્ત ઇન્સાફનું ધ્યાન રાખો.

(૨) ખુશીમાં અથવા ગુસ્સામાં દરેક પરિસ્થિતિમાં ખુદાના હુકમના મુતાબિક હુકમો લાગુ કરો. (ઉમર ગુસ્સામાં એવા આંધળા થઈ જતા હતા કે ઇન્સાફનું ખૂન થઈ જતું. ગુનાની વધારે સઝા આપી દેતા. અને ખુશીની હાલતમાં ગુનેહગારને છોડી દેતા. બંને રીતે ઇન્સાફનું ખૂન થતું)

(૩) બયતુલમાલની વહેંચણીમાં જાત-પાત ન જુઓ.

(વસાઈલુશ્શીયા ભાગ-૧૮, પેજ નં. ૧૫૬, નકલ અલ હયાત ભાગ-૨ પેજ નં. ૩૮૭)

મતલબ કે ખુદાના હુકમો લાગુ કરવામાં દીલની હાલત ખુશી કે નારાજગી (ગુસ્સો) જાત-પાત-કબીલો અને અન્યો એવા કોઈ ભેદ દૃષ્ટિ સમક્ષ ન લાવો.

**(૨) ઇમામે કોર્ટની કાર્યવાહીને પડકારી**

ઉમરની હુકૂમતનો જમાનો હતો. એક વ્યક્તિએ હઝરત અલી (અલ.)ના વિરુદ્ધ કાજીની અદાલતમાં ફરિયાદ કરી. બંને પક્ષો અદાલતમાં હાજર થયા. કાજીએ વાતચીત કરવામાં, અહીં સુધી કે દૃષ્ટિ નાખવામાં અને નામ લેવામાં મતલબ ઉદ્દેશ કરવામાં બંને પક્ષો સાથે એકસરખું વલણ અપનાવવું જોઈએ. પરંતુ કાજીએ ઇમામ અને બીજી

વ્યક્તિનું નામ લેવામાં એકસરખી રીતે ન અપનાવતા ઇમામનું નામ તેમની કુન્નીયત વંશાવલી સાથે ઇઝ્ઝતથી લીધું પરંતુ બીજી વ્યક્તિને ફક્ત તેના નામ સાથે પોકાર્યો.

નાઇન્સાફીની આ પરિસ્થિતિ જોઈ ઇમામ ગુસ્સે થઈ ગયા. આપ અદાલત છોડી ચાલી ગયા. ફરમાવ્યું, “આદિલ કાજીએ બંને પક્ષ વચ્ચે નામ પોકારવામાં ફરક ન કરવો જોઈએ. તમે મારું નામ ખાસ એહતેરામથી લીધું. મને ખાસ ઇઝ્ઝતથી સંબોધન કર્યું. આ ઇસ્લામી અદાલત નથી.”

(સુતુલ અદલીય્યાહ અલ ઇસ્લામીયાહ અઝ દાસ્તાને રાસ્તાન)

ઇમામે અદાલત છોડી દેવાનો એક બીજો મતલબ પણ બની શકે છે. જે સુક્ષ્મ બાબત આ ઘટનામાં દેખાઈ આવે છે.

તે આ છે કે અલી જેવી હસ્તીનું હાજર થવું. એક ગૂમનામ-અપરિચિત વ્યક્તિની સાથે સામાન્ય પબ્લિક કોર્ટમાં યોગ્ય નથી. આપના માટે એક ખાસ અદાલત સાથે એક ખાસ વખત પણ નક્કી કરવો જોઈએ અથવા એક ખાસ અલગ કાજીની જોગવાઈ કરવી જોઈતી હતી. જે એક અલગ જગ્યામાં સુનાવણી કરે. જે અદાલતે ઇસ્લામીની બુલંદી સૂચવે છે. સાથે ન્યાય સંગતતા પણ જળવાઈ શકે છે.

**(3) અદાલતના અન્ય દૃષ્ટાંતો મઝહબી વાદવિવાદમાં હઠાગ્રહ**

જ્યારે આપણે કુર્આનેમજીદનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેના ન્યાયોચિત વર્ણનનો અનુભવ આપણને બધા જ વિષયોમાં થયા વગર રહેતો નથી. અત્રે અમે આ બાબત કેટલાક દૃષ્ટાંત ટાંકીએ છીએ.

(૧) ઇસ્લામે જ્યારે ઇચ્છ્યું કે શરાબને હરામ કરે તો પ્રથમ તેના આર્થિક ફાયદા જે શરાબ બનાવવામાં તથા વેચવામાં હુકૂમતને તથા પ્રજાને થાય છે તેનું વર્ણન કરે છે. સાથે તેના આરોગ્યને લગતા ફાયદા તરફ પણ ઇશારો કરે છે પછી પોતાના હુકમ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવે છે.

**સૂરએ બકરહમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે,**

**યસ્અલુનકઅ્ અનિલ ખમ્રે વલમયસેરે કુલ ફીહેમા ઇશમૂન કબીરૂંવ વ મનાફેઓ લિન્નાસ. વઈશમહુમા અકબરો મિન્નફએહેમા**

(સુરએ બકરહ આયત નં. ૨૧૯)

**અર્થાત્** : અય રસૂલ : લોકો આપને શરાબ અને જુગાર સંબંધી પૂછે છે. કહી દો કે એ બન્નેમાં મોટો ગુનોહ છે. અને લોકો માટે થોડોક ફાયદો પણ છે. પરંતુ તેના નુકસાનો ફાયદા કરતાં વધારે છે.

સ્પષ્ટ વાત છે કે અલ્લાહે ઇન્સાનને અક્કલ જેવી બીજી કોઈ નેઅમત નથી આપી. અક્કલના કારણ તો ઇન્સાન અશરફૂલ મખ્લુકાત (શ્રેષ્ઠ સર્જન) કહેવાયો. ફરિશ્તાઓ કરતાં પણ બે-ચાર કદમ આગળ વધી ગયો. નફ્સની ઇચ્છાઓ અને ગુસ્સો આ બંને એના મજબૂત દુશ્મનો છે. આ બંને

દુશ્મનો ઇન્સાનની અક્કલની પાછળ પડેલા છે અને આ કમબખ્ત જેનું નામ શરાબ છે. તે ઇન્સાનના આ બંને દુશ્મનો-નફસ અને ગુસ્સાને બેહકાવે છે. ઇન્સાનને દીવાનો બનાવી દે છે. તેનાથી અક્કલ દબાઈ જાય છે. જેથી ઇન્સાન શરાબ પીધા પછી ઇન્સાનિયતથી બહાર થઈ જાય છે. તે સિવાય આ શરાબને કારણે ઘણીબધી બીમારીઓ પણ પેદા થાય છે. જેથી અખલાકની દ્દષ્ટિએ તેના તરફ દ્દષ્ટિ પણ ન કરવામાં આવે. તેને હાથ પણ લગાવવામાં ન આવે. શરાબ પીરસાતી હોય તેવી મજલિસોમાં હાજરી પણ આપવામાં ન આવે. શરાબી સાથે દોસ્તી પણ ન કરવામાં આવે. શરાબ એક ભયંકર ઝેર સમાન છે. શરીઅતે ઇસ્લામીએ તેને સદંતર હરામ કર્યું છે.

**ઇમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું,**

શરાબ દરેક ગુનાહનું મૂળ છે. દરેક બદીની ચાવી છે. ફરમાવ્યું કે બદીના માટે અલ્લાહે ઘણાબધાં બંધનો (લોકતાળાં) રાખેલાં છે. તે બધાં જ બંધનો તોડવાની (તાળાં ખોલવાની) ચાવી શરાબ છે.

ફરમાવ્યું કે શરાબ પીવવાળાથી વધુ ખુદાનો નાફરમાન કોઈ નથી હોઈ શકતો. કારણ કે શરાબી શરાબના નશામાં વાજીબ નમાઝ છોડી દે છે. અહીં સુધી કે પોતાની મા, બહેન, બેટી કે પત્નીમાં ફરક નથી જોતો. તેની અક્કલ નાબૂદ થઈ જાય છે. આ પણ ફરમાવ્યું કે માહે મુબારકમાં ખુદા બંદાના ગુનાહો માફ કરે છે. પરંતુ શરાબીને માફ નથી કરતો.

(૨) કુર્આનેપાકમાં દીને ઇસ્લામની બધી જ ખૂબીઓ, ખયરો-બરકતો અને વિશેષતાઓ હોવાં છતાં, એનાથી અગાઉ નાઝિલ કરેલી આસમાની કિતાબોની અનદેખી નથી કરતું. કુર્આન સુધારો-વધારો ન કરાયેલી અગાઉની આસમાની કિતાબો તવરેત, ઝબૂર અને ઇનઝીલ ઉપર ધ્યાન આપવામાં ચૂકતું નથી – આ પણ એક ઇન્સાફ છે.

**કુર્આન ફરમાવે છે,**

**વલમ્મા જાઅહુમ કેતાબુમ મિન ઇન્દીલ્લાહે**

**મુસદ્દેકુલ્લેમા મઅહુમ.**

(સુરા બકરહ આયત નં. ૮૯)

“અને જ્યારે તેમની પાસે અલ્લાહની એક કિતાબ કુર્આન આવી કે જે તેમની પાસે જે કિતાબ

છે. તેની સત્યતા બતાવનાર છે.” (તેની તશદીક કરે છે. તેને માન્યતા આપે છે)

કુર્આન ઇન્સાફને પોતાની ઉચ્ચતા સુધી લઈ જાય છે. જણાવે છે કે અગાઉની ફેરફાર ન થયેલી આસમાની કિતાબોની પણ હું તશદીક કરૂં છું.

(૩) કુર્આન એહલેકિતાબ યહુદીઓ અને ઇસાઈઓની ઇમાનદારી – અમાનતદારીમાં બધાંને એક જ લાકડીએ હાંકીને ઠપકાપાત્ર ગણતું નથી. બલ્કે એમનામાંથી નેક અને અમાનતદાર લોકોની અમાનતદારીનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરે છે. આ પણ ઇન્સાફનો નમૂનો છે.

**કુર્આન ઇરશાદ ફરમાવે છે કે,**

**વમિન અહલીલ કિતાબે મનઈન તાઅ્મન્હો**

**બેકિનતારીંય યોઅદ્દેહી ઈલયકઅ્ વમિન્હુમ**

**મનઈન તાઅ્મન્હો બેદીનારીલ લાયોઅદ્દેહી**

**એલયકઅ્ ઈલ્લા મા દુમ્ત અલયહે કાએમા.**

(સુરા આલે ઇમરાન આયત નં. ૭૫)

"અને કિતાબવાળાઓમાંથી કેટલાક એવા છે કે જો તેમની પાસે તમે નાણાનો ઢગલો પણ અમાનત રાખો તો તે તમને જ્યારે જોઈએ ત્યારે પાછો આપી દેશે. અને તેમનામાંથી કેટલાક એવા છે કે જો તમે એક દિનાર પણ તેમને સોંપો તો જ્યાં સુધી સતત તેમના માથા ઉપર ઊભા રહી તકાજો ન કરો ત્યાં સુધી તમને પાછો આપશે નહિ."

આ પેગંબરે ઇસ્લામ (સલ.)ની ઇન્સાફ પસંદી અને હક વાત કરવાના નમૂના છે. તેઓના મામલામાં

જેઓએ આપની દઅ્વત તો કબૂલ ન જ કરી પરંતુ આપના તથા આપના મિશનના દુશ્મન રહ્યા.

રીવાયતોમાં અને ઇસ્લામી અખ્લાકમાં આ વાતનો અનુરોધ કરવામાં આવ્યો છે કે ઇલ્મી વાતચીત દરમિયાન અગર વાદવિવાદ ઇન્સાફ અને સત્યની શોધ (તલાશે હક)ના દાયરાની બહાર નીકળી જાય. અને સામો પક્ષ જીદ પર ઊતરી પડે. પોતાની વાત મનાવવા ઝઘડા જેવી પરિસ્થિતિ ઊભી થઈ જાય. તો વાદવિવાદ (બહશ) તરત જ બંધ કરી દો. ભલે પછી સત્ય આપણા પક્ષે જ કેમ ન હોય.

## પ્રકરણ : ૩૧ : ઇન્સાફ બિન મુસ્લિમો સાથે અથવા દુશ્મનો સાથે

અદાલતનો હુકમ ન ફક્ત મિત્રો સાથે અને શાંતિના સમયમાં છે. બલકે યુદ્ધના મોરચા ઉપર દુશ્મનો માટે પણ અદાલતની તાકીદ (અનુરોધ) કરવામાં આવી છે.

**(૧) સુરએ બકરહમાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે**

**વલાતોકાતેલુહુમ ઇન્દલ મસ્જિદીલ હરામે હત્તા યોકાતેલુકુમ ફીહે ફઈન  કાતલુકુમ ફકતોલુહુમ**

(આયત નં. ૧૯૧)

**અર્થાત્** : “અને જ્યાં સુધી આ લોકો મસ્જિદે હરામની પાસે (કાબા પાસે) તમારી સાથે ન લડે, તો તમે પણ તેમની સાથે આ જગ્યાએ ન લડો.

બસ જો તેઓ તમારાથી લડે તો તમે પણ તેમને કતલ કરો.” (આ જગ્યાએ સ્પષ્ટ હુકમ છે કે હુમલો તમારી તરફથી ન થાય. જો તેઓ હુમલો કરે તો તમે જવાબી બચાવમાં હુમલો કરો. રસુલુલ્લાહ (સલ.)ની બધી જ જંગો રક્ષણાત્મક જંગો હતી. રસુલુલ્લાહની વફાત પછી ૨૫ વરસ પછી હઝરત ઇમામ અલી (અલ.)ની પાસે હુકૂમત આવી. ઇમામની પણ કોઈ લડાઈ હુમલાખોર ન હતી. હુમલાખોરી જંગ ઇસ્લામમાં છે જ નહી. પરંતુ અફસોસ છે કે રસુલુલ્લાહ પછીના ૨૫ વર્ષના ગાળા દરમિયાન પ્રથમ ત્રણ ખલીફા બુઝૂર્ગોએ આ ધોરણ જાળવ્યું નહિ. “લાઈકરાહઅ્ ફિદ્દીન” “દીનમાં જબરદસ્તી નથી” આ વાતની ધરાર અવગણના થઈ. જુઓ અમારી કિતાબ ઇસ્લામ અસત્યના

ઘેરાવમાં ભાગ-૧ અને ભાગ-૨ તેમાં અમે આ વાતની વિસ્તૃત ચોખાવટ કરી છે)

**(૨) મતલબ તમે હુમલો ન કરો, પરંતુ મુકાબલો જરૂર કરો.**

**વમન કોતુલઅ્ મઝલુમન ફકદ જઅલના**

**લેવલીય્યેહી સુલતાનન ફલા યુસરીફ ફિલકત્લે.**

**ઇન્નહુ કાનઅ્ મન્સુરા.**

(સુરા બકરહ આયત નં. 33)

**અર્થાત્ :** "અને જો કોઈને નિર્દોષ કતલ કરવામાં આવે તો અમે તેના વારસને અવશ્ય સત્તા આપી છે. (નાહક ખૂનનો બદલો - કિસાસ) અને તે ખૂનનો બદલો લેવામાં હદ બહાર ન જાય."

બેગુનાહ કતલ પર અલ્લાહે મઝલુમના વારસદારને કિસાસનો હક આપ્યો છે. તે ઇચ્છે તો

પોતાના સગાં-સંબંધીના ખૂનના બદલામાં જે કંઈ કિસાસ - ખૂંબહા - બદલો નક્કી થાય તે લઈને રાજી થાય અથવા ખૂનના બદલામાં તે માલ, રૂપિયા, પૈસા કે કોઈ પણ વસ્તુ લેવા તૈયાર નથી તો અલ્લાહે મરનારના વારસદારને ખૂનના બદલામાં ખૂનની સત્તા પણ આપી છે.

પરંતુ મઝલુમના વારસદારોને પણ અલ્લાહતઆલા અનુરોધ કરે છે કે જો, જો બદલો લેવામાં હદની બહાર ન જતા રહેશો. ઝુલમ પર ન ઊતરી પડશો.

અરબ ઇસ્લામ પહેલાંના જાહીલીય્યતના જમાનામાં કબીલાઓમાં કિન્નાખોરી અને દુશ્મનાવટની બદી હદ બહારની હતી. જો કોઈ કબીલાનો એક વ્યક્તિ માર્યો જતો તો તેના

કબીલાના બધા જ સભ્યો ઊભા થઈ જતા. જ્યાં સુધી સામા કબીલાના કેટલાક માણસોને મારી ન નાખે. આમ પોતાના એક માણસના નાહક ખૂનના બદલામાં દુશ્મન કબીલાના પાંચ-પંદર માણસોને મારી નાખતા. પરંતુ આ અયોગ્ય કીનો-કપટના મુકાબલામાં કુર્આન અદાલતનો હુકમ આપે છે. સાથે ઇરશાદ ફરમાવે છે "ફલા યુસરીફ ફીલ કત્લે" તમે બદલો લેવામાં હદથી બહાર ન નીકળી જાઓ. આપને ફક્ત આ જ હક છે કે નાહક કતલ થનારના કાતિલને જ ફક્ત મારો. તેના સગાંઓને કે કુટુંબીજનોને કે કબીલાવાળાઓને મારવાનો તમને કોઈ હક નથી. આ તો આમ થયું કે તમારા ઉપર ઝુલમ થયો. તમે ઝુલમનો બદલો લેવા ગયા અને ખુદ ઝાલીમ બની ગયા. હદ વટી ગયા.

(આ જગ્યાએ મને ગતવર્ષના ગુજરાતનાં રમખાણો યાદ આવે છે. બહુમતિના અમૂક માણસોએ ટ્રેનમાંથી ઊતરી ગોધરા સ્ટેશન ઉપર તોફાન કર્યું. દંગલ કર્યું. મફતીયા ખાધું પીધું, તોડફોડ કરી. લઘુમતિએ આ વાતની સબર કરી લેવી જોઈતી હતી. પરંતુ એમ ન થયું. કેટલાક ઝાલીમોએ અથવા અકસ્માત ટ્રેનનો ડબો સળગ્યો. સાઈઠ જેટલા સ્ત્રી-પુરુષો બળી ગયા. ખરેખર આ ઝુલ્મ થયો. આ ઝુલ્મને ઝુલ્મ ન માનનારને અમે ઝાલીમ કહીશું. આપણા ઇમામોનું કથન છે પૂર્વમાં કોઈ ઝૂલમ કરે અને પશ્ચિમમાં જો કોઈ વ્યક્તિ આ ઝુલ્મને યોગ્ય માને – કહે કે બરાબર થયું છે. આવું થવું જ જોઈતું હતું. તો ખુદાની કસમ ! તે એવો જ

ઝાલીમ ગણાશે, જાણે તે ઝુલમ તેણે પોતે કર્યો હોય.

કરબલાના મામલામાં પણ આપણે આ જ માપદંડને અનુસરીએ છીએ કે જો કોઈ વ્યક્તિ આજે ૧૪૦૦ વર્ષ પછી પણ કરબલાના ઝુલમને જાઈઝ માને, યઝીદ કાફિર લાનતુલ્લાહને મુસલમાન ગણે, તેને બેગૂનાહ માને, ઇમામ હુસૈન (અલ.)ની તથા આપના ખાનદાનની ૧૭ વ્યક્તિઓ સાથે કુલ ૭૨ વ્યક્તિઓની ત્રણ દિવસની ભૂખ અને પ્યાસ પછી કતલને મઝલુમીયત ન સમજે. ખુદાએ પાકની કસમ ! એવું સમજનાર એવો જ છે જેવો કે તેણે પોતે કરબલામાં આ ઝુલમ આદર્યો હોય. આ અમારો અકીદો છે. જે સંપૂર્ણ કુર્આન મુજબનો છે.

ગોધરાકાંડ પછીના જે રમખાણો થયાં. તેમાં લઘુમતિના સેંકડો માણસો મરાયા, અબજો, ખર્વો રૂપિયાની મિલકતો સળગાવવામાં આવી. સેંકડો બાળકો યતીમ થયાં. સેંકડો સ્ત્રીઓ વિધવા બની. આ બધું જ ઝુલમમાં ગણાશે. તે સાથે સેંકડો હજારો વ્યક્તિઓ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી સીત્તેર લાખની લઘુમતિને આ રમખાણોની અસર પહોંચી. ગામડે ગામડે, શહેર શહેર લોહીની હોળી ખેલાઈ. હજારો ઇન્સાનોએ પોતાના ઉપર થયેલા માલી-જાની ઝુલમની ફરિયાદ પણ નથી આપી. ફરિયાદ આપે તો કોને આપે. જ્યાં વાડ જ ચીંભડા ખાતી હોય. જ્યાં બહારના - પરપ્રાંતના માણસોને તોફાનો માટે બોલાવાયા હોય જેથી મઝલુમ

ઝાલીમને ઓળખતો જ ન હોય તો કોના નામની ફરિયાદ આપે ?

અહીં કુર્આનની ઉપરોક્ત આયતના અનુસંધાનમાં ઝુલમ ગોધરાવાળાઓએ કરેલો, ગુનેહગારોને ઓળખી પકડી તેમને ઝીલ્લતભરી સખતમાં સખત સઝા અને તે પણ મોતની જ સજા આપવી યોગ્ય હતી. જેથી બદમાશો બોધપાઠ લે.

સરકારના હાથ લાંબા હોય છે. કહેવાય છે કે ગોધરાકાંડના બધા જ આરોપીઓને શોધી કઢાયા છે. તેઓ જેલમાં છે. પરંતુ ગોધરાકાંડ પછી સમગ્ર ગુજરાતકાંડ કરનારા સેંકડો ગુનેહગાર આરોપીઓમાંથી માંડ પાંચ-પચ્ચીસ માણસો જેલમાં હશે. બાકીના બધા જ છૂટા ફરે છે, અને છૂટી પણ જશે. દૃષ્ટાંતરૂપે માની લો કે દાઉદ નાપાક છે, ખૂની

છે તો દાઉદને જ મારો. તેના બદલામાં બેગુનાહ યુસુફને મારી નાંખવો-ગમે તે મુસલમાનને રસ્તે ચાલતો મારી નાખવો ઝુલમ ગણાશે. એ જ પ્રમાણે કિશોરકુમાર બદમાશ છે. ગુનેહગાર છે. ખૂની છે તો કિશોરને જ મારવાનો આપણને હક છે. રસ્તે ચાલતા બીજા કોઈ નિર્દોષ પ્રિતમલાલને મારવાનો આપણને કોઈ હક નથી.

હિંદુ-મુસ્લિમ બંને પ્રજાઓએ આ વાત સમજવી પડશે કે ઇન્સાફનું ખૂન થવા ન પામે. કેટલાક હિંદુ બિરાદરો એમ માને છે કે મુસ્લિમ બાદશાહોએ આ દેશ ઉપર પોતાની હુકૂમતો દરમિયાન ઝુલમો કરેલા છે. આ વાતમાં કેટલો દમ છે તે તો ઇતિહાસના અભ્યાસીઓનો પ્રશ્ન છે. છતાંય માનવા ખાતર માની લઈએ કે આમ બન્યું હોય તો

તે ગુનો તે લોકોનો હતો. જેઓ આજથી ત્રણસો, ચારસો વરસ અગાઉ રાજા હતા. હવે આ પ્રજાને તેમના ગુના માટે કેવી રીતે દોષિત ગણી શકાય ? આપણો કાયદો પણ બાપના ગુના માટે બેટાને કે બેટાના ગુના માટે બાપને દોષિત ગણતો નથી. બાપ ચોર હોય તો દીકરો નેક પણ હોઈ શકે.

એક બીજી વાત પણ આ દેશની બંને કોમોએ સમજવા જેવી છે કે ઇતિહાસ બોધપાઠ માટે છે. ન કે બદલો લેવા માટે. ઇતિહાસનું પુનરાવર્તન ન થવું જોઈએ. પરંતુ અફસોસ છે કે ઇતિહાસ પુનરાવર્તીત થઈ રહ્યો છે. અગર બદલો લેવામાં હદ વટી જવાશે તો તેનો કિસાસ (બદલો-ખુંબહા) દુનિયામાં કે આખેરતમાં આપવો પડશે. આ દેશની બંને પ્રજાઓ મોત પછીની જિંદગીમાં આસ્થા

ધરાવનારી હોઈ બંને પ્રજાઓએ સંયમ રાખી દેશના કાનૂન અને બંધારણનું ઉલંઘન ન કરવું જોઈએ. (અનુવાદક)

હઝરત અલી (અલ.) ઉપર થયેલા ખંજરના વાર પછી આપ પોતાના બંને બેટાઓ ઇમામ હસન (અલ.) અને ઇમામ હુસૈન (અલ.)ને પોતાની વસીય્યત લખાવતાં તાકીદ સાથે હિદાયત ફરમાવે છે કે,

“મારી શહાદતના કારણે ખૂનામરકી પેદા ન થવા દેશો કે લોકો ગાંડા થઈને શકની બુનિયાદ ઉપર કત્લે આમ કરવા લાગી જાય. બલકે ફક્ત મારા કાતિલ ઇબ્ને મુલજિમને જ કતલ કરશો.”

**પછી ફરમાવ્યું,**

**“તેણે મારા ઉપર એક જ વાર કર્યો છે.**

**તમે પણ તેના ઉપર એક જ વાર કરજો.”**

(નહજુલ બલાગાહ પેજ નં. ૪૨૨)

હાં ! જરૂર હઝરત અલી (અલ.) લોહીલુહાણ હાલતમાં હતા. ઝખમના દર્દમાં હોવા છતાં પણ ઇન્સાફના કેન્દ્રબિંદુથી જરાપણ ચલિત ન થયા. આવી નાજૂક હાલતમાં પણ આપે કેવી બેહતરીન હિદાયતો ફરમાવી જેમાં કેન્દ્રસ્થાને ઇન્સાફ હતો.

**(3) અલ્લાહતઆલા કુર્આને પાકમાં ઇરશાદ ફરમાવે છે કે મુસલમાનો ! તમારા વિરોધીઓમાંથી જેઓએ તમારી ઉપર કત્લોગારતમાં ભાગ નથી લીધો, ન તો તેઓ તમોને તમારા ઘરોમાંથી બહાર કાઢવામાં સામિલ હતા. તેઓની સાથે અદાલતથી પેશ આવો.**

ઇન્સાફનો દામન ન છોડો અલ્લાહતઆલા સુરએ મુમ્તહેનામાં ઇરશાદ ફરમાવે છે,

**લાયન્હાકોમુલ્લાહો અનિલ્લઝીનઅ્ લમયોકાતેલુકુમ ફિદ્દને વલમયુખરેજુકુમ મિનદેયોરેકુમ અન તબર્રુહુમ વ તુકસેતુ ઇલયહીમ ઇન્નલ્લાહઅ્ યોહીબ્બુલ મુકસેતીન.**

(આયત નં. ૮)

**અર્થાત્ :** "જેઓ તમારી સાથે તમારા દીનના મામલામાં લડ્યા નથી. ન તો તેમણે તમને તમારા ઘરોમાંથી બહાર કાઢ્યા છે. તે લોકો સાથે ભલાઈ કરવાની તથા ઇન્સાફથી વર્તવાની ખુદા તમને મનાઈ નથી કરતો. બેશક અલ્લાહ ઇન્સાફ કરનારાઓને દોસ્ત રાખે છે."

**(૪) અલ્લાહતઆલા સુરા બકરહમાં ફરમાવે છે કે**

ફમનીઅ્તદા અલયકુમ વત્તકુલ્લાહઅ્ વઅ્લમુ અન્નલ્લાહઅ્ મઅલ મુત્તકીન (આયત નં. ૧૯૪)

અર્થાત્ : “જો કોઈ તમારા ઉપર સખતાઈ કરે તો તમે પણ એટલી જ સખ્તાઈ તેમના ઉપર કરો, જેવી સખતાઈ તેમણે તમારા ઉપર કરી છે અને અલ્લાહથી કરતા રહો. બેશક અલ્લાહ પરહેઝગારોની સાથે છે.”

વારંવાર અલ્લાહતઆલા આપણને ઇન્સાફની તાલીમ આપે છે. કોઈ તમારી ઉપર જેટલા પ્રમાણમાં ઝુલમ કરે, તમને તેટલા જ પ્રમાણમાં બદલાનો હક છે. છતાંય માફ કરી આપવાનું બેહતર છે. એમ પણ જણાવે છે.

**(૫) અલ્લાહના કલામમાં એક બીજી જગ્યાએ આપણે પઢીએ છીએ.**

**વ ઈન આકબ્તુમ ફઆકેબુ બેમિશલે માઉકીબ્તુમ**

**બેહી વલઈન સબરતુમ લહોવઅ્**

**ખયરૂલ્લીસ્સાબેરીન**

(સુરએ નહલ આયત નં. ૧૨૬)

**અર્થાત્ :** "અને જો તમે બદલો લો તો એટલો જ બદલો લો જેટલો કે તમારા ઉપર સખ્તાઈ કરવામાં આવી છે. અને જો સહન કરો તો ખરે જ તે સહન કરનારાઓ માટે બેહતર છે."

જો તમે તમારા ઉપર થયેલ સખ્તાઈને માફ કરી દો તો તે બેહતર છે. અલ્લાહને પસંદીદા અમલ છે. માફ કરવાવાળાઓથી અલ્લાહ રાજી થાય છે. પરંતુ તમારાથી સહન નથી થતું તમારે બદલો લેવો જ છે તો તમારી ઉપર થયેલા ઝુલમથી વધારે બદલો હરગિઝ ન લેશો.

**(૬) સુરએ માએદાહમાં આપણે પઢીએ છે.**

**લા યજરેમન્નકુમ શનઅ્આનો કૌમીન અલા અલ્લા**

**તઅ્દેલુ ઈઅ્દેલુ હોવઅ્ અકરબો લિત્તકવા**

**વત્તકુલ્લાહઅ્ ઇન્નલ્લાહઅ્ ખબીરૂમ બેમા તઅ્મલૂન**

(આયત નં. ૮)

**અર્થાત્ :** “ખબરદાર કોઈ કોમની ગમે તેવી દુશ્મનાવટ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે ઇન્સાફ ન કરો. ઇન્સાફથી જ વર્તો તે પરહેઝગારીની ઘણુ નજીક છે.”

અલ્લાહ આપણને ખબરદાર કહીને તાકીદ કરે છે કે એવું ન બને કે તમે કોઈ કોમના, જાતિના કે પેટા જાતિના એવા દુશ્મન બની જાઓ કે તેમની ખૂબીઓ પણ તમને ખામી દેખાય. અરે કોઈ વ્યક્તિના પણ તમે એવા દુશ્મન ન બનો કે તેની

પાછળ પડી જાઓ તેણે તમને કોઈ નુકસાન ન કર્યું હોય છતાં પણ તમે તેનું નખ્ખોદ કાઢવા તૈયાર રહો. તેની ખૂબીઓ, તેના સારા ગુણો વગેરેને પણ તમે નાપસંદ કરો. જો એમ કરશો તો આ ઝુલમ થઈ જશે. મતલબ દુશ્મનાવટ તમને હકથી, અદાલતથી ચલિત ન કરે. માની લો કે તમારે કોઈ ફેંસલો કરવાનો છે. બે પક્ષોમાં એક પક્ષ તમારો દુશ્મન છે પરંતુ તે પક્ષ જ હક ઉપર છે. તો તમે આ ઇન્સાફ કરવામાં દુશ્મનાવટને ન જુઓ. ફેંસલો હક તરફ જ આપો. એ જ નેકી છે. ઇન્સાનિયત છે. અલ્લાહને ઇન્સાફપસંદ મનુષ્યો જ પસંદ છે.

# પ્રકરણ : ૩૨ : ઉતાવળીયા બની દુશ્મનનું નાહક ખૂન કરવાથી અથવા ગબી જેવા બની છેતરાવાથી બચો

(૧) પેગંબરે ઇસ્લામે કેટલાક લોકોને ખયબરના યહુદીઓની પોઝિશન જાણવા માટે મોકલ્યા હતા. (અત્રે આ વાત યાદ રહે કે ખયબરના યહુદીઓ પેગંબરે ઇસ્લામ સાથે વારંવાર સુલેહ કરાર કરી બંને વખત પોતે જ એનો ભંગ કર્યો હતો. વળી પાછા મક્કાના કુરૈશીઓની મદદમાં પણ આવ્યા હતા. વારંવારના કરાર ભંગ પછી જ પેગંબરે એમની સાથે સખ્તાઈ કરવી પડી હતી. એમને મદીનાની આસપાસથી હાંકી કાઢવામાં આવ્યા હતા. રસુલુલ્લાહ (સલ.)નું આ પગલું બિલકુલ વાજબી હતું. વિસ્તારથી સમજવા જુઓ અમારી કિતાબ

હઝરત અલી અલ.નું જીવનચરિત્ર ભાગ-૨. પેજ નં. ૩૮૬ થી ૪૧૦ પ્રકરણ ૩૬,૩૭,૩૮) યહુદીઓમાંથી એકે પોતાનો માલ એક પહાડની તળેટીમાં છુપાવી દીધો. પછી તે મુસલમાનોની આગતા-સ્વાગતા માટે સામે આવ્યો. પોતાને મુસલમાન પણ જાહેર કર્યો. કેટલાક મુસલમાનોએ ઉતાવળ કરી કહ્યું કે આ વ્યક્તિનો ઇસ્લામ ધોખાબાજી અને છેતરપીંડી છે. તે પોતાનો જીવ બચાવવા અને માલ બચાવવા માટે આપણને છેતરી રહ્યો છે. તેથી તેને કતલ કરી નાખ્યો.

આયત નાઝિલ થઈ – અલ્લાહે ઇરશાદ ફરમાવ્યો.

વલા તકુલુ  લેમન અલકા એલયકોમુસ્સલામઅ્ લસ્ત મોઅ્મેનન તબતગુનઅ્ અરઝલ હયાતીદ્દુન્યા

**ફઈન્દલ્લાહે મગાનેમો કસીરતુન કઝાલેકઅ્ કુન્તુમ મિન કબ્લો ફમન્નલ્લાહો અલયકુમ ફતબય્યનું.**

(સુરએ નિસા. આયત નં. ૯૪)

**અર્થાત્ :** "અને જે વ્યક્તિ ઇસ્લામ જાહેર કરવાના હેતુથી તમને સલામ કરે અને તમે સમજ્યા જાણ્યા વગર એમ ન કહી દો કે તું ઇમાનદાર નથી. આનાથી તો એમ માલુમ પડે છે કે તમે દુનિયાની જિંદગીના સામાનની (માલની) શોધમાં છે. જેથી આ બહાને કત્લ કરીને લૂંટી લો, અલ્લાહ પાસે ઘણી જ નેઅમતો છે. પહેલાં (ઇસ્લામ અગાઉ) પણ તમે આવા જ હતા. પછી અલ્લાહતઆલાએ તમારી ઉપર એહસાન કર્યો. જેથી તમે પુરી જાંચપડતાલ અવશ્ય કરો."

અલબત, આનો અર્થ આ પણ નથી કે દુશ્મનની દરેક વાતને જલદી કબૂલ કરી લેવી અથવા કોઈ અજાણ્યા વ્યક્તિની વાત ઉપર વિશ્વાસ કરી લેવો. શક્ય છે કે અજાણ્યો વ્યક્તિ તમને છેતરવા માગતો હોય. કારણ કે આ આયતમાં છેલ્લે છે કે તમે સંપૂર્ણ જાંચપડતાલ કરી લો, સંપૂર્ણ તેહકીક કરી લો. ગબી પણ ન બનો કે કોઈ તમને છેતરી જાય. સાથે ન કે કોઈને કતલ કરવામાં ઉતાવળ કરો.

ન ભોળા બનીને દરેક પર વિશ્વાસ મૂકી દો. ન સખત બનીને ઇન્કાર કરી દો. એક વચલો રસ્તો ઇખ્તિયાર કરો. જેથી સામાજિક ઇન્સાફ બરકરાર રહે. કોઈના ઉપર ઝુલમ કે સખ્તી ન થઈ જાય, ન તમે કોઈના ઝુલમના શિકાર બની જાઓ.

ખૂંબહા અને કિસાસ (કસાસ = ખૂનનો બદલો. ખુંબહા = ખુનના બદલામાં મરનારના વારસદારોને તેમની રઝામંદીથી આપવામાં આવતી રકમ, જાગીર, માલ, ઘર કશું પણ) સામાજિક ઇન્સાફનો રક્ષક છે. જમાનતદાર છે. ફરમાવ્યું આપણા પરવગદિગારે,

**વલકુમ ફિલકિસાસે હયાતુંય યા ઉલીલ અલબાબે લઅલ્લકુમ તત્તકૂન.**

(સુરએ બકરહ આયત નં. ૧૭૯)

**અર્થાત્** : "અય બુદ્ધિશાળીઓ ! ખુંબહા અને કિસાસમાં તમારી જિંદગી છે અને આ હુકમ એટલા માટે છે કે તમે ખુનરેઝીથી પરહેઝ કરો." (કારણ કે જ્યારે કે દરેક વ્યક્તિને ખ્યાલ રહેશે કે તે જો કોઈને મારી નાખશે તો તેની પણ ગરદન ઉડાડી

દેવામાં આવશે. આ ડરથી તે બીજાને કતલ કરવાથી બચશે આ ડરથી બંને જીવતા રહેશે.)

શબ્દકોષમાં કિસાસનો અર્થ “હવે પછી આવનાર” કારણ કે મકતુલના વારસો કાતિલના માટે આ જ અમલ અંજામ આપે છે. અને હકીકતમાં આ કાતિલના અમલની પેરવી કરે છે. તેથી આ અમલને કિસાસ કહેવામાં આવે છે.

જાહીલ અરબોની આ આદત હતી. જો કોઈને એમના માણસોમાંથી મારી નાખવામાં આવતો તો આ એક વ્યક્તિના કતલના બદલામાં મારનારના આખા ખાનદાનને મારી નાખતા. ત્યારે આ આયત નાઝિલ થઈ. તેમાં બદલો લેવાના માટેનો ઇન્સાફપૂર્ણ કાનૂન લાગુ થયો.

ઇસ્લામનો આ કાનૂન ઘણો જ ઇન્સાફપૂર્ણ છે. તે ન ફક્ત યહુદીઓની જેમ બદલાની ભાવનાથી મરનારના કાતિલને મારી નાખવાનું જ ફરજિયાત માને છે. ન તો ઇસાઈઓની જેમ માફ કરી દેવાને જ જરૂરી સમજે છે. કેટલીક વખત કિસાસ સખ્તી પણ બની શકે છે. કેટલાક મુકદ્દમામાં ફસાદ અને ફિત્નાઓ ઊભા થઈ જવાનું કારણ બની શકે છે. જેથી કિસાસને ફરજિયાત બનાવવું પણ અક્કલ બહારની વાત છે. આ વાતને આપણે દૃષ્ટાંત દ્વારા સમજીએ. બે સગા ભાઈઓ છે. બંનેને ફક્ત એક એક ફરઝંદ છે. સંજોગવશાત એક ફરઝંદથી બીજા ફરઝંદનું ખૂન થઈ જાય. અને કિસાસ ફરજિયાત હોય, તો બંને ભાઈઓ લાવારિસ થઈ જશે. ભાઈ બીજા ભાઈના ફરઝંદ પાસેથી

કિસાસ ઇચ્છતો પણ ન હોય છતાંય કાનૂન ફરજિયાત હોવાની પરિસ્થિતિમાં એનો અમલ થવાનો જ.

અગર કોઈ જાહિલ પતિથી પત્નીનું ખૂન થઈ ગયું. બે-ત્રણ બાળકો છે. જેને સંભાળનારૂં (વાલી) પણ કોઈ નથી. તેવા સંજોગોમાં જો કિસાસ ફરજિયાત જ હોય તો... આ રીતે અનેક દૃષ્ટાંતો આપી શકાય છે. મતલબ સગાઈ સંબંધના મામલાઓમાં કિસાસનો આ કાનૂન વધારે દુ:ખ કે ગમનું કારણ બની જાય છે. ખાનદાનવાળાઓએ તો કતલ થયેલ એક માણસ ખોયું અને તેના કિસાસમાં બદલા તરીકે બીજું માણસ પણ ખોયું. આ કાનૂનના ફરજિયાત હોવાથી કેટલીક વખતે કુટુંબો બરબાદ થઈ જાય છે. જેથી ઇસ્લામે મરનારના

વાલીવારસોને સ્વતંત્રતા આપી કે તેઓનો કિસાસનો હક તો છે જ. પરંતુ જો તેઓ સ્વેચ્છાએ કિસાસ (ખૂનનો બદલો ખૂન) ન લેવા માગતા હોય તો ખૂંબહા (બદલામાં માલ, ચીજો, ઘર ખેતર ગમે તે) લઈને પણ પોતાના મરનાર માટે જીવવાનો સામાન પેદા કરી શકે છે.

હવે આપણે આ ઇસ્લામી કાનૂન કિસાસની બીજી બાજુ પણ જોઈએ. દરગુજર કરી દેવું કે દીયત (દંડ) અપાવીને કાતિલને છોડી દેવો. જો આ કાનૂનને લાગુ કરી દેવામાં આવે તો માલદારો તો વાતવાતમાં ખૂન કરી નાખશે. કારણ કે આપણી પાસે તો બહુ જ દવલત છે. દંડ આપ્યા કરીશું. ગરીબોને મારી જ નાખો. રાજા-મહારાજાઓ જાગીરદારો, પ્રધાનોની સંતાનો તો કૂતરું અને

માનવી બંનેને મારી નાખવામાં કોઈ ફરક નહીં કરે. તેથી ઇસ્લામે અસલ (પાયાના સિદ્ધાંત તરીકે) હુકમ કિસાસને માન્યો અને લાગુ પણ કર્યો. પરંતુ સાથે સાથે દરગુઝર કરવું – માફ કરી દેવું અથવા ખુંબહા-દંડ માલના રૂપમાં કંઈ પણ આપવું વગેરેની પણ છૂટ આપી.

ઇસ્લામે કહ્યું કે કિસાસ, દિયત અને દરગુઝર આ ત્રણમાંથી મરનારના વાલીવારસો જેને ઇચ્છે તેને કબૂલ કરે. આમ કાનૂને ઇસ્લામ ઇન્સાનોના માટે રહમતરૂપ છે. આવકારપાત્ર છે.

**(૨) કુર્આને કરીમમાં ન્યાયપૂર્ણ કિસાસ (બદલો)**

**અલ્લાહતઆલા કુર્આનેમજીદમાં ઇરશાદ ફરમાવે છે.**

**વકતબ્ના અલયહીમ ફીહા અન્નન નફસ બિન્નફસે વલઅયનઅ્ બિલ અયને, વલ અન્ફ બિલ અન્ફે**

**વલઓઝૂનઅ્ બિલ ઓઝૂને વસ્સીન્નઅ્ બિસ્સીન્ને વલઝોરૂહઅ્ કિસાસુન ફમન તસદ્દકઅ્ બેહી ફહોવઅ્ કફફારતુલ લહુ. વમલ્લમયહકુમ બેમા અનઝલલ્લાહો ફઉલાએકઅ્ હોમુઝ્ઝાલેમૂન.**

(સુરા માએદહ આયત નં. ૪૫)

**અર્થાત્ :** "અને અમોએ પ્રાણના બદલે પ્રાણ તથા આંખના બદલે આંખ, તથા નાકના બદલે નાક તથા કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત. અને એવી જ રીતે દરેક જખમનો બદલો હોય એવું તેમના ઉપર તવરેતમાં પણ વાજીબ કરી દીધું હતું. પછી જે કોઈ માફ કરી દે, તો તે તેના પોતાના ગુનાહોનો કફફારો (પ્રાયશ્ચિત) બની જશે. અને જેઓ અલ્લાહે જે કંઈ ઊતાર્યું છે તે પ્રમાણે ન્યાય ન કરે તો તેઓ જ અન્યાયી છે. (ઝાલીમ છે)"

કેટલીક તફસીરોમાં વર્ણન છે કે પેગંબરે ઇસ્લામના જમાનામાં મદીનામાં યહુદીઓના બે પ્રખ્યાત કબીલા હતા. બની નઝીર અને બની કુરૈઝા.

બની નઝીર શક્તિશાળી હતા. જો તેમનામાંથી કોઈ વ્યક્તિ બની કુરયઝાની વ્યક્તિને કતલ કરી નાખતો તો તેના માટે કોઈ કિસાસ આપવામાં આવતો નહિ. જાણે કંઈ બન્યું જ નથી. વાત જ દફન થઈ જતી. પરંતુ કદીક કોઈ બની કુરયઝાનો વ્યક્તિ બની નઝીરના કોઈ માણસને મારી નાખતો તો તરત જ તેના કાતિલને ફાંસી આપી દેવામાં આવતી હતી.

ઇસ્લામ જ્યારે આવ્યો તો તેણે આ અસમાનતા અને વિશેષતાને બંધ કરી દીધી. બની

નઝીર જેઓ ઘણા શક્તિશાળી હતા. જેમણે ઇસ્લામ કબૂલ કરી લીધો હતો. તેઓ એમ ઇચ્છતા હતા કે કિસાસના  મામલામાં પેગંબરે ઇસ્લામ પણ અમારી ઉપરોક્ત પદ્ધતિ ઉપર ચાલે-અમલ કરે. જેથી કિસાસનો હક બસ એક તરફ એમના નફામાં લાગુ રહે.

પેગંબરે ઇસ્લામે તેમની આ વાતને કબૂલ કરી નહિ- ફરમાવ્યું, "કિસાસનો ન્યાય ફક્ત ઇસ્લામનો જ નથી બલકે તવરેતમાં (યહુદીઓની કિતાબ) પણ એનું વર્ણન છે."

(તફસીરે નમૂના, અઝ કરતબી, સુરએ માએદહ આયત નં. ૪૫)

અગર કોઈ વ્યક્તિ ઇરાદાપૂર્વક કોઈ બેગુનાહને કતલ કરી નાખે તો તેના વારિસોને હક છે કે તેઓ કાતિલને ફાંસીની સજા આપે.

**“વકતબ્ના અલયહીમ ફીહા ઇન્નન નફસ્ બિન્નફસે.”**

જો કોઈ વ્યક્તિ બીજાની આંખને જખ્મી કરી દે અથવા ફોડી નાખે. બીજો વ્યક્તિ પણ પહેલાની આંખને ફોડી નાખી શકે છે.

**“વલઅયનઅ્ બિલઅયને”**

એજ રીતે નાક કાપી નાખવાના બદલામાં નાક “વલઅન્ફઅ્ બિલઅનફે” કાન કાપી નાખવાના બદલામાં “વલઓઝૂનઅ્ બિલ ઓઝૂને” અને દાંત તોડી નાખવાના બદલામાં દાંત “વસ્સીન્નઅ્ બિસ્સીન્ને”.

સારાંશ આ છે કે જે વ્યક્તિ બીજા કોઈ વ્યક્તિને ઇરાદાપૂર્વક ઝખ્મી કરે (મારે) તો એનો એવો જ બદલો લઈ શકાય છે. "વલજોરૂહઅ્ કિસાસ" તેથી કિસાસનો હુકમ સંપૂર્ણ ન્યાયોચિત છે. કોઈ પણ જાતના રંગ, વંશ, સમાજ, જાતિ કે કુળના તફાવત વગર બધાંને સમાન રીતે લાગુ થવો જરૂરી છે.

# પ્રકરણ : ૩૩ : ઇબાદતમાં સંતુલન (વચલો રસ્તો)

(૧) આ વિષય તરફ પણ આપણે ધ્યાન આપીએ એ જરૂરી છે. આ બાબત માટે હદીસની રીવાયતોમાં ઘણી તાકીદ (અનુરોધ) થઈ છે. જો કદીક રૂહાનીયતની રીતે (આધ્યાત્મિક દૃષ્ટિએ) કેટલીક ગેરવાજીબ-મુસ્તહબ ઇબાદતો માટે તમારી તબિયત ચાહતી નથી, મતલબ તમારો અંતરાત્મા ઇચ્છતો ન હોય તો તેને છોડી શકો છો. એવો ભાર ન ઊઠાવો કે બેદીલી સાથે બધા અદા કરે છે તો આપણે પણ જોડાવું જ પડશે એમ માનીને કે નાદુરસ્ત તબીયત હોવા છતાં બધાંની સાથે રહેવું જરૂરી છે માટે.

મતલબ નફીલ – મુસ્તહબ ઇબાદતો છોડી શકો છો. આ ઇબાદતો દીલના ઉમંગથી કરવાની હોય છે. રૂહ અંદરથી પોકારતી હોય, મજબૂત ઇરાદા સાથેનો આ અમલ અલ્લાહની નઝદીકી પેદા થવા માટેનો દાદર છે.

**ઇમામ સાદીક (અલ.) ફરમાવે છે કે**

**“ઇબાદતને પોતાના માટે ભારરૂપ ન બનાવો.”**

(કાફી ભાગ-૨, પેજ નં. ૬૮)

**બીજી હદીસમાં છે કે**

“અને ઇબાદતે ખુદાને તેના બંદાઓ ઉપર ઠોકી ન બેસાડો” દૃષ્ટાંતરૂપ થાકેલા, મજૂરી કરીને આવેલા, કામકાજવાળા, ઘરડા, બીમારો, વગેરેને મુસ્તહબ અમલો માટે મજબુર ન કરો. ઉમંગ વગર, શોખ વગર, દીલની ઇચ્છા વગર તેમની પાસે આ

ઇબાદતો ન કરાવો. મતલબ બળ ન કરો. પરંતુ વાજીબ અમલો નમાઝ, રોઝા માટે તાકીદ કરો, અનુરોધ કરો. સમાજમાંથી કોઈ પણ એને ન છોડે એમ અંતરની ઇચ્છા રાખીને અમ્ર બિલ મઅરૂફ કરતા રહો.

અને ખાસ તો બાળકોની તર્બિયત માટે – શિક્ષણ પ્રશિક્ષણ માટે ખૂબ જ તાકીદ થઈ છે. સિફારીશ થઈ છે કે તેઓને વધારે અઝાદી આપો. જે ઇબાદતો તેમના ઉપર વાજીબ નથી. તે માટે તેમના ઉપર સખતી કદી ન કરો. પ્રેમ મહબ્બતથી સમજાવીને અગર ઇબાદતોમાં આ બાળકો સામેલ થતા હોય તો કરો નહીં તો તેમના ઉપર વાજીબ નથી એવી ઇબાદતો માટે તેમના ઉપર દાબદબાણ હરગિઝ જાઈઝ નથી. આ બાબતમાં પણ હદીસો છે.

આપણા અઈમ્માને અને અંબિયાને ખૂબ જ ખબર હતી કે કેટલાક અતિ ઉત્સાહી મા-બાપો બાળકો ઉપર પણ ઇબાદતો ઠોકી બેસાડશે. માટે આ બુઝૂર્ગ હસ્તીઓએ આ બાબત પણ આપણી રેહબરી ફરમાવી છે.

**(૨) કોઈના વખાણ અને ટીકા બંનેમાં સંતુલન અને ઇન્સાફ**

સંતુલન-તવાજુન-વચલો રસ્તો અને ઇન્સાફનો આદર દરેક મુસલમાનની જિંદગીમાં હોવો જોઈએ. સંતુલન જિંદગીના દરેક મામલામાં હોવું જરૂરી છે. અમૂક મસાઈલ એવા છે કે તેના ઉપર ખૂબ જ સૂક્ષ્મ રીતે બારીકાઈથી ધ્યાન આપવું જોઈએ. જો આ મસાઈલમાં તમે બારીકાઈથી નહીં જુઓ તો પ્રથમ દૃષ્ટિએ તો તમને ખબર પણ નહીં

પડે કે તમે ભૂલ કરી છે. ગુનો કર્યો છે. અથવા કોઈકને અન્યાય કર્યો છે.

જેમાં અયોગ્ય વખાણ અને ખોટા આક્ષેપો આ બંને અમલોની સમાજ ઉપર ખરાબ અસર પડે છે. માટે તેનાથી બચવું જોઈએ.

**ઇમામ અલી (અલ.) ફરમાવે છે,**

“જો આપ કોઈની તારીફ-વખાણ તેની ઇલ્મી કાબેલીયત (વિદ્વતા, પાંડિત્ય, યોગ્યતા, પાત્રતા)થી વધુ કરો છો તો આપ ચાપલુસી કરો છો. અને જે વ્યક્તિ તારીફને લાયક છે, વખાણવાપાત્ર છે, જેનામાં કાબેલિયત છે, તેની ઓછી તારીફ કરો છો તો તમે મગલુબ (દબાયેલા, આજીઝ, માયુસ, લઘુતાગ્રંથીથી પીડાનાર) છો અથવા હસદ કરનારા કે આપની રૂહ બીજાના

વખાણ સહન નથી કરી શકતી. તેથી અન્યોની તારીફ કરવામાં પણ આપણે અદાલત અને ઇન્સાફને દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ. નહીં તો ઉપરોક્ત બંને અયબોમાંથી એક અયબમાં આપણે દાખલ થઈ જઈશું."

**(3) મોહબ્બત અને મુખાલેફત બંનેમાં અદાલત (સંતુલન)**

કોઈનો વિરોધ કરવામાં પણ ઇન્સાફને દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ.

**હઝરત અલી (અલ.)એ ફરમાવ્યું :**

"કોઈની ટીકા કરવામાં જો હદ વટી જવાય તો તેનામાં જીદ અને હઠધર્મીની આગ ભભૂકી ઊઠે છે. પછી તેનામાં બેબાક બની જવાની - નફ્ફટ બની જવાની પરિસ્થિતિ ઊભી થઈ જાય છે. મા-

બાપ બંનેએ પોતાની અવલાદના મામલામાં આ બાબત ખાસ ધ્યાનથી કામ લેવું જોઈએ. કે હદથી વધીને બાળક સાથે મહબ્બત કરવાથી બાળક સુસ્ત-આળસુ બની જાય છે.”

**પેગંબરે અકરમ (સલ.)એ ફરમાવ્યું છે,**

“આખર જમાનાના મા-બાપ ઉપર અફસોસ છે કે તે એના બાળકો સાથે હદથી વધીને મહબ્બત કરશે. હદથી વધીને મહબ્બત કરવી તેમને નિરંકુશ-સ્વચ્છંદી અને અભિમાની બનાવી દે છે. સાથે જ ફરમાવ્યું કે બાળકને મહબ્બતની કમીનો પણ એહસાસ ન થવા પામે.”

**એક હદીસમાં આપણે પઢીએ છીએ કે**

“જે વ્યક્તિને બાળકો હોય તેણે બાળકો જેવા બની જવું જોઈએ. બાળકો સાથે પ્રેમ કરવો,

વાતચીત કરવી. તેમની સાથે ખેલકૂદ કરવું. આ રીતે તેમની રૂહાની (બાતીની) જરૂરતો પણ પૂર્ણ કરવી જોઈએ.” (ખેલકૂદ, રમત, વાર્તા સંભળાવવી, બાળકોની વાર્તા સાંભળવી, વગેરે બાળકોની બાતીની અને રૂહાની જરૂરતો છે.)

**(૪) ખર્ચ કરવામાં સંતુલન (વચલો રસ્તો)**

જો કે આપણે અત્યારે “સામાજિક ઇન્સાફ” ના વિષયમાં ચર્ચા કરી રહ્યા છીએ. પરંતુ કેટલીક ફાયદાકારક વાતો અને જીવન ઉપયોગી રહેણકરણીને પણ જેનો આપણને કુર્આન હુકમ આપે છે. તેની અનદેખી ન કરી શકાય. જે સામાજિક જીવન વ્યવસ્થાનો એક ભાગ જ છે. જેનો હુકમ આપણને અલ્લાહતઆલા પોતે આપે છે. આ મસાઈલમાંથી એક મસઅલો જિંદગીના ખર્ચમાં

અદાલતનો પણ છે. ઇસ્લામે આ બાબતમાં પણ બીજા અનેક ક્ષેત્રોની જેમ આપણી રેહબરી ફરમાવી છે. મતલબ આપણી પાસે વધુ નાણા છે તો તેનો ગમે તેમ એલફેલ ખર્ચ કરવાની પણ અલ્લાહે આપણને મનાઈ ફરમાવી છે. કંજુસાઈ અને કરકસરમાં એક બારીક ભેદરેખા છે. જેને સમજવી જરૂરી છે. કુર્આનેપાકમાં અલ્લાહે નેક લોકોની તારીફ આ શબ્દોમાં ફરમાવી છે.

અલ્લાહે માલદારોને જે નાણા આપેલાં છે. તે પણ અલ્લાહના છે. અરે ! આપણી જાન-આપણો માલ બધું જ જેને આપણે આપણું કહીએ છીએ. તે અલ્લાહનું જ છે. તો એમાં પણ અદાલત છે. ઇન્સાફ છે.

સૂરએ ફુરકાનમાં અલ્લાહતઆલા પોતાના બંદાઓને હિદાયત કરે છે.

**વલ્લઝીનઅ્ ઇઝા અનફકુ લમ યુસરેકુ વલમ**
**યકતોરૂ વકાનઅ્ બયનઅ્ ઝાલેકઅ્ કવામા.**

(આયત નં. ૬૭)

**અર્થાત્ :** "તે લોકો જેઓ ખર્ચ કરે છે તો ન ફૂઝૂલખર્ચી કરે છે. અને ન કંજુસી (તંગી) કરે છે. અને તેઓનો ખર્ચ દરમિયાની દરજામાં હોય છે."

નેક બંદાઓની આ આયતમાં તારીફ છે. (એક હદીસમાં છે કે જે નાણા ગુનાહમાં ખર્ચ થાય તે ફૂઝુલખર્ચી છે. અને જે વાજીબી હકો અદા ન કરે તે બખીલ છે. અને ખુદાના હુકમ પ્રમાણે ખર્ચ થાય તે સામાન્ય છે. ન કમી, ન વધારે.)

**અલ્લાહ રબ્બુલઈઝ્ઝત સુરએ બની ઇસરાઈલમાં પોતાના પ્યારા રસૂલને આ પ્રમાણે સંબોધન કરે છે. જેમાં સંબોધન નબી (સલ.)ને છે. હિદાયત આપણા માટે છે.**

**વલા તજઅલ યદકઅ્ મગલુલતન એલા ઓનોકેકઅ્ વલાતબસુત્હા કુલ્લલ બસ્તે ફતકઓદઅ્ મલુમમ મહ્સુરા.**

(આયત નં. ૨૯)

**અર્થાત્ :** "અને પોતાના હાથને ન ગરદન સાથે બાંધેલો (ઘણો જ સખત) કરી લો કે કોઈને કંઈ આપો જ નહિ અને ન બીલકુલ ખોલી નાખો કે બધું જ આપી દ્યો કે છેવટે તમે ઓશીયાળા બની જાઓ." હાથને ગરદનથી બાંધવાનો મતલબ કંજુસી તરફ ઇશારો છે. કારણ કે જે હાથ ગરદન સાથે બંધાયેલો

હશે તે ખિસ્સા તરફ તો જાય જ નહિ. સાથે આ પણ ફરમાવ્યું કે તમારી પાસે જે કંઈ છે તે બધું જ ન ખર્ચી નાખો. કારણ કે શક્ય છે કે થોડા દિવસ પછી તમે પોતે જ જરૂરતમંદ-ઓશીયાળા બની જાઓ. જિંદગીમાં વચલો રસ્તો ઇખ્તિયાર કરો. દરેક મામલામાં.

ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, રહેઠાણમાં, કોઈની સાથે બેઠકઉઠકમાં, બોલવામાં, ચાલવામાં, ગુસ્સામાં, સખાવતમાં, ખામોશીમાં, મતલબ જીવનમાં દરેક ક્ષેત્રોમાં દરમિયાની રહો. આ વિષયમાં આપણા અઈમ્માની પણ ઘણીબધી રીવાયતો છે.

## પ્રકરણ : ૩૪ : ઘરની ચાર દીવાલોમાં અદાલત

**(૧) સુરએ નિસામાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે કે**

**ફઈન ખિફતુમ ફવાહેદતન**

(આયત નં. ૩)

**અર્થાત્ :** "જો તમને એવો ભય હોય કે તમે વધારે પત્નીઓમાં ઇન્સાફ નહીં કરી શકો, તો એક જ પત્ની પર સંતોષ માનો."

પેગંબરે ઇસ્લામ (સલ.) પોતાની બધી જ બીબીઓમાં સમાનતાના સિદ્ધાંતે વર્તણૂક કરતા હતા. દરેક બીબીની વારી નક્કી રાખી હતી. જે તે બીબીની વારી હોય તે જ બીબીને ત્યાં આપ (સલ.) રાતગુજારી ફરમાવતા. અહીં સુધી કે જીવનના

આખરી દોરમાં જ્યારે આપ (સલ.) બીમાર હતા. છતાંય આપ (સલ.) એ કદીપણ અદાલતને છોડી નથી. આપ (સલ.)નો બિસ્તર દરરોજ રાતે એક કમરામાંથી બીજા કમરામાં ફેરવવામાં આવતો. જે રાતગુજારી જે બીબીની હોય ત્યાં બિસ્તર લઈ જવામાં આવતો.

(નિઝામે હુકુકે ઝનમાંથી)

પેગંબરે ઇસ્લામની બીબી આયેશા કહે છે કે રસુલુલ્લાહ (સલ.) કોઈ એક બીબીને બીજી બીબી ઉપર મહત્ત્વ આપતા ન હતા. બધી જ પત્નીઓ સાથે એક સરખો વર્તાવ કરતા હતા. દરરોજ બધી જ બીબીઓની મુલાકાત માટે જતા. તેમની ખબર-અંતર પૂછતા. પરંતુ દરેકના કમરામાં સુવાનું વારાફરતી હતું. જો કંઈક કારણથી આપ (સલ.)

સુવાની જગ્યા ફેરવવા ઇચ્છતા તો તે બીબીની રજા (મંજૂરી) લઈ લેતા હતા.”

આયેશા કહે છે કે મેં મારી વારી કોઈને આપી ન હતી.

(નિઝામે હુકુકે ઝનમાંથી)

ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અલ.)ની જે સમયમાં બે બીબીઓ હતી તે વખતે જો આપ વુઝુ કરવા ઇચ્છતા તો તે પત્નીના ઘરમાં વુઝુ કરતા ન હતા જેને ત્યાં સબગુજારીની વારી ન હોય.

હાં ! અદાલતને લોહીની જેમ સમાજના બધા જ ક્ષેત્રોમાં, બધા જ વિભાગોમાં સરખી રીતે સતત ફરતી રાખો. જે પ્રમાણે શરીરની ધમનીઓમાં લોહીનું એકસરખું વહન થાય છે એ રીતે.

**(૨) આર્થિક વ્યવસ્થામાં અદાલત**

ઇસ્લામનો આર્થિક નિઝામ - વિત્તવ્યવસ્થા પણ અદાલત ઉપર જ સ્થાપિત છે. ઇસ્લામે એવી સુંદર, સંતુલિત અને ન્યાયોચિત વ્યવસ્થા ઊભી કરી છે કે કોઈનો પણ હક બરબાદ ન થાય. છીનવાઈ ન જાય. અહીં સુધી કે યતીમ બચ્ચાનો હક પણ. જે હજી નાબાલિગ છે. અને દરેક હકદાર પોતાના બધાં જ કાર્યો સારી રીતે અંજામ આપી શકે તથા જરૂરિયાતના પ્રમાણે મઝહબી જિંદગી આસાની સાથે વીતાવી શકે.

**(૩) કાર્યના પરિમાણમાં અદાલત**

ઇસ્લામમાં આ વાતની હિદાયત કરવામાં આવી છે કે પોતાના જીવનના દરેક ચોવીસ કલાકની પણ ન્યાયોચિત વહેંચણી કરો. કેટલાક

કલાક કામના માટે, અમૂક કલાક ઇબાદત માટે, તે સિવાયનો અમૂક  સમય આરામ તથા મનબહલાવ, સૈરોતફરીહ માટે પણ રાખો. જેમાં તમે હલાલ લઝ્ઝત ઉઠાવી શકો. જેથી તમારી બધી કુદરતી જરૂરિયાત, રૂહાની – આધ્યાત્મિક જરૂરિયાત તથા માદ્દ-ભૌતિક જરૂરિયાત પૂરી થઈ શકે.

(નહજુલ બલાગાહ ફૈઝુલ ઇસ્લામ પેજ નં. ૧૨૭)

જો કેટલાક લોકોના કામનું પરિમાણ માત્રા એટલી બધી હદ વટી જાય કે તેઓ કામના મેદાનમાં બીજાઓ માટે ચાન્સ જ ન રહેવા દે. બીજાઓ માટે તંગી ઊભી થઈ જાય. તો વલીએ ફકીય્યાહ અને હાકેમને તેના ઉપર કંટ્રોલ કરવાનો હક છે. તે કંટ્રોલ કરી શકે છે. દૃષ્ટાંતરૂપે અમૂક લોકો ઘણાબધા વિસ્તારમાં વેરાન જમીનોને આબાદ

કરી દે. તો ઇસ્લામી કાનૂન મુજબ તે વ્યક્તિઓ તેના માલિક બની જશે. કાનૂન છે કે, “જે વ્યક્તિ વેરાન જમીનોને આબાદ કરે તે તેનો માલિક બની જાય છે.”

આ સંજોગોમાં આવા લોકો બીજાઓને જમીનથી તદ્દન વંચિત-મહરૂમ કરી દેશે. બરાબરીનો સિદ્ધાંત વિખેરાઈ જશે. ત્યારે હુકૂમતે ઇસ્લામ અને વિલાયતે ફકીય્યાહ તેઓને વેરાન જમીનો આબાદ કરવાની બાબતમાં પણ હદ નક્કી કરી શકે છે.

ઇસ્લામે કામની પદ્ધતિમાં ગલત-સલત કરવું, ખરાબ કરવું, બગાડી નાખવું તથા ફરેબ-ધોકો આપવો વગેરે માટે પણ મનાઈ ફરમાવી છે. કેટલાક લોકો ઇરાદાપૂર્વક બીજાઓને ખોટી સલાહ

આપી તેની અજાણતા-અજ્ઞાનતાનો લાભ લઈ તેમના કામોને બગાડી નાખે છે. આ ગુનાહિત કૃત્ય છે. ઇસ્લામે પોતાના કામને પોતે ઇરાદાપૂર્વક બગાડી નાખવાને પણ ગુનો ગણ્યો છે.

**(૪) વહેંચણી કરવામાં અદાલત**

**હઝરત અલી (અલ.) ફરમાવે છે કે**

દેશના દૂરસુદૂર સરહદના ઇલાકામાં પણ તે વસ્તુ વહેંચાવી જોઈએ જે મુલકના નજીકમાં નજીક ભાગમાં (પાટનગરની પાસેના ઇલાકામાં) વહેંચાય છે. હુકૂમતનો માલ સરખે ભાગે બધા લોકો માટે ખર્ચ થવો જોઈએ. હુકૂમતે કંઈક વસ્તુની, માલની કે જમીન વગેરેની વહેંચણી કરી જે પાટનગરની આસપાસ (નજીક) રહેતા લોકોના ભાગ આવી. દૂર રહેનારા લોકો બિચારા વંચિત રહી ગયા. તેમના

ભાગ જ ન આવી. તો આ વસ્તુમાં પણ અદાલતથી કામ લેવું જોઈએ. વહેંચણીનું માપ-ધોરણ બધે સરખી રીતે સચવાવું જોઈએ. નહીં તો પછી એવું બનશે કે જેઓ હુકૂમતના કેન્દ્ર-પાટનગરની પાસે રહેતા હશે તેઓ વધુ ફાયદો ઉઠાવી જશે.

કેટલાક અંબિયાનું કાર્ય દૃષ્ટાંતરૂપે હઝરત શોએબ (અલ.)નું સૌપ્રથમ કાર્ય તવહીદ અને નુબુવ્વત પછી વહેંચણીમાં અદાલત માટેનું હતું. જે આપને અલ્લાહ તરફથી સોંપવામાં આવ્યું હતું. આ વહેંચણી માટેના તોલમાપના વિષયમાં આપના જમાનામાં એક ખાસ હુકમ આપવામાં આવેલો. જેનું વર્ણન કલામે ખુદા આ પ્રમાણે કરે છે. જે આપણા સૌના માટે પણ છે.

**સુરા શોઅરામાં ઇરશાદે ઇલાહી છે.**

**અવફુલ કયલઅ્ વલા તકુનુ મિનલ મુખસેરીન,**

(આયત નં. ૧૮૧)

**અર્થાત્** : પયમાના પૂરા ભરો અને નુકસાન પહોંચાડનારા ન બનો. (પયમાના = માપિયું, દૂધનું. પહેલાં તેલ પણ માપિયાથી ભરીને આપવામાં આવતું હતું. હજી પણ અમૂક મુલકોમાં અનાજ પણ વાસણથી ભરીને આપવામાં આવે છે. અમૂક ચીજો માટે માપિયાંનો ઉપયોગ વ્યવહારમાં હજીય ચાલુ છે.)

**વઝીનું બિલ કિસ્તાસીલ મુસ્તકીમ.**

(આયત નં. ૧૮૨)

**અર્થાત્** : અને ઠીક ત્રાજવાથી તોલો. (દાંડી સીધી રાખો) (અહીં બંને વસ્તુ આવી જાય છે ત્રાજવું પણ

ઠીકઠાક હોવું જોઈએ અને દાંડી સીધી રાખવી જોઈએ.)

**વલાતબખસુન્નાસઅ્ અશયાઅહુમ વલાતઅ્શવ ફીલ અર્ઝે મુફસેદીન**

(આયત નં. ૧૮૩)

**અર્થાત્ :** અને લોકોને તેમની વસ્તુઓમાં નુકસાન ન પહોંચાડો અને જમીનમાં ફસાદ કરતા ન ફરો. (લોકોને નુકસાન પહોંચે તો ફસાદ થવાનો પણ ભય છે.)

લોકોનો હક અદા કરતી વખતે તોલમાપમાં ઉપયોગમાં આવતાં સાધનો પયમાના, માપિયાં, બરાબર ભરો. ઓછું વધારે ન કરો. વધારે એ રીતે કે જો આપણે જાતે માપીને આપણો માલ લેતા હોય તો પયમાના ફૂલ ભરીને લઈએ અથવા માપીને

આપનારા નોકરને ફોડીને-રીશ્વત આપીને પણ વધારે લેવાનો રીવાજ છે. જે ગલત છે. ગુનોહ છે.

સાથે ફરમાવ્યું કે સહીહ અને સાચા ત્રાજવા દ્વારા વજન કરો, અને જે પરિમાણ (માત્રા) આપવા ચાહો તેમાંથી કોઈ વસ્તુને ઓછી પણ ન કરો. ઓછું માપ-તોલ કરીને જમીનમાં ફસાદ ન ફેલાવો.

**સુરા મુતફફેફીનમાં પણ ઇરશાદે ઇલાહી છે.**

**વયલુલ્લ્લીલ મુતફફેફીન.**

(આયત નં. ૧)

માપ-તોલમાં કમી કરવાવાળાઓ માટે ખરાબી છે.

**અલ્લઝીનઅ્ ઇઝકતાલુ અલન્નાસે યસતવફૂન**

(આયત નં. ૨)

**અર્થાત્** : જેઓ લોકો પાસેથી (અનાજ) તોલીને લે છે તો ભરપુર લે છે.

**વઈઝા કાનુહુમ અવ્વઝનુહુમ યુખસેરૂન**

(આયત નં. 3)

**અર્થાત્** : અને જ્યારે તેમને માપીને કે તોલીને આપે છે તો ઓછું આપે છે. (નુકસાન પહોંચાડે છે)

અહીં ઇન્સાનના એક અવગુણ તરફ પણ અલ્લાહ અંગુલિનિર્દેશ કરે છે. વ્યક્તિ બીજાઓ પાસેથી ઓછું કે ખરાબ લેવા તૈયાર નથી. પરંતુ જ્યારે પોતે બીજાઓને આપવાનું હોય ત્યારે આ વાત ભૂલી જાય છે. ઓછું આપે છે. તોલમાપમાં ગરબડ કરે છે.

# પ્રકરણ : ૩૫ : ફાયદામાં (નફામાં) અને ખર્ચ કરવામાં અદાલત

(૧) ફાયદો ઉઠાવવામાં પણ અદાલતનો હુકમ આપવામાં આવ્યો છે. બધું તમે જ ન ખાઈ જાઓ. ગરીબોને પણ આપો. તમારા ખેતરનો પાક, તમારી વાડીના ફળ, મતલબ જે કંઈ નેઅમત અલ્લાહ તમને આપે છે. તેમાંથી તેઓનો હક જરૂરથી કાઢો. જેઓ મહરૂમ છે, જેમને તે ચીજો મળતી નથી અથવા મળે છે તો ઓછા પ્રમાણમાં મળે છે.

ખર્ચ કરવામાં અદાલત અને વચલો રસ્તો અપનાવવા વિશેના અલ્લાહના હુકમો આપણે આગળ જોઈ ગયા છીએ. અલ્લાહનો આ હુકમ પણ ખૂબ જ સ્પષ્ટ છે. અહીં ફૂઝૂલખર્ચી ઉપર પણ આપણને દાંટદપટ થઈ છે.

**સુરા અનઆમમાં ઇરશાદે ઇલાહી છે.**

**કોલુ મિન સમરેહી ઇઝા અસમરઅ્ વઆતુ હક્કહુ યવમઅ્ હસાદેહી, વલા તુસ્રેફુ ઈન્નહુ લાયોહીબ્બુલ મુસરેફીન.**

(આયત નં. ૧૪૦)

**અર્થાત્ :** જ્યારે તેમાં ફળ આવી જાય, તો તેના ફળો ખાઓ. અને આ ચીજોના કાપવાના દિવસે જ તેનો નક્કી કરેલો ભાગ આપી દો. અને ફૂઝૂલખર્ચી ન કરો. કે ખુદાતઅલા ફૂઝૂલખર્ચ કરનારા લોકોને દોસ્ત નથી રાખતો." (તેમનાથી મહબ્બત નથી રાખતો)

મેવો ઊતારતી વખતે જ તેમાંથી ગરીબોનો ભાગ આપી દેવાનો હુકમ કર્યો છે. નકામો-બેકાર ખર્ચ કરવાની મનાઈ ફરમાવી છે.

**એક બીજી જગ્યાએ ફરમાવ્યું,**

**કુલુવશરબુ, વલા તોસરેફુ**

(સુરએ આઅરાફ આયત નં. ૩૧)

ખાઓ અને પીઓ અને ફૂઝૂલખર્ચ ન કરો.

**સુરએ તાહામાં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે.**

**કુલુ મિન તય્યેબાતે મા રઝકનાકુમ વલા તત્ગવ ફિહે**

(આયત નં. ૮૧)

**અર્થાત્ :** "અને અમે જે પાક-પાકીઝા રોઝી તમને આપી છે. તેમાંથી ખાઓ-પીઓ અને તેમાં કોઈ પ્રકારની શરારત ન કરો."

મતલબ અલ્લાહે આપેલી દીલપસંદ રોજીમાંથી ફાયદો ઉઠાવો ખાઓ-પીઓ. પરંતુ આ ફાયદો ઉઠાવવામાં શિરજોરી ન કરો, ઘમંડી અને અવજ્ઞાકારી ન બનો, બાગી ન બનો.

હઝરત ઇમામ અલી (અલ.) મુત્તકી અને પરહેઝગાર લોકોની ઓળખ અને ગુણો વર્ણવતાં ફરમાવે છે કે "તે લોકો સાદો પોશાક પરિધાન કરે છે."

(ઉસૂલે કાફી ભાગ-૨)

**ઇમામ સાદીક (અલ.) ફરમાવે છે કે**

"જો લોકો ખોરાકના ઉપયોગમાં વચલો રસ્તો - મધ્યમ માર્ગ ઇખ્તિયાર કરે તો તેમનું શરીર મજબૂત અને તંદુરસ્ત રહેશે."

ખોરાકમાં મધ્યમ માર્ગ, તેના પ્રકારમાં પણ મધ્યમ માર્ગ (ખોરાકમાં મધ્યમમાર્ગથી મતલબ જરૂરપૂરતું - ભૂખ પ્રમાણે ખાઓ. તેના પ્રકારમાં મધ્યમાર્ગથી મતલબ એકદમ હાઇ કેલેરીવાળા કે વધુ ખાંડવાળા ચરબીવાળા ખોરાક ન ખાઓ.)

અપનાવવા સાથે અલ્લાહે આ પણ શરત મૂકી કે તમારો ખોરાક હલાલ પણ હોવો જોઈએ. તેને પ્રાપ્ત કરવા માટેનો તરીકો પણ તકવાથી હઠીને ન હોય.

**(૨) પેગંબરે ઇસ્લામ(સલ.) અઈમ્માએ અતહાર(અલ.) અને ફોકહા અદાલતનું રક્ષણ કરનારા છે.**

જિંદગીના બધા જ ક્ષેત્રોમાં અદાલતની સ્થાપના માટે અંબિયાના હુકમોને માન આપો, અપનાવો.

ઇન્સાન એક સામાજિક પ્રાણી છે. તે સમાજની બહાર તો રહી શકતો નથી. હવે જ્યારે તે સમાજમાં રહીને જીવન વીતાવે છે તો અન્યોની સાથે કોઈ પણ વસ્તુનો ફાયદો ઉઠાવવાના

મામલામાં સંઘર્ષ તો પેદા થવાનો જ. કોઈ પણ બાબતમાં ઈખ્તેલાફ-વિરોધાભાસ પેદા થવાનો જ. આ પરિસ્થિતિમાં બંને પક્ષો પોતાને જ હક પર માનતા હોય છે. જેથી આવા સંજોગોમાં અદાલત કાયમ કરવા ઇસ્લામે લોકોને અંબિયા અલયહેમુસ્સલામની પાસે આવવાનું કહ્યું. અંબિયાના ઉપદેશો તરફ દૃષ્ટિપાત કરવાનું કહ્યું.

**અલ્લાહતઆલાએ ફરમાવ્યું,**

**ફઈન તનાઝઅ્તૂમ ફીશયઈન ફરુદ્દહુ ઈલલ્લાહે**
**વર્રસુલે ઈન કુન્તુમ તુઅ્મેનૂનઅ્ બિલ્લાહે**
**વલયવમીલ આખિર.**

(સુરા નિસા આયત નં. ૫૯)

**અર્થાત્ :** "જો તમે કોઈ બાબતમાં આપસમાં લડી પડો, તો ખુદા અને પેગંબર તરફ રજૂ કરો. અગર

તમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઇમાન ધરાવતા હો.”

મતલબ તમારું કોઈ પણ દુન્યવી ઝઘડાને ખુદા અને તેના રસૂલ તરફ રજૂ કરવું સાચા ઇમાનદારની નિશાની છે.

**પરવરદિગારે આલમે આગળ એજ આયતમાં ફરમાવ્યું,**

**ઝાલેકઅ્ ખયરૂંવ વ અહસનો તાઅ્વીલા**

(ન્યાય મેળવવા માટેની આ જ પદ્ધતિ) તમારા હકમા બેહતર છે. અને પરિણામની દૃષ્ટિએ પણ ઉત્તમ છે.

**આપણે આ હદીસને પણ ન ભૂલવી જોઈએ પેગંબરે ઇસ્લામ (સલ.)એ ફરમાવ્યું,**

**“અલ ઓલમાઓ વરેસતુલ અંબિયા”**

ઓલમા અંબિયાના વારસદાર છે.

ઝઘડાની પરિસ્થિતિમાં જ્યાં ઇન્સાફથી ચલિત થઈ જવાનો ભય હોય અથવા બીજાઓના હક પાયમાલ થઈ જવાનો ખતરો હોય ત્યારે આદિલ (ન્યાયપ્રિય - ઇન્સાફ પસંદ) આલિમોની પાસે જાઓ. તેઓ ખુદાના હુકમ પ્રમાણે ફેંસલો આપશે.

(વિલાયતે ફકીય્યાહ, ઇમામખોમેની રહ.)

# પ્રકરણ : ૩૬ : મુસલમાનની ઓળખ

(૧) જે વ્યક્તિ ઝઘડાના પ્રશ્નોમાં ઓલમા અને ઇન્સાફ પસંદ બુદ્ધિશાળી આગેવાનો પાસે ન જાય. પોતાના ઝઘડાને - કેસને ઝાલીમ હાકેમોની તાગુતી (તાગુત એટલે શયતાન, ખુદા રસૂલના ઇન્કારી, શેતાન) અદાલતોમાં ફેસલા માટે લઈ જાય. તે ખુદા-રસુલના ઇન્કારી લોકોથી ઇન્સાફની ઉમ્મીદ રાખે, તેવા લોકો માટે જરૂરી છે કે તેઓ પોતાના ઇમાન તરફ દૃષ્ટિપાત કરે. વિચારે કે પોતે ઇમાનદાર છે કે નહિ ? તું કોની પાસે જઈ રહ્યો છે? પોતાના ઇમાનને ટટોળે કારણ કે તે પોતાને મુસલમાન સમજતો હોય છે.

અલ્લાહતઆલા સુરએ નિસામાં ઇરશાદ ફરમાવે છે.

**અલમતરઅ્ એલલ્લઝીનઅ્ યઝઓમૂનઅ્ અન્નહુમ આમનુ બેમા ઉન્ઝેલઅ્ એલયકઅ્ વમા ઉનઝેલઅ્ મિન કબ્લેકઅ્ યોરીદુનઅ્ અંય્યતહાકમુ એલત્તાગુતે વકદઓમેરૂ અંયકફોરૂ બેહી**

(આયત નં. ૬૦)

**અર્થાત્ :** "શું તે લોકોને તમે નથી જોયા ? જેઓનું ગુમાન છે કે તેઓ મુસલમાન છે. અને ખુદાના હુકમો જે તમારા ઉપર અને તમારી અગાઉ ઉતારવામાં આવેલા હતા તેના ઉપર ઇમાન રાખે છે. તેઓના દીલની ઇચ્છા છે કે બદમાશોને પોતાના હાકેમ બનાવે. જો કે તેઓને હુકમ આપવામાં આવ્યો હતો કે તેમની વાતોને ન માને."

મતલબ આ પોતાને મુસલમાન સમજનારા રસુલેખુદા ઉપર ઊતારેલા અને આપ (સલ.)ની

અગાઉના પેગંબરો ઉપર ઉતારેલા હુકમોને દીલથી તો માનતા નથી. કારણ કે એમનો અમલ બતાવે છે. તેઓનો ઝૂકાવ-વલણ તાગુત તરફ છે. તેઓ તમારી પાસે નથી આવતા.

લોકોનું આ ટોળું એવો ખ્યાલ રાખતું હતું કે પોતે મુસલમાન છે. પરંતુ પોતાના ઝઘડાઓના નિકાલ માટે ઝાલીમ યહુદી આગેવાનો પાસે જતું હતું. તેઓ હરગિઝ મુસલમાન નથી.

**(૨) ફકીય્યાહ સામાજિક ઇન્સાફના રક્ષણના ઝિમ્મેદાર છે.**

અલ્લાહતઆલાએ આપણને પેદા કર્યા. તેણે આપણી હંમેશા-હંમેશની કામ્યાબીની વ્યવસ્થા પણ ગોઠવી. પેગંબરો મોકલીને આપણને સ્પષ્ટ હુકમો પહોંચાડ્યા. તેથી પેગંબર સમાજના રેહબર છે. પેશ્વા

છે. સરદાર છે. સાથે લોકોના હકોના રક્ષણહાર પણ છે. તેમની હિદાયતના ઝિમ્મેદાર પણ છે.

પેગંબરે ઇસ્લામ પછી અઈમ્માએ અતહારનો વારો છે. તેઓ આપણા હાદી, રેહબર અને પેશ્વા છે, આપણા હકોની જવાબદારી પણ આ રેહબરોની છે. અત્યારે ઇમામની ગયબતના જમાનામાં આ જવાબદારી ઇસ્લામની મઅરેફત રાખનારા ઉચ્ચ દરજાના આલિમો અને ફોકહાના શિરે છે.

એવા આલિમો જેઓ અદ્લો-ઇન્સાફમાં માહિરે ફન-નિષ્ણાત હોય. કુર્આન, હદીસે રસૂલ તથા અઈમ્માએ માસુમીનના ફરમાનોમાંથી ઉચ્ચ ઇલ્મી યોગ્યતા પેદા કરે. જેથી સમાજિક ઝઘડાઓમાં ઇન્સાફ કરી શકે.

ઇમામ મેહદી (અલ.)નો પયગામ છે. જેમાં તમામ લોકોને આ હિદાયત આપવામાં આવી છે.

"તે ઘટનાઓ જે પેશ આવે છે. તેમાં ઉતાવળથી કે સ્વાર્થીપણે કામ ન લો અને દૃઢતા સાથે (પાકા મનોબળથી) તે આદિલ ફોકહાની પાસે જાઓ જેમનામાં તમે હિર્સ અને લાલચ ન જોતા હોય. જેથી તેઓ ખુદાના રસ્તા અને તેના હુકમો આ બાબતમાં તમને વર્ણવે."

(કીતાબ કમાલુદ્દ્દીન બનક્લ અઝ વિલાયતે ફકીય્યાહ ઇમામ ખોમેની રહ.)

**(૩) વલીએ ફકીહ સામાજિક ઇન્સાફનો મજબૂત સહારો છે.**

**ઇમામ રઝા (અલ.)એ ફરમાવ્યું,**

જો ખુદાવંદ લોકો માટે ઇમામ અને પેશ્વા-રેહબરનો હોદ્દો ન રાખત, જે ઇન્સાનોના કાર્યોની લગામને પોતાના હાથોમાં રાખે છે. જેથી ઇન્સાફ કાયમ થાય છે. તો વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાત. (નકલ અઝ હુકૂમતે ઇસ્લામી ઇમામ ખોમેની રહ.)

એક બીજી હદીસમાં આપણે પઢીએ છીએ.

**"ફોકહા અંબિયાના અમીન છે"**

(કીતાબ વિલાયતે ફકીય્યાહ ઇમામ ખોમેની રહ.)

એક ન્યાયોચિત વ્યવસ્થાની સ્થાપના માટે તેમની પાસે જવું જોઈએ. તેમની તાબેદારી કરવી જોઈએ.

"અબુખદીજા" જેઓ ઇમામ સાદીક (અલ.)ના વિશ્વાસ પાત્ર સાથીઓમાંથી હતા. ઇમામે તેમને આ જાહેરાત માટે રોકેલા હતા કે તેઓ દરેક

જગ્યાએ લોકોમાં આ એલાન કરે. લોકો તમારા ઝઘડાઓનો ઇન્સાફ મેળવવા માટે તથા હુકમે ખદાને લાગુ કરવા માટે ફક્ત આદિલ ફોકહા પાસે જાઓ. જેઓ અમારા હલાલ અને હરામથી ખૂબ વાકેફ હોય. હું (ઇમામ સાદીક અલ.) આવા લોકોને તમારા માટે કાયદેસરના કાજી મુકર્રર કરું છું.

(વિલાયતે ફકીય્યાહે ઇમામ ખોમેની રહ.)

કદીક સમાજમાં એવા મસાએલ ઊભા થાય છે કે તેમનો સ્પષ્ટ હુકમ કુર્આન અને હદીસમાં નથી મળતો. પરંતુ તેના કાયદાઓ, સિદ્ધાંતો, આધારો વગેરેના તમારા રસ્તાઓથી ફકીહ વાકેફ હોય છે. જે તેના દ્વારા આ મસઅલાનો હલ પેદા કરે છે.

અગર સમાજ કદીક પોતાનો અમન - વ - અમાન (શાંતિ-સલામતિ) ગુમાવી બેસે,

વિત્તવ્યવસ્થા (અર્થતંત્ર) અને રાજકીય પરિસ્થિતિ ડામાડોળ થઈ જાય. તો તે ફકીહ જેનો સમાજ ઉપર કંટ્રોલ છે. જે વિલાયતનો હક ધરાવે છે. હંગામી ધોરણે સમાજની સંતુલન વ્યવસ્થા સાચવી રાખવા માટે જરૂરી અહકામાત (હુકમો) જારી કરી શકે છે. કોઈક મઆમલાતને હરામ કરી શકે છે. મખ્લુકે ખુદાને સ્વરક્ષણના હુકમો જારી કરી શકે છે. તાત્કાલિક ધોરણે નાણાકીય આવકોમાં વધારો કરવા કેટલાંક જરૂરી પગલાં લઈ શકે છે. કંપનીઓને બંધ પણ કરી શકે છે. (મઆમલાત : વ્યાપાર - વ્યવહાર, ઘટનાઓ વાકીઆઓ, લેન-દેન આદાન-પ્રદાન સમજોતા, મુકદ્દમાઓ, અભિયોગો, આ જગ્યાએ આ શબ્દ ઘણા જ વિશાળ અર્થમાં છે. ખાસ કરીને વલીએ ફકીહની બાબતમાં)

વલીએ ફકીહ મિરઝા શિરાઝી (રહ.)એ જોયું કે મુલકની આર્થિક હાલત કફોડી થઈ રહી છે. તંબાકુના ઝરીયાથી દેશની બધી જ દલવત અંગ્રેજોના હાથમાં જઈ રહી છે. આપના આ ફતવાની એ અસર થઈ કે ઝાલીમ અંગ્રેજોનો રસ્તો બંધ થઈ ગયો. (ઇરાનની વાત છે.)

ઇમામે ખોમેની (રહ.)એ શહેનશાહી છાવણીઓમાંથી ફોજીઓને ભાગી જવાનો હુકમ કર્યો અને શાહને પોતાના હોદ્દા પરથી પદભ્રષ્ટ કરી દીધો.

(ઇરાનમાં શાહના સમયની આ વાત છે. તે સમયના વલીએ ફકીહ આયતુલ્લાહ મિરઝા શીરાઝી (રહ) એ જોેયું કે અંગ્રેજોએ પોતાના મુલકની આર્થિક હાલતને બે રીતે ખોખલી કરવાનું વિચાર્યું

છે. એક તો શાહ અમેરિકાનો નોકર જ હતો. તેણે પોતાના માલિકના કહેવાથી તંબાકુનું ઉત્પાદન ઇરાનમાં શરૂ કર્યું. આ કાચો માલ અમેરિકા જતો. ત્યાંની કંપનીઓ જાતજાતની બ્રાન્ડની સિગરેટો તૈયાર કરતી. તે ઇરાનમાં વેચાતી. આ રીતે ઇરાનને બજાર બનાવવામાં આવ્યું. ઇરાનની દવલત આ રીતે અમેરિકા તરફ ઘસડાવા લાગી. બીજી તરફ પ્રજા જાતજાતની સિગરેટો પીને પોતાની તંદુરસ્તી બગાડવા લાગી. તે સમયે આ વલીએ ફકીહે સિગરેટ પીવાને હરામ કર્યું. અહીં સુધી કે ઇરાનમાં તંબાકુનું વાવેતર સદંતર બંધ થઈ ગયું. અમેરિકાએ શાહની સમક્ષ ઘણા જ ધમપછાડા કર્યા. પરંતુ શાહનું કંઈ ચાલ્યું નહિ. અહીં સુધી કે જે દિવસે તંબાકુને હરામ કરાર દીધી તે

દિવસે શાહ સિગરેટ પીતો હતો. તેની નેક પત્નીએ તેના મોંમાંથી સિગરેટ ઝૂંટવી ફેંકી દીધી અને કહ્યું, ખબરદાર ! જો હવે સિગરેટ પીધી છે તો હું વલીએ ફકીહના હુકમને ઇમામના હુકમની જેમ માનું છું. હું તારાથી ખુલાઅ (છુટકારો) લઈ લઈશ. તલ્લાક લઇ લઈશ.)

(સ્ત્રી પણ પતિથી છૂટી થવા માગે તો ઇસ્લામી કોર્ટમા જઈ શકે છે. કોર્ટ એને શરીઅતે નક્કી કરેલી સરતો અનુસાર પતિથી ખુલાઅ્ અપાવી શકે છે.- અનુવાદક)

હઝરત અલી (અલ.) એ ઘોડાઓ ઉપર પણ ઝકાત (ટેક્ષ) લાગુ કર્યો. જ્યારે આપને પ્રશ્ન કરવામાં આવ્યો કે પેગંબરે ઇસ્લામે ઘોડાઓ માટે કેમ ઝકાત મુકર્રર નથી ફરમાવી.

તો આપે ફરમાવ્યું,

"હું મોમેમીન ઉપર વિલાયત રાખું છું. અને આ વર્ષે એક જુદા જ પ્રકારની પરિસ્થિતિ પેદા થઈ છે. હું મારી વિલાયતના હકનો ઉપયોગ કરીને બયતુલમાલ માટે વધારાની આવક ઊભી કરવા માટે ઘોડાઓની ઝકાત મુકર્રર કરું છું."

(વસાએલુશ્શીયા)

# પ્રકરણ : ૩૭ : નાગરિક હકની એક દાસ્તાન અથવા ફિકહનો એક કાયદો

(૧) ઇન્સાનને અલ્લાહે ઘણીબધી આઝાદીઓ આપી છે. ઇસ્લામે ઇન્સાનને ઘણાબધા નાગરિક હકો આપેલા છે. તેમાંનો એક હક અથવા એક આઝાદી ઘરની આઝાદી છે. કોઈ વ્યક્તિને હક નથી કે ઘરના માલિકની રજા વગર તેના ઘરમાં પ્રવેશ કરે. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે સુરએ નૂરમાં ફરમાવ્યું,

યા અય્યોહુલ્લઝીનઅ્ આમનું લાતદખોલુ બોયુતન ગયરઅ્ બોયુતેકુમ હત્તા તસ્તાઅ્નેસુ વતોસલ્લેમુ અલા અહલેહા ઝાલેકુમ ખયરૂલ્લકુમ લઅલ્લકુમ તઝકકરૂન

(સુરએ નુર આયત નં. ૨૭)

**અર્થાત્** : “અય ઇમાનદારો ! પોતાના ઘરો સિવાય બીજાઓના ઘરોમાં ન ચાલ્યા જાઓ અહીં સુધી કે તેમનાથી ઇજાઝત ન લઈ લો. અને તે ઘરોમાં રહેનારાઓને સલામ ન કહી લો. આ જ તમારા હકમાં બેહતર છે. અને તમે નસીહત હાસિલ કરો.” (આનાથી મતલબ કોઈ એક ખાસ  ઘરની વાત નથી. અહીં સુધી કે મા નું ઘર, બહેનનું ઘર, ભાઈનું ઘર, દીકરીનું ઘર, સસરાનું ઘર. કારણ કે અમૂક વખત મા બેટાનો સામનો ન કરી શકે અથવા દીકરી બાપનો સામનો ન કરી શકે એવી પરિસ્થિતિમાં પણ હોય. અને આપણે ઘરમાં દાખલ થઈ જઈએ.)

ઇસ્લામે ઘરના માલિકની રજા વગર તેના ઘરમાં દાખલ થવાની સખ્ત મનાઈ ફરમાવી. પરંતુ

એક જિદ્દ અને બદમાશ "સમરા" કદી કદી રજા વગર પેગંબરે ઇસ્લામના એક સહાબીના બાગમાં જતો. તેમના બીબીબચ્ચાંને છુપાઈને જોતો હતો. (સહાબીયતના પુજારીઓ જાણી લે કે આવા સમરા જેવા મુસલમાનો પણ હતા જેઓને આજે આપણે સહાબીયતના દરજે પહોંચાડી દીધા છે.)

આ ગલત અમલ માટે તેની પાસે એક બહાનું હતું કે એ બાગના એક ખૂણામાં મારું એક ખજૂરનું ઝાડ છે. તેનું ધ્યાન રાખવા માટે બાગમાં આવનજાવન કરું છું. પેગંબરે ઇસ્લામના સહાબીએ તેને કહ્યું.

"તારા ઝાડને જોવા માટેની હું મનાઈ નથી કરતો. પરંતુ બાગમાં દાખલ થતાં અગાઉ મારા બીબીબચ્ચાંને જાણ કર. જેથી તેઓ પરદો કરી લે."

સમરાએ કહ્યું, "એવી કોઈ જરૂરત નથી."

છેવટે કંટાળીને પેગંબરે ઇસ્લામના સહાબીએ આ ફરિયાદ પેગંબરે ઇસ્લામને કરી. આપ (સલ.)એ તેને બોલાવ્યો અને વગર રજાએ બાગમાં દાખલ ન થવા નસીહત ફરમાવી. તેણે નસીહત પર અમલ કરવાનો ઇન્કાર કર્યો. આપ (સલ.)એ ફરમાવ્યું : તારા આ ઝાડની અવેજીમાં બાગની બહાર તને બીજું ઝાડ આપી દઈએ.

તેણે આ વાતનો પણ ઇન્કાર કર્યો.

**રસૂલે અકરમ (સલ.)એ ફરમાવ્યું,**

"સારું સારું આ ઝાડ તું વેચાતું આપી દે"

આ કમબખ્ત તે વાત ઉપર પણ રાજી ન થયો ફરીથી આપ (સલ.)એ ફરમાવ્યું. "કમ અઝ કમ તું બાગના માલિકની ઇજાઝત લઈને અંદર જા.

આટલું તો કર”  તેણે આ વાત પણ માનવાથી ઇન્કાર કર્યો. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું, “તું આ ઝાડને છોડી દે. તેના બદલામાં હું જન્નતમાં તારા માટે એક ઝાડની ઝિમ્મેદારી લઉં છું. છતાં પણ તે માન્યો નહિ. પેગંબરે ઇસ્લામ સમજી ગયા કે આનો હેતુ બીજાને તકલીફ આપવી અને હઠધર્મી છે.”

છેવટે પેગંબરે ઇસ્લામે બાગના માલિકને હુકમ આપ્યો કે એના ઝાડને કાપીને ફેંકી દે.

(વસાએલુશ્શીયા ભાગ-૧૭ પેજ નં. ૩૪૦)

# પ્રકરણ : ૩૮ : ઇન્સાફની અવહેલનાના કારણો

અદાલતની અવહેલના કરવાના કેટલાક કારણો હોય છે. કે વ્યક્તિ શા માટે અદાલત (ઇન્સાફ) છોડી દે છે. કુર્આનેમજીદે આ બાબતમાં મુખ્ય ત્રણ કારણોનું વર્ણન કર્યું છે.

**પહેલું કારણ પોતાની જાત કે સગાઈ-સંબંધ છે.**

**કુર્આન આ બાબતમાં ફરમાવે છે.**

**યા અય્યોહલ્લઝીનઅ્ આમનુ કુનુ કવ્વામીનઅ્ બિલકીસ્તે શોહદાઅ્અ લિલ્લાહે વલઉ અલા અનફોસેકુમ અવિલવાલેદયને, વલઅકરબીનઅ્ ઈંયયકુન ગનીય્યન અવફકીરન ફલ્લાહો અવલા બેહેમા. ફલાતત્તબેઉલ હવા અનતઅ્દેલુ વ**

ઇનતલ્વુ અવતુઅ્રિઝુ ફઈન્નલ્લાહઅ્ કાનઅ્ બેમા તઅ્મલૂનઅ્ ખબીરા.

(સુરએ નિસા આયત નં. ૧૩૫)

**અર્થાત્** : "અય ઇમાનવાળાઓ ! મજબુતીની સાથે ઇન્સાફ પર કાયમ રહો. અને ખુદાલગતી (સાચી) ગવાહી આપો. અગર એ ગવાહી સ્વયં તમારા મા-બાપ અથવા સગાંવહાલાં માટે નુકસાનકારક કેમ ન હોય. ભલે તેઓ માલદાર હોય કે ગરીબ કારણ કે ખુદા તો તમારા કરતાંય તેમના ઉપર વધારે મહેરબાન છે. તો તમે હકથી હઠીને તમારા નફસની તાબેદારી ન કરો અને જો જીભ દબાવીને ગવાહી આપશો (ઘુમાવી ફેરાવીને) અથવા બીલકુલ ઇન્કાર કરશો તો યાદ રાખો, જે કંઈ તમે કરો છો ખુદા એનાથી બાખબર છે."

કેટલીક વખત વ્યક્તિ ગરીબ સગાંની લાગણીને વશ થઈને તેને નુકસાન ન થાય તે માટે જુઠી ગવાહી આપતો હોય છે. કુર્આન ફરમાવે છે કે તમારા કરતાં પોતાના બંદાની લાગણી અલ્લાહને વધારે છે. તે તમારા કરતાં બંદા ઉપર વધારે મહેરબાન છે. કેટલીક વખત વ્યક્તિ ગવાહી આપે પરંતુ વાતનો લોચો વાળી દે. તે પણ મના ફરમાવ્યું. ભલે તમારી ગવાહી તમારા મા-બાપ કે અન્ય સગાંઓની વિરુદ્ધ કેમ ન જતી હોય. તમારી જવાબદારી ફક્ત હકની હિમાયતમાં ગવાહી આપવાની છે. અદાલતનું (ઇન્સાફનું) રક્ષણ કરવાનું છે. સગાઈ-સંબંધને કે આર્થિક પરિસ્થિતિને આ બાબતમાં જરાય ધ્યાન પર લાવો નહિ.

આપણને ખબરદાર કર્યા કે તમારા સગાઈ-સંબંધો કે તમારી દોસ્તીઓ અથવા ખાનદાની મસાએલ તમને અદાલતથી દૂર ન કરી દે.

**બીજું કારણ જે કુર્આન ફરમાવે છે કે વ્યક્તિને કોઈ પાર્ટી કે સમૂહ તરફથી પરેશાનીઓ ઊભી કરવાનો ભય હોય, પોતાને નુકસાન પહોંચાડવાનો ભય હોય. આવી પરિસ્થિતિમાં ઇન્સાન ઇન્સાફના રસ્તેથી હઠી જાય છે. સાચી ગવાહી નથી આપતો.**

**કુર્આન ઇરશાદ ફરમાવે છે.**

**યા અય્યોહલ્લઝીનઅ્ આમનુ કુનુ કવ્વામીનઅ્ લિલ્લાહે શોહદાઅઅ્ બિલકીસ્તે વલાયજરેમન્નકુમ શનઆનો કૌમીન અલા અલ્લા તઅ્દેલુ ઈઅ્દેલુ હોવઅ્ અકરબો લિત્તકવા. વત્તકુલ્લાહ, ઇન્નલ્લાહઅ્ ખબીરૂમ બેમા તઅ્મલૂન.**

(સુરએ માએદહ આયત નં. ૮)

**અર્થાત્** : "અય ઇમાનવાળાઓ ! ખુદાની ખુશનુદી માટે ઇન્સાફની સાથે ગવાહી આપવા માટે તૈયાર રહો, અને તમને કોઈ કબીલાની દુશ્મની આ ગુનાહમાં ન ફસાવી દે કે તમે નાઈન્સાફી કરવા લાગી જાઓ. ખબરદાર ! બલકે તમે દરેક હાલતમાં ઇન્સાફ કરો. આ વાત પરહેઝગારીની ઘણી નજીક છે. અને અલ્લાહથી ડરો કારણ કે જે કંઈ તમે કરો છો ખુદા તેનાથી બાખબર છે."

તમારી અદાલત ઇખલાસ અને લિલ્લાહીયતની બુનિયાદ પર હોય. કુરબતન એલલ્લાહ હોય. કોઈ કોમની દુશ્મની તમને ઇન્સાફથી હઠાવી ન દે. બીજી વાત કોઈથી અદાવત થઈ જવાની બીક પણ તમને ઇન્સાફથી ચલિત ન

કરે. બે વખત ફરમાવ્યું કે તમે અદાલતથી વર્તો. જે તકવો અને પરહેઝગારીની ખૂબ જ નજીક છે. એક ખાસ ધ્યાનાકર્ષક વાત આ પણ ફરમાવી કે કોઈની તરફ તમને નારાજગી હોય તો આ નારાજગી અદાલત અને ઇન્સાફ ઉપર અસરઅંદાજ ન થવા પામે.

**ત્રીજું કારણ જેના લીધે ઇન્સાન અદાલતથી હઠી જવા સંભવ છે. તે રીશ્વત - લાંચનો મસઅલો છે. કુર્આન આ બાબતમાં આપણને આ શબ્દોમાં જાગૃત કરે છે.**

**અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે.**

**વલા તાઅ્કોલુ અમવાલકુમ બયનકુમ બિલબાતેલે વ તુદલુબેહા એલલહુકકામે લેતાઅ્કોલુ ફરીકમ મિનઅમવાલિન્નાસે બિલઈસ્મે વ અન્તુમ તઅ્લમૂન**

(સુરએ બકરહ આયત નં. ૧૮૮)

**અર્થાત્ :** “અને આપસમાં એક બીજાનો માલ નાહક ન ખાઓ. અને હાકેમોને રીશ્વત આપીને કોઈનો માલ ઝુલમ-સિતમ દ્વારા તમારો ન કરી લો. જો કે તમે જાણો છો.”

તમોને ખૂબ જ ખબર છે કે આ જમીન કે ઘર કે વસ્તુ મારી નથી, બીજાની છે. છતાંય હાકેમોને રિશ્વત આપીને તમારા નામ ઉપર ન કરી લો. એકબીજાનો માલ ગલત અને નાજાઈઝ તરીકાથી ન ખાઓ. બીજાના માલને ચોંટી પડવા માટે કાજીઓને રિશ્વત ન આપો. કાજીના જાહેરી હુકમથી કંઈ તમે બીજાની મિલકતના માલિક નથી બની જતા.

**ઇમામ સાદીક (અલ.)એ ફરમાવ્યું :**

“ફેંસલો કરવામાં રિશ્વત લેવી ખુદાવંદે અઝીમ ઉપર કુફ્ર કરવા સમાન છે.” (ખુદાનો ઇન્કાર કરવા બરાબર છે.)

એક પ્રખ્યાત હદીસમાં આપણે પઢીએ છીએ. ફરમાવ્યું રસુલે ઇસ્લામ (સલ.)એ :

“ખુદા રિશ્વત લેનાર અને આપનાર તથા એ બંનેમાં માધ્યમ (ઝરીઓ) બનનાર સર્વે ઉપર લઅનત કરે છે. અને તેમને પોતાની રહમતથી દૂર રાખે છે.”

અત્રે આ વાત યાદ રહે કે આ રિશ્વત જેવા હરામ અમલને પણ લોકોએ ધોકો અને ફેરબ આપે એવા રૂપાળાં નામો આપી દીધાં છે. જેવાં કે “એક જાતનું મહેનતાણું”, એક પ્રકારની મઝદુરી, ઇનામ, હદીયો વગેરે વગેરે. આવા રૂપાળાં નામો આપીને

શયતાન ઇન્સાનને ધોકો આપે છે. કે રિશ્વત ગૂનો નથી, તોહફો છે. હદીયો છે. મતલબ આવાં નામો આપીને ગુનાને છુપાવવાની કોશિશ કરવામાં આવે છે.

જ્યારે પેગંબરે ઇસ્લામને આ બાબત પુછવામાં આવ્યું ત્યારે આપ (સલ.)એ ગુસ્સે થઈને ફરમાવ્યું, “તું એ કેમ લે છે ?” તેણે કહ્યું “મેં જે કંઈ લીધું છે તે હદીયો છે.”

ફરમાવ્યું “તું બયતુલમાલ ઝકાત ઉઘરાવનાર ન હોત, તારા ઘરમાં બેઠો હોત તો તને કોઈ હદીયો આપી જાત ખરું ?”

એટલા જ માટે ઇસ્લામે કાજીઓને (ન્યાયધીશોને) હુકમ આપ્યો કે કાજીઓ જાતે પોતે બજારમાં ન જાય. શક્ય છે કે લોકો કાજી સમજીને

તેની પાસેથી ચીજોની કિંમત ઓછી લે અથવા ન લે. આ બાબત તેના ન્યાય ઉપર અસર કરે. ફેંસલો આપતી વખત કાજી ઓછી કિંમતે આપનાર વ્યક્તિની તરફદારી કરે.

# પ્રકરણ : ૩૯ : તે આયત જેના નૂઝૂલથી પેગંબરે ઇસ્લામને ઘડપણ મહસૂસ થયું

**પેગંબરે ઇસ્લામ (સલ.)એ ફરમાવ્યું,**

**“સુરએ હુદની એક આયત એવી છે જેણે મને ઘરડો બનાવી દીધો છે. તે આ છે.”**

**ફસ્તકીમ કમા ઓમીરતઅ્**

(સુરા હુદ આયત નં. ૧૧૨)

**અર્થાત્ :** “અય રસૂલ ! જે પ્રમાણેના તમને હુકમ આપવામાં આવ્યા છે. તેના પર દૃઢતા (અચલતા) રાખો” (સાબિત કદમ રહો)

આ આયતમાં ચિંતન કરવાથી માલૂમ પડે છે કે ખરેખર આ આયત ઘણી જ સૂક્ષ્મ બાબતો તરફ અંગુલીનિર્દેશ કરે છે. આપણે સમજીએ છીએ

કે સાબિત કદમ રહેવું અને સબર કરવી કોઈ મોટી વાત નથી. કારણ કે આ બાબતના હુકમો કુર્આનમાં બીજી આયતોમાં પણ મોજુદ છે. જે આયતો પેગંબરે ઇસ્લામને સબર અને સાબિત કદમ રહેવાનો હુકમ આપે છે.

આ આયતનો એક ખાસ શબ્દપ્રયોગ "કમાઓમીરત્અ્" છે. આ શબ્દ એટલા માટે છે કે કદીક સાબિત કદમી કપટ અને જીદની બુનિયાદ પર હોય છે. ન કે ખુદાના હુકમની બુનિયાદ ઉપર. કદી સાબિત કદમી ઉત્સાહની બુનિયાદ ઉપર લોકોની વાતચીત પર આધારિત હોય છે કે લોકો એમ ન કહે કે ફલાણો વ્યક્તિ ડરી ગયો અથવા થાકીને બેસી ગયો. કદીક દૃઢતા મજબૂરીની બુનિયાદ પર હોય છે. કદીક શક્તિ બતાવવાની

બુનિયાદ પર હોય છે. આ બધી જ પરિસ્થિતિમાં સાબિતકદમ રહેવાના જે તરીકા અને ઢંગ છે તે બધા જ તરીકા અલ્લાહની દૃષ્ટિમાં તૂચ્છ છે. એની કોઈ કિંમત નથી. બેઈખ્લિસ છે. એમાં લિલ્લાહિયત નથી. એની બુનિયાદ ખુદાને રાજી કરવા ખાતરની નથી. ઇસ્લામ પર ઇસ્તેકામત - સાબિતકદમી - દૃઢતા - અચલતાની બુનિયાદ ઇલાહી બુનિયાદ હોવી જોઈએ.

પેગંબરે ઇસ્લામ કહે છે કે આ આયતે મને ઘરડો બનાવી દીધો. કુર્આનેપાકમાં સૂરએ રઅદમાં ઇરશાદ છે.

**વલ્લઝીનઅ્ સબરૂબ તેગાઅઅ્ વજહે રબ્બેહીમ**

(આયત નં. ૨૨)

**અર્થાત્** : “તે લોકો જેમની સબર, ઉત્સાહ અને સાબિત કદમી ફક્ત રઝાએ ઇલાહી ખાતર છે.”

ન બદલાની ભાવનાથી, ન રિયાકારી-દેખાવો કરવા માટે, ન ઇઝ્ઝત પ્રાપ્ત કરવા માટે, ન કોઈના મહેણાં-ટોણાંના ડરથી, બલકે તેમની દૃઢતા, અચલતા, સાબિતકદમી ફક્ત અલ્લાહના માટે છે.

ટૂંકમાં જિંદગીના બધાં જ ક્ષેત્રોમાં અદાલત પર ચાલવું ઇલાહી માપદંડથી જ તોલવું ઘણું જ મુશ્કેલ કામ છે. અહીં સુધી કે ખુદાના અવલીયાઓ સુધ્ધાં આ વાતો પર અમલ કરવા માટે ખુદાથી મદદ માગે છે.

મુમકીન છે કે તે સિરાતથી મતલબ જે કયામતમાં બાલથી બારીક અને તલવારથી વધુ

તેઝ છે અને ચોક્કસ-પાકી વાત છે કે આપણે બધા જ તેના ઉપરથી પસાર થઈશું. તે દુનિયામાં આ જ ઇલાહી લકીરો, ઇલાહી પદ્ધતિ, જેના ઉપર ચાલવું હકીકતમાં બાલથી વધુ બારીક છે. (ઇખ્લિસ - લિલ્લાહીયત - ખુદા પરસ્તી - તેને જ રાજી કરવા માટે જેહાદ કરવો. તેને જ રાજી કરવા માટે દરેક કાર્ય કરવું. આ બાબત ઉપર હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ (અલ.)ની એક વાત યાદ આવી ગઈ. એક યહુદી ઇસ્લામ અને રસૂલે ઇસ્લામની શાનમાં કંઈ એલફેલ બોલ્યો. આપે તેને પડકાર્યો. તે સામો થયો. બાથંબાથી થઈ ગઈ. ઇમામે તેને પછાડી નાખ્યો. હવે મારવાની તૈયારી કરતા હતા ને તે આપના ઉપર થુંક્યો. હઝરત બહું જ ગુસ્સે થયા. તરત જ તેને છોડી ઊભા થઈ ગયા.

તે નવાઈ પામ્યો. પૂછ્યું "આપે મારા ઉપર સંપૂર્ણ કાબુ પામી લીધો હતો. પછી એકાએક મને શા માટે છોડી દીધો." ઇમામે ફરમાવ્યું, "અત્યાર સુધી તોે હું ઇસ્લામને કારણે તારી સાથે ઝઘડતો હતો પરંતુ તું મારા ચેહરા પર થુંક્યો, જેથી મને ગુસ્સો આવ્યો. મારી અંદર બદલાની ભાવના પેદા થઈ. મારો સંઘર્ષ અલ્લાહ વાસ્તે ન રહ્યો. મારા નફસને ખાતર થઈ ગયો. જેથી મેં તને છોડી દીધો. ઇસ્લામની આ પદ્ધતિ, અલીનો આ ઇખ્લાસ જોઈ તે યહુદી મુસલમાન થઈ ગયો. - અનુવાદક)

# પ્રકરણ : ૪૦ : સામાજિક ઇન્સાફની સફળતા ઘણાબધાંની ચોક્સાઈ અને નિરીક્ષણથી સંબંધ ધરાવે છે.

એક સાથે બધી જ ગાડીઓ ડાબી બાજુ ચાલે છે. જેથી બધા જ ડ્રાઇવરો એકબીજાને જોઈ તેમની ક્રિયાઓ ઉપર નિરીક્ષણ કરી શકે. જેવું કે તેમને દેખાય કે આગળનો એક ડ્રાઇવર કાનૂનભંગ કરી રહ્યો છે. બધા જ હોર્ન વગાડે છે. બધા જ લાઈટો સળગાવે. ભૂલ કરનારને ભાન કરાવે, જાગૃત કરે. આ બધાંના સિવાય પોલીસ પોતાની શક્તિ સાથે આ કાર્યમાં દખલગીરી કરીને તેને દંડ કરે.

જો પોલીસ પોતાની ફરજ ચૂકી જાય અને કંઈ ન કરે તો લોકો  તેનો સજ્જડ વિરોધ કરીને

પોલીસને પોતાની ભૂલનું ભાન કરાવે, જાગૃત બનાવે.

આ પ્રકારની પરિસ્થિતિમાં ઘણા જ ઓછા ડ્રાઇવરો કાનૂન ભંગ કરી શકશે. જેમાં સમાજ અને સરકારનું વહીવટીતંત્ર બંને જાગૃત છે. કાર્યશીલ છે. આ તો એક દૃષ્ટાંત છે. જો આપણે ઇચ્છીએ કે લોકો તમામ મસાઈલમાં અદાલત (ઇન્સાફ) અને કાનૂનની હદથી બહાર ન જાય. તે માટે આપણે અમ્ર બિલ માઅરૂફ (નેકીની હિદાયત કરવી) અને નહ્ય અનિલ મુન્કરનું (બુરાઈથી રોકવું) કાર્ય ચુસ્તી સાથે કરવું પડશે.

સમાજ બગડતો હોય, મહોલ્લામાં દારૂડિયાઓનું તોફાન હોય, જુગાર રમાતો હોય, કોઈક ઉપર ઝુલ્મ થતો હોય, ઇસ્લામી કાનૂનની

અવગણના થતી હોય, આ બધી જ પરિસ્થિતિમાં આપણે ખામોશ ન બેસી રહીએ. આવા કાર્યો કરનારાઓ ઉપર સમાજનો એટલો દબાવ આવવો જોઈએ કે તેના માટે જીવવું મુશ્કેલ થઈ જાય. તે સાથે આવા તત્ત્વોને સીધા રસ્તા ઉપર લાવવા માટે સમાજના બધા જ નેક લોકોએ જાગૃત થઈને સામૂહિક રોલ અદા કરવો પડશે. કોઈ એક નેક વ્યક્તિ બિચારો જીવ બાળ્યા કરશે તો સમાજના નાપાક ઇન્સાનો - સમાજનું કેન્સર સુધરવાનું નથી.

તે દિવસો દૂર નથી જે દિવસે ઇસ્લામી ઇન્તિકલાબ પોતાની કામ્યાબીના શિખરે પહોંચશે. ઇન્શાઅલ્લાહ દુનિયાની તમામ યુનિવર્સિટીઓ સુધી પહોંચી જશે. આ તે દિવસો હશે કે ડિગ્રી ધરાવનાર ડૉક્ટર અગર બીમારીની પેહચાન નહીં કરી શકે તો સાચા

દિલથી- ઇમાનદારીપૂર્વક ઇકરાર કરશે કે હું બીમારીને સમજી શકતો નથી માટે આ તમારા આપેલા નાણા વાપસ કરું છું. તમો બીમારને બીજા કોઈ  નિષ્ણાત ડૉક્ટર પાસે લઈ જઈ શકો છો.

આ તે દિવસો હશે કે સમાજમાં અદાલત અને ઇન્સાફના ઘણા બધા નમૂનાઓ જોવા મળશે.

અમ્રબિલ મઅરૂફ કરનારા દુનિયા અને આખિરત બંનેમાં કામ્યાબ રહેશે. ઇન્શાઅલ્લાહ.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીંવ વઆલે મોહંમદ.